સાપ્તાહિક

# મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 36 ■ વિક્રમ સંવત ૨૦૮૦
■ ભાદ્રપદ સુદ - ૧૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/121/2024-26

R.N.I. No. 1689/57 ★

રવિવાર, ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૪, (૧૮ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦


ઉત્સવ પૂર્તિ ૭ થી ૧૪




BIJAL ADS


# કોલકાતામાં ભેદી ધડાકોઃ એક જણનું મોત






## તપાસ નેશનલ ઇન્વેસ્ટિગેટિંગ એજન્સીને સોંપવા માગણી

કોલકાતાઃ મધ્ય કોલકાતાના બ્લોચમેન સ્ટ્રીટ અને એસ. એન. બેનરજી રોડના જંક્શન પર બપોરે અંદાજે ૧.૪૫ વાગ્યે થયેલા ધડાકામાં કચરો વીણનારી એક વ્યક્તિનું મૃત્યુ થયું હતું.

તાલતલા પોલીસ સ્ટેશનમાંથી એક ટીમને ઘટના સ્થળે તાત્કાલિક મોકલાઇ હતી. બ્લોચમેન સ્ટ્રીટની શરૂઆતમાં જ એક પ્લાસ્ટિકની ગૂણી બૅગમાં વિસ્ફોટક પદાર્થ રખાયો હતો.

ધડાકાના વિસ્તારને ઘેરી લેવાયો હતો અને બૉમ્બ નિષ્ક્રિય કરતી ટુકડીને તાત્કાલિક બોલાવાઇ હતી. ધડાકામાં ઘાયલ થયેલા કચરો વીણનારા ૫૪ વર્ષીય બપી દાસને સારવાર માટે એનઆરએસ મેડિકલ કોલેજ અને હૉસ્પિટલ ખાતે લઇ જવાયા હતા, પરંતુ સારવાર વખતે તેનું મૃત્યુ થયું હતું. બૉમ્બ નિષ્ક્રિય બનાવતી ટીમે આ બૅગ અને આસપાસના વિસ્તારની સઘન તપાસ કરી હતી. તેઓએ બીજું કોઇ જોખમ નહિ હોવાની ખાતરી કરી, તે પછી તેની આસપાસના વિસ્તારમાં વાહનવ્યવહાર ચાલુ કરાયો હતો. કોલકાતા પોલીસે જણાવ્યું હતું કે બૉમ્બ નિષ્ક્રિય બનાવતી ટીમે કોઇ જોખમ નહિ હોવાની ખાતરી કરી, તે પછી જ નજીકના વિસ્તારોમાં વાહનોને આગળ વધવા દેવાયા હતા. બંગાળમાંના ભાજપના નેતા અને કેન્દ્રના પ્રધાન સુકાંતા મજુમદારે આ ઘટનાની તપાસ નેશનલ ઇન્વેસ્ટિગેટિંગ એજન્સીને સોંપવાની માગણી કરી હતી. તેમણે આક્ષેપ કર્યો હતો કે પશ્ચિમ બંગાળનાં મુખ્ય પ્રધાન મમતા બેનરજીના નેતૃત્વ હેઠળ રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ વણસી રહી છે. તેમણે જણાવ્યું હતું કે મમતા બેનરજી રાજ્યનાં ગૃહ પ્રધાન તરીકે ફરજ બજાવવામાં નિષ્ફળ ગયા છે અને તેમણે રાજીનામું આપવું જોઇએ. દરમિયાન, કોલકાતા પોલીસે જુનિયર ડૉક્ટરો જે જગ્યાએ દેખાવ કરી રહ્યા છે, ત્યાંની પરિસ્થિતિ પર નજર રાખવા માટે સીસીટીવી કેમેરા ગોઠવ્યા હતા. જુનિયર ડૉક્ટરો હૉસ્પિટલો અને દવાખાના ખાતે સલામતી વ્યવસ્થામાં વધારો કરવાની માગણી કરી રહ્યા છે. (એજન્સી)■








## મુંદરા બંદરે કન્ટેનરમાંથી ૪૧ કરોડની પ્રતિબંધિત ટ્રામાડોલ ટેબ્લેટ મળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ગત જુલાઈ મહિનામાં કસ્ટમ તંત્રએ મુંદરા બંદરેથી આફ્રિકન દેશોમાં નિકાસ અર્થે જઈ રહેલાં બે શંકાસ્પદ કન્ટેઈનરોમાંથી ૧૧૦ કરોડના મૂલ્યની ટ્રામાડોલ ટેબ્લેટ (અફીણમાંથી બનતી ગોળી)નો જથ્થો પકડાયાના પ્રકરણમાં તપાસ કરી રહેલી એજન્સીએ રાજકોટની નિકાસકાર પેઢીના પરત મંગાવેલાં શંકાસ્પદ કન્ટેનરોમાંથી અંદાજિત રૂા. ૪૧ કરોડથી વધુનો જથ્થો મળી આવ્યો છે.

આ અંગે જાણવા મળેલી સત્તાવાર વિગતો મુજબ, રાજકોટની રેઈન ફાર્મા નામની બ્લેક લિસ્ટેડ કરી દેવાયેલી કંપનીના મુંદરા બંદરેથી બારોબાર અન્ય દેશ તરફ નીકળી ગયેલા અને બાદમાં પરત બોલાવાયેલા કન્ટેનરમાંથી ૨૫,૬૦,૦૦૦ જેટલી આ 'ફાઈટર' ડ્રગ્સની

(જુઓ પાનું ૨) ▸▸

## ઓળી ઝોળી પીપળ પાન, મોદીએ પાડ્યું 'દીપજ્યોતિ' નામ



વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નવી દિલ્હીમાંના સત્તાવાર નિવાસસ્થાને ગાયે વાછરડાને જન્મ આપ્યો હતો અને આ વાછરડાનાં કપાળમાં 'જ્યોતિ'ની નિશાની હોવાથી મોદીએ તેનું નામ 'દીપજ્યોતિ' રાખ્યું હતું. (પીટીઆઇ)

## સુરક્ષા દળોએ ત્રણ આતંકવાદીઓને ઠાર કર્યા , બે જવાન શહીદ

શ્રીનગરઃ જમ્મુ-કાશ્મીરના કઠુઆમાં એક એન્કાઉન્ટર દરમિયાન સુરક્ષા દળોએ ત્રણ આતંકવાદીઓને ઠાર કર્યા હતા.જ્યારે કિશ્તવાડમાં અન્ય એક એન્કાઉન્ટરમાં સેનાના બે જવાનો શહીદ થયા હતા અને બે જવાનો ઘાયલ થયા હતા. સુરક્ષા દળોએ આ વિસ્તારમાં સર્ચ ઓપરેશન શરૂ કર્યા બાદ કિશ્તવાડના ચટરૂમાં ગોળીબાર શરૂ થયો હતો. વ્હાઇટ નાઈટ કોર્પ્સે જણાવ્યું હતું કે ભીષણ ગોળીબારમાં ચાર સૈનિકો ઘાયલ થયા હતા. જેમાંથી બે શહીદ થયા હતા.

સૂત્રોએ જણાવ્યું હતું કે કિશ્તવાડમાં એન્કાઉન્ટરમાં સામેલ આતંકવાદીઓ જુલાઈમાં ડોડામાં અગાઉ થયેલા અન્ય એક એન્કાઉન્ટરમાં સામેલ હતા. આ કાર્યવાહીમાં એક અધિકારી સહિત ચાર જવાનો શહીદ થયા હતા.કઠુઆમાં હાથ ધરવામાં આવેલા ઓપરેશનમાં રાઇઝિંગ સ્ટાર કોર્પ્સના જવાનોએ ત્રણ આતંકવાદીઓને ઠાર કર્યા હતા.

૧૮મી સપ્ટેમ્બરે ચિનાબ ખીણ પ્રદેશના ડોડા, કિશ્તવાડ અને

(જુઓ પાનું ૨) ▸▸



### જમ્મુના વિવિધ ભાગોમાં આતંકવાદ વિરોધી અભિયાન તીવ્ર

જમ્મુઃ સુરક્ષા દળોએ તાજેતરમાં થયેલી અથડામણો બાદ શનિવારે કિશ્તવાડ, ઉધમપુર, પૂંચ અને રાજૌરી જિલ્લાના કેટલાક ભાગોમાં આતંકવાદ વિરોધી અભિયાનને વધુ વેગવંતું બનાવ્યું છે. આ અથડામણમાં બે જવાન શહીદ થયા હતા અને બે આંતકવાદીઓ માર્યા ગયા હતા.

કિશ્તવાડ જિલ્લાના છત્રુ વિસ્તારમાં પિંગનાલ દુગ્ગાડાનાં જંગલોમાં સંયુક્ત અભિયાન બીજા દિવસે પણ ચાલુ રહ્યું હતું. પાછલા દિવસે થયેલી અથડામણમાં એક જેસીઓ સહિત બે સેનાના જવાનોનાં મોત અને અન્ય બેને ઘાયલ કરવા માટે જવાબદાર આતંકવાદીઓને શોધવા માટે વધારાનાં દળો પણ સર્ચ પાર્ટીઓમાં જોડાયા છે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર આતંકવાદીઓની ભાળ મેળવવા માટે સુરક્ષા દળોએ ડ્રોન અને અન્ય આધુનિક

(જુઓ પાનું ૨) ▸▸









## જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદ અંતિમ શ્વાસ લઈ રહ્યો છેઃ મોદી

**સુરેશ એસ. ડુગ્ગર**

જમ્મુઃ જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદ તેના અંતિમ શ્વાસ લઈ રહ્યો છે એવું ભારપૂર્વક જણાવતાં, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે ઉમેર્યું હતું કે તેમની સરકારે 'આ સુંદર પ્રદેશ'ને નષ્ટ કરનાર વંશવાદી રાજકારણનો સામનો કરવા માટે નવા નેતૃત્વને તક આપી છે.

જમ્મુ ક્ષેત્રના ડોડા જિલ્લામાં ભાજપના ઉમેદવારોના સમર્થનમાં એક વિશાળ ચૂંટણી રેલીને સંબોધતાં મોદીએ જમ્મુ અને કાશ્મીરને રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવાના તેમની સરકારના વચનનો પણ પુનરોચ્ચાર કર્યો હતો અને લોકોને એનસી, કૉંગ્રેસ અને પીડીપીને સત્તામાં પાછા લાવવા સામે ચેતવણી આપી હતી.

જમ્મુ અને કાશ્મીરમાં ૧૮ સપ્ટેમ્બરે યોજાનારી વિધાનસભાની ચૂંટણીના પ્રથમ તબક્કામાં જમ્મુના ડોડા કિશ્તવાડ અને

(જુઓ પાનું ૨) ▸▸

## બદ્રીનાથ - યમુનોત્રીમાં ભૂસ્ખલનઃ ગુજરાતના ૪૦ યાત્રીઓ ફસાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઉત્તરાખંડમાં ધોધમાર વરસાદ અને ભૂસ્ખલનના કારણે માર્ગો બંધ થયા વાહન વ્યવહાર બંધ છે. આ દરમિયાન ચારધામની યાત્રાએ નીકળેલા બનાસકાંઠાના પાલનપુરના ૪૦ શ્રદ્ધાળુઓ બદ્રીનાથ -યમુનોત્રી રોડ પર અટવાયા છે. ઉત્તરાખંડમાં વરસાદના કારણે ભૂસ્ખલનને કારણે માર્ગ વાહનવ્યવહાર બંધ કરી દેવામાં આવ્યો છે.

ચમોલીમાં બદ્રીનાથ હાઈવેનો વૈકલ્પિક માર્ગ નંદપ્રયાગથી કોટ કોઠીયાલસેન રોડ ભૂસ્ખલનને કારણે બંધ થઈ ગયો છે. તેવી જ રીતે યમુનોત્રી-બદ્રીનાથ હાઈવે પણ

(જુઓ પાનું ૨) ▸▸

## રોમાનિયામાં ભારે વરસાદે પાંચ જણના જાન લીધા

### યુરોપના અનેક દેશમાં કુદરતી આફત

બુખારેસ્ટ (રોમાનિયા): રોમાનિયામાં ભારે વરસાદને પગલે આવેલા પૂરને સંબંધિત વિવિધ દુર્ઘટનામાં પાંચ જણ માર્યા ગયાં હતાં. યુરોપના અનેક દેશમાં કુદરતી આફત મોટો વિનાશ વેરી રહી છે. પૂર્વ રોમાનિયાના ગાલાટી અને વાસલુઇ ખાતે અનેક લોકો પૂરમાં ફસાયા હતા અને તેઓને ઉગારવા માટે સ્થાનિક વહીવટીતંત્રે યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરી હતી.

અનેક વૃદ્ધોને નાની 'લાઇફબોટ'ની મદદથી સલામત સ્થળે લઇ જવાયા હતા. આ ઉપરાંત, ગાલાટી ખાતે બ્લેક હૉક હેલિકૉપ્ટરની મદદથી લોકોને ઉગારવાની કાર્યવાહી હાથ ધરાઇ હતી.

રોમાનિયાના આઠ પરગણામાંના ૧૯ ક્ષેત્રમાં

(જુઓ પાનું ૨) ▸▸


લગ્નસંબંધી "રાજયોગ"

સૌરાષ્ટ્રના અગ્રગણ્ય શહેરસ્થિત, પ્રતિષ્ઠિત અતિ શ્રીમંત ઈન્ડસ્ટ્રીયાલીસ્ટ વૈષ્ણવ પરિવારના ફેર, હેન્ડસમ, હાઈટ 6 ફીટ, અભ્યાસ થ્રુઆઉટ ઇંગ્લીશ મીડીયમ (ગ્રેજ્યુએટ ફ્રોમ યુ.એસ.એ), ચોખ્ખા જન્માક્ષર ધરાવતા, 24 વર્ષીય યુવકને યોગ્ય બ્યુટીફુલ, ગુજરાતી વૈષ્ણવ, વેલએજ્યુકેટેડ યુવતીના વાલીઓ સંપૂર્ણ બાયોડાટા સાથે સંપર્ક કરે.

ફાલ્ગુની મહેતા (દહેજ નહી)

૧૨, જમનાબાઈ બીલ્ડીંગ, ઉમરપાર્ક, વોર્ડન રોડ, મુંબઈ-૩૬.

23674093/23619076/8928040723

Website : www.falgunimehta.com & Email : falgunimehtas@gmail.com


## કોમોરોસના રાષ્ટ્ર પ્રમુખ છરીના હુમલામાં ઘાયલ થયા

મોરોની : એક ધાર્મિક નેતાના અંતિમ સંસ્કારમાં હાજરી આપતી વખતે શુક્રવારે હિંદ મહાસાગરના ટાપુ રાષ્ટ્ર કોમોરોસના રાષ્ટ્ર પ્રમુખ છરીના હુમલામાં ''થોડા ઇજાગ્રસ્ત'' થયા હતા, એમ તેમની ઓફિસે જણાવ્યું હતું. એક અન્ય વ્યક્તિને પણ તેમને બચાવવાનો પ્રયાસ કરતાં ઈજા થઈ હતી, અધિકારીઓએ જણાવ્યું હતું. રાષ્ટ્રપતિ અઝાલી અસુમાનીની ઇજાઓ ગંભીર ન હતી અને તેઓ તેમના ઘરે પરત ફર્યા હતા. તેમની ઓફિસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે હુમલાખોરને

(જુઓ પાનું ૨) ▸▸

## દેશનું સાતમા નંબરનું સૌથી વધુ વ્યસ્ત એરપોર્ટ બન્યું અમદાવાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યના સૌથી મોટા શહેર અમદાવાદમાં આવેલું સરદાર પટેલ આંતરરાષ્ટ્રિય એરપોર્ટ દેશનું સાતમાં નંબરનું સૌથી વધુ વ્યસ્ત એરપોર્ટ બની ગયું છે. ગુજરાતમાં એક જ મહિનામાં ૧.૭૮ લાખ આંતરરાષ્ટ્રીય મુસાફરોની અવરજવર નોંધાઇ હતી. એક જ મહિનામાં દેશના જે રાજ્યમાં સૌથી વધુ આંતરરાષ્ટ્રીય મુસાફરોની અવરજવર નોંધાઇ હોય તેમાં ગુજરાત સાતમાં સ્થાને છે. જુલાઇ મહિનામાં અમદાવાદમાંથી

(જુઓ પાનું ૨) ▸▸

## કેજરીવાલ હવે ફરી રાબેતા મુજબ કામકાજ કરશેઃ આપનો દાવો

નવી દિલ્હીઃ આમ આદમી પાર્ટી (આપ)એ શનિવારે દાવો કર્યો હતો કે મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલ તિહાડ જેલમાંથી જામીન પર છૂટ્યા હોવાથી તેઓ હવે ફરી રાબેતા મુજબ કામ કરશે અને દિલ્હીના લોકોના કોઇ કામને માઠી અસર નહિ થાય. અગાઉ, મુખ્ય પ્રધાન દિલ્હીમાંની દારૂને લગતી આબકારી જકાત નીતિમાંની ગેરરીતિના કેસમાં લાંબા સમયથી જેલમાં હતા. સર્વોચ્ચ અદાલતે આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય કન્વીનર અરવિંદ કેજરીવાલને શુક્રવારે જામીન પર છોડ્યા હતા.

કેજરીવાલને જામીન પર મુક્ત કરતી વખતે અદાલતે જણાવ્યું હતું કે મુખ્ય પ્રધાન દિલ્હીના સચિવાલયમાંની પોતાની ઑફિસમાં જઇ નહિ શકે કે કોઇ સત્તાવાર ફાઇલ

(જુઓ પાનું ૨) ▸▸






## પાકિસ્તાનના પંજાબમાંથી આઈએસઆઈએસના નવ આતંકવાદી પકડાયા

લાહોર : કાયદાનું રક્ષણ કરતી એજન્સીઓએ પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાંથી આતંકવાદી સંગઠન ઈસ્લામિક સ્ટેટ ઑફ ઈરાક એન્ડ સીરિયા (આઈએસઆઈએસ) અને શિયાવિરોધી સંગઠનના નવ શકમંદ આતંકવાદીની ધરપકડ કરીને મહત્ત્વનાં સંસ્થાનો અને ધાર્મિકસ્થળો પર હુમલો કરવાનું કાવતરું ટાળ્યું હતું, એવી માહિતી પોલીસે શનિવારે આપી હતી.

પંજાબ પોલીસના કાઉન્ટર ટેરરિઝમ ડિપાર્ટમેન્ટે દાવો કર્યો હતો કે તેણે પ્રાંતના વિવિધ જિલ્લામાં મળેલી ગુપ્તચર બાતમીના આધારે ૭૧ ઓપરેશન કરીને નવ આતંકવાદીઓને પકડ્યા હતા અને તેમની પાસેથી વિસ્ફોટક પદાર્થ, હથિયારો અને બીજી વાંધાજનક સામગ્રી જપ્ત કરી હતી.

સીટીડીના પ્રવક્તાએ કહ્યું હતું કે ગુપ્તચર તંત્રે આપેલી બાતમીના આધારે રહિમ યાર ખાન, ઓકારા, બહાવલપુર, લાહોર, રાવલપિંડી, ફૈઝલાબાદ અને મિનાવલીમાં ઓપરેશન કરીને પ્રાંતના વિવિધ વિસ્તારોમાંથી આઈએસઆઈએસ તથા શિયાવિરોધી સંસ્થાઓ સિપાહ-એ-સહાબા પાકિસ્તાન અને

(જુઓ પાનું ૨) ▸▸

## સાપ્તાહિક ભવિષ્ય – પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૧૫-૯-૨૦૨૪ થી તા.૨૧-૯-૨૦૨૪

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ તા. ૧૬મીએ કન્યા રાશિમાં પ્રવેશે છે. મંગળ મિથુન રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. બુધ સિંહ રાશિમાં શીઘ્ર ગતિએ માર્ગીભ્રમણ કરે છે. ગુરુ વૃષભ રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. શુક્ર તુલા રાશિમાં તા. ૧૮મીએ પ્રવેશે છે. શનિ-કુંભ રાશિમાં વક્રી ભ્રમણ કરે છે. રાહુ મીન રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર તા. ૧૬મીએ કુંભ રાશિમાં, તા. ૧૮મીએ મીન રાશિમાં, તા. ૨૦મીએ મેષ રાશિમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં તેજીના વેપારમાં લાભ થશે. નોકરીમાં પ્રગતિ થાય. તા. ૧૬, ૨૦મીએ અનુકૂળ તકો મેળવશો. કુટુંબજીવનનો યશસ્વી અનુભવ થાય. કુટુંબીજનો સાથેના નાણાવ્યવહારમાં સફળતા મેળવશો. તા. ૧૭, ૧૯, ૨૦મીએ નવા કામકાજના નિર્ણયો લઈ શકશો. મહિલાઓ નવી નોકરીનો પ્રારંભ કરી શકશે. વિદ્યાર્થીઓને સપ્તાહના અભ્યાસના આયોજનોમાં સફળતા જણાશે.

વૃષભ (બ, વ, ઉ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવું નાણારોકાણ શક્ય છે. નોકરીના સ્થળની બદલી શક્ય છે. કારોબારના નાણાઆવકની વૃદ્ધિ થશે. આ સપ્તાહમાં વાહન-મિલકતની ખરીદી શક્ય જણાય છે. શેરબજારના કામકાજની નાણાઆવક વધશે. સંતાન કારોબારમાં સામેલ થશે. મહિલાઓનો પતિ સાથેનો મતભેદ દૂર થશે. વિદ્યાર્થીઓને શાળા-કોલેજના અભ્યાસમાં ઉત્સાહ જણાશે.

મિથુન (ક, છ, ઘ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં વાયદાના વેપારમાં લાભ થશે. નોકરીના કામકાજ સફળતાથી પૂર્ણ થઈ શકશે. સપ્તાહમાં મિલકત સંબંધિત કામકાજ શુભ પુરવાર થશે. કાર્યક્ષેત્રે એકાગ્રતા, એક વાક્યતા, કાર્યદક્ષતા ઈત્યાદિ શુભ પુરવાર થશે. કારખાના, ઉદ્યોગમાં નવા રોકાણ માટે જન્મકુંડળીના આધારે નિર્ણયો લેવા જરૂરી છે. મહિલાઓને પતિનો સહયોગ કાર્યક્ષેત્રે પ્રાપ્ત થશે. નાણાંવ્યવસ્થા જળવાઈ રહેશે. વિદ્યાર્થીઓને કુટુંબના સભ્યોનો સહયોગ પ્રાપ્ત થશે.

કર્ક (ડ, હ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં મિત્રો દ્વારા જરૂરી માર્ગદર્શન મેળવી શકશો. નોકરી માટે તા. ૧૫, ૧૬, ૨૦ના કામકાજમાં અનુકૂળતા જણાશે. નોકરીના અધિકારીનો સહયોગ મેળવશો. સ્થાવર મિલકત, શેરબજાર, વાહન સંબંધિત કામકાજ સફળ બની રહેશે. મહિલાઓને કાર્યક્ષેત્રે સફળતાનો અનુભવ થાય. વિદ્યાર્થીઓને રમતગમત ક્ષેત્રે અથવા અભ્યાસના કામકાજમાં સફળતા જણાશે.

સિંહ (મ, ટ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના સલાહકારો તથા સહકાર્યકરો ઉપયોગી થશે. નોકરી માટે તા. ૧૫, ૧૬, ૧૭ શુભ જણાય છે. નોકરીના અધિકારીનો સહયોગ જળવાઈ રહેશે. નવા કામકાજનો પ્રારંભ થાય. ભાઈ-બહેનો સાથેનો નાણાવ્યવહાર પણ સફળ બની રહેશે. પ્રવાસ દ્વારા કારોબારના કામકાજ પણ સફળ બની રહેશે. મહિલાઓને કુટુંબના સભ્ય સાથેના વ્યવહારમાં સુખદ અનુભવ થશે. વિદ્યાર્થીઓને નવા અભ્યાસના પ્રારંભ માટે અનુકૂળતા જણાશે.

કન્યા (પ, ઠ, ણ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નિત્ય દૈનિક સાપ્તાહિક વેપાર લાભદાયી પુરવાર થશે. નોકરી માટે તા. ૧૭, ૧૮ શુભ જણાય છે. નોકરીના અધિકારીનો અપેક્ષિત સહયોગ જૂનાં કામકાજ પૂર્ણ કરવા માટે પ્રાપ્ત થાય. જૂના નાણાઉઘરાણીના નાણાં મેળવશો. નાણાઆવક જળવાઈ રહેશે. મિત્રોમાં મહિલાઓને યશ પ્રાપ્ત થાય. અનારોગ્યમાં ઝડપી સુધારો થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાપ્તાહમાં કુટુંબના સદ્સ્યોનો પણ સહયોગ મળી રહેશે.

તુલા (ર, ત): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા રોકાણ માટેનો સફળ નિર્ણય લઈ શકશો. નોકરી માટે તા. ૧૮, ૧૯, ૨૦ શુભ પુરવાર થશે. વેપારમાં વાટાઘાટો સફળ નીવડશે. પ્રવાસ યશસ્વી બની રહેશે. ધાર્યા મુજબના નાણાંરોકાણના નિર્ણયનો અમલ પણ થઈ શકશે. કાર્યક્ષેત્રે વિવાદો ટાળવા જરૂરી છે. વેપારની તથા નોકરીની પ્રવૃત્તિઓમાં મહિલાઓને સફળતા જણાશે. વિદ્યાર્થીઓને અધ્યયન માટે જરૂરી સાધન-સામગ્રી પ્રાપ્ત થતી જણાશે.

વૃશ્ચિક (ન, ય): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના વાયદાના વેપારમાં સાવધાની દાખવવી જરૂરી છે. નોકરીમાં છુપા હરીફોની ઓળખ થાય. નોકરીની જવાબદારી પરત્વે બેદરકારી દાખવવી નહિ. કાર્યક્ષેત્રે ભાગીદારો, સહયોગીઓ ઉપયોગી થશે. નવા નાણાં આવકના સાધનો મેળવશો. વેપાર વધશે. મહિલાઓને પડોશ, મિત્રો સાથેના મતભેદમાં રાહત જણાશે. કાર્યક્ષેત્રે નાણાઆવક જળવાઈ રહેશે. વિદ્યાર્થીઓને નવા અભ્યાસ માટે જરૂરી મદદ પ્રાપ્ત થશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારનું ધાર્યા મુજબનું કામકાજ લાભદાયી પુરવાર થશે. નોકરીમાં સહકાર્યકરો સહયોગી બનશે. કાર્યદક્ષતા અને નિપુણતાનો પૂર્ણપણે ઉપયોગ કરવા માટે ગોચરફળ શુભ જણાય છે. મિલકતની ખરીદી માટે જન્મકુંડળીના આધારે નિર્ણયો લેવા જરૂરી છે. તા. ૧૯મીએ મહિલાઓને પરિવારના વડીલથી સુખદ અનુભૂતિ થશે. વિદ્યાર્થીઓના અભ્યાસના કામકાજ નિયમિતપણે જળવાઈ રહેશે.

મકર (ખ.જ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજાર માટે આ સપ્તાહના અપેક્ષા મુજબના કામકાજ સફળ જણાશે. વેપારમાં રોકાણ, વેપારની વ્યવસ્થા, કામદારોનો અપેક્ષિત મદદનો અનુભવ ઈત્યાદિ માટે ગોચરફળ શુભ છે. કુટુંબના સભ્ય સાથેનો નાણાવ્યવહાસ પણ સંપન્ન થઈ શકશે. ગૃહિણીઓનો આ સપ્તાહનું તીર્થયાત્રાનું આયોજન સફળ બની રહેશે. પરસ્પર મતભેદો આ સપ્તાહમાં દૂર થશે. વિદ્યાર્થીઓ અભ્યાસ માટે પૂર્ણ લક્ષ્ય દાખવી શકશે.

કુંભ (ગ, શ, સ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં લાંબા સમયના રોકાણનો નિર્ણય અમલમાં મૂકી શકશો. નોકરી માટે તા. ૧૬, ૧૭, ૨૧ શુભ જણાય છે. વ્યવસ્થાશક્તિ, કાર્યદક્ષતા, નિર્ણયો લેવાની આવડત ઈત્યાદિ પૂર્ણપણે ઉપયોગી બની રહેશે. વેપાર વધશે. સરકારી અધિકારીઓ સાથેનો વ્યવહાર પણ સફળ બની રહેશે. મહિલાઓને આરોગ્ય જાળવણીમાં સફળતા જણાશે. વિદ્યાર્થીઓના આ સપ્તાહના નિર્ણયો એકંદરે શુભ પુરવાર થશે.

મીન (દ, ચ, ઝ, થ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારનાં જૂનાં રોકાણમાંથી નાણાં મેળવશો. નોકરી માટે તા. ૧૫, ૧૬, ૨૧ શુભ જણાય છે. આ સપ્તાહમાં નવા કામકાજનો પ્રારંભ થશે. નાણાં આવક જળવાઈ રહેશે. કુટુંબના સભ્યો સાથેનો મતભેદ દૂર થાય. મહિલાઓને કુટુંબ જીવનનો યશસ્વી અનુભવ થાય. વિદ્યાર્થીઓના અભ્યાસના કામકાજ સફળ પુરવાર થશે.

## આજનું પંચાંગ

(ઉત્તરાયણ સૌર શરદઋતુ), રવિવાર, તા. ૧૫-૯-૨૦૨૪,વામન જયંતી

ભારતીય દિનાંક ૨૪, માહે ભાદ્રપદ, શકે ૧૯૪૬
વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૬,
ભાદ્રપદ સુદ-૧૨
જૈન વીર સંવત ૨૫૫૦,
માહે ભાદ્રપદ, તિથિ સુદ-૧૨
પારસી શહેનશાહી રોજ ૨જો બેહમન, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૪
પારસી કદમી રોજ ૨જો બેહમન,
માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૪
પારસી ફસલી રોજ ૨૮મો જમીઆદ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૩
મુસ્લિમ રોજ ૧૧મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૬
મીસરી રોજ ૧૨મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૬
નક્ષત્ર શ્રવણ સાંજે ક. ૧૮-૪૮ સુધી, પછી ઘનિષ્ઠા.
ચંદ્ર મકરમાં મધ્યરાત્રિ પછી ક. ૨૯-૪૪ સુધી (તા. ૧૬મી) પછી કુંભમાં
ચંદ્ર રાશિ નામાક્ષરઃ મકર (ખ, જ), કુંભ (ગ, સ, શ, ષ)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ.૨૭ અમદાવાદ ક. ૦૬ મિ. ૨૬, સ્ટા.ટા. સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૦, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૩, સ્ટા. ટા.
-ઃમુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ઃ-
ભરતી : સવારે ક. ૧૦-૦૧, રાત્રે ક. ૨૨-૦૨
ઓટઃ બપોરે ક. ૧૬-૦૭, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૫૭ (તા. ૧૬)
વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, ભાદ્રપદ શુક્લ - દ્વાદશી. વામન જયંતી, વિષ્ણુ પરિવર્તનોત્સવ, પ્રદોષ, કલ્કી દ્વાદશી, ક્ષીરદાન, પંચક પ્રારંભ ક. ૧૯-૪૪. ગોત્રી રાત્રિ પ્રતારંભ.
શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
મુહૂર્ત વિશેષઃ પ્રદોષ વ્રત ઉપવાસ,શીવ પૂજા,ભક્તિ,રાત્રિ જાગરણ,શ્રી સર્વશાંતિ,શાંતિ પૌષ્ટિક પૂજા, વિદ્યારંભ, વાહન, સવારી,દુકાન,હજામત,માલ લેવો, પ્રયાણ શુભ,બાળકને અન્નપ્રાશન, નામકરણ,દેવ દર્શન,રાજ્યાભિષેક,વૃક્ષ વાવવાં,ધજા કળશ પતાકા ચઢાવવી, સીમંત સંસ્કાર, ખેતીવાડી.ધાન્ય ભરવું.
શ્રી ગણેશ મહિમાઃ ગણપતિના મસ્તક અને જુદા જુદા અવયવો દ્વારા આપણને અનેક રીતે મહાન બનવાની પ્રેરણા મળે છે. મનુષ્યનું મસ્તક તેના વ્યક્તિત્વનો પરિચય આપે છે તેમ શ્રી ગણેશના ગજમુખ દ્વારા તેમનું સામર્થ્ય, સ્વભાવ અને મહાનતાની પ્રતીતિ થાય છે. મસ્તક એ શરીરનો મહત્ત્વનો ભાગ હોય તેને ઉત્તમ અંગ પણ કહી શકાય. ગણેશજીના ગજાનંદ એમ નામ માત્રથી જગતની ઉત્પત્તિ સ્થિતિ અને લયના કર્તા શ્રી ગણેશ છે. શ્રી ગણેશની વાંકી સૂંઢ, મુખાકૃતિ, પેટ એમ સમગ્ર શરીરની આકૃતિ ઓંકાર કે પ્રણવ સાથે સામ્યતા ધરાવે છે.
આચમનઃશુક્ર-ગુરુ ત્રિકોણ મળતાવડા, ચંદ્ર-ગુરુ ત્રિકોણ સહાનુભૂતિવાળા , ચંદ્ર-શુક્ર ત્રિકોણ લોકોમાં માનીતા.
ખગોળ જ્યોતિષઃ શુક્ર-ગુરુ ત્રિકોણ, ચંદ્ર-ગુરુ ત્રિકોણ, ચંદ્ર-શુક્ર ત્રિકોણ (તા. ૧૬),
ગ્રહગોચરઃ સૂર્ય-સિંહ, મંગળ-મિથુન, માર્ગી બુધ-સિંહ, ગુરુ-વૃષભ, શુક્ર-કન્યા, વક્રી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, હર્ષલ- વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર.

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૧૫-૯-૨૦૨૪ થી તા.૨૧-૯-૨૦૨૪

રવિવાર, ભાદ્રપદ સુદ-૧૨, વિ. સં. ૨૦૮૦, તા. ૧૫મી સપ્ટેમ્બર, ઈ. સ. ૨૦૨૪. નક્ષત્ર શ્રવણ સાંજે ક. ૧૮-૪૮ સુધી, પછી ઘનિષ્ઠા. ચંદ્ર મકરમાં મધ્યરાત્રિ પછી ક. ૨૯-૪૪ સુધી (તા. ૧૬મી) પછી કુંભ રાશિ પર જન્માક્ષર. વામન જયંતી, વિષ્ણુ પરિવર્તનોત્સવ, પ્રદોષ, કલ્કી દ્વાદશી, ક્ષીરદાન, પંચક પ્રારંભ ક. ૨૯-૪૪. ગોત્રી રાત્રિ પ્રતારંભ. સર્વદેવ પ્રતિષ્ઠા. શુભ દિવસ.

સોમવાર, ભાદ્રપદ સુદ-૧૩, તા. ૧૬મી, નક્ષત્ર ઘનિષ્ઠા સાંજે ક. ૧૬-૩૨ સુધી, પછી શતભિષા. ચંદ્ર કુંભ રાશિ પર જન્માક્ષર. સૂર્ય કન્યા રાશિ ક. ૧૯-૪૧. સંક્રાંતિ પુણ્યકાળ ક. ૧૨-૩૪ થી સૂર્યાસ્ત. ઈદે મિલાદ. સર્વદેવ પ્રતિષ્ઠા. પંચક, શુભ દિવસ.

મંગળવાર, ભાદ્રપદ સુદ-૧૪, તા. ૧૭મી, નક્ષત્ર શતભિષા રાત્રે ક. ૧૩-૫૨ સુધી, પછી પૂર્વાભાદ્રપદા. ચંદ્ર કુંભમાં મધ્યરાત્રિ પછી ક. ૨૯-૪૩ સુધી (તા. ૧૮મી) પછી મીન રાશિ પર જન્માક્ષર. અનંત ચતુર્દશી, પાર્થિવ ગણેશ વિસર્જન, વ્રતની પૂનમ, પૌષ્ઠપદી પૂનમ, અન્વાધાન, વિષ્ટિ ક. ૧૧-૪૫થી ૨૧-૫૫. શુભ કાર્ય વર્જ્ય છે.

બુધવાર, ભાદ્રપદ સુદ-૧૫, તા. ૧૮મી, નક્ષત્ર પૂર્વાભાદ્રપદા સવારે ક. ૧૦-૫૯ સુધી, પછી ઉત્તરા ભાદ્રપદા. ચંદ્ર મીન રાશિ પર જન્માક્ષર. અંબાજીનો મેળો, ભાદરવી પૂનમ, ભાગવત સપ્તાહ સમાપ્તિ, સંન્યાસીના ચાતુર્માસ સમાપ્તિ, મહાલય પ્રારંભ, પ્રતિપદાનું શ્રાદ્ધ, ગોત્રીરાત્રિ વ્રત સમાપ્તિ, એકમનો ક્ષય છે. શુક્ર તુલામાં બપોરે ક. ૧૩-૫૫. આજથી તા.૨ ઑક્ટોબર સુધીનાં શ્રાદ્ધ પર્વમાં શુભ કાર્ય વર્જ્ય છે.

ગુરુવાર, ભાદ્રપદ વદ-૨, તા. ૧૯મી નક્ષત્ર ઉત્તરા ભાદ્રપદા સવારે ક. ૦૮-૦૩ સુધી, પછી રેવતી મધ્યરાત્રિ પછી ક. ૨૯-૧૪ (તા. ૨૦મી) સુધી, પછી અશ્વિની. ચંદ્ર મીનમાં મધ્યરાત્રિ પછી ક. ૨૯-૧૪ સુધી, પછી મેષ રાશિ પર જન્માક્ષર. ભાદ્રપદ કૃષ્ણ પક્ષ પ્રારંભ, દ્વિતીયાનું શ્રાદ્ધ, ગ્રહણ કરિદિન, પંચક સમાપ્તિ ક. ૧૯-૧૫.

શુક્રવાર, ભાદ્રપદ વદ-૩, તા. ૨૦મી નક્ષત્ર અશ્વિની મધ્યરાત્રિ પછી ક. ૨૬-૪૨ સુધી (તા. ૨૧મી) પછી ભરણી. ચંદ્ર મેષ રાશિ પર જન્માક્ષર. તૃતીયા શ્રાદ્ધ, વિષ્ટિ ક. ૧૦-૫૪ થી ૨૧-૧૫.

શનિવાર, ભાદ્રપદ વદ-૪, તા. ૨૧મી, નક્ષત્ર ભરણી મધ્યરાત્રે ક. ૨૪-૩૫ સુધી, પછી કૃત્તિકા. ચંદ્ર મેષ રાશિ પર જન્માક્ષર. ચતુર્થીનું શ્રાદ્ધ, સંકષ્ટ ચતુર્થી, ચંદ્રોદય ક. ૨૧-૦૩, ભરણી શ્રાદ્ધ.

# હરિયાણાએ નક્કી કર્યું છે કે ભાજપ હેટ-ટ્રિક કરશેઃ વડા પ્રધાન મોદી

કુરુક્ષેત્રઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે જણાવ્યું હતું કે હરિયાણાએ નક્કી કર્યું છે કે ભાજપ રાજ્યમાં ૫ ઓક્ટોબરની વિધાનસભા ચૂંટણી જીતીને હેટ-ટ્રિક નોંધાવશે.

રાજ્યમાં તેમની પ્રથમ ચૂંટણી રેલીને સંબોધતા મોદીએ કૉંગ્રેસ પર વિવિધ મુદ્દાઓ પર પ્રહારો કર્યા હતા, જ્યારે તેમની સરકારના નવા કાર્યકાળમાં કામની પ્રશંસા કરી હતી.

તેમણે કહ્યું હતું કે કેન્દ્રમાં નવી એનડીએ સરકારને હજુ ૧૦૦ દિવસ પૂરા કરવાના બાકી છે, પરંતુ તેણે લગભગ ૧૫ લાખ કરોડ રૂપિયાનું કામ શરૂ કરી દીધું છે.

હરિયાણામાં અગાઉની કૉંગ્રેસ સરકારો પર પ્રહાર કરતા મોદીએ કહ્યું હતું કે, અમે કૉંગ્રેસની સરકારનો એવો સમયગાળો જોયો છે જ્યારે વિકાસ માટેના નાણાં માત્ર એક જિલ્લા સુધી જ પહોંચતા હતા.

ભાજપે સમાન રીતે વિકાસનાં કામો હાથ ધર્યા છે, એમ તેમણે કહ્યું હતું.

તેમણે કહ્યું કે કૉંગ્રેસની રાજનીતિ દેશમાં જુઠ્ઠાણાં અને અરાજકતા ફેલાવવા સુધી નીચે ઊતરી ગઈ છે. આજની કૉંગ્રેસ શહેરી નક્સલવાદનું નવું સ્વરૂપ બની ગયું છે અને તેઓ જુઠ્ઠું બોલવામાં કોઈ શરમ અનુભવતા નથી, એમ તેમણે કહ્યું હતું.

વડા પ્રધાને ખેડૂતોના મુદ્દાઓ પર પણ કૉંગ્રેસ પર પ્રહાર કરતા કહ્યું કે, પાર્ટીએ લઘુતમ ટેકાના ભાવને લઈને હોબાળો મચાવ્યો હતો, પરંતુ હું તેમને પૂછું છું કે તેઓ કર્ણાટક અને તેલંગાણામાં એમએસપી પર કેટલા પાકની ખરીદી કરી રહ્યા છે?

પીએમ મોદીએ એમ પણ પૂછ્યું હતું કે, શું કૉંગ્રેસના શાસનમાં કોઈ ખેડૂતના ખાતામાં પૈસા આવ્યા હતા.

તેમણે કહ્યું હતું કે કૉંગ્રેસ શાસિત હિમાચલ પ્રદેશમાં પણ આજે કોઈ ખુશ નથી કારણ કે રાજ્ય સરકાર તેની અર્થવ્યવસ્થાનું સંચાલન કરવામાં અને ફુગાવાને નિયંત્રિત રાખવામાં નિષ્ફળ રહી છે.

તેમણે હરિયાણાના મુખ્ય પ્રધાન નાયબ સિંહ સૈનીની તેમની નમ્રતા માટે પ્રશંસા કરી અને કહ્યું કે તેમણે રાજ્યની પ્રગતિ માટે પોતાની જાતને સમર્પિત કરી દીધી છે.

મોદીએ કહ્યું કે લોકોએ તેમને લોકસભાની ચૂંટણીમાં કેન્દ્રમાં ત્રીજી ટર્મ આપી હતી અને તેમના ઉત્સાહને જોતા ભાજપ હરિયાણામાં પણ હેટ-ટ્રિક બનાવવા માટે તૈયાર છે. હરિયાણામાં ૯૦ વિધાનસભા બેઠકો માટે ૫ ઓક્ટોબરે મતદાન થશે અને મતોની ગણતરી ૮ ઓક્ટોબરે થશે. (પીટીઆઈ)

# સીબીઆઈએ આંતરરાષ્ટ્રીય સાયબર ગુનેગારની ધરપકડ કરીને ૫.૭ કિલો સોનું જપ્ત કર્યું

નવી દિલ્હી : પોતાને ટેક્નિકલ સપોર્ટ તરીકે દર્શાવીને એક અમેરિકી નાગરિક સાથે ૪.૫ લાખ ડૉલરની છેતરપિંડી કરનાર કથિત સાયબર ગુનેગારની સીબીઆઈએ મુંબઈમાંથી ધરપકડ કરી છે, એમ અધિકારીઓએ શનિવારે જણાવ્યું હતું.

યુએસએની એફબીઆઈ સાથેના સંકલનમાં તેના ઓપરેશન ચક્ર-૩માં સાયબર ગુનેગારો પર ચાલી રહેલી કાર્યવાહીમાં, સીબીઆઈએ એક અત્યાધુનિક વર્ચ્યુઅલ એસેટ અને બુલિયન સપોર્ટેડ સાયબર ક્રાઈમ નેટવર્કને તોડી પાડ્યું છે જે ૨૦૨૨થી વિદેશોમાં પીડિતોને નિશાન બનાવી રહ્યું છે. છેલ્લા બે દિવસમાં સાત સ્થળોએ પાડેલા દરોડામાં સીબીઆઈએ ૧૦૦ ગ્રામની ૫૭ સોનાની લગડીઓ, ૧૬ લાખની રોકડ રકમ, મોબાઈલ ફોન, ક્રિપ્ટો કરન્સીના સંચાલન માટે ઉપયોગમાં લેવાતા લેપટોપ, લોકર્સની વિગતો અને અન્ય ગુનાહિત દસ્તાવેજો જપ્ત કર્યા છે. મુંબઈ સ્થિત સાયબર ગુનેગારનું નામ વિષ્ણુ રાઠી હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું. એજન્સીને એવી સામગ્રી મળી છે જે દર્શાવે છે કે આ ટ્રાન્સનેશનલ સાયબર-સક્ષમ નાણાકીય ગુનાઓનું નેટવર્ક વર્ચ્યુઅલ એસેટ્સ અને બુલિયન દ્વારા ગુનાની આવકનું સંચાલન કરી રહ્યું છે, તેઓએ જણાવ્યું હતું.

સીબીઆઈએ ૯ સપ્ટેમ્બરે રાઠી અને અન્યો વિરુદ્ધ આરોપો પર કેસ નોંધ્યો હતો.

## પહેલા પાનાનું ચાલુ

### પાકિસ્તાનના

લશ્કર-એ-ઝંગવી સાથે સંકળાયેલા નવ આતંકવાદીની ધરપકડ કરી હતી.

આતંકવાદીઓએ આખા પ્રાંતમાં ભાંગફોડ તથા મહત્ત્વના ઉપક્રમો અને ધાર્મિકસ્થળો પર હુમલો કરવાનું કાવતરું ઘડ્યું હતું.

પ્રવકતાએ માહિતી આપી હતી કે તેમની પાસે ૪.૮ કિલો વિસ્ફોટક સામગ્રી, બે હાથબૉમ્બ, બે આઈડી બૉમ્બ, ૨૬ ડિટોનેટર, ચાર પિસ્ટોલ, ગોળી અને પ્રતિબંધિત સાહિત્ય મળી આવ્યું હતું. પોલીસે કથિત ત્રાસવાદીઓ સામે નવ કેસ નોંધ્યા છે અને તેમને વધુ તપાસ માટે અજાણ્યા સ્થળે લઈ જવામાં આવ્યા છે. (એજન્સી)

### મુંદરા બંદરે

ગોળીઓનો જથ્થો મળી આવ્યો હતો જેની આંતરરાષ્ટ્રીય બજાર કિંમત

૪૧ કરોડ રૂપિયા જેવી થાય છે. મુંદરાની એસઆઈઆઈબી (સ્પેશિયલ ઈન્ટેલિજન્સ એન્ડ ઇન્વેસ્ટિગેશન) શાખાને કન્ટેનરમાં રાખવામાં

આવેલા ૧૨૮ બોક્સ મળી આવ્યા હતા, જેમાં ટ્રામાડોલની પ્રતિબંધિત ૨૨૫ મિલીગ્રામની ગોળીઓનો જથ્થો રાખવામાં આવ્યો હતો. એક બોક્સમાં ૨૦૦૦૦ ગોળીઓ રાખવામાં આવી હતી.

કસ્ટમની આ શાખાના એક અધિકારીના જણાવ્યા પ્રમાણે, આફ્રિકાની સીએરા લિયોન અને નાઈનેટ કંપનીને મોકલાયેલા આ શિપમેન્ટમાં ડાઈકલોફેનિક અને ગેબીડોલ નામની દવાઓ હોવાનું મિસડિકલેરેશન થકી જાહેર કરાયું હતું. હાઈ સિક્યોરિટી ઝોનમાં સમાવાયેલા મુંદરા કસ્ટમથી ક્યારે નશાકારક દવાઓથી ભરેલો જથ્થો નીકળી ગયો હતો, એ બાબતની હાલ ઝીણવટભરી તપાસ ચાલુ હોવાનું તપાસકર્તાએ ઉમેર્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, ટ્રામાડોલ ટેબ્લેટનું વર્ગીકરણ ઓપીઓઈડ ડ્રગ્ઝ તરીકે કરાયેલું છે અને આ દવા અફીણમાંથી બનાવાય છે. હેરાફેરી, સંગ્રહ અને વેચાણ પર પ્રતિબંધ મૂકતાં નાર્કોટિક્સ ડ્રગ્ઝ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સીઝ એક્ટ ૧૯૮૫ અંતર્ગત એપ્રિલ ૨૦૧૮થી આ દવાની ભારતમાં આયાત અને નિકાસ પર સંપૂર્ણ પ્રતિબંધ મુકાયેલો છે.

### બદ્રીનાથ-યમુનોત્રીમાં

બંધ કરી દેવામાં આવ્યો છે. આ રસ્તાઓ પર ભૂસ્ખલનને કારણે રસ્તા પર પથ્થરો પડી ગયા છે. વહીવટી તંત્ર પણ તે પથ્થરો હટાવવામાં વ્યસ્ત છે.

મળતી વિગતો મુજબ, થરાલી ચેપડો નજીક થરાલી દેવલ રોડ પર ભૂસ્ખલનને કારણે બે મોટાં પાઈન વૃક્ષો ધરાશાયી થયાં હોવાના અહેવાલ છે. જેના કારણે ૧૨ કલાક સુધી રસ્તો બંધ રહે છે. જેસીબીની મદદથી તેમને દૂર કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. બદ્રીનાથ હાઇવે કર્ણપ્રયાગ પાસે ચટવાપીપલ ખાતે બંધ છે, અહીં પણ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ફસાયેલા છે. ખડકો પડવાના કારણે યમુનોત્રી હાઇવે બંધ છે. યમુનોત્રી હાઈવે પર રાડી પાસે રસ્તો બંધ થવાને કારણે યમુના ખીણનો જિલ્લા મુખ્યાલય સાથે સંપર્ક તૂટી ગયો છે.

શનિવારે સવારે ભારે વરસાદને કારણે બદ્રીનાથ નેશનલ હાઈવે પર ઘણી જગ્યાએ ભૂસ્ખલન થયું હતું. જેમાં લંબાગઢ, નંદપ્રયાગ, સોનલ અને બેરેજ કુંજમાં રસ્તાઓ બંધ છે. સાકોટ અને નંદપ્રયાગ વચ્ચેનો વૈકલ્પિક માર્ગ પણ ભૂસ્ખલનના કારણે બંધ છે. ચમોલી જિલ્લા પોલીસે જણાવ્યું હતું કે, જિલ્લામાં ભારે વરસાદને કારણે બદ્રીનાથ નેશનલ હાઈવે પર ઘણી જગ્યાએ ભૂસ્ખલન જોવા મળ્યું છે. જેના કારણે અનેક વખત રસ્તાઓ બંધ થઈ ગયા છે. સુરક્ષાને ધ્યાનમાં રાખીને ચમોલી પોલીસ શ્રદ્ધાળુઓને સલામત સ્થળે લઈ જવાનો પ્રયાસ કરી રહી છે.

### દેશનું સાતમા નંબરનું

૧.૬૭ લાખ જ્યારે ૧૧,૩૪૪ આંતરરાષ્ટ્રીય મુસાફરોની અવરજવર હતી. સાત મહિનાના આ સમયગાળામાં દિલ્હીમાંથી સૌથી વધુ ૧૭.૧૯ લાખ આંતરરાષ્ટ્રીય મુસાફરો નોંધાયા છે.

મળતી માહિતી મુજબ, જુલાઇ મહિનામાં ગુજરાતના એરપોર્ટમાં ૧૧.૬૭ લાખ ડોમેસ્ટિક અને ૧.૭૮ લાખ આંતરરાષ્ટ્રીય એમ કુલ ૧૩.૪૫ લાખ મુસાફરોની અવરજવર નોંધાઇ હતી. જેમાં અમદાવાદના સરદાર વલ્લભભાઇ પટેલ એરપોર્ટથી જ ૧.૬૭ લાખ ઈન્ટરનેશનલ અને ૮.૩૩ લાખ ડોમેસ્ટિક મુસાફરોનો સમાવેશ થાય છે. અમદાવાદ એરપોર્ટમાં આ વર્ષે જાન્યુઆરીથી જુલાઇમાં આંતરરાષ્ટ્રીય મુસાફરોની અવરજવરનો આંક વધીને ૧૨.૪૩ લાખ થયો છે. જેની સરખામણીએ વર્ષ ૨૦૨૩ જાન્યુઆરીથી જુલાઈમાં ૧૦.૩૭ લાખ મુસાફરો હતા. બીજી તરફ ડોમેસ્ટિક મુસાફરોની અવર-જવરનો આંક સાત મહિનામાં ૬૩.૦૧ લાખ થયો છે. જુલાઇ મહિનાની જ વાત કરવામાં આવે તો અમદાવાદથી ૧,૧૧૯ ઈન્ટરનેશનલ અને ૬,૪૩૩ ડોમેસ્ટિક ફ્લાઇટની અવર-જવર હતી. જુલાઇમાં અમદાવાદથી ૧૦ લાખથી વધુ મુસાફરો નોંધાયા છે. આ સ્થિતિએ પ્રત્યેક દિવસે અમદાવાદ એરપોર્ટથી સરેરાશ ૩૨,૨૭૧ મુસાફરો અને ૨૪૩ ફ્લાઇટની અવર-જવર નોંધાઈ છે.

### જમ્મુ-કાશ્મીરમાં

રામબનના ત્રણ જિલ્લાઓ દક્ષિણ કાશ્મીરના જિલ્લાઓ અનંતનાગ, પુલવામા, શોપિયાં અને કુલગામમાં ફેલાયેલી ૨૪ બેઠકોને આવરી લેશે. પ્રથમ તબક્કાની આ ૨૪ બેઠકની ચૂંટણી માટે વડા પ્રધાનની આ પ્રથમ ચૂંટણી રેલી હતી.

પ્રથમ તબક્કા બાદ ૨૫ સપ્ટેમ્બરના રોજ બીજા તબક્કાનું મતદાન થશે જ્યારે ૨૬ મતવિસ્તારોમાં મતદાન થશે. ૪૦ બેઠકો માટે ૧ ઓક્ટોબરે અંતિમ તબક્કાનું મતદાન થશે.

મોદીએ તેમના લગભગ ૪૫ મિનિટના ભાષણની શરૂઆત કાશ્મીરી ભાષામાં રેલીમાં આવેલા લોકોનું સ્વાગત કરીને કરી હતી.

'આ વખતે (વિધાનસભા) ચૂંટણી જમ્મુ અને કાશ્મીરનું ભાવિ નક્કી કરશે, જે સ્વતંત્રતા પછીથી વિદેશી શક્તિઓનું લક્ષ્ય રહ્યું છે,' એમ તેમણે સભાને સંબોધતાં કહ્યું હતું.

છેલ્લા સાત દાયકામાં જમ્મુ અને કાશ્મીરમાં અલગતાવાદ અને આતંકવાદને વધારવામાં આવ્યો હતો, જેથી તેમની 'દુકાનો ચાલતી રહે' એમ જણાવતાં તેમણે ઉમેર્યું હતું કે હું તમને કહેવા માગું છું કે જમ્મુ અને કાશ્મીરમાં હવે આતંકવાદ પોતાના આખરી શ્વાસ ગણી રહ્યો છે. જમ્મુ અને કાશ્મીરની આગામી ચૂંટણી કેન્દ્ર શાસિત પ્રદેશનું ભાવિ નક્કી કરશે.

તેમણે પાર્ટીના કાર્યકર્તાઓની રામબન અને કિશ્તવાડથી રેલીમાં સામેલ થવા માટે આવવા પ્રશંસા કરી હતી અને કહ્યું હતું કે વાસ્તવમાં હું તમારા ઉત્સાહને બિરદાવું છું. આઝાદી પછી જમ્મુ અને કાશ્મીર વિદેશી તાકાતોની આંખોમાં ખટકી રહ્યું હતું અને તેમણે કાવતરા કરવાનું ચાલુ કરી દીધું હતું. તેમણે કહ્યું હતું કે ત્યારબાદ પરિવારવાદના રાજકારણે જમ્મુ-કાશ્મીરને બરબાદ કરી નાખ્યું હતું.

તેમણે કહ્યું હતું કે કૉંગ્રેસ, એનસી અને પીડીપી ૨૦૦૦ની સાલથી જમ્મુ-કાશ્મીરમાં પંચાયત ચૂંટણીઓ કરાવવામાં નિષ્ફળ રહ્યા છે. મોદીએ કહ્યું હતું કે ભાજપની જ સરકાર હતી જેમણે લોકશાહી નીચલા સ્તર સુધી પહોંચાડી છે. તેમણે કહ્યું હતું કે બ્લોક ડેવલપમેન્ટ કાઉન્સિલ અને જિલ્લા વિકાસ પરિષદની ચૂંટણીઓ પહેલી વખત થઈ હતી અને યુવાનો આગળ આવ્યા હતા. વડા પ્રધાને કહ્યું હતું કે આગામી ચૂંટણી ત્રણ પરિવારો અને યુવાનો વચ્ચેની સીધી લડાઈ છે. એક તરફ એ ત્રણ પરિવારો છે અને બીજી તરફ મારી દીકરીઓ અને બહેનો છે જેઓ તેમનાં સપનાઓ સાકાર કરવા માટે મહેનત કરી રહ્યા છે. કાર્યકર્તાઓને સંબોધતાં તેમણે કહ્યું હતું કે જે યુવાનો પોલીસ અને સુરક્ષા બળો પર પથ્થર ફેંકવા માટે પથ્થર ઉઠાવતા હતા તેઓ હવે મોટા વિચાર કરી રહ્યા છે. આ પથ્થરોનો ઉપયોગ હવે મોટી મોટી ઈમારતો બાંધવા માટે થઈ રહ્યો છે. કિશ્તવાડમાં ભાજપના ઉમેદવાર શગુન પરિહારની પ્રશંસા કરતાં તેમણે કહ્યું હતું કે શગુનનાં માતા-પિતા બંનેને આતંકવાદીઓએ મારી નાખ્યા હતા. તેમણે કહ્યું હતું કે અમે તેમને ચૂંટણી લડવા માટે ઉમેદવારી આપી હતી. તેઓ આતંકવાદ સામે અમારું હથિયાર છે. તેમણે કહ્યું હતું કે ભાજપ જ જમ્મુ-કાશ્મીરને સંપૂર્ણ રાજ્યનો દરજ્જો આપશે. મોદીએ કહ્યું હતું કે અમે જમ્મુ-કાશ્મીરને આતંકવાદ મુક્ત ક્ષેત્ર અને પર્યટકો માટે સ્વર્ગ બનાવવા માટે કટિબદ્ધ છીએ.

તેમણે કહ્યું હતું કે જમ્મુ-કાશ્મીર વૈશ્વિક ફિલ્મ માટેનું ડેસ્ટિનેશન બનશે અને જલ્દી જ દિલ્હીથી શ્રીનગર માટે સીધી ટ્રેન ઉપલબ્ધ થશે.

નેશનલ કોન્ફરન્સ, કૉંગ્રેસ અને પીડીપીના ચૂંટણી ઢંઢેરા પર કટાક્ષ કરતાં તેમણે કહ્યું હતું કે લોકોએ ભાજપના ચૂંટણી ઢંઢેરા અને અન્ય પક્ષોના ચૂંટણી ઢંઢેરા વચ્ચે પસંદગી કરવાની છે. જે લોકો જૂના ખરાબ દિવસો પાછા લાવવાની વકીલાત કરી રહ્યા છે. મોદીએ કહ્યું હતું કે અન્ય ચૂંટણી ઢંઢેરામાં કલમ ૩૭૦ને પાછા લાવવાની અને પહાડી, ગુજ્જર તેમ જ બકરવાલને આપવામાં આવેલું આરક્ષણ પાછું ખેંચી લેવાની વાત કરવામાં આવી છે. તેઓ વાલ્મીકી અને દલિતોના મતાધિકાર છીનવી લેવાની વકીલાત કરે છે.

### સુરક્ષા દળોએ

રામબન જિલ્લાઓમાં આઠ વિધાનસભા મતવિસ્તારો અને દક્ષિણ કાશ્મીરના અનંતનાગ, પુલવામા, શોપિયા અને કુલગામ જિલ્લાની ૧૬ બેઠકો પર મતદાન થવાના દિવસો પૂર્વે આ એન્કાઉન્ટર થયા હતા.બીજા અને ત્રીજા તબક્કામાં જમ્મુ, કઠુઆ અને સાંબા જિલ્લામાં અનુક્રમે ૨૫ સપ્ટેમ્બર અને ૧ ઓક્ટોબરે મતદાન થશે.

### જમ્મુના

સાધનોનો ઉપયોગ કરીને એક વિશાળ વિસ્તારની ઘેરાબંધી કરી છે. આ આતંકવાદીઓ અથડામણ બાદ અંધારા અને ગાઢ જંગલનો લાભ લઇને ફરાર થઇ ગયા હતા. હજુ સુધી આતંકવાદીઓ સાથે કોઇ નવો સંપર્ક થયો ન હોવાનું તેઓએ જણાવ્યું હતું.

અધિકારીઓએ વધુમાં જણાવ્યું હતું કે ઉધમપુર જિલ્લાના બસંતગઢ વિસ્તારમાં ખંડરા ટોપ, કુદવાહ અને રાયચકના ઉપરી વિસ્તારોમાં પણ મોટા પાયે સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે, જ્યાં ૧૧ સપ્ટેમ્બરના રોજ પાકિસ્તાન સ્થિત જૈશ-એ-મોહમ્મદના બે આતંકવાદીઓને ઠાર કરવામાં આવ્યા હતા. તેમણે કહ્યું કે સુરક્ષા દળો પૂંચના સુરનકોટ અને રાજૌરી જિલ્લાના નૌશેરા અને થાનામંડીના જંગલ વિસ્તારોમાં પણ સર્ચ ઓપરેશન ચલાવી રહ્યા છે.

### રોમાનિયામાં

રસ્તા પર વૃક્ષો પડવાથી અનેક કારને નુકસાન થયું હતું અને માર્ગ બંધ થઇ જતાં વાહનવ્યવહાર ખોરવાયો હતો.

રોમાનિયાના વડા પ્રધાન માર્સેલ સિયોલાકુએ શનિવારે પોતાના બધા કાર્યક્રમ રદ કર્યા હતા અને ગાલાટી પરગણા ખાતે બચાવ તેમ જ રાહત કામગીરી પર નજર રાખવા માટે ગયા હતા.

ઝેક પ્રજાસત્તાક, પોલેન્ડ, ઑસ્ટ્રિયા, જર્મની, સ્લોવાકિયા અને હંગેરીમાં પણ ભારે પવન સાથે વરસાદ અને પૂર આવવાની આગાહી કરાઇ હતી. (એજન્સી)

### કેજરીવાલ

પર સહી કરી નહિ શકે. જો તેમની સહી બહુ જ જરૂરી હશે, તો તેમણે તેના માટે દિલ્હીના ઉપરાજ્યપાલની પરવાનગી લેવી પડશે.

આમ આદમી પાર્ટીના રાજ્યસભામાંના સાંસદ સંજય સિંહે જણાવ્યું હતું કે કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહે કેજરીવાલને ખોટા કેસમાં જેલમાં મોકલવા બદલ રાજીનામું આપવું જોઇએ.

તેમણે જણાવ્યું હતું કે અરવિંદ કેજરીવાલ પાસે હાલમાં દિલ્હી સરકારમાંનું કોઇ પ્રધાનપદ નથી અને તેથી સંબંધિત વિભાગના પ્રધાનો જરૂરી ફાઇલ પર સહી કરશે તેમ જ દિલ્હીની જનતાના કામ અટકવા નહિ દે. (એજન્સી)

### કોમોરોસના

સુરક્ષા દળોએ પકડી લીધો હતો અને તે તેમની કસ્ટડીમાં છે, પરંતુ તેણે હુમલાખોરની ઓળખ અથવા હુમલાના સંજોગો વિશે વધુ કોઈ માહિતી આપી નથી. આ હુમલો સલીમાની શહેરમાં થયો હતો.

સરકારના પ્રધાન અબુબકર સૈદ અનલીએ શનિવારે જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિની સુરક્ષા કરવાનો પ્રયાસ કરતી વખતે હુમલા દરમિયાન એક નાગરિક ઘાયલ થયો હતો. નાગરિકને કેટલી ઈજાઓ થઈ છે તે અંગે તાત્કાલિક કોઈ માહિતી મળી નથી.

વિપક્ષી પક્ષો દ્વારા કપટપૂર્ણ તરીકે નિંદા કરાયેલા મતદાનમાં અસુમાની જાન્યુઆરીમાં કોમોરોસના રાષ્ટ્ર પ્રમુખ તરીકે ફરીથી ચૂંટાયા હતા. ચૂંટણી બાદ અશાંતિમાં ઓછામાં ઓછા એક વ્યક્તિનું મોત થયું હતું.

અસુમાની, ૬૫, ભૂતપૂર્વ લશ્કરી અધિકારી છે જે ૧૯૯૯માં સૌપ્રથમ વખત કોમોરોસમાં સત્તા પર આવ્યા હતા. તેમણે ૨૦૦૨-૨૦૦૬ દરમિયાન પ્રમુખ તરીકે પ્રથમ ટર્મની સેવા આપી હતી અને ૨૦૧૬માં ફરીથી ચૂંટાયા હતા.

તે ત્યારથી નેતા છે અને મુદતની મર્યાદા દૂર કરવા બંધારણમાં ફેરફાર કર્યા બાદ અને કોમોરોસના ત્રણ મુખ્ય ટાપુઓ વચ્ચે પ્રમુખપદ ફરતું જોવા મળે તેવી વ્યવસ્થાને નાબૂદ કર્યા પછી આ વર્ષે તેમનું પ્રમુખપદ ચોથી મુદત સુધી લંબાવ્યું હતું.




**ઘાટકોપરની એસઆરએ બિલ્ડિંગમાં આગ**

# ફાયરબ્રિગેડની સમયસૂચકતાથી મોટી જાનહાનિ ટાળી શકાઈ

## ૯૦ રહેવાસીઓને બચાવાયાઃ ૧૩ રહેવાસીને ગૂંગળામણને લીધે હૉસ્પિટલમાં દાખલ કરાયા



ઘાટકોપરના રમાબાઈ નગરમાં લાગેલી આગમાં મીટર બોક્સ બળી ગયાહતા. (જયપ્રકાશ કેળકર)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ ફાયરબ્રિગેડના જવાનોની સમયસૂચકતાને કારણે ઘાટકોપર (પૂર્વ)માં રમાબાઈ નગરમાં એસઆરએ બિલ્ડિંગમાં લાગેલી આગને કારણે બિલ્ડિંગમાં જ ફસાઈ ગયેલા ૯૦થી વધુ રહેવાસીઓને સુરક્ષિત રીતે બચાવી લેવામાં સફળતા મળી હતી. જોકે આ દરમિયાન ૧૩ રહેવાસીઓને ધુમાડાને કારણે ગૂંગળામણની ફરિયાદ થતા તેમને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમાંથી અમુકને સારવાર બાદ રજા આપવામાં આવી હતી. સદ્નસીબે મોટી જાનહાનિ ટળી ગઈ હતી. ઘાટકોપર (પૂર્વ)મા રમાબાઈ કોલોનીમાં ગ્રાઉન્ટ ફ્લોર પર સાત માળની એસઆરએની અનેક ઈમારતો આવેલી છે, જેમા શાંતિ નગર બિલ્ડિંગમાં ગ્રાઉન્ડ પ્લસ સાત માળની રમાઈ નિવાસ-ડી-બેમાં શુક્રવારે મોડી રાતના ૧.૩૫ વાગે માં શુક્રવારના મોડી રાતના દોઢ વાગ્યાની આસપાસ ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલી ઈલેક્ટ્રિક મીટર કેબિનમાં ઈલેક્ટ્રિક વાયર, ઈલેક્ટ્રિક ઈન્સ્ટોલેશનમાં અચાનક આગ ફાટી નીકળી હતી. આ દરમિયાન જોકે આગને કારણે ધુમાડો ઝડપભેર ઉપરના માળા સુધી ફેલાઈ જતા બિલ્ડિંગના ઉપરના માળા પર લગભગ ૮૦થી ૯૦ રહેવાસીઓ ફસાઈ ગયા હતા. ફાયરબ્રિગેડના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ આગની જાણ થતા અમારી ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. બિલ્ડિંગની અંદર પર લિફ્ટ એરિયા પાસે અને અંદર ઠેર ઠેર કચરો અને નકામા સામાનનો ઢગલો પડ્યો હતો. તેથી આગ વધુ ફેલાવવાની શક્યતા હતી. આગ લગભગ દોઢેક કલાકમાં એટલે કે ૨.૦૬ વાગ્યાની આસપાસ બુઝાવી દેવામાં આવી હતી. જોકે આગને કારણે મીટર બોક્સમાં રહેલા તમામ મીટરો અને વાયરિંગ બળીને ખાખ થઈ ગયા હતા. ■

### ફાયર સેફ્ટી સિસ્ટમ નહોતી

ફાયરબ્રિગેડના અધિકારીના જણાવ્યા મુજબ સ્લમ રિહેબિલિટેશન ઓથોરિટી (એસઆરએ)ની આ બિલ્ડિંગ છે. અગાઉની બિલ્ડિંગોમાં ફાયર સેફ્ટી સિસ્ટમ બેસાડવાનું ફરજિયાત નહોતું. આ જૂની બિલ્ડિંગ હોવાથી તેમાં ફાયર સેફ્ટી સિસ્ટમ બેસાડેલી નહોતી. પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું જણાઈ આવ્યું છે. ■

### ઓપરેશન કેવી રીતે પાર પડ્યું?

ફાયરબ્રિગેડના અધિકારીએ રેસ્ક્યુ ઓપરેશન બાબતે જણાવ્યું હતું કે રાતનો સમય હોવાથી મોટાભાગના રહેવાસીઓ ઉપર જ ફસાઈ ગયા હતા. ક્ષણનો પણ વિલંબ નહીં કરતા અમે જવાનોને બે ટીમમાં વહેંચી નાંખ્યા હતા. એક ટીમે આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી અને બીજી ટીમે બિલ્ડિંગમાં ઉપર ફસાઈ ગયેલા લોકોને બચાવવાની કામગીરી હાથ ધરી હતી. લાઈટ ન હોવાથી અને ધુમાડો ફેલાઈ ગયો હોવાથી કશું દેખાતું ન હોવાથી મોટાભાગના રહેવાસીઓ પોતપોતાના માળ પર જ ફસાઈ ગયા હતા. જવાનોએ ઘર-ઘરમાં જઈને લોકોને ટેરેસમાં લઈ ગયા હતા. ■

# વિરારમાં પત્નીનો હત્યારો પકડાયો

**પત્ની ભારતી પતિ ગોપાલ રાઠોડના દારૂના વ્યસનનો સખત વિરોધ કરતી હતી**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વિરારમાં ચારિત્ર્ય પર શંકાને પગલે છરીના ઘા ઝીંકી પત્નીની કથિત હત્યા કરનારા પતિને પોલીસે કલ્યાણથી પકડી પાડ્યો હતો. વિરાર પોલીસે ધરપકડ કરેલા આરોપીની ઓળખ ગોપાલ રાઠોડ (૩૮) તરીકે થઈ હતી. ગોપાલ અને ભારતી રાઠોડ (૩૨)નાં લગ્ન ૧૫ વર્ષ અગાઉ થયાં હતાં. ૧૩ વર્ષની પુત્રી સાથે દંપતી વિરારના વાટેવાડી વિસ્તારમાં આવેલી એકવીરા બિલ્ડિંગમાં રહેતું હતું.

પોલીસના જણાવ્યા મુજબ ગોપાલને દારૂ પીવાનું વ્યસન હતું અને આ મુદ્દે દંપતી વચ્ચે વારંવાર ઝઘડા થતા હતા. ગોપાલના દારૂ પીવાના વ્યસનનો પત્ની વિરોધ કરતી હતી તો પતિ પત્નીના ચારિત્ર્ય પર શંકા કરવા લાગ્યો હતો.

કહેવાય છે કે શુક્રવારે પણ દંપતી વચ્ચે ઝઘડો થયો હતો. રોષમાં આવી પતિએ છરીથી પત્ની પર હુમલો કર્યો હતો. બાદમાં પત્નીને લોહીલુહાણ હાલતમાં છોડી આરોપી ફરાર થઈ ગયો હતો. બનાવની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ભારતીના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સરકારી હૉસ્પિટલમાં લઈ જવાયો હતો.

વિરાર પોલીસે આરોપી પતિ ગોપાલની શોધ હાથ ધરી હતી. કર્ણાટકનો વતની ગોપાલ તેના વતન જવાની તૈયારીમાં હોવાની માહિતી મળતાં પોલીસની ટીમે કલ્યાણ રેલવે સ્ટેશને છટકું ગોઠવી તેને પકડી પાડ્યો હતો. ■

# અધિકારીની ભૂલઃ મ્હાડાનાં ઘરો ૧૨-૧૩ લાખ રૂપિયા મોંઘા

મુંબઈઃ મ્હાડા એટલે કે મહારાષ્ટ્ર હાઉસિંગ એન્ડ એરિયા ડેવલપમેન્ટ ઑથોરિટીના ઘર એટલે કે સામાન્ય મધ્યમવર્ગીય અને ગરીબ વર્ગ માટે સસ્તાં દરે ઘર ઉપલબ્ધ કરાવી આપતા ઘરો એવું મનાય છે ત્યારે મ્હાડા દ્વારા તૈયાર કરવામાં આવેલા ઘરોમાં ઊલટાની કિંમત વધી ગઇ હોવાનું જણાયું છે.

ઓક્ટોબર મહિનાની મ્હાડાની લોટરીમાં પુનર્વિકાસ અંતર્ગત ઉપલબ્ધ થયેલા ૩૭૦ ઘરોની કિંમતમાં ૧૦થી ૧૫ ટકાનો ઘટાડો કરીને મ્હાડા દ્વારા અરજદારોને મોટી રાહત આપવામાં આવી હતી. જોકે, ૩૭૦માંથી ૧૪ ઘરોની કિંમતમાં ૨૦ ટકા ઘટાડો થવાને બદલે તેની કિંમતમાં ૧૨થી ૧૩ લાખ રૂપિયાનો વધારો થયો છે. મુંબઈ મંડળમાં અધિકારીઓએ ઘરોની કિંમતમાં કરેલા વધારાની અસર ઘર મેળવવા ઇચ્છુક અરજદારોને થશે. ૧૪ ઘરો માટે ભૂલભરેલા રેડી રેકનર અનુસાર કિંમત નક્કી કરવામાં આવી હતી. મ્હાડાના ૩૭૦ ઉપલબ્ધ ઘરોની કિંમત જે તે પરિસરના રેડી રેકનર દરના ૧૧૦ ટકા દર મુજબ નક્કી કરવામાં આવે છે. જોકે આ ઘરનું ક્ષેત્રફળ, આવક અને ઘરની કિંમતમાં તફાવત હોવાના કારણે તે મોંઘા થઇ ગયા છે. જેના કારણે મ્હાડાની ટીકા કરવામાં આવી રહી છે. ઉલ્લેખનીય છે કે મ્હાડાના ઘરોમાં અલ્પ આવક ધરાવનારા માટે ઘરોની કિંમત પોણા ત્રણ કરોડ રૂપિયા નક્કી કરવામાં આવી હોવાથી મ્હાડાની ઘણી ટીકા કરવામાં આવી રહી છે. જેને પગલે મ્હાડાએ ઘરની કિંમતોમાં આવકના હિસાબે ૧૦થી ૨૫ ટકા ઘટાડી હતી. ■

# આઠ ટકા નફાની લાલચે રોકાણકારો સાથે ૬.૨૫ કરોડની છેતરપિંડીઃ બે સામે ગુનો

થાણેઃ રોકાણ કરેલી રકમ પર છથી આઠ ટકા વળતરની લાલચે રોકાણકારો સાથે ૬.૨૫ કરોડ રૂપિયાની કથિત છેતરપિંડી પ્રકરણે થાણે પોલીસે બે જણ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.ફરિયાદને આધારે પોલીસે શુક્રવારે આરોપી મનીષ મલકાન અને અર્પિત શાહ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૪૨૦, ૪૦૬ અને અન્ય સુસંગત કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો. આ કથિત છેતરપિંડી ઑક્ટોબર, ૨૦૨૦થી મે, ૨૦૨૩ દરમિયાન થઈ હતી.

આરોપીઓએ તેમની કંપની મની મેકર મલકાનમાં રોકાણ કરવા લોકોને લોભામણી ઑફર આપી હતી. આ કંપનીને માઈક્રો, સ્મોલ અને મિડિયમ એન્ટરપ્રાઈઝીસ (એમએસએમઈ) મંત્રાલય દ્વારા લાઈસન્સ આપવામાં આવ્યું હોવાનો દાવો આરોપીઓએ કર્યો હતો, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

આરોપીઓએ રોકાણ કરેલી રકમ પર છથી આઠ ટકા નફાની લાલચ આપી હતી. આકર્ષક વળતરની લાલચે લોકોને કંપનીમાં રોકાણ કરવા આરોપીઓએ પ્રેર્યા હતા.

જોકે ૨૦૨૩થી આરોપીએ વળતર ચૂકવવાનું બંધ કર્યું હતું. એ સિવાય મૂળ રકમ પાછી આપવામાં પણ નિષ્ફળ ગયા હતા. આ છેતરપિંડીમાં ૨૪ જેટલા રોકાણકારોએ નાણાં ગુમાવ્યાં હોવાનું ફરિયાદમાં જણાવાયું હતું. પોલીસ આ મામલે વધુ તપાસ કરી રહી છે. (પીટીઆઈ) ■

# અંબરનાથમાં રાસાયણિક કચરાને બાળવાને કારણે હાનિકારક ગૅસ ફેલાયો?

થાણેઃ અંબરનાથમાં હાનિકારક ગૅસ ફેલાવાને કારણે અનેક લોકોને આંખમાં બળતરા સહિતનો ત્રાસ થતાં આ ગૅસ કઈ રીતે ફેલાયો તેની તપાસ કરવામાં આવી રહી છે. એમઆઈડીસી સ્થિત એક ખાનગી કંપનીમાં રાસાયણિક કચરાને બાળવાને કારણે હાનિકારક ગૅસ ફેલાયો હોવાનું માનવામાં આવી રહ્યું છે.

સૂત્રોના જણાવ્યા મુજબ અંબરનાથના મોરીવલી એમઆઈડીસીમાંની એક ખાનગી કંપનીમાંથી ગૅસગળતર થયો હતો. ગૅસગળતરને કારણે એમઆઈડીસી આસપાસના પરિસરમાં રાસાયણિક ધુમાડો ફેલાયો હતો. આ ધુમાડાને કારણે અનેક લોકોને આંખમાં બળતરા, ગળામાં દુખાવો, શ્વાસ લેવામાં તકલીફ થવા લાગી હતી.

કહેવાય છે કે કંપનીના પાછળના ભાગમાં વહેતા નાળાને કિનારે એક ઓટલો બાંધવામાં આવ્યો છે. આ ઓટલા પર કેમિકલનો કચરો બાળવાને કારણે ગૅસ ફેલાયો હોવાનું કહેવાય છે. બીજી શક્યતા એવી વ્યક્ત કરાઈ રહી છે કે ઑઈલના ડ્રમમાં પાણી પડવાને કારણે ધુમાડો થયો હતો. આ કંપનીમાં છ પ્રકારનાં કેમિકલનું ઉત્પાદન કરવામાં આવતું હોવાનું અધિકારીનું કહેવું છે. ■

# અપેક્ષાપૂર્ણ મનોરંજક સાહસિક નાટક 'હેવ અ નાઈસ ડે'



ઘણા વખત પછી મુંબઈની રંગભૂમિ પર એક સુંદર નાટક જોયું. ''હેવ અ નાઇસ ડે''. નાટકની જાહેરાત પ્રમાણે મને એવું લાગતું હતું કે એક સામાન્ય પ્રકારનું થ્રીલર નાટક હશે, પરંતુ મારા આશ્ચર્ય વચ્ચે ત્રણ કલાકારોએ એક સચોટ અસરકારક નાટક ભજવ્યું. અલિરઝા નામદાર અને ગાયત્રી રાવલનો અનુભવ છલકાયો.

જુદા જુદા ઇમોશન્સના રસ વહેતા નાટકમાં અંત સસ્પેન્શનનો આચકો આપવામાં સફળ રહ્યું અને નાટકે સતત થ્રીલ ફીલ કરાવ્યા કર્યું. આ એક જુદા જ પ્રકારનું થ્રીલર નાટક છે. જેના લેખક વિલોપન દેસાઈની કલમ ધારદાર રહી. દિગ્દર્શક માટે ખૂબ મહેનત માગી લે છે એવા આ પ્રોડક્શનને મોટું અને ખર્ચાળ કહી શકાય. અને પોતાનો જુદો ચીલો ચીતરવા માટે જે હટકે કરવું જોઈએ એ માટે નિર્માતાઓ જયેશ પટેલ અને યુનુસ પટેલે હિંમત બતાવી છે.

ગુજરાતી પ્રેક્ષકોએ ગુજરાતી રંગભૂમિને સમૃદ્ધ કરવી હોય તો આવા નાટકો જોવા જરૂરી છે. વિવિધ આર્ટ્સને આવા જુદા પ્રકારના નાટક તૈયાર કરવા બદલ અભિનંદન. ■



**વિઘ્નહર્તાના શરણે અંબાણી પરિવારઃ** એશિયાના સૌથી શ્રીમંત વ્યક્તિ મુકેશ અંબાણી તેમના કુટુંબ સહિત લાલબાગચા રાજાના દર્શને પહોંચ્યા હતા. મુકેશ અંબાણી ઉપરાંત અનંત અંબાણી, રાધિકા મર્ચન્ટ અને શ્લોકા મહેતા પણ શ્રી લંબોદરના આશીર્વાદ લેવા પહોંચ્યા હતા.

# કોસ્ટલ રોડના વર્સોવાથી દહીંસર અને ભાયંદર સુધીના બીજા તબક્કાને મંજૂરી

મુંબઈઃ મહારાષ્ટ્ર કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ ઑથોરિટી (એમસીઝેડએમએ) દ્વારા વર્સોવા, દહીંસર અને ભાયંદરને જોડતા ૨૨.૯૩ કિલીમોટર લાંબા હાઇ-સ્પીડ કોરિડોરને મંજૂરી આપવામાં આવી છે. આ પ્રોજેક્ટ મહત્ત્વાકાંક્ષી એવા મુંબઈ કોસ્ટલ રોડ પ્રોજેક્ટનો બીજો તબક્કો છે અને હવે પર્યાવરણ ખાતા, વન વિભાગ, ક્લાઇમેટ ચેન્જ અને બોમ્બે હાઇ કોર્ટ દ્વારા આ પ્રોજેક્ટ માટે મંજૂરીની રાહ જોવામાં આવી રહી છે.

આ વિશે વાત કરતા પાલિકાના એક અધિકારીએ જણાવ્યું હતું કે એમસીઝેડએમએ દ્વારા વર્સોવા-દહીંસર અને ભાયંદરને જોડતા કોસ્ટલ રોડના બીજા તબક્કાને મંજૂરી આપી દેવામાં આવી છે. આ પ્રોજેક્ટ પાલિકા દ્વારા હાથ ધરવામાં આવશે. જોકે પ્રોજેક્ટનો બાંદ્રા અને વરલી સી-લિંક હિસ્સો એમએસઆરડીસી દ્વારા પૂરો કરવામાં આવશે.

હવે પાલિકા મલાડના માઇન્ડસ્પેસ અને કાંદિવલીના ચારકોપ સેક્ટર ૮ને ભૂગર્ભ માર્ગે જોડવાની યોજના બનાવી રહી છે. જમીનની ૪૦ મીટર નીચે ચાર કિલોમીટરની ટનલ તૈયાર કરીને આ પ્રોજેક્ટ પાર પાડવાની પાલિકાની યોજના છે.

આ પ્રોજેક્ટનો વર્ક ઓર્ડર ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ બહાર પાડવામાં આવ્યો હતો, જોકે જરૂરી મંજૂરીઓ ન મળી હોવાના કારણે આ પ્રોજેક્ટ અટવાયેલો હોવાનું પાલિકા અધિકારીઓ પાસેથી જાણવા મળ્યું હતું.

આ પ્રોજેક્ટની ટનલ વિદ્યાન-શીલા આઇએએસ ઓફિસર્સ બિલ્ડિંગથી શરૂ થઇ એમએસઆરડીસીના કોસ્ટલ રોડના છેલ્લા પોઇન્ટ સુધી જશે. આ ટનલ પર્યાવરણની દૃષ્ટિએ સંવેદનશીલ એવા પોઇસર નદી, ગોરાઇ ખાડી અને મેન્ગ્રોવ લેન્ડથી પસાર થનારી હોઇ જરૂરી વિભાગોની મંજૂરી અત્યંત જરૂરી છે. ■



LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# નાટ્ય દર્પણ



## પત્ની નચાવે એને કોણ બચાવે:

લીલા આર્ટસ - ગૌતમ જોષી - આસિફ પટેલ - જીતેન્દ્ર જોષી નિર્મિત ચિત્રક શાહ - કિરણ માલવણકર પ્રસ્તુત ઈમ્તિયાઝ પટેલ લિખિત કિરણ ભટ્ટ દિગ્દર્શિત કેતકી દવે - દિલીપ દરબાર અભિનિત હાસ્યનું વાવાઝોડું... 'પત્ની નચાવે એને કોણ બચાવે' આ નાટકનાં સાથી કલાકારો: હિતેષ ઉપાધ્યાય, હાર્દિકા જોષી, હિના વેલાણી છે. નિર્માણ નિયામક: કપિલ ભુતા વિશેષ આભાર: પ્રથમ ભટ્ટ પ્રચાર: દીપક સોમૈયા. આ રવિવાર તા. ૧૫ સપ્ટેમ્બર બપોરે ૩.૩૦ ક. ભારતીય વિદ્યા ભવન ઓડિટોરિયમ, ચોપાટી ખાતે ભજવાશે.

## હેવ અ નાઈસ ડે:

વિવિધ આર્ટસ પ્રસ્તુત નિર્માતા: જયેશ પટેલ, યુનુસ પટેલ સહનિર્માતા: અમન ખાન, સેજલ પટેલ, ચારૂલ દેસાઈ લેખક: વિલોપન દેસાઈ દિગ્દર્શક: પંકજ પાઠકજી રોમાન્સ, રમત અને રોમાંચનું રોચક રહસ્ય... 'હેવ અ નાઈસ ડે' કલાકારો: અલીરઝા નામદાર, ગાયત્રી રાવલ, પાર્થ રાવલ છે. આ રવિવાર: તા. ૧૫ સપ્ટેમ્બર સાંજે ૭.૩૦ ક. તેજપાલ ઓડિટોરિયમ, ગોવાલિયા ટેન્ક ખાતે ભજવાશે.

## બે અઢી ખીચડી કઢી:

સંજય ગોરડિયા પ્રોડક્ષન્સ વિશાલ ગોરડિયા પ્રસ્તુત વિનોદ સરવૈયા લિખિત સંજય ગોરડિયા નિર્મિત-દિગ્દર્શિત-અભિનિત ઓરિજીનલ કોમેડી નાટક! સાથી કલાકારો: સૌનીલ દરૂ, પૂજા દમણિયા, ભાવીતા સંઘવી, પ્રતિક દવે, કૌશાંબી ભટ્ટ, ફલક મહેતા અને વિનાયક કેતકર છે. ગીતકાર: સંજય છેલ સંગીત: રાજીવ ભટ્ટ સેટ ડિઝાઈન: અજય પુજારે પ્રકાશ: રોહિત ચિપ્લુનકર સંગીત સંકલન: રાહુલ સોલંકી સહાયક દિગ્દર્શક: ચિંતન મહેતા પ્રચાર: દિપક સોમૈયા. કોમેડીના ડબલ તડકા સાથે લિજ્જતદાર હાસ્યના સબડકા... 'બે અઢી ખીચડી કઢી' આવતો રવિવાર તા. ૨૨ સપ્ટેમ્બર સાંજે ૭.૩૦ ક. ભારતીય વિદ્યા ભવન ઓડિટોરિયમ, ચોપાટી ખાતે ભજવાશે.

કાંદા ચૂંટણીમાં રડાવે નહીં એટલે...

# ડુંગળી પરનો નિકાસ વેરો હટાવ્યો સરકારે

### લોકસભાની ચૂંટણીમાં હાર માટે કાંદા પરનાં નિયંત્રણોને જવાબદાર ઠેરવનાર નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે નિર્ણયને આવકાર્યો

મુંબઈ: ખેડૂતોને મોટી રાહત આપતો નિર્ણય કેન્દ્ર સરકાર દ્વારા લેવામાં આવ્યો છે, જેને પગલે કાંદાની આવકમાં ભરપૂર વધારો જોવા મળ્યો છે. ખાસ કરીને નાશિકની એપીએમસી(એગ્રિકલ્ચર પ્રોડ્યુસ માર્કેટ કોર્પોરેશન)માં કાંદાની આવક વધી છે.

કેન્દ્ર સરકાર દ્વારા કાંદા પર પ્રતિ ટન સાડા પાંચસો ડૉલરનું નિકાસ મૂલ્ય ઉપરાંત ૪૦ ટકા એક્સપોર્ટ ડ્યૂટી લાદી હતી. કાંદાની નિકાસ પર લાદવામાં આવેલા પ્રતિબંધોના કારણે ખેડૂતો નારાજ હોવાનું જણાતું હતું અને તેની અસર લોકસભાની ચૂંટણીનાં પરિણામો પર પણ થઇ હોવાનું કહેવાય છે.

એવામાં મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણી માથે છે ત્યારે કેન્દ્ર સરકાર દ્વારા કાંદાની નિકાસ પરથી હટાવાયેલા પ્રતિબંધો ખેડૂતો દ્વારા આવકાર્ય હોવાનું જણાય છે. કેન્દ્ર સરકારના નાણાખાતા દ્વારા એક્સપોર્ટ ડ્યૂટી ૪૦ ટકાથી ઘટાડીને ૨૦ ટકા કરવામાં આવી છે.

આ નિર્ણયના પગલે નાશિકની લાસલગાવ બજારમાં કાંદાનો પ્રતિ ટન ભાવ ૩૯૦૦થી ૪૪૦૦ વધીને ૪૩૦૦ ૪૮૦૦ થયો હતો. જેને પગલે કાંદાનું ઉત્પાદન કરનારા ખેડૂતોને હવે યોગ્ય ભાવ મળશે. ખેડૂતો દ્વારા સરકારના આ નિર્ણયનું સ્વાગત કરવામાં આવ્યું છે.

લોકસભાની ચૂંટણીમાં હાર માટે કાંદા પરના નિયંત્રણને જવાબદાર ઠેરવનાર રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે પણ કેન્દ્ર સરકારના નિર્ણયનું સ્વાગત કર્યું હતું. તેમણે કહ્યું હતું કે કાંદા બાસમતી ચોખા અને સોયાબીનની નિકાસ વિશે લીધેલા નિર્ણયને પગલે ખેડૂતોને મોટી રાહત મળી છે.

કેન્દ્ર સરકારના આ નિર્ણયના પગલે નાશિકના લાસલગાંવ હોલસેલ માર્કેટ-એપીએમસીમાં કાંદાઓના ભાવ વધ્યા હતા. કાંદાના ભાવ અહીં વધીને પ્રતિ ક્વિન્ટલ ૪૩૩ રૂપિયા સરેરાશ થઇ ગયા હતા. કાદાના ભાવ પ્રતિ ક્વિન્ટલ ૩,૭૦૦થી ૪,૯૫૧ રૂપિયા જેટલા રહ્યા હતા. ■

# વેપારીની બૅગમાંથી સોનાના દાગીના સેરવી લેનારો પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દક્ષિણ મુંબઈના ઝવેરીબજારથી કલ્યાણ જવા નીકળેલા વેપારીની સેકબૅગમાંથી લાખોની કિંમતના સોનાના દાગીના અને રોકડ રકમ સેરવી લેનારા આરોપીને પોલીસે પકડી પાડ્યો હતો. આઝાદ મેદાન પોલીસે ધરપકડ કરેલા આરોપીની ઓળખ અબ્બાસ મુસ્તફા લબ્બે (૨૮) તરીકે થઈ હતી. તેની પાસેથી ચોરીના બધા દાગીના હસ્તગત કરવામાં આવ્યા હતા. કોર્ટે પોલીસ કસ્ટડી ફટકારી હોવાથી પોલીસ આરોપીની વધુ પૂછપરછ કરી રહી છે.

પોલીસ ફરિયાદ અનુસાર કલ્યાણમાં રહેતા સોના-ચાંદીના વેપારી માંગુસિંહ ખરવડે નોંધાવેલી ફરિયાદને આધારે ગુનો નોંધી તપાસ હાથ ધરવામાં આવી હતી. ફરિયાદ અનુસાર ખરવડેની કલ્યાણમાં જ્વેલર્સની દુકાન આવેલી હોવાથી દર સોમવારે દુકાન બંધ રહે છે. એ દિવસે વેપારી દુકાન માટે ઝવેરીબજારમાં દાગીના ખરીદવા આવે છે.

વેપારી બીજી સપ્ટેમ્બરની સાંજે વિવિધ પ્રકારના સોનાના દાગીના ખરીદી કલ્યાણ જવા નીકળ્યો હતો. દાગીના અને ૨૧ હજારની રોકડ તેણે સેકબૅગમાં રાખી હતી. ઝવેરીબજારથી ચાલતા સીએસએમટી સ્ટેશને આવી રહેલા ફરિયાદીને ડી. એન. રોડ સ્થિત એક સ્કૂલ નજીક પહોંચ્યા પછી ધ્યાનમાં આવ્યું હતું કે તેની બૅગમાંથી દાગીના અને રોકડ અજાણ્યા શખસે સેરવી લીધા હતા. બૅગની ચેઈન ખોલી ૧૬.૨૦ લાખના દાગીના અને રોકડ સેરવી લેવામાં આવી હોવાની ફરિયાદ નોંધાતાં પોલીસે તપાસ માટે અધિકારીઓની બે ટીમ બનાવી હતી. પોલીસે ઝવેરીબજારથી સ્કૂલ સુધીના સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસી શકમંદને અબ્બાસ તરીકે ઓળખી કાઢ્યો હતો. રે રોડ ખાતે રહેતા અબ્બાસને તેના ઘર નજીક છટકું ગોઠવી પકડી પાડવામાં આવ્યો હતો. તેની વિરુદ્ધ શિવડી, સીએસએમટી અને મુંબઈ સેન્ટ્રલ રેલવે પોલીસમાં પાંચ ગુના નોંધાયેલા છે. આ કેસમાં પોલીસ અબ્બાસના સાથી કાલિયાની શોધ ચલાવી રહી છે. ■

વિદ્યાર્થિનીનો દુરાચારનો આરોપ

# નાયર હૉસ્પિટલના આસિસ્ટન્ટ પ્રોફેસરને સસ્પેન્ડ કરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ સેન્ટ્રલમાં આવેલી નાયર હૉસ્પિટલમાં વૈદ્યકીય શિક્ષણ લેતી વિદ્યાર્થિનીએ કરેલા જાતીય સતામણીના આક્ષેપ બાદ આસિસ્ટન્ટ પ્રોફસરને સસ્પેન્ડ કરવામાં આવ્યો છે. તેમ જ આ પ્રકરણની તપાસ મહાનગરપાલિકા મુખ્યાલય સ્તરની સાવિત્રીબાઈ ફુલે સ્ત્રી સંસાધન કેન્દ્ર પ્રમુખ અંતર્ગત ફરિયાદ સમિતિને સોંપવામાં આવી છે. આ સમિતિ તરફથી તપાસની કાર્યવાહી પૂરી થયા બાદ આવનારા અહેવાલને આધારે આગળની કાર્યવાહી કરવામાં આવશે એવી સ્પષ્ટતા પાલિકા પ્રશાસને કરી છે. મુંબઈ મહાનગરપાલિકા સંચાલિત નાયર હૉસ્પિટલ અને મેડિકલ કૉલેજમાં શિક્ષણ લઈ રહેલી એક વિદ્યાર્થિનીએ હૉસ્પિટલમાં કામ કરતા આસિસ્ટન્ટ પ્રોફેસર પર જાતીય સતામણીનો આરોપ કરીને તેની સામે ફરિયાદ કરી હતી. હૉસ્પિટલ સ્તર પર જાતીય સતામણી પ્રતિબંધક સમિતિએ આ પ્રકરણની તપાસ કરી હતી. તેમ જ 'કામના સ્થળે મહિલાની જાતીય સતામણી પ્રતિબંધક સમિતિના પ્રમુખ અંતર્ગત ફરિયાદ સમિતિ અને સાવિત્રીબાઈ ફુલે સ્ત્રી સંસાધન કેન્દ્રે પણ આ પ્રકરણની નોંધ લીધી હતી.

જાતીય સતામણી પ્રકરણમાં વધુ ફરિયાદ આવ્યા બાદ આ પ્રકરણની તપાસ હવે પાલિકા મુખ્યાલય સ્તર પરની 'કામના સ્થળે મહિલાની જાતીય સતામણી પ્રતિબંધક સમિતિ ને હવે સોંપવામાં આવી છે, તેથી ઘટનાની અને ફરિયાદની નિષ્પક્ષ અને પારદર્શક રીતે તપાસ કરી શકાય.તપાસ દરમિયાન મળી આવેલા પ્રાથમિક પુરાવા અને ઘટનાની ગંભીરતાને જોતા આસિસ્ટન્ટ પ્રોફેસરને પ્રશાસને સસ્પેન્ડ કર્યો છે. મુખ્યાલય સ્તર પરની તપાસ સમિતિના નિષ્કર્ષ બાદ આગળની કાર્યવાહી કરવામાં આવશે એવી સ્પષ્ટતા પ્રશાસને આપી છે. ■

# મુલુંડના ફ્લેટમાં મળી આવ્યો ત્રણ ફૂટ લાંબો કોબ્રા

મુંબઈ: વન વિભાગ દ્વારા મુલુંડના એક ફ્લેટમાંથી ત્રણ ફૂટ લાંબા કોબ્રા સાપને ઉગારવામાં આવ્યો હતો. શનિવારે બપોરે વન વિભાગના અધિકારીઓને ફ્લેટમાં સાપ હોવાની જાણકારી મળતા તે ઘટનાસ્થળે દોડી ગયા હતા અને સાપને ઉગાર્યો હતો.

વન વિભાગના અધિકારી પવન શર્માના જણાવ્યા મુજબ હેલ્પલાઇન પર આવેલા ફોન પર મળેલી જાણકારીને બદલે અમે ત્યાં પહોંચ્યા હતા. સાપ ઘરના સોફા ઉપર મળી આવ્યો હતો. અમારી ટીમના સભ્ય રવીન્દ્ર સૂર્યવંશીએ કોબ્રા સાપને ઉગાર્યો હતો, જ્યાર બાદ તેને જંગલમાં છોડી દેવામાં આવ્યો હતો. આખી કાર્યવાહી ડૉક્ટર પ્રીતિ સાઠે અને ડૉક્ટર કીર્તિ સાઠેના નિરીક્ષણ હેઠળ હાથ ધરવામાં આવી હતી. ■

# બિલ્ડર સાથે ૧૨ કરોડની છેતરપિંડી: કલ્યાણમાં દંપતી વિરુદ્ધ ગુનો નોંધાયો

થાણે: થાણે જિલ્લાના કલ્યાણ સ્થિત એક હાઉસિંગ સોસાયટીના રિડેવલપમેન્ટને લઈ ચાલતા વિવાદમાં બિલ્ડર સાથે ૧૨ કરોડ રૂપિયાની કથિત છેતરપિંડી કરવા બદલ પોલીસે દંપતી વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

બિલ્ડરે નોંધાવેલી ફરિયાદને આધારે કલ્યાણ પોલીસે ગુરુવારે ભારતીય દંડ સંહિતાની કલમ ૪૨૦, ૪૦૬ અને અન્ય કલમો હેઠળ શ્રીકાંત પૈ અને તેની વકીલ પત્ની દિવ્યા સામે એફઆઈઆર નોંધી તપાસ હાથ ધરી હતી.

ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે દંપતીએ જાન્યુઆરી, ૨૦૧૮થી મે, ૨૦૨૪ દરમિયાન બિલ્ડર પાસેથી ૧૨ કરોડ રૂપિયા પડાવ્યા હતા.

હાઉસિંગ સોસાયટીના રિડેવલપમેન્ટ માટે ફ્લૅટ માલિકો પાસેથી મંજૂરી અને નો ઑબ્જેક્શન સર્ટિફિકેટ મેળવી આપવાની ખાતરી આપી આરોપીઓએ ફરિયાદી પાસેથી રૂપિયા લીધા હતા. એ સિવાય અન્ય ભાડૂતો વિરુદ્ધ તેમણે કરેલા કેસ પાછા ખેંચવાની પણ બાંયધરી આરોપીએ આપી હતી.

દંપતીએ બનાવટી દસ્તાવેજોનો ઉપયોગ કરી આરોપીએ ફ્લૅટ્સ વેચ્યા હતા, જેને કારણે પ્રોજેક્ટમાં ખાસ્સો વિલંબ અને આર્થિક નુકસાન થયું હતું, એમ ફરિયાદમાં જણાવાયું હતું. આ પ્રકરણે તપાસ ચાલી રહી હોવાથી શનિવારની મોડી સાંજ સુધી કોઈની ધરપકડ કરાઈ નહોતી, એવું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઈ) ■

# બૅન્ક ખાતામાં 'શંકાસ્પદ લેવડદેવડ'ને બહાને વૃદ્ધા સાથે ત્રણ કરોડ રૂપિયાની ઠગાઈ

થાણે: બૅન્ક ખાતામાં શંકાસ્પદ લેવડદેવડ થઈ હોવાનો ભય દેખાડી મુંબઈ પોલીસ અને સીબીઆઈના અધિકારીના સ્વાંગમાં સાયબર ઠગે થાણેમાં રહેતી વૃદ્ધા પાસેથી ૩.૦૪ કરોડ રૂપિયા પડાવ્યા હોવાની પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. પોલીસ ફરિયાદ અનુસાર આરોપીઓ છેલ્લા બે મહિનાથી ૬૧ વર્ષની વૃદ્ધાને ડરાવી રહ્યા હતા. આરોપીઓએ પહેલાં પોતાની ઓળખ કુરિયર કંપનીના અધિકારી પછી મુંબઈ પોલીસના સાયબર ક્રાઈમ સેલ અને સેન્ટ્રલ બ્યૂરો ઑફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ)ના અધિકારી તરીકે આપી હતી. વૃદ્ધાને તેના બૅન્ક ખાતામાં શંકાસ્પદ લેવડદેવડ થઈ હોવાથી તેની તપાસ કરવામાં આવી રહી હોવાનું આરોપીએ કહ્યું હતું. પોલીસ કાર્યવાહીથી બચવા માટે વૃદ્ધાને પાંચ ટ્રાન્ઝેક્શન દ્વારા ૩.૦૪ કરોડ રૂપિયા બૅન્ક ખાતાઓમાં ટ્રાન્સફર કરવાની ફરજ પડાઈ હતી, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. નાણાં ગુમાવ્યા પછી પોતે છેતરાઈ હોવાની જાણ થતાં વૃદ્ધાએ શુક્રવારે થાણે નગર પોલીસનો સંપર્ક સાધી ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. ■

છેલ્લા પાનાનું ચાલુ

## ભિવંડીમાં ગણેશ

વાત ફેલાતાં રોષે ભરાયેલા લોકો વર્કશૉપ નજીક એકઠા થયા હતા અને દોષી સામે કાર્યવાહીની માગણી કરી હતી. ઘટનાને પગલે સંબંધિત વિસ્તારમાં પોલીસનો કડક બંદોબસ્ત ગોઠવી દીધો હતો. વરિષ્ઠ પોલીસ અધિકારીઓ પણ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને ઉશ્કેરાયેલા લોકોને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. વરિષ્ઠ અધિકારીના જણાવ્યા મુજબ ઘટનાસ્થળે પરિસ્થિતિ તંગદિલીભરી હોવા છતાં કાબૂમાં છે. આ પ્રકરણે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૯૮, ૩૨૪(૨)(૩)(૪) અને ૩૦૩ હેઠળ એફઆઈઆર નોંધવામાં આવ્યો હતો. (પીટીઆઈ)

## અમને મોટો જનાદેશ

જાહેર કાર્યક્રમમાં બોલતા શિંદેએ જણાવ્યું હતું કે, 'અમે લાડકી બહેન યોજના શરૂ કરી હતી, જેમાં લાયક મહિલાઓને દર મહિને ૧,૫૦૦ રૂપિયાની ઓફર કરવામાં આવી હતી. જો તમે અમારી તાકાત વધારશો, તો અમે માસિક રકમ વધારીને ૨,૦૦૦ રૂપિયા કરીશું. જો તમે મોટો જનાદેશ આપશો, તો અમે તેને વધારીને રૂ. ૩,૦૦૦ કરીશું. વિપક્ષો અમારી ટીકા કરે છે, એમ કહે છે કે રાજ્ય સરકાર પાછળથી ખાલી તિજોરીને ટાંકીને યોજના બંધ કરશે. પરંતુ તેઓએ એ ન ભૂલવું જોઈએ કે રાજ્યની તિજોરી લોકો માટે છે, એમ તેમણે કહ્યું હતું. તેમણે કહ્યું કે જ્યારે તેમની સરકારે મહિલા મુસાફરો માટે રાજ્ય સંચાલિત બસોના ભાડામાં ૫૦ ટકાનો ઘટાડો કર્યો ત્યારે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી અને એવું કહેવામાં આવ્યું હતું કે આ પગલાથી રાજ્ય પરિવહન નિગમને વધુ નુકસાન થશે.

જોકે આનાથી ઊલટું પહેલની શરૂઆત પછી, બસ સેવાનો ઉપયોગ કરતી મહિલાઓમાં નોંધપાત્ર વધારો થયો હતો, જે આખરે મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (એમએસઆરટીસી) ને નફાકારક પરિણામ મેળવવા તરફ દોરી ગઈ છે, એમ તેમણે જણાવ્યું હતું.

સરકાર મહિલાઓને ઉદ્યોગ સાહસિક પ્રયાસોમાં રોકાણ કરવા પ્રોત્સાહિત કરીને સશક્તીકરણ કરવાનું ધ્યેય ધરાવે છે, જેનાથી નબળી પૃષ્ઠભૂમિની વ્યક્તિઓ નાણાકીય સફળતા હાંસલ કરવા સક્ષમ બનશે, એમ પણ તેમણે જણાવ્યું હતું. કોવિડ-૧૯ રોગચાળા દરમિયાન શિવસેના (યુબીટી)ના પ્રમુખ અને ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરે પર તેમના ફેસબુક લાઇવ જાહેર સંબોધનો પર કટાક્ષ કરતાં શિંદેએ કહ્યું હતું કે, સરકાર ચલાવવા માટે આવા લાઇવ સ્ટ્રીમિંગ પૂરતા નથી. તમારે સામ-સામે આવવાની જરૂર છે. લોકોની સમસ્યાઓ સમજવા માટે તેમની સાથે વાતચીતનો સામનો કરો. ■

## દક્ષિણ મુંબઈમાં

અને કટાઈ ગયેલી છે. તેથી અનેક વખત પાઈપલાઈનમાં જમીનની નીચે લીકેજ થવાથી તેની અસર રસ્તાને થાય છે અને રસ્તા પર ખાડા પડવાના તથા રસ્તો ધસી પડવાના બનાવ બનતા હોય છે.

ઓક્ટોબરથી રસ્તાના સિમેન્ટ-કૉંક્રીટાઈઝેનના કામ ચાલુ કરવામાં આવવાના છે ત્યારે જ્યાં આવશ્યકતા જણાય ત્યાં પાઈપલાઈન બદલવામાં આવશે, જેમાં દક્ષિણ મુંબઈના નવ વોર્ડ એટલે કે કોલાબાથી માહિમ સુધીના વિસ્તારમાં રસ્તાના કામની સાથે જ પાઈપલાઈનના કામ કરવામાં આવવાના છે. તે માટે ટેન્ડર બહાર પાડવાના આવ્યા છે.

તાજેતરમાં એટલે કે ગુરુવારે ૧૨ સપ્ટેમ્બરના જ જી-દક્ષિણ વોર્ડમાં વીર સાવરકર માર્ગ અને ન્યૂ પ્રભાદેવી રોડના જંકશન પાસે રસ્તો ધસી પડયો હતો. તપાસ કરતા જણાઈ આવ્યું હતું કે જમીનની નીચે ૬૬ ઈંચની પાઈપલાઈનમાં ગળતર હોવાથી તેની અસર રસ્તાને થઈ હતી. તેથી જમીનની નીચે રહેલી જૂની પાઈપલાઈનને બદલવાનું અને સમારકામ કરવાનું કામ આવશ્યક થઈ ગયું છે. ■

# હિન્દુ મરણ

વિનયભાઈ નારણદાસ મર્ચન્ટ તા. ૧૪-૯-૨૦૨૪ના સ્વર્ગવાસ પામ્યા છે. કપિલ, શ્રીમતી સ્મૃતિ દલાલના પિતા, વિજય દલાલ અને રાજશ્રી મર્ચન્ટના સસરા. પૌત્ર રાહુલ, વિનીતિ અને નિયતિના દાદા.

**કપોળ**

મહુવા નિવાસી હાલ સાયન સ્વ. પ્રમિલાબેન પ્રતાપરાય મોદીના સુપુત્ર રાજેશભાઇ (ઉં. વ. ૭૬) તે કવિતાબેનના પતિ. રીતેશભાઇ તથા હેતલબેનના પિતાશ્રી. અલિશાબેન તથા અમિતકુમારના સસરા. ઇવાના દાદા. શિહોરવાળા સ્વ. યશવંતીબેન રમણલાલ દોશીના જમાઇ. શનિવાર, તા. ૧૪-૯-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. (લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે).

**જનોડ એકડા વિશા ખડાયતા**

જનોડ નિવાસી હાલ મુંબઇ ગં. સ્વ. તારાબેન કનૈયાલાલ મણિલાલ શાહ (ઉં. વ. ૯૦) તે તા. ૪-૯-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે અશોકકુમાર, પ્રવિણચંદ્ર, વિજયકુમાર તથા કિર્તીકુમારના માતુશ્રી. વર્ષાબેન, પારુલબેન, મમતાબેનના સાસુ. હિમાંશુ, જયશ્રી, દિવ્યા, ધવલ, આશિષ, ખુશ્બુ, હેતલ, જયના દાદી. કિંજલ, રેશમા, જતીનકુમાર, ભાવિનકુમાર, દિશાંતકુમાર, હિરેનકુમારના વડસાસુ. સ્વ. મધુકાન્તા, સ્વ. સૂર્યાબેન, સ્વ. ભાઇલાલભાઇ, સ્વ. મનહરભાઇના બહેન. પ્રાર્થનાસભા તા. ૧૬-૯-૨૪ના સવારે ૧૦થી ૧૧. ઠે. વૈષ્ણવ સમાજ ભવન, વેંકટેશ પાર્ક, એમ. ટી. એન. એલ.ની સામે, ફાટક રોડ, ભાયંદર (વેસ્ટ).

**ઘોઘારી દશા પોરવાડ વૈષ્ણવ વણિક**

ચિંચણ તારાપુર હાલ કાંદિવલી ચારકોપ નિવાસી ઉપેન્દ્ર મધુસુદન શાહ (ઉં. વ. ૭૧) તા. ૧૨-૯-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે અનિલાબેનના પતિ. મનન, જિગિષાના પિતા. રશ્મિ, રોનકના સસરા. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

મૂળ ગામ-કચ્છ ઢોરી હાલ થાણે રવિના અક્ષય સચદે (ઉં. વ. ૨૮) તે રાજેશ્રી નીતિન કાનજી સચદેના પુત્રવધૂ. રેખા વિનોદ બોરખતારિયા (ગામ-વેરાવળ)ની સુપુત્રી. હેન્સી અને નેન્સીની માતા. વર્ષા પુનિત સચદેના દેરાણી. પૂજા-પ્રિયા અને સ્વ. પાર્થની બેન ૧૩-૯-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૧૫-૯-૨૪ના ૫ થી ૭. મુક્તેશ્વર મહાદેવ, ડો. આર.પી. રોડ, મુલુંડ વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે. (બૈરાઓએ તે જ દિવસે આવી જવું.)

**ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ**

સુરત નિવાસી, હાલ સાંતાક્રુઝ, ગં.સ્વ. કલ્યાણીબેન (ઉં. વ. ૮૪) તે સ્વ. શરદ ભાનુપ્રસાદ સ્માર્તના ધર્મપત્ની. તે પ્રિયા, નીપા અને હમીરના માતુશ્રી. તે દેવેન, અનિલ અને અર્ચનાના સાસુ. તે શાંતનુના નાની અને માહીના દાદી. તે સ્વ. અરવિંદ વ્યાસ અને સ્વ. ચંદ્રીકાબેનના સુપુત્રી ૧૩-૯-૨૪ને શુક્રવારે દેવલોક પામ્યા છે. સર્વે લૌકિક ક્રિયા બંધ છે.

**કચ્છી ભાટિયા**

ગં.સ્વ. દેવહુતી (ઉં. વ. ૮૯) તે સ્વ. જયસિંહ હરિદાસ ભાટિયા (પુરેચા)ના ધર્મપત્ની. તે સ્વ. ચંપાબેન તથા સ્વ. હંસરાજ ત્રીકમદાસ સંપટના પુત્રી. અ.સૌ. ગીતા મિલન આશર અને નિલેશના માતુશ્રી. મિલન જયસિંહ આશર અને અ.સૌ. નેહલના સાસુ. ચિ. દીપ, ચિ. રૂષભ અને ચિ. રિધ્ધીના નાની-દાદી શુક્રવાર ૧૩-૯-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા રવિવાર ૧૫-૯-૨૪ના ૪.૩૦ થી ૬. વિશ્વેશ્વર ભવન, ૧લે માળે, સન્યાસ આશ્રમ, વિલેપાર્લે (પશ્ચિમ). લૌકિક વ્યવહાર બંધ છે.

**નડીયાદી દશા શ્રીમાળી**

મિનિષ ઈન્દ્રવદન પરીખ (ઉં. વ. ૬૩) તે સ્વ. મધુરીબેન ઈન્દ્રવદન પરીખના પુત્ર. તે પુનિતના પતિ. તે પ્રિતેશ-પ્રાચી નિશિથના પિતા. રીહાનાના દાદા. તે અલ્પાબેન કેતનભાઈ પારેખના ભાઈ ૧૩-૯-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા રવિવાર ૧૫-૯-૨૪ના રોજ સાંજે ૫ થી ૬.૩૦. ઠે. એફ.પી.એચ. ગરવારે હોલ, લાલા લજપતરાય રોડ, લાલા કોલેજની બાજુમાં. મુંબઈ-૪૦૦૦૩૪.

**ઈડર ઔદિચ્ય પિસ્તાલીસ જ્ઞાતિ**

ગામ ગોધમજી હાલ કલ્યાણ નિવાસી શ્રી જગદીશ ભુદરલાલ રાવલ (ઉં. વ. ૭૭) તા.૧૩.૦૯.૨૪ ના અક્ષર નિવાસ થયા છે. તે સ્વ હંસાબેનના પતિ. વૈશાલી અને દીપકના પિતાશ્રી. જય અને શીતલના સસરા. નરેન્દ્રભાઈ, સુમિત્રાબેન, ભગવતીબેન, સરોજબેનના ભાઈ. સ્વ.દામોદર મેહતાના જમાઈ. સંસ્કૃતિના દાદા અને હીરના નાના. તેમની લૌકિક પ્રથા બંધ છે.

**ઘોઘારી લોહાણા**

ગામ અમરેલી નિવાસી હાલ બોરીવલી શ્રી શિવલાલ લાલજી માધાણી (ઉં. વ. ૯૦) તે ૧૩/૯/૨૦૨૪ શુક્રવારના અવસાન પામેલ છે. તે સ્વ.સવિતાબેનના પતિ, સમીર, મયૂરી, ભૂપેશના પિતા, વર્ષા, ભાવિની તથા સ્વ.મયુરકુમારના સસરા. બંસરી હાર્દિકકુમાર દૈયા તથા યશસ્વીના દાદા. ઝરણા તથા જીતના નાના. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

# જૈન મરણ

**ઝાલાવાડી સ્થા. જૈન**

વઢવાણ શહેર નિવાસી હાલ માટુંગા ઘાટકોપર સ્વ. ચંપાબેન લક્ષ્મીચંદ શાહ (ગાંધી)ના સુપુત્ર સ્વ. ચંદ્રકાતભાઇના ધર્મપત્ની કમળાબેન (ઉં. વ.૮૯) તા. ૧૪-૯-૨૪ના શનિવારના અરિહંતશરણ થયેલ છે. તે સરોજબેન વિનોદચંદ્ર શાહના ભાભી.સ્વ. ચંપાબેન ગોરધનદાસ પોપટલાલ સંઘવીની સુપુત્રી. ગીરીશભાઇ, જીતેન્દ્રભાઇ, નરેશભાઇ તથા સ્વ. પ્રેમીલાબેનના બેન. અપેક્ષા ભાવીન શાહ, હીના સુનીલ સંઘવી, અલ્પા સંજય શાહ, ભૈરવી કેતન છેડાના મામી. લૌકિક વ્યવહાર બંધ છે, પ્રાર્થના રાખેલ નથી.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

અમરાપુર (ધાનાણી) નિવાસી હાલ ઘાટકોપર સ્વ. અશ્વિનભાઇ કાંતિલાલ દોશીના ધર્મપત્ની ગં. સ્વ. આશાબેન (ઉં. વ.૭૮) તા. ૧૨-૯-૨૪ના ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. તે અલ્પા વિપુલભાઇ નથવાણી, ભાવિની જીતેનભાઇ પંચમીયા, રીના વિજયભાઇ સંઘાણી, જીંદલ, પારસભાઇ ભીમાણીના માતા. જેવીન, પ્રિયલ, મીત, કવિશ, નમનના નાની. ચણાકા નિવાસી સ્વ. નટવરલાલ છોટાલાલ રૂપાણીના દીકરી. અનિલ રૂપાણી, નીતા જયેશ ટોલિયાના બેન. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

જૂનાગઢ નિવાસી હાલ ઘાટકોપર સ્વ. જયાબેન નરોત્તમદાસ નાગજી કામદારના પુત્ર ભરતકુમાર (ઉં. વ. ૭૪) તા. ૧૨-૯-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે મીનાબેનના પતિ. મીતેશભાઇના પિતાશ્રી. હેમાલીબેનના સસરાજી. તે જીતુભાઇ, સ્વ. જયવંતભાઇ, અજયભાઇ, અરુણાબેન, દેવયાનીબેન, જયોતિબેનના ભાઇ. તે ગોંડલ નિવાસી સ્વ. નિરમળાબેન પ્રાણલાલભાઇ ડુંગરશી પારેખના જમાઇ. પ્રાર્થનાસભા તા. ૧૫-૯-૨૪ના રવિવારના ૪થી ૬. ઠે. લાયન્સ કોમ્યુનિટી હોલ, ગારોડિયાનગર, ઘાટકોપર (ઇસ્ટ).

**ઝાલાવાડી વિશા શ્રીમાળી સ્થા. જૈન**

ગામ વઢવાણ મુંબઇ ખાતે સ્વ. ભાઇલાલભાઇ વોરાના પુત્ર મહેન્દ્રભાઇ વોરા (ઉં. વ. ૯૦) તા. ૧૪-૯-૨૪ના અરિહંતશરણ પામ્યા છે. તે સ્વ. ચંદ્રિકાબેનના પતિ. બીનાબેન તથા સુનીલભાઇના પિતા. સ્વ. ગુણવંતભાઇ, સ્વ. સુરેન્દ્રભાઇ, દિલીપભાઇ, સ્વ. શારદાબેન, સ્વ. ઇન્દુબેન, સ્વ. વસુબેન, સરોજબેન, સુરેખાબેનના ભાઇ તથા બોટાદ નિવાસી સ્વ. ત્રિકમલાલ પ્રિતમલાલ દોશીના જમાઇ. પ્રાર્થનાસભા તા. ૧૬-૯-૨૪ના સોમવારના ૪.૩૦થી૬. ઠે. ભારતીય વિદ્યાભવન ઓડિટોરિયમ, ચોપાટી ખાતે રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થા. જૈન**

ધ્રાંગધ્રા નિવાસી હાલ ઘાટકોપર લલીતભાઇ રતીલાલ શાહના ધર્મપત્ની અ. સૌ. સુભદ્રાબેન (ઉં. વ.૭૯) તે નીપા-નીરજના માતુશ્રી. અમીતભાઇ-અમીના સાસુ. તે સાક્ષી, નેમીલ, અનેરી, કેવલના દાદી. તે વસંતબેન, સ્વ.જશુબેન, સ્વ. ઇન્દુબેન, જયોતિબેન, સ્વ. ચંદનબેન, રેખાબેન, નરેન્દ્રભાઇના ભાભી. તે પિયરપક્ષે સ્વ. રમણીકલાલ કરસનજી શાહના સુપુત્રી. તે રમેશભાઇ, મુકેશભાઇ, સ્વ. પ્રભાબેન, સ્વ. બિંદુબેનના બહેન તા. ૧૩-૯-૨૪ના શુક્રવારે અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી સ્થા. જૈન**

મહેન્દ્રભાઇ ભાઇલાલ વોરા (ઉં. વ. ૯૦) શનિવાર તા. ૧૪-૯-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. અમૃતબેન તથા સ્વ. ભાઇલાલભાઇ વોરાના પુત્ર. સ્વ. ચંદ્રિકાબેનના પતિ. સુનીલ, બીનાબેનના પિતા. અમીબેન તથા રાજુભાઇના સસરા. રોહન, જય, ઋષભ, કબીર, વિધી, ધરમભાઇ, દેવાંશી, ત્રિશા, ભકતીના દાદા. પ્રાર્થનાસભા તા. ૧૬-૯-૨૪ સોમવારના ૪.૩૦થી ૬. ઠે. ભારતીય વિદ્યાભવન ઓડિટોરિયમ, ચોપાટી, લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી સ્થાનકવાસી વિશા જૈન**

ધ્રાંગધ્રા નિવાસી હાલ મુલુંડ સ્વ. ભુરીબેન મણિલાલ કેશવજીભાઇ સંઘવીના સુપુત્ર હસમુખલાલ (ઉં. વ.૮૬) તા. ૧૪-૯-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે સુહાસબેનના પતિ. તુષાર, વિપુલ, બીજલના પિતા. તે પ્રિતેશ પ્રવીણભાઇ વોરા તથા સ્નેહાબેનના સસરા. રોનક, મેહુલના દાદા. તે સ્વ.હરીભાઇ, સ્વ. ગીરધરભાઇ, સ્વ. જયાબેન, સ્વ. ઇંદુબેન તથા સ્વ. શારદાબેનના ભાઇ. તે પિયર પક્ષે સ્વ. ચંદુલાલ ભગવાનદાસ વોરાના જમાઇ.લૌકિક વ્યવહાર તથા પ્રાર્થના રાખેલ નથી. ઠે. ૪૦૧, દેવ મધુવન, દેવી દયાલ રોડ, મુલુંડ (વેસ્ટ).

**જામનગર હાલાર વિસા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ખીલોસ નિવાસી હાલ ઘાટકોપર હરકિશન મણીલાલ પરસોત્તમ ઠક્કર (ઉં. વ. ૮૬) ૧૩-૯-૨૪ ને શુક્રવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. પ્રવિણાબેનના પતિ. તે ભરત-વંદના, નીશા-દિપેશ, રૂપલ-હિમાંશુના પિતાશ્રી. સ્વ. નંદલાલભાઈ, પ્રીતમભાઈ, લલિતભાઈ, જગદીશભાઈ, સ્વ. કમળાબેન, સ્વ. પદમાબેન, સ્વ. જયાબેન, સ્વ. હીરાબેનના ભાઈ. સ્વ. કાન્તિલાલ લઘુભાઈ વસાના જમાઈ. કિંજલ-ઋષભ, માનસી-પાર્થ, જીનલ-સુરેશ, પાર્થ, જીગર અને રાહિલના દાદા. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

બેરાજાના રાજેશ મગનલાલ દેઢીયા (ઉં. વ. ૬૨) તા. ૧૨-૦૯-૨૦૨૪ના અવસાન પામેલ છે. સ્વ. કંચનબેન મગનલાલ દેઢિયાના પુત્ર. સુનિતાના પતિ. રિધ્ધિ, રોનકના પિતા. મો. આસંબીયા ભારતી પ્રવીણ, બારોઇ રક્ષા હસમુખ, જૂનાગઢ પ્રવીણા મનોજ, કિરીટના મોટા ભાઈ. વાસદાના સવિતા શંકરભાઈ ચૌહાણના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. સુનીતા રાજેશ દેઢીયા, એ/૧૦૦૩, કે.ડી. હાઇટસ-૨, કાઠીયાવાડી ચોક, લક્ષ્મીનારાયણ મંદિર, મલાડ (ઇ.) ૪૦૦૦૯૭.

બિદડા (હાલે ઇન્દોર)ના લીલાબેન વસંત હરીયા (ઉં. વ. ૭૭) તા. ૧૦-૯-૨૪ના અવસાન પામ્યા છે. તે જયાબેન ખીમજીના પુત્રવધૂ. બિદડાના કંકુબેન ખીમજીના સુપુત્રી. વસંત ખીમજીના ધર્મપત્ની. લહેરીના માતુશ્રી. સુરેન્દ્રભાઇ, વેલબાઇ વિશનજી, લક્ષ્મીબેન ટોકરશી, વાસંતી ચંપક, મ.સ. વસંતપ્રભાના બેન. પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન-ત્વચાદાન કરેલ છે. નિ. વસંત ખીમજી હરીયા, ૮૨, શિખરજી દીપ, તલાવલી ચાન્દા લેન, અરંદીયા, ઇન્દોર (મ.પ્ર.) ૪૫૨૦૧૦.

બિદડાના શ્રી દામજી શામજી ગાલા (ઉં. વ. ૯૨)તા. ૯/૯/૨૪ના બિદડા મુકામે અવસાન પામેલ છે. મીઠાંબાઈ/ગાંગબાઈ શામજી ધારશીના પુત્ર. પ્રભાવતી (લક્ષ્મી) ના પતિ. કાંડાગરાના પાનબાઈ/ પુરબાઈ કુંવરજી વિજપાર છેડાના જમાઈ. સંસાર પક્ષે પૂ. આત્મગુણાશ્રીજી મ.સા., બિદડાના રામજી, કલ્યાણજી, નાનજી, નેમજી, દેવચંદ, વીરેન્દ્ર, મણીબેન લક્ષ્મીચંદ ઉમરશી, ફરાદીના મધુબાળા પ્રેમચંદ શામજી, શેરડીના સુમતિ પ્રેમજી લાલજી, બિદડાના યશવંતી પરિમલના ભાઈ. પ્રા. રવિવાર, તા. ૧૫-૯-૨૦૨૪, ૪.૩૦ થી ૬, સ્થળ : શ્રી હાલારી વિ. ઓ. સમાજ મહાજનવાડી, ડી. ફાલકે રોડ, દાદર (ઈ), મુંબઇ-૧૪.

બિદડા ગેલાણી ફરીયાના માતુશ્રી જયવંતીબેન વસનજી ફુરીયા (ઉં. વ. ૭૩) તા.૧૩-૯-૨૪ ના અવસાન પામેલ છે. રતનબેન વીરજી કેશવજીના પુત્રવધૂ. વસનજીના ધર્મપત્ની. મનીષ, અલ્પેશના માતા. નાના ભાડીયાના મણીબેન કેશવજી ભાણજી રાંભીયાના સુપુત્રી. જયંતિલાલ, મુલચંદ, કિશોર, હંસા, નિર્મળાના બેન. પ્રાર્થના સભા રાખેલ નથી. નિ. અલ્પેશ ફુરીયા. એ-૧૨૦૨, અહુજા ટાવર, કલબી લાઈફ, લક્ષ્મી નારાયણ મંદિરની સામે, એકસર રોડ, બોરીવલી (વે), મું - ૯૨.

**દશા શ્રીમાળી સ્થા જૈન**

રાણપુર ભેસાણ નિવાસી હાલ રાજકોટ સ્વ. હરિલાલ મગનલાલ કામાણીના ધર્મપત્ની પ્રફુલ્લાબેન કામાણી (ઉં. વ. ૮૧) ૧૨/૯/૨૪ના રાજકોટ અરિહંતશરણ પામેલ છે. તે નિલેશભાઈ, કવિતાબેન વિક્રમભાઈ વોરા, ઝૂલીબેન રાજેશભાઈ રાજપૂતના માતુશ્રી. પૂર્વીબેનના સાસુ, સ્વ.નિર્મળાબેન ધીરજલાલ દડિયા, સ્વ.બાબુલાલભાઈ, અનંતભાઈ, જયશ્રીબેન હસમુખલાલ દોશીના ભાભી. રાજકોટ નિવાસી સ્વ.ગુલાબચંદ છગનલાલ શાહના પુત્રી. પ્રાર્થનાસભા તા.૧૬/૯/૨૪ના ૩ થી ૫. પારસ ધામ, વલ્લભ બાગ લેન, ઓફ તિલક રોડ, ઘાટકોપર ઈસ્ટ.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

અમરેલી નિવાસી હાલ મુંબઈ સ્વ.લીલાવંતી નવલચંદ કીરચંદ ટોલીયાનાં પુત્રવધૂ અ.સૌ. ભાનુબેન (ઉં. વ. ૮૫) તે શ્રી પ.પૂ.પંન્યાસ ગુણસુંદર વિ.મા.સાહેબનાં સંસારી ધર્મપત્ની, પિયર પક્ષે રાજકોટ નિવાસી સ્વ.મોહનલાલ રણછોડરાય દોશીનાં સુપુત્રી. અ.સૌ. સાધના કિરીટ શાહના માતુશ્રી. અ.સૌ. હેતલ મયુર શેઠ અને દિપલના નાની, તા.૧૩.૦૯.૨૦૨૪ શુક્રવારનાં અરિહંતશરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**વેરાવળ દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન,**

હાલ મુંબઈ મૂળરાજ દોશી તા.૧૩-૦૯-૨૪ના અરિહંતશરણ પામેલ છે. સ્વ.કરસનદાસ ગંગાદાસ દોશીના સુપુત્ર, લતાબેન દોશીના પતિ, હિના જયેશ પારેખ, દીપ્તિ નિખિલ ટીંબડીયા, પ્રીતિ હિરેન ગાંધીના પિતા. સ્વ.કાન્તાબેન, સ્વ.મનસુખભાઈ, સ્વ.રમેશભાઈ, હરીશભાઈના ભાઈ. રિષભ, જયવીર, શરણ, સિમરન, જયના નાના લવચંદભાઈ પરીખ કાનપુરના જમાઈ, લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

# પારસી મરણ

દારાયસ નરીમાન સાહેર તે મરહુમ આબાનના ધની. તે મરહુમો દોલત નરીમાન એદલજી સાહેરના દીકરા. તે નેવીલ તથા ખુશનાઝ ખુશરુ ગઝદરના પપા. તે કૈનાઝ ને ખુશરુના સસરા. તે તાઇ નેવીલ સાહેરના બપાવા. તે શાહયન ખુશરુ ગઝદરના મમાવા. (ઉં. વ. ૭૩) રે. ઠે. જરબાગ 'બી', બિલ્ડિંગ, રૂમ. નં. ૨, ભોઇ તળિયે ડો.બાબાસાહેબ આંબેડકર રોડ, ભાઇખલા (ઇસ્ટ), મુંબઇ. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૫-૯-૨૪ના દીને બપોરે ૩.૪૦ વાગે, લાલબાગ અગિયારીમાં છેજી.

દારબશાહ બહેરામજી ગાંધી તે ડોલી દારબશાહ ગાંધીના ખાવીંદ. તે મરહુમો હીરાબાઇ તથા બહેરામજી ગાંધીના દીકરા. તે મરહુમો જરબાનુ તથા ગોદરેજ ગબલાના જમાઇ. તે બખ્તાવર, મહારૂખ, યઝદી તથા કેલીના પપ્પા. તે રોની, આદિલ, ધારા તથા મોનાઝના સસરાજી. તે ડોસા અદી ચોઠીયા, કુમી રૂસી મિસ્ત્રી તથા મરહુમો ફિરોઝ ગાંધી, પરીન હોમી વરીયાવા, મીનુ ગાંધી, મણી રૂસી પટેલ તથા ખોરશેદ મીનુ વરીયાવાના ભાઇ. (ઉં. વ. ૯૧) રે. ઠે.ગામ-મોરીઠા, તાલુકા-માંડવી, જી. સુરત.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|














# મહારાષ્ટ્રમાં મોટો ભાઈ તો ભાજપ જ

## વિજયનો મંત્ર ભાજપી નેતાઓને આપવા સાથે ભગવા પક્ષના અધ્યક્ષ જે.પી. નડ્ડાએ કર્યું નિવેદન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી જેમ જેમ નજીક આવી રહી છે તેમ તેમ રાજકીય પક્ષો સમીકરણો બેસાડવામાં વ્યસ્ત થઈ ગયા છે. આ બધાની વચ્ચે પહેલાં અમિત શાહ અને પછી ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે. પી. નડ્ડાની મુંબઈ મુલાકાતને લઈને ભારે અટકળો વહેતી થઈ રહી છે. આ બંને નેતાઓએ બેઠકોની વહેંચણીને મુદ્દે શું ચર્ચા કરી તેની અટકળો લગાવવામાં આવી રહી છે ત્યારે શનિવારે આધારભૂત સાધનો પાસેથી એવું જાણવા મળ્યું હતું કે રાજ્યમાં ભાજપ મોટો ભાઈ રહેશે એવું તેમણે ભાજપના ટોચના નેતાઓ સમક્ષ કહ્યું હતું.

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે. પી. નડ્ડા શનિવારે પોતાની મુંબઈ મુલાકાત દરમિયાન 'લાલબાગચા રાજા'ના દર્શન કરવા ગયા હતા. તેમણે મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના સત્તાવાર નિવાસસ્થાન વર્ષા બંગલો પર પણ ગણેશ દર્શન કર્યા હતા અને ત્યારબાદ નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના સાગર બંગલો પર ગણપતિના દર્શન કર્યા બાદ ભાજપના રાજ્યના ટોચના નેતાઓ સાથે બેઠક યોજી હતી.

નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના સાગર બંગલામાં યોજાયેલી બેઠકના અંદરના સમાચાર હવે હાથ લાગ્યા છે. નડ્ડાએ કહ્યું હતું કે તેઓ શિવસેના શિંદે જૂથ અને અજિત પવારના રાષ્ટ્રવાદીના ગઠબંધન સાથે જ વિધાનસભાની ચૂંટણી લડવા માગે છે. સૂત્રોએ માહિતી આપી છે કે નડ્ડાએ ભાજપના નેતાઓને જીતનો ગુપ્ત મંત્ર આપ્યો હતો.

સૂત્રોએ જણાવ્યું છે કે આ વખતે નડ્ડાએ ભાજપના નેતાઓને મહાયુતિના વધુ ઉમેદવારોને ચૂંટવા માટે અપીલ કરી છે. દરમિયાન લોકસભાની ચૂંટણીના નબળા દેખાવમાંથી બોધપાઠ લીધા બાદ હવે ભાજપે વિધાનસભા માટે એક્શન પ્લાન તૈયાર કર્યો છે. અમિત શાહ થોડા દિવસો પહેલા મહારાષ્ટ્રની મુલાકાતે આવ્યા હતા. તો શનિવારે જે. પી. નડ્ડા મુંબઈમાં આવ્યા હતા. ■

## પડદા પાછળ શું રંધાયું?

### 'વર્ષા' પર મોડી રાતે ત્રણ કલાક એકનાથ શિંદે અને અજિત પવાર વચ્ચે ચર્ચા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રના રાજકારણમાં હવે પડદા પાછળની હિલચાલ વેગ પકડી છે. રાજકારણમાં પડદા પાછળ ઘણું બધું થતું હોય છે. આગામી વિધાનસભાની ચૂંટણીમાં કયો પક્ષ મહાયુતિમાં કેટલી બેઠકો પર ચૂંટણી લડશે? તેના પર બધાની નજર છે ત્યારે દરેક પક્ષ અલગ-અલગ સીટો પર દાવો કરી રહ્યો છે. શિવસેના અને નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારની એનસીપીએ પહેલેથી જ જાહેરમાં પોતાની ઈચ્છા વ્યક્ત કરી છે કે તેઓ કેટલી સીટો પર ચૂંટણી લડવા ઈચ્છે છે.

શિવસેના ૧૦૦ બેઠકો પર ચૂંટણી લડવા માગે છે જ્યારે એનસીપી ૮૦ બેઠકો પર ચૂંટણી લડવા માગે છે. બીજી તરફ ભાજપ પાર્ટી ૧૨૫ સીટો માટે તૈયારી કરી રહી છે. સૂત્રો પાસેથી માહિતી મળી રહી છે કે મધરાતે મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર વચ્ચે ૩ કલાકની બેઠક યોજાઈ હતી. આ બેઠક એકનાથ શિંદેના 'વર્ષા' બંગલોમાં યોજાઈ હતી. આ બેઠકમાં વિધાનસભાની ચૂંટણી પર ચર્ચા કરવામાં આવી હતી. કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે આપેલી ફોર્મ્યુલાનો અમલ કેવી રીતે કરવો? એના પર આ બેઠકમાં ચર્ચા થઈ હોવાની માહિતી સૂત્રો પાસેથી મળી છે.બંને નેતાઓ વચ્ચે આગામી ચૂંટણીને લઈને સાવચેત રહેવાની જરૂરિયાત અંગે ચર્ચા થઈ હતી. બંને નેતાઓ વચ્ચે એવી પણ ચર્ચા થઈ હતી કે જે બેઠકો જીતવાની ખાતરી છે તે બેઠકો વહેલી તકે ફાળવવામાં આવે. રસપ્રદ વાત એ છે કે સૂત્રોએ માહિતી આપી છે કે શિંદે જૂથ અને અજિત પવાર જૂથ કઈ બેઠકો પર સામસામે આવી શકે છે તે અંગે પણ ચર્ચા કરવામાં આવી છે. આ બેઠકમાં શિવસેનાના પ્રધાન દાદા ભુસે અને પ્રધાન ઉદય સામંત પણ હાજર હતા. ■

## ફિલ્મ "ઉડન છૂ"એ ભરી સફળતાની ઉડાન....

### ફિલ્મને મળી રહ્યો છે દર્શકોનો અભૂતપૂર્વ પ્રતિસાદ




નવેમ્બર ફિલ્મ્સ અને ઈન્દિરા મોશન પિક્ચર્સના બેનર હેઠળ બનેલ ફિલ્મ "ઉડન છૂ" 6 સપ્ટેમ્બરે સિનેમાઘરોમાં રિલીઝ થઇ કે જેણે સંપૂર્ણ ફેમિલી પેકેજ એન્ટરટેઈનમેન્ટ આપવામાં કોઈ કચાસ બાકી રાખી નથી. ફિલ્મ રિલીઝ થયાને એક અઠવાડિયું પૂર્ણ થયું છે ત્યારે તેણે સફળતાની ઉડાન ભરી છે. આરોહી પટેલ, આર્જવ ત્રિવેદી, દેવેન ભોજાણી અને પ્રાચી શાહ પંડ્યાએ પોતાના અભિનય થકી લોકોને મજ્જો પડાવી દીધો છે. દર્શકોને આ ફિલ્મનો અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો છે અને હાલ આ ફિલ્મ તમારા દરેકના નજીકના અને દૂરના સિનેમાઘરોમાં ચાલી રહી છે. જેમણે પણ આ ફિલ્મ નથી જોઈ "તેઓ ઉડન છૂ" થઈને આ ફિલ્મ જોઈ આવો.

અનીશ શાહનું અદ્‌ભૂત ડિરેક્શન અને તેઓ ઉપરાંત અંકિત ગોર અને પાર્થ ત્રિવેદીએ લખેલી આ સત્ય ઘટના પરની કાલ્પનિક વાર્તા એક એક ક્ષણે દર્શકોને જકડી રાખે છે.

ફિલ્મની વાર્તા પ્રેમ, કોમેડી અને ડ્રામાથી ભરપૂર છે. જે લોકોને પારિવારિક અને કોમેડી ફિલ્મો જોવી પસંદ હોય એવા લોકોને આ ફિલ્મ પસંદ આવશે. ફિલ્મમાં ઘણા ઇમોશન છે, ઘણા સંબંધો દર્શાવવામાં આવ્યા છે અને આ જુદા જુદા સંબંધોની જુદી-જુદી લાગણીઓ દર્શાવવામાં આવી છે.

ફિલ્મના દરેક કલાકારોએ પોતાના પાત્રને પૂરી રીતે ન્યાય આપ્યો છે. ક્રિના (આરોહી પટેલ) એ હસમુખ પટેલ (દેવેન ભોજાણી)ની દીકરી હોય છે જેમનું સામાન્ય ફેમિલી બેકગ્રાઉન્ડ હોય છે. જયારે હાર્દિક (આર્જવ ત્રિવેદી) એ સિંગલ મધર પાનકોર પાપડવાલા (પ્રાચી શાહ પંડ્યા)નો દીકરો હોય છે જેમનો ખૂબ મોટો પાપડનો બિઝનેસ હોય છે. બાપ-દીકરીના અનોખા સંબંધ અને મા- દીકરાની મીઠી ખટપટ બધું જ આ ફિલ્મમાં જોવા મળશે. તેમની સાથે નમન ગોર અને અલીશા પ્રજાપતિએ પણ પોતાની એક્ટિંગ દ્વારા ફિલ્મમાં ચાર ચાંદ લગાડી દીધા છે. ■

## સોમવારે નહીં પણ બુધવારે ઇદની રજા

મુંબઈ: મહારાષ્ટ્ર સરકાર દ્વારા ઇદ-એ-મિલાદની રજા બદલવામાં આવી છે. તાજેતરમાં જ બહાર પાડવામાં આવેલા આદેશ મુજબ ઇદની રજા ૧૬ તારીખના બદલે ૧૮ તારીખે રાખવામાં આવેલી હોવાની જાહેરાત કરવામાં આવી હતી. સ્થાનિક મુસ્લિમ સમુદાયો દ્વારા ઇદની ઉજવણી ૧૬ તારીખના બદલે ૧૮ તારીખે રાખવામાં આવી હોવાથી આ નિર્ણય સરકાર દ્વારા લેવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે ૧૭ સપ્ટેમ્બરના દિવસે ગણેશોત્સવનો છેલ્લો દિવસ છે અને શહેરભરના મોટા ગણપતિનું વિસર્જન આ દિવસે રાતે થવાનું હોઇ બંને સમુદાયો વચ્ચે કોઇ ઘર્ષણ ન થાય એ ધ્યાનમાં રાખીને ઇદની રજા આપવામાં આવી હતી.

મુંબઈ ઉપરાંત મહારાષ્ટ્રના અન્ય જિલ્લાઓમાં પણ સ્થાનિક કલેક્ટર (જિલ્લાધિકારીઓ) દ્વારા ઇદની રજા બદલાવવાનો નિર્ણય લઇ શકાય, એમ સરકારે બહાર પાડેલા આદેશમાં જણાવવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે રવિવારે કૉંગ્રેસના દ્વારા મુખ્ય પ્રધાન એકનાથ શિંદેને ઇદની રજા ૧૬ તારીખને બદલે ૧૮ તારીખે રાખવાની વિનંતી કરી હતી, જે ધ્યાનમાં રાખીને ઉક્ત નિર્ણય લેવામાં આવ્યો હતો. મુખ્ય પ્રધાનને કરવામાં આવેલી વિનંતીના પત્રમાં જણાવાયું હતું કે અનંત ચતુર્દશી ૧૭ સપ્ટેમ્બરના રોજ હોઇ મુસ્લિમ સમુદાયે ઇદની ઉજવણી ૧૮ સપ્ટેમ્બરના રોજ રાખવાનો નિર્ણય લીધો છે. જેથી બંને તહેવારો શાંતિપૂર્વક ઉજવી શકાય. ઉલ્લેખનીય છે કે સતત બીજા વર્ષે મુંબઈમાં ઇદની ઉજવણી અને રજા બદલવામાં આવી છે. બંને સમુદાયો વચ્ચે સમભાવ બની રહે એ માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. ■








દેવેન્દ્ર ભાજપના અધ્યક્ષ જે.પી. નડ્ડાએ શનિવારે મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના બંગલો પર ગણેશજીના દર્શન કર્યા ત્યારે સીએમના પુત્ર શ્રીકાંત શિંદે, દેવેન્દ્ર ફડણવીસ અને મિલિંદ દેવરા.

## વિધાનસભા ચૂંટણી દિવાળી પહેલાં?

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રાજ્ય વિધાનસભાની ચૂંટણી પર તમામ રાજકીય પક્ષોની નજર છે. મહારાષ્ટ્રની વિધાનસભામાં કોણ જીતશે તે અંગે માત્ર રાજ્યમાં જ નહીં દેશમાં પણ ભારે ઉત્સુકતા છે. મહાયુતિ અને મહા વિકાસ આઘાડીની બેઠકોની વહેંચણી માટેની બેઠકોએ ગતિ પકડી છે. તેમાં આગામી થોડા દિવસમાં રાજ્યમાં આચાર સંહિતા લાગુ થશે એવી માહિતી આધારભૂત સૂત્રો પાસેથી મળી છે.

આગામી ૧૨-૧૫ દિવસમાં વિધાનસભાની ચૂંટણીની આચારસંહિતા લાગુ થવાની શક્યતા હોવાથી એવું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે ચૂંટણી સમયસર જ એટલે કે ઓક્ટોબરના ત્રીજા સપ્તાહમાં યોજાશે. બીજા શબ્દોમાં દિવાળી પહેલાં રાજ્યમાં ચૂંટણી થઈ જશે. જેને કારણે ક્યા નેતાઓ દિવાળી ઉજવે છે અને ક્યા નેતાઓનું દિવાળું નીકળે છે તે જોવાનું રહેશે.

ગયા વખતે એટલે કે ૨૦૧૯ માં ૨૭ સપ્ટેમ્બરના રોજ રાજ્ય વિધાનસભાની ચૂંટણીનું નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું હતું અને ૨૧ ઓક્ટોબરે મતદાન થયું હતું, જ્યારે પરિણામો ૨૪ ઓક્ટોબરે જાહેર કરવામાં આવ્યાં હતાં. સૂત્રોએ જણાવ્યું હતું કે આ વખતે પણ આ જાહેરાત ૨૫થી ૩૦ સપ્ટેમ્બર સુધીમાં કરવામાં આવશે. એવું પણ જાણવા મળ્યું છે કે ચૂંટણી કદાચ એક જ તબક્કામાં આયોજિત કરવામાં આવશે. રાજ્ય સરકાર તરફથી પણ આ મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટને વહીવટી સ્તરે અમલમાં મૂકવાની કામગીરી તેજ બની છે અને પ્રોજેક્ટ પૂર્ણ થવાની તારીખ નક્કી થવા લાગી છે. જે રીતે પ્રોજેક્ટ પૂરા કરવામાં અને ઉદ્‌ઘાટનોની તારીખો નક્કી કરવામાં ઉતાવળ કરવામાં આવી રહી છે તેના પરથી સમયસર ચૂંટણી થવાના એંધાણ વર્તાઈ રહ્યા છે. ■

## ગણેશજીની વિદાય પછી જ ખડસેની પધરામણી વિશે વિચારીશું: ફડણવીસ

મુંબઈ: મહારાષ્ટ્રના દિગ્ગજ નેતા મનાતા એકનાથ ખડસે ફરી પાછા ભાજપમાં પ્રવેશ કરે એ વિશે તર્ક-વિતર્ક ચાલી રહ્યા છે ત્યારે તેમને ભાજપમાં પાછા લેવા વિશે મહત્ત્વનો નિર્ણય ગણેશોત્સવ બાદ લેવામાં આવશે, એમ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું.

ભાજપનું કેન્દ્રીય નેતૃત્વ ગણેશોત્સવ પૂરો થાય ત્યાર બાદ એકનાથ ખડસેના ભાજપ પ્રવેશ વિશે નિર્ણય લેશે, તેમ ફડણવીસે કહ્યું હતું. ઉલ્લેખનીય છે કે એકનાથ ખડસે ભાજપના મોટા નેતા હતા અને હાલ તે શરદ પવાર જૂથની એનસીપી(રાષ્ટ્રવાદી કૉંગ્રેસ)માં છે. એકનાથ ખડસે પણ ભાજપમાં પ્રવેશવા માટે ઇચ્છુક હોવાનું તે જણાવી ચૂક્યા છે. નાગપુર એરપોર્ટ ખાતે આ વિશે વાતચીત કરતા ફડણવીસે જણાવ્યું હતું કે ભાજપના કેન્દ્રીય નેતૃત્વ દ્વારા જે પણ નિર્ણય લેવાશે તે મંજૂર રહેશે. અમે પક્ષના નેતૃત્વ સાથે ચર્ચા કરીને ગણેશોત્સવ બાદ આ વિશે નિર્ણય લઇશું.

નોંધનીય છે કે એકનાથ ખડસેના પુત્રી રક્ષા ખડસેને ભાજપ તરફથી લોકસભાની ચૂંટણી દરમિયાન ટિકિટ આપવામાં આવી હતી અને તે ચૂંટણી જીત્યાં ત્યાર પછી તેમને કેન્દ્રીય પ્રધાન પણ બનાવવામાં આવ્યાં હતાં. એકનાથ ખડસે પોતે ભાજપમાં ફરી પાછા આવવાની ઇચ્છા જાહેરમાં વ્યક્ત કરી ચૂક્યા હોવા છતાં અત્યાર સુધી ભાજપ તરફથી આ વિશે કોઇ નિર્ણય લેવામાં આવ્યો નથી. ■

## મુંબઈની બેઠકોની વહેંચણીમાં ઉદ્ધવ ઠાકરે અને શરદ પવારના અક્કડ વલણથી કૉંગ્રેસમાં સખત નારાજગી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીના સંદર્ભમાં, વિપક્ષ મહાવિકાસ અઘાડી (મહાવિકાસ અઘાડી) સીટ ફાળવણીમાં વ્યસ્ત છે. મુંબઈની ૩૬ વિધાનસભા બેઠકોમાંથી ઉદ્ધવ ઠાકરેની પાર્ટીએ ૨૧ બેઠકો પર દાવો માંડ્યો છે. ઠાકરેની પાર્ટીએ તે માટેની તૈયારીઓ પણ શરૂ કરી દીધી છે. આ ઉપરાંત શરદ પવાર સાતથી વધુ સીટોની માગણી કરી રહ્યા છે. આ બાબતને ધ્યાનમાં લેવામાં આવે તો કોંગ્રેસને માત્ર ૮ બેઠકો જ મળશે. આથી અહીં બેઠકોની ફાળવણીને લઈને મોટો હોબાળો થવાની શક્યતાઓ જોવાઈ રહી છે.

સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ શિવસેના (યુબીટી)એ મુંબઈની ૩૬માંથી ૨૧ વિધાનસભા બેઠકો પર ચૂંટણી લડવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. શરદ પવાર સાત બેઠકો ઈચ્છે છે. આવી સ્થિતિમાં કોંગ્રેસ માટે માત્ર આઠ બેઠકો બચી હોવાથી પાર્ટીમાં નારાજગી જોવા મળી રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર શરદ પવારે મુંબઈમાં અંધેરી-વેસ્ટ, વર્સોવા, કુર્લા, અણુશક્તિ નગર, દહિસર, ઘાટકોપર-ઈસ્ટ અને ઘાટકોપર-વેસ્ટ સીટોની માંગણી કરી છે. ઓક્ટોબર-નવેમ્બરમાં વિધાનસભાની ચૂંટણી યોજાય તેવી શક્યતા છે. આવી સ્થિતિમાં તમામ પક્ષો પોતાની રણનીતિ બનાવવામાં વ્યસ્ત છે. મહારાષ્ટ્રમાં મહાવિકાસ અઘાડીમાં સીટ ફાળવણી અને મુખ્ય પ્રધાનના ચહેરાને લઈને આંતરિક મતભેદો હોઈ શકે છે, પરંતુ આઘાડીના નેતાઓ આગામી વિધાનસભા ચૂંટણીમાં સરકાર બનાવવાનો દાવો કરતા જોવા મળે છે. ■










ચતુર્થ પુણ્યતિથિ નિમિત્તે

**શ્રદ્ધાંજલિ**



**શ્રીમતી ભારતી ઠક્કર**

૧૬ નવેમ્બર ૧૯૪૭ - ૧૫ સપ્ટેમ્બર ૨૦૨૦

ભગવાન એમના દિવ્ય આત્માને આશીર્વાદ આપે.

ૐ શાંતી

ભાવનાત્મક શ્રદ્ધાંજલિ

*"We miss you, Mummy !"*


પ્રીતી ઠક્કર - પુત્રી
જતીન ઠક્કર - પુત્ર
યેશા ઠક્કર - પૌત્રી
અને સમગ્ર પરીવાર

thakkerj@hotmail.com
WhatsApp: 97236 88767.



**ભાવભીની શ્રદ્ધાંજલી**

જન્મ 03-૧૧-૧૯૩૭



સ્વર્ગવાસ ૧૩-૦૯-૨૦૨૪

**શ્રીમાન હરકિશન મણિલાલ ઠક્કર**

(ખીલોસ નિવાસી) ઉ. વ. ૮૬ શુક્રવાર ના અરિહંતશરણ પામેલ છે.

સુખમાં રહી બીજાને સુખ વહેંચતા ગયા, સુખ દુ:ખમાં અચલ રહી જીવન જીવી ગયા, જિંદગીમાં ઝરણાની જેમ વહેતા ગયા, કુટુંબને પ્રેમથી તરબોળ કરતા ગયા

શ્રદ્ધાસુમન

પત્ની :- સ્વ. પ્રવિણાબેન
પુત્ર :- ભરતભાઈ
પુત્રવધુ :- વંદનાબેન
દિકરી :- નિશાબેન, રૂપલબેન
જમાઈ :- દિપેશભાઈ, હિમાંશુભાઈ
પૌત્રી - જમાઈ :- કિંજલ-રૂષભકુમાર શાહ, માનસી પાર્થકુમાર જોગી
પૌત્ર :- પાર્થ
દોહિત્રી - જમાઈ :- જીનલ સુરેશકુમાર બોમીશેટ્ટી
દોહિત્ર :- જીગર, રાહિલ
સસુરપક્ષ :- સ્વ. કાંતિલાલ લઘુભાઈ વસા

રૂપા એક્સપોર્ટ પ્રા. લિ. મુંબઈ

# સુરતમાં આવાસ ડ્રોના કાર્યક્રમમાં ગેરહાજર રહેનારા પંચાવન કોર્પોરેટરને ભાજપની નોટિસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દેશની સૌથી શિસ્તબદ્ધ પાર્ટી ગણાતી ભાજપમાં ભંગાણ શરૂ થયું છે, વડા પ્રધાન મોદીના આગમન પૂર્વે ભાજપમાં પ્રવર્તી રહેલી યાદવાસ્થળીથી ભાજપ સંગઠનના આગેવાનો પણ ચિંતિત છે. સુરતમાં મ્યુનિસિપલ કોર્પોરેશનના કાર્યક્રમમાં ગેરહાજર રહેલા ૫૫ નગરસેવકોને ભાજપે જ નોટિસ ફટકારી હતી. સુરત મનપામાં ભાજપના ૧૦૮ કોર્પોરેટર છે. તેમાંથી ૫૫ને કેમ ગેરહાજર હતા તેનું કારણ આપવા આદેશ કરાયો હતો. આ ૫૫ નગરસેવકો તરફથી જવાબ આપ્યા બાદ ભાજપ નેતૃત્વ તેમની સામે શું પગલાં લે છે તે પણ દિલચસ્પ બની રહેશે.

સુરત મનપાના આવાસ ડ્રોના કાર્યક્રમમાં ગેરહાજર રહેવા બદલ ભાજપના ૫૫ કોર્પોરેટરને પાર્ટી દ્વારા નોટિસ ફટકારવામાં આવી હોવાના સમાચાર સદંતર ખોટા હોવાનું પક્ષ દ્વારા કહેવામાં આવ્યું હતું. સુરત ભાજપ શહેર પ્રમુખ નિરંજન ઝાંઝમેરાએ કહ્યું હતું કે, આ તદ્દન પાયાવિહોણા સમાચાર છે. અમારા કાર્યક્રમમાં કોણ આવ્યું ને કોણ નહીં તેની પક્ષ નોંધ લેતો હોય છે. જે નોંધ લેવાઈ છે, પરંતુ નોટિસ અપાઈ નથી.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ગેરહાજર કોર્પોરેટરોને માત્ર મૌખિક ખુલાસો કરવા જણાવાયું હતું. કોર્પોરેટરોને લેખિત નોટિસ ફટકારવામાં આવી હોવાની વાતમાં કોઈ તથ્ય નહીં હોવાનું તેમણે જણાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુરુવારે સુરતમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ કાર્યક્રમ યોજાયો હતો. સુરતના અડાજણ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં રૂ. ૭૭.૦૮ કરોડના ખર્ચે પીએમ 'આવાસ યોજના'ના ઈડબલ્યુએસ આવાસનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. કુલ ૭૪૪ આવાસો પૈકી ૩૯૦ આવાસોનો કોમ્પ્યુટરાઈઝ્ડ ડ્રો કરાયો હતો.

ભાજપના પ્રદેશ પ્રમુખ અને કેન્દ્રીય જળશક્તિ પ્રધાન સી. આર. પાટીલના હસ્તે ડ્રો કરવામાં આવ્યો હતો. આ સાથે ગુજરાત રાજ્યના પ્રધાન મુકેશ પટેલ અને પ્રફુલભાઇ અને પાલિકાના સ્થાનિક નેતાઓ હાજર રહ્યા હતા. કુલ ૩૨૭ આવાસોનો કોમ્પ્યુટરાઈઝ્ડ ડ્રો કરવામાં આવ્યો હતો. જોકે મનપાના આવાસ ડ્રોના કાર્યક્રમમાં ગેરહાજર રહેલા ભાજપના કોર્પોરેટરોને નોટિસ પાઠવવામાં આવી હતી. તમામ કોર્પોરેટરોને ખુલાસો કરવા તાકીદ કરવામાં આવી હતી. ■

# લખપત અને અબડાસામાં કેર વર્તાવી રહેલી બીમારીનું કારણ હજુ અકબંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ સરહદી કચ્છના અબડાસા અને લખપત પંથકના છેવાડાના વિસ્તારોમાં રહેનારા જત માલધારી સમાજના ૧૮ જેટલા લોકોના પ્રાણ લેનારા અજ્ઞાત તાવ વિશે જાણકારી મેળવવા માટે પુણેના નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ વાયરલોજી સેન્ટરને મોકલવામાં આવેલા સેમ્પલના રિપોર્ટની આતુરતાનો આંચકાજનક અંત આવ્યો છે અને આ રિપોર્ટમાં 'રાયનો વાયરસ'નું નામ આવ્યું છે!.

આ અંગે જિલ્લાના આરોગ્ય અધિકારી ડૉ. રવીન્દ્ર ફુલમાલીએ જણાવ્યું કે, પુણેની લેબના રિપોર્ટમાં અસરગ્રસ્તોમાં કોમન કોલ્ડ માટે જવાબદાર એવા સામાન્ય રાયનો વાઈરસની હાજરી દેખાઈ છે જે બાબત તબીબી જગત માટે વિસ્મયકારક છે.

શરદી-ખાંસી માટે જવાબદાર એવા આ વાઈરસનો ચેપ લાગે ત્યારે નાક વહેવા માંડે છે કે બંધ થઈ જાય છે, ઉધરસ આવે છે, ગળાની અંદર ચાંદા પડી જાય છે, માથું દુઃખે છે અને કેટલીક વાર તાવ આવતો હોય છે. દર્દીને સ્પર્શ કરવાથી, ઉધરસ ખાવાથી કે તેના નિકટના સંપર્કમાં રહેવાથી આ વાયરસનો ચેપ લાગે છે.

વાઈરસના લીધે દર્દીને અસ્થમા, બ્રોન્કાઈટીસ કે ન્યૂમોનિયા જેવી બીમારી થઈ શકે છે. ડૉ. ફૂલમાલીએ વધુમાં જણાવ્યું હતું કે, હવાથી ફેલાતો આ વાઈરસ ઈન્ફ્લુએન્ઝા એ અને બીનો વાહક હોઈ, સ્વાઈન ફ્લૂ અને કોવિડ જેવા લક્ષણો અને દર્દીની પરિસ્થિતિ મુજબ તેની અસરકારકતા કે ઘાતકતા હોય છે.

રાયનો વાઈરસ સામાન્યપણે સર્વત્ર જોવા મળતો વાયરસ (કોમન) છે. હાલની પરિસ્થિતિમાં આરોગ્ય તંત્ર દ્વારા સઘન સર્વેલન્સ હાથ ધરાયું તો ન્યૂમોનિયા, કોવિડ અને સ્વાઈન ફ્લૂના કેસ પણ જોવા મળી રહ્યાં છે. કચ્છમાં થોડા વર્ષો અગાઉ હાહાકાર મચાવનારા સ્વાઈન ફ્લૂને કોમન ફ્લૂ જાહેર કરી દેવાયો હતો. રસીકરણ અને હર્ડ ઈમ્યુનિટીના લીધે કોવિડ મહામારી પણ હવે સામાન્ય બની ગઈ છે.રોગચાળાના લીધે ઝીણવટભર્યું ચેકિંગ થાય છે એટલે સ્વાઈન ફ્લૂ અને કોવિડ ડિટેક્ટ થાય છે, બાકી સામાન્ય દિવસોમાં તેની કોઈ ગણના જ થતી નથી. કેરા પાસે એક ખેતમજૂરનું સંભવતઃ સ્વાઈન ફ્લૂથી આજે મૃત્યુ થયું હોવાનું સામે આવ્યું છે. આ વાઈરસથી માત્ર એક ચોક્કસ સમાજના લોકોના જ મૃત્યુ કેમ થઈ રહ્યાં છે? તે સવાલ હજુ પણ અનુત્તર રહ્યો છે જે બાબતને ખુદ ફૂલમાલીએ પણ સ્વીકાર્યું છે.

દરમ્યાન, આદિપુરની રામબાગ હૉસ્પિટલમાં તબીબો માટે આ રોગચાળા અંતર્ગત યોજાયેલા વર્કશોપમાં આવેલા અધિક નિયામક એપેડેમિક તજજ્ઞ એવા ડૉ. જયેશ કતીરાએ જણાવ્યું હતું કે, લખપત અને અબડાસામાં ભેદી બીમારીથી મૃત્યુ પામેલાં દર્દીઓમાં ઈન્ફ્લુએન્ઝા કે ન્યૂમોનિયા જેવા લક્ષણો જોવા મળ્યાં હતાં. તેમનું સિસ્ટોલિક બ્લડ પ્રેશર અચાનક નીચું જતું રહેતું હતું (હાયપોટેન્શન), કાર્ડિયાક મસલ્સ એકદમ શિથિલ થઈ જતાં હૃદયનું પમ્પિંગ ઓછું થઈ જતું હતું, પમ્પિંગ ઓછું થઈ જવાથી શરીરમાં ઓક્સિજનનું પ્રમાણ ઓછું થતું હતું, કોઈ ભેદી કારણોસર અજ્ઞાત વાઈરસ દ્વારા ટોક્સિક રિલીઝ થતું હોય તેમ કિડની, ફેફસાં અને લિવર જેવા મહત્ત્વના અંગોનું કામ કરવાનું બંધ થવા માંડતા ગણતરીના કલાકોમાં મલ્ટિ ઓર્ગન ફેઈલ્યોર થતું હતું.

ભુજ, અમદાવાદ, જામનગરના ૧૩ જેટલા અનુભવી તબીબોએ આ લક્ષણોના આધારે લાઈન ઑફ ટ્રીટમેન્ટ (સિમ્પ્ટેમેટિક ટ્રીટમેન્ટ) આપવાનો પ્રોટોકોલ નક્કી કર્યો છે. આવા દર્દીઓને ટેમિફ્લુ, એન્ટી વાઈરલ અને સંબંધિત દર્દ લક્ષણો આધારિત દવા આપવા સૂચના અપાઈ રહી છે.

ગાંધીધામ અને ભુજમાં સરકારી અને ખાનગી તબીબોની બેઠક યોજી અમદાવાદની બી.જે. મેડિકલ કોલેજના ડૉ. કમલેશ ઉપાધ્યાયે તેમને ટ્રીટમેન્ટ પ્રોટોકોલની માહિતી આપી હતી.

પુણેની લેબના રિપોર્ટમાંથી જત સમાજના ૧૮ જેટલા લોકોને ભરખી જનાર ચોક્કસ વાઈરસ અંગે કોઈ સ્પષ્ટ તારણ મળ્યું નથી. જો વાઈરસ કોમન જ હોય તો માત્ર એક જ સમાજના લોકોના કેમ મૃત્યુ નીપજ્યાં તે પ્રશ્ન નિરૂત્તર જ રહ્યો હોવાનું તંત્ર સ્વીકારે છે. ત્યારે, જો મૃત્યુનો સિલસિલો હજુ ચાલુ રહે તો હવે તંત્ર પાસે એકમાત્ર ઉપાય મૃત્યુ પામેલા વ્યક્તિની હિસ્ટોપેથોલોજિકલ ઑટોપ્સી કરાવવાનો રહ્યો છે. ■

# અંબાજી ખાતે ૧૫થી ૧૭ દરમિયાન ત્રિદિવસીય સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભાદરવી પૂનમ મહામેળાનું અંબાજી ખાતે તા. ૧૫/૦૯/૨૦૨૪ થી ૧૭/૦૯/૨૦૨૪ દરમ્યાન ડી. કે. ત્રિવેદી હાઉસની સામે, હડાદ રોડ, અંબાજી ખાતે ગુજરાતના ખ્યાતનામ કલાકારો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવશે.

યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી,ગાંધીનગર,ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ તથા જિલ્લા વહીવટી તંત્ર,બનાસકાંઠા દ્વારા યોજાનારાં આ કાર્યક્રમમાં ૧૫/૦૯/૨૦૨૪ ના રોજ શ્રી ભાવિન સોલંકી તા. ૧૬/૦૯/૨૦૨૪ ના રોજ સુશ્રી ઈન્દિરાબેન શ્રીમાળી તથા તા. ૧૭/૦૯/૨૦૨૪ ના રોજ શ્રી અરવિંદ વેગડા પોતાના સ્વરોથી માતાજીની આરાધના કરશે. આ સિવાય ગુજરાતના ખ્યાતનામ કલાકારો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ કરવામાં આવે છે. આ સાંસ્કૃતિક કાર્યક્રમનો સમય બપોરે ૦૩:૦૦ થી રાત્રીના ૧૦:૦૦ નો રહેશે. આ સાંસ્કૃતિક કાર્યક્રમ નિહાળવા માટે મોટી સંખ્યામાં માઈ ભક્તો ઉપસ્થિત રહેશે. ■

# તહેવાર ટાણે ખાદ્યતેલના ભાવમાં ભડકોઃ ડબ્બે ₹૧૨૦ થી ૧૬૦ ઉછળ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં તહેવારોની સીઝનમાં ખાદ્યતેલના ભાવમાં ફરી એક વખત ઉછળ્યા છે, અગાઉથી જ જીવન જરૂરી ચીજવસ્તુઓના ભાવ વધારાથી ત્રસ્ત મધ્યમ વર્ગના લોકો માટે પરિસ્થિતિ કફોડી બની છે, રાજ્યમાં તેલિયા રાજાઓ લોકોના તહેવાર બગાડશે તેવું સ્પષ્ટ જોવા મળી રહ્યું છે, આયાત જકાતમાં ધરખમ વધારાને પગલે ખાદ્યતેલોના ભાવોમાં ભડકો સર્જાયો છે અને ગ્રાહકોમાં દેકારો બોલી ગયો છે. આયાતી તેલની સાથોસાથ કપાસિયા-રાયડા જેવા સ્વદેશી તેલના ભાવો પણ ઉછળ્યા છે. જો કે સિંગતેલના ભાવમાં કોઇ બદલાવ નહતો.

તેલબજારના વેપારીઓએ જણાવ્યું હતું કે, ક્રૂડ ખાદ્યતેલ તથા રિફાઇન્ડ આયાતી તેલની ડ્યૂટીમાં ૨૦-૨૨ ટકાનો વધારો થયો હતો. સાદી ગણતરી મુજબ પ્રતિ કિલો રૂ.૧૮નો ભાવવધારો થવા જાય છે. તેની સાથે જ ડબ્બે રૂ.૧૭૦નો ઉછાળો થાય તેમ છે. છેલ્લા દિવસોમાં ડ્યૂટી વધારાની ગણતરીએ જ ૧૦૦-૧૫૦ રૂપિયાનો વધારો થયો હતો.

ઉત્પાદકો કે આયાતકારોએ નવા વેચાણભાવ કાઢ્યા હતા. એટલે હોલસેલ વેપાર ઠપ્પ હતા. રીટેઇલમાં વેપારીઓએ જુદા-જુદા તેલમાં ડબ્બે રૂ.૧૧૦ થી ૧૬૦ સુધીનો ભાવવધારો કરીને વેચાણ ચાલુ રાખ્યું હતું. છેલ્લા એક સપ્તાહની ગણતરી કરવામાં આવે તો રૂ.૨૦૦થી ૩૦૦ સુધીનો ભાવવધારો થયો છે.

સિંગતેલના ભાવમાં કોઇ બદલાવ થયો નહતો. જ્યારે કપાસિયા તેલ ડબ્બામાં ૧૬૦ રૂપિયાનો ભાવવધારો હતો. નવા ડબ્બાના ૨૦૪૦ થી ૨૦૯૦ થયા હતા. પામોલીનમાં ડબ્બે રૂ.૧૫૦નો ઉછાળો હતો. અને ભાવ ૧૮૩૦ થી ૧૮૩૫ થયો હતો. સનફ્લાવરમાં ૧૪૦નો ભાવવધારો હતો અને ટેક્સપેઇડ ડબ્બાનો ભાવ ૧૮૦૦ને આંબી ગયો હતો. મકાઇ તેલમાં ૧૪૦નો ઉછાળો હતો. ડબ્બાના ૧૮૧૦ થી ૧૮૪૦ હતા. રાયડાતેલ ૧૧૦ના ઉછાળાથી ડબ્બો ૨૦૦૦ થયો હતો. વનસ્પતિ ઘીમાં પણ ૧૪૦નો ભાવવધારો થયો હતો અને ડબ્બાનો ભાવ ૧૯૦૦ થી ૧૯૫૦ હતો.

ખાદ્યતેલોમાં રાતોરાત ભાવવધારાથી વપરાશકારોમાં દેકારો બોલી ગયો હતો. એક જ ઝાટકે આટલો તોતિંગ ભાવવધારો લગભગ ક્યારેય ન થતાં હોવાનું ખુદ વેપારીઓ જ જણાવી રહ્યા છે. સપ્તાહમાં ડબ્બે અંદાજિત ૩૦૦ રૂપિયા વધી ગયા છે અને અર્થાત્ કિલોએ ૨૦ રૂપિયા વધી ગયા છે. ખાદ્યતેલોની તેજીથી રસોડાનું બજેટ ખોરવાવા ઉપરાંત ફરસાણ-નમકીન-રેસ્ટોરા જેવા અન્ય ક્ષેત્રોમાં પણ તીવ્ર અસર થવાની આશંકા છે અને આવતા દિવસોમાં ભાવો પણ વધી શકે છે. ■

# અંબાજીમાં ભાદરવી પૂનમના મહામેળામાં બે દિવસમાં પાંચ લાખ શ્રદ્ધાળુઓ ઊમટ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઉત્તર ગુજરાતના પ્રખ્યાત યાત્રાધામ અને શક્તિપીઠ ખાતે અંબાજી ખાતે આવેલા સુપ્રસિદ્ધ મા અંબાના મંદિરમાં ભાદરવી પૂનમના મહામેળાનો ધાર્મિક ભક્તિ ભાવથી પ્રારંભ થઈ ચૂક્યો છે. મેળાના બીજા દિવસે રાજ્યભરમાંથી બોલ મારી અંબેના જયઘોષ સાથે ૩ લાખ ૫ હજારથી વધુ માઈભક્તો દર્શનાર્થે આવી પહોંચ્યા હતા. માત્ર બે દિવસમાં જ કુલ ૪.૯૭ લાખ યાત્રાળુઓએ અંબાજીમાં મા અંબાના ચરણોમાં પોતાના શીશ ઝૂકાવ્યાં હતાં. અત્યાર સુધી મંદિરના શિખરે ૫૨૧ ધ્વજારોહણ થયું છે તથા મોહનથાળ પ્રસાદના ૪૦૫૬૧૭ અને ચીકી પ્રસાદના ૭૬૦૯ પેકેટનું વિતરણ થયું છે.

ભોજન પ્રસાદનો ૯૨,૫૦૦ યાત્રિકોએ લાભ લીધો હતો. ૯૮૬૪ યાત્રાળુઓએ ઉડન ખટોલામાં પ્રવાસ કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, આ વર્ષે અંબાજીના સાત દિવસીય ભાદરવી પૂનમના મેળામાં ૨૫ લાખથી વધુ માઈભક્તો ઉમટી પડે તેવી સંભાવના છે. તેઓની સુવિધાઓ માટે આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ અને બનાસકાંઠા વહીવટી તંત્રએ વ્યવસ્થા ગોઠવી છે. અંબાજીમાં દર વર્ષે ભાદરવા સુદ દસમથી શરૂ થતાં ભાદરવી પૂનમના મહામેળાની લાખો માઈભક્તો આતુરતાપૂર્વક રાહ જોતા હોય છે, ત્યારે ગુરુવારથી મેળાની શરૂઆત થતાં બીજા દિવસે મહેસાણા, પાટણ, સાબરકાંઠા અને બનાસકાંઠાના વિવિધ માર્ગો બોલ મારી અંબે, જય.જય.અંબેના નાદથી ગુંજી ઊઠ્યો હતો. ચોતરફ ધ્વજાઓ સાથે પગપાળા સંઘો અને પદયાત્રીઓનો ભારે ધસારો અંબાજી તરફ જવાના માર્ગો પર જોવા મળી રહ્યો છે. ■

# રાજકોટ-હૈદરાબાદની સીધી ડેઇલી ફ્લાઇટ સોમવારથી શરૂ કરવામાં આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટના હીરાસરસ્થિત ઇન્ટરનેશનલ એરપોર્ટમાં આગામી ઓક્ટોબર માસના વિન્ટર શેડ્યુલ પૂર્વે ૧૬મી સપ્ટેમ્બર સોમવારથી રાજકોટ હૈદ્રાબાદની સીધી ડેઇલી ફ્લાઇટ શરૂ થઇ રહી છે. જેના લીધે સોમવારથી રાજકોટ હવાઇ માર્ગે હૈદરાબાદ સાથે જોડાશે.

રાજકોટ એરપોર્ટ ઓથોરિટીએ ૨૭ ઓક્ટોબરથી તા.૨૯ માર્ચ-૨૫ વિન્ટર શેડ્યુલમાં સ્ટાર અને કંપની પણ રાજકોટથી અમદાવાદ અને વડોદરા ફ્લાઇટનું સંચાલનની તૈયારી દર્શાવી સ્લોટ માગ્યો છે. વિન્ટર શેડ્યુલમાં વધુ ત્રણ ફ્લાઇટોનો ઉમેરો થવાની શક્યતા છે. હાલ ઇન્ટરનેશનલ એરપોર્ટમાં એર ઇન્ડિયા, ઇન્ડિગો અને વેંચુરા એર કનેક્ટ કંપની મુંબઇ, દિલ્હી, પૂના, ગોવા, બેંગ્લોર, અમદાવાદ, સુરતની હવાઇ સેવા પૂરી પાડે છે.

એરપોર્ટમાં હાલ કાર્ગોના સ્થળે હંગામી ટર્મિનલમાંથી ડોમેસ્ટિક ફ્લાઇટોનું ઉડ્ડયન શરૂ છે. ઇન્ટરનેશનલ હવાઇ સેવા માટે નવા બની રહેલા ટર્મિનલમાં ઇમિગ્રેશન-કસ્ટમના ૧૨ થી ૧૬ કાઉન્ટર તૈયાર થયા છે, છતાં હજુ સુધી એક પણ ઇન્ટરનેશનલ ફ્લાઇટની સેવા શરૂ થઇ નથી. માત્ર નામનું જ ઇન્ટરનેશનલ એરપોર્ટ છે.

તા.૧૬મીને સોમવારે શરૂ થતી હૈદરાબાદ ફ્લાઇટનો શિડ્યુલ જોતા બપોરે ૧૨-૧૦ કલાકે હૈદરાબાદથી ટેકઑફ થઇ ૧-૧૫ રાજકોટ ઊતરશે. રાજકોટથી બપોરે ૨.૩૫ કલાકે ટેકઑફ થઇ ૪.૦૫ કલાકે હૈદરાબાદ પહોંચશે. પ્રારંભિક એરફેર રૂ.૪૭૦૦ છે. સોમવારથી હૈદરાબાદની ઇન્ડિગોની સીધી હવાઇ સેવા શરૂ થતાં રાજકોટ વધુ મેટ્રો શહેર સાથે હવાઇ માર્ગે જોડાશે.

રાજકોટ સૌરાષ્ટ્રનું આર્થિક પાટનગર અને મોટું ઔદ્યોગિક હબ ગણાતું હોવાથી દેશ-વિદેશ સાથે વ્યાપાર સાથે જોડાયેલું છે. ઉદ્યોગપતિઓ, ઉચ્ચ અભ્યાસ કરતા છાત્રો, પ્રવાસી પર્યટકો માટે રાજકોટ ઇન્ટરનેશનલ એરપોર્ટની હવાઇ સેવા ઉપયોગી રહી છે. જે કારણે દર માસે સરેરાશ ૪૦ હજાર આસપાસ મુસાફરો નોંધાઇ રહ્યા છે.

ઇન્ટરનેશનલ એરપોર્ટમાં ગત જુલાઇ માસમાં ૩૯,૨૬૨ મુસાફરોનું આગમન અને ૩૬,૮૫૬ મુસાફરોએ પ્રસ્થાન કર્યું હતું. ગત ઓગસ્ટ માસમાં ૩૯,૬૬૬ મુસાફરોનું આગમન અને ૩૮,૭૧૨ મુસાફરોએ પ્રસ્થાન સાથે હવાઇ મુસાફરી માણી હતી. હાલના દિવસોમાં ડેઇલી ૧૦ થી ૧૨ ફ્લાઇટનું સંચાલન થઇ રહ્યું છે. આગામી વિન્ટર શેડ્યુલમાં હજુ ત્રણેય ફ્લાઇટનો ઉમેરો થતાં ડેઇલી ૧૪ થી ૧૬ જેટલી ફ્લાઇટોના આવાગમનથી ઇન્ટરનેશનલ સવારથી રાત સુધી ધમધમતું રહેશે. ■

# આખરે સરકારી કર્મચારીઓ માની ગયાઃ ૧૭મીથી શરૂ થનારી હડતાળ મોકૂફ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના કર્મચારીઓ ૧૦ પડતર પ્રશ્નોના નિરાકરણ માટે ૧૭મી સપ્ટેમ્બરે પેનડાઉન હડતાળ પર જવાના હતા અને છઠ્ઠી ઑક્ટોબરથી ૨૭મી ઑક્ટોબર દરમિયાન ઝોન પ્રમાણે ધરણાંનો કાર્યક્રમ યોજવાના હતા. જો કે રાજ્ય કર્મચારી મહામંડળ દ્વારા તા.૧૭ થી શરૂ થનારી હડતાળ મોકૂફ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ગુજરાત પ્રવાસ બાદ પાંચ દિવસમાં સરકારી કર્મચારીઓની હડતાળની ચીમકી સામે સરકાર ઘૂંટણીયે આવી ગઈ હતી. પીએમના જન્મદિવસે આંદોલન ન કરવા સરકારે કર્મચારીઓને અપીલ કરી હતી. પીએમ ગુજરાતથી રવાના થયા બાદ તમામ માગ પર સરકાર વિચારણા કરશે એવી બાંયધરી આપી છે. રાજ્ય સરકારની ખાતરી બાદ સરકારી કર્મચારીઓની હડતાળ મોકૂફ રાખવાનો નિર્ણય કર્યો હતો. આવતા અઠવાડિયામાં ફરીથી સરકાર બેઠક કરશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૧૬ અને ૧૭ સપ્ટેમ્બરે ગુજરાતના પ્રવાસે આવવાના છે. ત્યારે જૂની પેન્શન યોજના, પડતર પ્રશ્નોને મુદ્દે સરકારી કર્મચારીઓએ નરેન્દ્ર મોદીના જન્મદિવસ ૧૭ સપ્ટેમ્બરે આંદોલન કરશે એવી ચીમકી ઉચ્ચારી હતી. તે માટે ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળના દ્વારા આંદોલનના કાર્યક્રમો નક્કી થયા હતા. ૧૭મી સપ્ટેમ્બરે સમગ્ર રાજ્યમાં કર્મચારીઓ પેનડાઉન, શટડાઉન દ્વારા કામગીરીનો બહિષ્કાર કરવાની વાત હતી, જ્યારે ઑક્ટોબરમાં ચાર ઝોનમાંથી ગાંધીનગરની સત્યાગ્રહ છાવણી પર આવીને કર્મચારીઓ ધરણાં કરશે તે માટે આયોજન કરવામાં આવ્યું હતું.

કર્મચારીઓની હડતાળ અંગે સરકારના પ્રવક્તા પ્રધાન જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, ૧૭ સપ્ટેમ્બરે સરકારી કર્મચારીઓનો આવો કોઈ પણ કાર્યક્રમ હતો નહીં, જે પણ કાર્યક્રમ હતો તે ઑક્ટોબર મહિનામાં હતો. સરકારી કર્મચારીઓની જે લાગણી છે એ સરકાર અને અમારી પાંચ પ્રધાનોની ટીમ છે તેણે સાંભળી છે. મુખ્ય પ્રધાન સમક્ષ પણ અમે બેસીશું અને સુખદ અંત આવે એ દિશામાં પ્રયાસ કરીશું. સરકારી કર્મચારીઓના અવારનવાર પ્રશ્નો આવતા હોય છે. દરેક વખતે દરેક પરિસ્થિતિ અલગ હોય છે. અલગ અલગ પ્રશ્નો આવતા હોય છે. તમામ પ્રશ્નો પર સરકાર ચર્ચા કરી રહી છે. સરકાર તમામે તમામ કર્મચારી મંડળો સાથે છે. તેમના પ્રશ્નોનો ઝીણવટભરી રીતે ઉકેલ કઈ રીતે આવી શકે તે મામલે મુખ્ય પ્રધાન પણ પોઝિટિવ છે, દરેક પ્રશ્નનો સારી રીતે ઉકેલ આવશે. ■

# વડોદરા મહાનગરપાલિકામાં ૩૬ જગ્યા માટે ૧૦,૭૯૨ ઉમેદવાર મેદાને

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા મહાનગરપાલિકા દ્વારા વિવિધ વિભાગોમાં એન્જિનિયરિંગને લગતી ભરતીની જાહેરાત બહાર પાડવામાં આવી આવી હતી, જેમાં ભરવાપાત્ર માત્ર ૩૬ પોસ્ટ સામે જેટલા લોકોએ ઉમેદવારી નોંધાવી છે, તેનો આંકડો ખરેખર આશ્ચર્યજનક છે. આ બાબત રાજ્યમાં કેટલી હદે બેકારી છે અને યુવાનો માટે નોકરી કેટલી દોહ્યલી છે તે દર્શાવે છે. આ જગ્યાઓ માટેની લેખિત પરિક્ષા તા. ૫ અને ૬ ઑક્ટોબરના રોજ લેવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, વડોદરા મહાનગરપાલિકા દ્વારા કાર્યપાલક ઇજનેર (મિકેનિકલ અને ઇલેક્ટ્રીકલ), એડિશનલ આસિસ્ટન્ટ એન્જિનિયર (મિકેનિકલ અને ઇલેક્ટ્રીકલ), નાયબ કાર્યપાલક એન્જિનિયર, આસિસ્ટન્ટ એન્જિનિયર, એડિશનલ એન્જિનિયર (સિવિલ) અને કાર્યપાલક એન્જિનિયર (સિવિલ)ની જગ્યાઓ ભરવા માટે અરજીઓ મંગાવવામાં આવી હતી. આગામી ઓક્ટોબર માસમાં તેની સ્પર્ધાત્મક પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. પાલિકાના આ ભરતી મેળામાં જાણે ઉમેદવારોનું ઘોડાપૂર આવ્યું હોય તેવી સ્થિતિ જોવા મળી છે. અધિક મદદનીશ ઇજનેર (સિવિલ)ની વર્ગ ૩ની પોસ્ટ માટે ૩૬ની સંખ્યા સામે ૧૦,૭૯૨ ઉમેદવારોએ ફોર્મ ભર્યા છે. જે કોઇ પણ પોસ્ટની સરખામણીએ સૌથી વધુ છે. ■

# આણંદના વિદ્યાનગરમાં બે જૂથો વચ્ચે અથડામણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આણંદના વિદ્યાનગરમાં આવેલા હરિઓમ નગરમાં બે જૂથો વચ્ચે જૂથ અથડામણ થઈ હતી. આ જૂથ અથડામણમાં સામસામે પથ્થરમારો થતાં વાહનોને ભારે માત્રામાં નુકસાન થયું હતું. વિદ્યાનગર પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો અને આસપાસના સીસીટીવીના આધારે વધુ તપાસ હાથ ધરી હતી. જૂથ અથડામણ થવાનું કારણ અકબંધ છે. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ આણંદના વિદ્યાનગરમાં બે જૂથો વચ્ચે જૂથ અથડામણ થતા પોલીસ દોડતી થઈ હતી. હરિઓમનગરમાં અથડામણ થઈ હતી અને વાહનોમાં તોડફોડ થઈ હતી. બે અલગ-અલગ સમાજના લોકો વચ્ચે પહેલા બોલાચાલી થઈ હતી અને ત્યારબાદ જૂથ અથડામણ થતાં પથ્થરમારો થયો હતો. આ પથ્થરમારામાં કેટલાક લોકોને સામાન્ય અને કેટલાક લોકો વધારે ઈજાગ્રસ્ત થયા હતા. પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચતા લોકો ફરાર થઈ ગયા હતા. પોલીસે બન્ને પક્ષે ફરિયાદ નોંધીને તપાસ આદરી છે.

પોલીસે સમગ્ર ઘટનામાં પહેલા સ્થિતિ સંભાળી હતી અને ત્યારબાદ સીસીટીવી તેમ જ સ્થાનિકોએ ઉતારેલા વીડિયોના આધારે આરોપીઓની ધરપકડ કરી વધુ પૂછપરછ હાથ ધરી છે. આ સમગ્ર જૂથ અથડામણમાં કોઈ સરકારી મિલકત કે વાહનને નુકસાન થયું નથી. ઘટનાસ્થળે પોલીસનો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. ■

# ઓલપાડના વસવારીમાં જુગારધામ પર એલસીબીનો દરોડોઃ ૧૩ લોકો ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઓલપાડ તાલુકાના વસવારી ગામની હદમાં આવેલા જુગારધામ પર સુરત જિલ્લા એલસીબી પોલીસે દરોડો પાડ્યો હતો. જ્યાંથી પોલીસે ૧૩ લોકોને ઝડપી પાડ્યા હતા અને રૂ.૨૩.૫૭ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

મળતી માહિતી મુજબ ઓલપાડ તાલુકાના વસવારી ગામની સીમમાં આવેલા ફાર્મ હાઉસના રૂમમાં આરીફ મોહમ્મદ સાજીદ અબ્દુલ રઝાક બહારથી માણસો બોલાવી જુગાર રમાડી રહ્યો હોવાની બાતમી સુરત જિલ્લા એલસીબી પોલીસને મળતા ત્યાં દરોડો પાડ્યો હતો. પોલીસે અહીંથી ૧૩ લોકોને ઝડપી પાડ્યા હતા. જ્યારે ૮ શખ્સો અંધારાનો લાભ લઈને નાસી છુટતા પોલીસે તેઓને વોન્ટેડ જાહેર કર્યા છે.

પોલીસે ઝડપાયેલા ૧૩ લોકો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે જ્યારે ૧.૧૦ લાખની રોકડ રકમ ૧,૧૨,૫૦૦ રૂપિયાની કિંમતના ૧૨ મોબાઈલ ફોન તેમ જ ૨૧.૩૫ લાખની કિમંતના ૧૪ વાહન મળી કુલ રૂ.૨૩,૫૭,૫૦૦ની કિંમતનો મુદામાલ જપ્ત કરી કાર્યવાહી હાથ ધરી હતી. ■

# અમદાવાદમાં વાયરલ ફીવર કે ડેન્ગ્યૂ વચ્ચેની મૂંઝવણથી બ્લડ ટેસ્ટ દસ ગણા વધ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં પાણી અને મચ્છરજન્ય રોગચાળો વધી રહ્યો છે, તેમાં પણ ડેન્ગ્યૂ અને વાયરલ ફીવરના કેસ વધતા તંત્ર દોડતું થયું છે. ડેન્ગ્યૂ અને વાયરલ ફીવરના ઘણાં બધાં લક્ષણો સમાન હોવાના કારણે શહેરમાં ડેન્ગ્યૂના ડરથી ૫૫૪૫ જેટલાં કન્ફર્મ ડેન્ગ્યૂના કેસ સામે ૫૭,૧૫૫ જેટલા ડેન્ગ્યૂ માટેના લેબોરેટરી ટેસ્ટનો માતબર વધારો જોવા મળ્યો છે.

ઓગસ્ટ મહિનામાં બેવડી ઋતુને કારણે ભારે તાવ સાથે આંખોની પાછળ દુઃખાવો, પેટમાં મધ્યમાં દુઃખાવો આ ત્રણ ચાર લક્ષણો વાયરલ ફિવરમાં પણ જોવા મળી રહ્યા છે. જેના કારણે તબીબો એકદમ નિર્ણય ન લઈ શક્તા મોટા ભાગના દર્દીઓ ઓબ્સર્વેશન પર રાખીને તો સારવાર કરે જ છે, પરંતુ વાયરલનો તાવ પણ એકથી બે અઠવાડિયાં રહેતો હોવાથી ન છૂટકે ડેન્ગ્યૂના ટેસ્ટ કરાવવાની નોબત આવે છે જેથી સારવાર સમયસર મળી રહે. ■

# લોનનો હપ્તો વસૂલવા ગયેલા બેન્કના મેનેજરની હત્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકામાં આવેલ ખોખરીવેરી ગામમાં એક ખાનગી બેંકના સેન્ટર મેનેજર અને લોન ધારકના પરિવારજન વચ્ચે હપ્તા બાબતે બોલાચાલી બાદ સેન્ટર મેનેજરની હત્યા થઇ હતી. પોલીસે આરોપીને ઝડપી પાડી જેલમાં ધકેલી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર છોટાઉદેપુર જિલ્લાના ક્વાંટ તાલુકાના રોડધા ગામે રહેતા સુખરામ રાઠવા બોડેલીની ખાનગી બેંકમાં સેન્ટર મેનેજર તરીકે નોકરી કરતો હતો અને સુખરામ રાઠવા અલગ અલગ ગામોમાં લોનના હપ્તા ઉઘરાવી બેંકમાં જમા કરાવતો હતો. સુખરામ રાઠવા પોતાની બાઈક લઇ બોડેલી તાલુકાના પચ્ચીસગામ, ખોખરીવેરી સહિત આસપાસનાં ગામોમાં લોનના હપ્તા અંગે કામકાજ અર્થે ગયો હતો તે દરમિયાન ખોખરીવેરી ગામે લોન ધારક સંગીતાબેન બારીયાના ઘરે ૪૪૦૦ જેટલી હપ્તાની રકમ લેવા ગયા હોઈ સંગીતાબેનના આરોપી પતિ રોહિત બારીયા વચ્ચે બોલાચાલી થઈ હતી. અને બોલાચાલી ઉગ્ર બનતા આરોપી રોહિતે સુખરામને ગળું દબાવી માથાના ભાગે ઈજા પહોંચાડી મોતને ઘાટ ઉતારી દીધો હતો. બીજી તરફ આરોપી રોહિતે પચ્ચીસગામ અને ખોખરીવેરી ગામ વચ્ચે આવેલા કોતરમાં લાશને ફેંકી દીધી હતી. ■

કવર સ્ટોરી

વિજય વ્યાસ
feedback@bombaysamachar.com

# વારંવાર મણિપુરમાં ભડકી ઊઠતી હિંસાઃ કેન્દ્ર સરકારને કેમ કોઈ જ પરવા નથી?

ઉત્તર-પૂર્વના ટચૂકડા રાજ્ય મણિપુરમાં ફરી એક હિંસા ભડકી ઊઠી છે અને ફરી એક વાર આખા દેશનું ધ્યાન તેના તરફ ખેંચાયું છે. હિંસાને પગલે મણિપુરની સરકારે પાંચ દિવસ માટે એટલે કે ૧૨ સપ્ટેમ્બર સુધી ઈન્ટરનેટ બંધ કરી દીધું અને સ્કૂલ-કોલેજોમાં રજા જાહેર કરી દીધી. તોફાનીઓને કાબૂમાં લેવા માટે પેરામિલિટરીના બીજા બે હજાર જવાનોને તાત્કાલિક મણિપુર મોકલવા પડ્યા છે. રાજ્ય સરકારે ૧૨ સપ્ટેમ્બર પછી બ્રોડબેન્ડ ઈન્ટરનેટ પરનો પ્રતિબંધ તો હટાવી લીધો, પણ મોબાઈલ ડેટા પરનો પ્રતિબંધ હજુ યથાવત છે.




બીજી તરફ, મણિપુરમાં હિંસાના એવાં વીડિયો વાઈરલ થઈ રહ્યા છે, જેમાં લોકોનાં ટોળેટોળાં રસ્તા પર ઊતરી આવ્યાં છે અને પોલીસ તથા અર્ધલશ્કરી દળોના જવાનોને તગેડી રહ્યા છે. મણિપુરમાં લોકોની હાલત ખરાબ છે એ વિશેના રિપોર્ટ પણ પ્રકાશિત થઈ રહ્યા છે. મણિપુરની હિંસામાં ૫૦ હજાર કરતાં વધારે લોકો બેઘર થઈ ગયાં છે, જે છેલ્લાં દોઢ વરસથી નિરાશ્રિત છાવણીઓમાં રહે છે. આ લોકોની હાલત કફોડી છે કેમ કે કામ-ધંધો કંઈ છે નહીં ને સરકાર તરફથી બીજી કોઈ સહાયતા પણ મળી રહી નથી. આમાંથી મોટા ભાગનાં લોકો હિંદુ મેઈતેઈ સમુદાયના છે અને એમનું ભાવિ તો અત્યારથી જ સંપૂર્ણપણે અંધકારમય લાગી રહ્યું છે.

રોમ ભડકે બળતું હતું ત્યારે નીરો ફિડલ વગાડતો હતો એવું કહેવાય છે. મણિપુરના મામલે આપણા દેશમાં એવી જ સ્થિતિ છે. મણિપુરમાં છેલ્લાં દોઢ વર્ષથી લોકોની હાલત ખરાબમાંથી બદતર થઈ રહી છે ત્યારે દિલ્હીમાં બેઠેલા શાસકોનાં પેટનું પાણી સુધ્ધાં હાલતું નથી. બલ્કે આપણા વડા પ્રધાન નરેન્દ્ર મોદી તો દુનિયાભરના દેશોમાં આવન-જાવન કરી રહ્યા છે, પણ મણિપુરમાં દોઢ વરસથી સળગેલી હોળી ઠારવાનું સૂઝતું નથી ને બીજી તરફ, રશિયા-યુક્રેન વચ્ચેનું યુદ્ધ બંધ કરાવવા માટે એ 'શાંતિદૂત'ની ભૂમિકા ભજવવા યુક્રેન સુધી પહોંચી ગયા!

દેશના વડા પ્રધાન મણિપુરની હિંસાને મુદ્દે જે રીતે વર્તી રહ્યા છે એ જોઈને સૌ કોઈને આઘાત લાગે છે. 'મણિપુર દોઢ વર્ષથી સળગી રહ્યું છે પણ મોદીસાહેબ પાસે મણિપુર જવાનો સમય નથી' એવી વિપક્ષો સતત ટીકામાં વજૂદ પણ છે.

મણિપુરમાં ૩ મે, ૨૦૨૩થી હિંસા શરૂ થઈ. મતલબ કે લગભગ દોઢ વર્ષ થયાં. મોદી સાહેબ આ દોઢ વર્ષમાં એક પણ વાર મણિપુર ગયા નથી કે મણિપુરની હિંસા વિશે કોઈ નિવેદન સુધ્ધાં આપ્યું નથી. ૩૭ લાખની વસતિ ધરાવતું મણિપુર ભારતનું એક રાજ્ય જ ના હોય એમ સમજીને મોદી મણિપુર વિશે કંઈ બોલતા જ નથી.




અહીંની હિંસામાં ૨૦૦ કરતાં વધારે લોકો સત્તાવાર રીતે માર્યા ગયાં છે, સંખ્યાબંધ મહિલાઓ પર બળાત્કાર થયાં છે, ૫૦ હજાર લોકો બેઘર થયાં છે, પણ મોદીના ઠંડા કલેજે બેઠા છે. બીજી તરફ, કોલકાતામાં ટ્રેની ડોક્ટર યુવતીના રેપ-મર્ડરનો મુદ્દો લાલ કિલ્લા પરથી ઉઠાવનારા મોદી ગયા મે મહિનામાં મણિપુરમાં બે યુવતીને નગ્ન કરીને જાહેરમાં પરેડ પછી એમના પર ગેંગ રેપ થયો એ વિશે વડા પ્રધાને માત્ર એટલું જ કહ્યું કે 'અપરાધીઓની સખ્ત સજા થશે..' તે પછી એ બિલકુલ ચૂપ છે. સીબીઆઈએ ચાર્જશીટમાં પોલીસે પેલી બન્ને યુવતીને ટોળાને સોંપી દીધેલી એવું કહ્યું છે. એ વિશે પણ કેન્દ્ર સરકારનું ભેદી મૌન બધાને ખૂંચે છે.

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ પણ મણિપુરમાં સુરક્ષાની જવાબદારી એમની ના હોય એ રીતે વર્તી રહ્યા છે. ગયા વરસે મે મહિનામાં હિંસા ફાટી નીકળી પછી અમિત શાહ ૪ દિવસ માટે મણિપુર ગયા હતા, પણ પછી મણિપુરને ભૂલી ગયા. લોકસભાની ચૂંટણી વખતે એપ્રિલમાં શાહ મણિપુરમાં પ્રચાર કરવા ગયેલા પણ એ પછી એમને પણ મણિપુર જવાનો સમય મળ્યો નથી. અલબત્ત, અમિત શાહ વચ્ચે વચ્ચે મણિપુરના ગૃહ મંત્રી, પોલીસ વડા વગેરેને બોલાવીને સમીક્ષા બેઠક કરી લે છે, પણ એનાથી સ્થિતિ બદલાઈ નથી. દોઢ વર્ષ પછી પણ મણિપુરની હિંસા અટકી નથી ને કેન્દ્રીય નેતાઓ વચ્ચે વચ્ચે 'અમે આતંકવાદને ખતમ કરી નાખીશું ને દેશની સુરક્ષા પર આંચ નહીં આવવા દઈએ' એવા ફૂંફાડા માર્યા કરે છે, પણ મણિપુરમાં શાંતિ સ્થાપી નથી શકતા.

મણિપુરની સમસ્યાના મૂળમાં શું છે તેના વિશે બહુ લખાઈ ગયું છે તેથી ફરી એ મુદ્દો છેડતા નથી, પણ અત્યારે મણિપુરની સ્થિતિ જંગલરાજ જેવી છે. કાયદો અને વ્યવસ્થા જેવું કંઈ છે નહીં અને કાયદાનું શાસન કઈ રીતે સ્થાપવું તેની સૂઝ સરકારને પડતી નથી.

મણિપુરમાં આજે ૩૭ લાખની વસતિ છે અને એમની સુરક્ષા માટે ૪૦ હજાર કરતાં વધારે જવાનો તૈનાત છે. મતલબ કે, દર ૧ લાખ લોકોએ ૧૧૦૦ કરતાં વધાર જવાનો તૈનાત હોવા છતાં ત્યાં હિંસા રોકી શકાતી નથી તેના પરથી જ સ્થિતિની ગંભીરતાનો ખ્યાલ આવે છે.

મણિપુરમાં ઈન્ડિયન આર્મી ઉપરાંત બોર્ડર સિક્યોરિટી ફોર્સ (બીએસએફ), સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સ (સીએપીએફ), સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (સીઆરપીએફ) વગેરે પેરા મિલિટરી ફોર્સના હજારો જવાનો તૈનાત છે. મણિપુરની પોલીસ પણ છે ને છતાં લોકો સલામત નથી.

મણિપુરમાં નવેસરથી ફાટી નીકળેલી હિંસાની શરૂઆત ૧ સપ્ટેમ્બરે ઈમ્ફાલ વેસ્ટમાં થયેલા ડ્રોન હુમલાથી થઈ હતી. ડ્રોન દ્વારા બોમ્બ ફેંકાયા. તેમાં બે માણસ મરી ગયાં એ પછી બીજે ઠેકાણે પણ ડ્રોનથી બોમ્બ ફેંકાયા હોવાનું કહેવાય છે. જોકે, આપણી આર્મી આ વાત સ્વીકારતી નથી, પણ લોકો ડ્રોન દ્વારા બોમ્બ ફેંકાયા હોવાનું વીડિયોમાં કહી રહ્યા છે. લોકો પર રોકેટમારો પણ થયો છે. એનો આર્મીએ પણ ઈન્કાર કર્યો નથી. મતલબ કે, આકાશમાંથી ક્યારે મોત આંબી જશે એ ખબર જ ના હોય એવા ફફડાટના માહોલમાં લોકો જીવી રહ્યાં છે.

૧૯૯૦ના દાયકામાં લોકો જમ્મુ અને કાશ્મીર જતાં ડરતાં હતાં. અત્યારે એવી જ હાલત મણિપુરની છે અને આ વાત ભાજપના પિતૃ સંગઠન એવા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતે કરી છે. એકાદ અઠવાડિયા પહેલાં ભાગવતે નિવેદન આપેલું કે, મણિપુરમાં લોકોને પોતાની સુરક્ષા અંગે ચિંતા છે અને બહારથી લોકો મણિપુર જઈ જ ના શકે એટલી ખરાબ સ્થિતિ છે. ભાગવતે લોકસભાની ચૂંટણી પછી પણ મણિપુરની હિંસાને કાબૂમાં લેવા નક્કર પગલાં લેવા કહેલું પણ એ કેન્દ્ર સરકારના બહેરા કાને આ વાત અથડાઈ. તેથી ત્રણ મહિના પછી ભાગવતે આ વાત ફરી દોહરાવવી પડી છે.

ભાગવતજીની આ વાતની મોદી પર આ વખતે પણ અસર થાય એવી શક્યતા ઓછી દેખાય છે કેમ કે અસર થવાની હોત તો ત્રણ મહિનામાં કેન્દ્ર સરકારે કંઈક તો કર્યું જ હોત ને? ■




મોર્નિંગ મ્યૂસિંગ

રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

# પ્રાણી આત્મહત્યા નથી કરતાં... એ વિશેષાધિકાર માત્ર મનુષ્યને જ છે

હિન્દી ફિલ્મોની અભિનેત્રી મલાઈકા અરોરાના પિતા અનિલ મહેતાની કથિત આત્મહત્યાથી બોલીવૂડમાં આઘાતનો માહોલ છે. ચાર દિવસ પહેલાં અનિલ મહેતાએ છઠ્ઠા માળેથી ઘરની બાલ્કનીમાંથી કૂદકો માર્યો હતો. એવું કહેવાય છે કે એ બીમાર હતા અને માનસિક રીતે ઉદાસ હતા. મીડિયા અહેવાલો અનુસાર 'હું બીમાર છું... થાકી ગયો છું' એવું એમણે અગાઉ પરિવારજનોને કહ્યું હતું.

મૂળ પંજાબી હિંદુ પરિવારના અનિલ મહેતા મર્ચન્ટ નેવીમાં હતા. એમણે મલયાલી ક્રિશ્ચિયન જોયસ પોલીકાર્પ સાથે લગ્ન કર્યા હતાં. બે સંતાન હતાં-મલાઈકા અને અમૃતા. અમુક અહેવાલો અનુસાર, એ આ બંને બહેનોના સવાકા પિતા હતા. મલાઈકા ૧૧ વર્ષની હતી ત્યારે એના માતા-પિતાના છૂટાછેડા થઈ ગયા હતા. પાછળથી બંને સાથે રહેવા લાગ્યાં હતાં.



મલાઈકા – અમૃતા માતા-પિતાની સાથે

**મલાઈકાએ** એકવાર ખુલાસો કર્યો હતો કે, મારું બાળપણ સારું હતું, પરંતુ સરળ નહોતું. પાછળ વળીને જોઈએ તો તે ઊથલપાથલ ભર્યું હતું, પરંતુ મુશ્કેલ સમય તમને મહત્ત્વના બોધપાઠ પણ શીખવે છે. માતા-પિતાના અલગ થવાથી મને માતાને નવા અને અનન્ય દ્રષ્ટિકોણથી જોવાની તક મળી. હું એની પાસેથી રોજ સવારે ઊઠીને એ બધું જ કરવાનું શીખી હતી, જે સ્વતંત્ર રીતે જીવવા માટે જરૂરી હોય. જે સબક મળ્યા હતા તે અંગત જીવન અને વ્યાવસાયિક કાર્યનો આધાર બન્યા છે. માતાએ મને કહ્યું હતુંઃ 'હું હજુ પણ આઝાદ છું અને મારી શરતો પર જીવન જીવી રહી છું.'

આપણને અનિલ મહેતાના કસમયના અવસાનનાં કારણો કે એમના અંગત જીવનની હકીકતોની ખબર નથી, પરંત એમની આત્મહત્યા એક કડવી સચ્ચાઈ તરફ સંકેત કરે છે કે જીવન અત્યંત સંઘર્ષપૂર્ણ છે પછી તે કોઈ સામાન્ય માણસનું હોય કે પછી કોઈ સેલિબ્રિટીનું... મોટાભાગના લોકો સંઘર્ષની નૌકામાં બેસીને ભવસાગર તરતા રહે છે તો અમુક લોકો હથિયાર હેઠાં મૂકી દે છે. ભારતમાં આત્મહત્યા એક રાષ્ટ્રીય સ્વાસ્થ્ય સંકટ છે. ૨૦૨૨ના આંકડા પ્રમાણે, પોણા બે લાખ લોકોએ આત્મહત્યા કરી હતી. ૨૦૧૮ અને ૨૦૨૧ની તુલનામાં તેમાં અનુક્રમે ૨૭ અને ૪.૨ પ્રતિશતનો વધારો થયો હતો.

આ આંકડાઓ એકઠા કરનારા 'નેશનલ ક્રાઈમ બ્યુરો' અનુસાર આત્મહત્યાની ઘટનાઓ પાછળ વ્યાવસાયિક અથવા કારકિર્દી સંબંધિત સમસ્યાઓ, એકલતાની લાગણી, દુર્વ્યવહાર, હિંસા, પારિવારિક સમસ્યાઓ, માનસિક વિકૃતિઓ, દારૂ જેવું વ્યસન, આર્થિક નુકસાન, લાંબી પીડા વગેરે મુખ્ય કારણો છે.

માનસિક સ્વાસ્થ્ય નિષ્ણાતો કહે છે કે આત્મહત્યાના વિચારો ગંભીર માનસિક સ્વાસ્થ્યની નિશાની છે. તે એ પણ દર્શાવે છે કે વ્યક્તિ લાંબા સમયથી તણાવ-હતાશા સાથે જીવી રહી છે, જેનું જો સમયસર નિદાન અને સારવાર કરવામાં આવે તો સ્થિતિ બગડતી અટકાવી શકાય છે.

આત્મહત્યા સમસ્યાનું સમાધાન નથી. સમસ્યાઓથી દૂર ભાગવું એ નબળાઈ છે. બધાં પ્રાણીમાં સૌથી બુદ્ધિશાળી માણસ છે, પરંતુ સમગ્ર પ્રકૃતિમાં માણસ સિવાય કોઈ પ્રાણી આત્મહત્યા નથી કરતું. જ્યારે પ્રાણી પણ તેના જીવનના અંત સુધી સંઘર્ષ કરે છે ત્યારે આજના આધુનિક સમાજમાં બુદ્ધિનો વિશેષાધિકાર પ્રાપ્ત વ્યક્તિ આત્મહત્યા કરે તે સંપૂર્ણપણે અન્યાયી છે. આત્મહત્યા બુનિયાદી રૂપે સમાજ પ્રત્યેના વિદ્રોહમાંથી આવે છે. આત્મહત્યા કરનારી વ્યક્તિ મનથી બીમાર નથી હોતી, બીમાર તો સમાજ છે એટલે એક તંદુરસ્ત માણસ તેની સામે હારી જાય છે. પ્રકૃતિએ વાઈરસથી લઈને હાથી સુધીના તમામ જીવમાં સર્વાઇવલની જબરદસ્ત વૃત્તિ મૂકી છે. જીવો યેનકેન પ્રકારેણ જીવી જાય છે. પ્રકૃતિમાં આત્મહત્યા નથી, કારણ કે પ્રાકૃતિક વ્યવસ્થા જીવન તરફી છે.

આત્મહત્યા એ માનવીય સમાજની ઘટના છે. અહીં માણસને મરવાની ફરજ પડે છે, કારણ કે આખી વ્યવસ્થા વ્યક્તિ વિરોધી અને સમૂહ તરફી છે. સમાજ એ લોકો માટે જ છે, જે તેને અનુકૂળ થઈને રહે. તમે દંભી હો, બેઇમાન હો, ભ્રષ્ટ હો, નિર્દયી હો તો વાંધો ના આવે, પણ સંવેદનશીલ હો, વિચારવંત હો, ખુદની ઈચ્છા પ્રમાણે જીવવા ઇચ્છતા હો કે બીજા લોકોની અનુકૂળતા પ્રમાણે જીવતા ના હો, તો કાં તો પાગલખાનામાં ભરતી થઈ જવું પડે અથવા આત્મહત્યા કરી લેવી પડે. તમે વ્યવસ્થા સામે હારી જાવ, ત્યારે સમાજને રિજેક્ટ કરવા સિવાય બીજું શું કરી શકો?

આત્મહત્યા એ જીવનનું રિજેક્શન નથી, તે સમાજનું રિજેક્શન છે.

એક નાસીપાસ માણસ મનોવિશ્લેષક પાસે જઇને ફરિયાદ કરે છે કે એને જીવવાની ઇચ્છા નથી અને ખુદકુશી કરવી છે. વિશ્લેષક એની ઉદાસીની કહાની સાંભળે છે અને પછી કહે છે કે એણે પેટ પકડીને હસવાની જરૂર છે. ડોક્ટર કહે છે કે શહેરમાં સરકસ આવ્યું છે. ત્યાં જઇને દુનિયાના મશહૂર જોકર ગ્રોકોના ખેલ જો. એના ઉટપટાંગ ખેલ જોયા પછી તને એટલું હસવું આવશે કે સવારે ઊઠ્યા પછી તું સુકુન અને ચેન મહેસૂસ કરીશ એવો આત્મવિશ્વાસ ડોક્ટર વ્યક્ત કરે છે. પેલો ઉદાસ માણસ દુઃખી નજરે ડોક્ટરને જોતો રહીને બહાર જવા કદમ ઉપાડે છે ત્યાં ડોક્ટર એને પૂછે છેઃ 'બાય ધ વે, તારું નામ શું?' પેલો માણસ ભાવશૂન્ય ચહેરે કહે છે, 'મારું નામ ગ્રોકો.'

હોલીવૂડના સદાબહાર હાસ્ય કલાકાર ગ્રોચો માર્ક્સે ૧૯૫૯માં 'ગ્રોચો એન્ડ મી' નામની આત્મકથા લખેલી તેમાં એણે ઉપરોક્ત કિસ્સો લખેલો. હસતા લોકોની જિંદગી પણ દર્દનાક હોય છે તે વાત નવી નથી. ગ્રોકો જેવું જ પાત્ર ભજવનાર રાજ કપૂરને 'મેરા નામ જોકર' ફિલ્મની પ્રેરણા મશહૂર કલાકાર ચાર્લી ચેપ્લીનની 'સિટી લાઇટ્સ' પરથી મળેલી. રાજ કપૂર પોતે તો બહુ સુખી માણસ હતા, પરંતુ એમને ખબર હતી કે કલાકારોની અંગત જિંદગી બહુ દર્દનાક હોય છે. ■

સૉલ ઑફ ટૂર

# કઝાખસ્તાન-આત્મીયતાની અનુભૂતિ કરાવતો પ્રદેશ

## પ્રાચીન સિલ્ક રૂટથી લઈને આધુનિક શહેરીકરણ સુધીની અદ્‌ભુત સફર જે જીવનભર માટે મન પર છાપ છોડી જશે



ઔરોરા ટ્રાવેલ ટૂર્સ પ્રાઇવેટ લિમિટેડના ચૅરમૅન ધવલ જાંગલા

કઝાખસ્તાનનો પ્રવાસ એટલે એક અવિસ્મરણીય અનુભવની પ્રાપ્તિ. આજે વાત કરવી છે કઝાકનાં એ બધાં જ સ્થળોની જે ટૂરિસ્ટ તરીકે જોવા કરતાં એ વધુ અનુભવવા જેવાં છે. કઝાખસ્તાનનો અર્થ થાય છે અલગારી રખડપટ્ટી કરનારાઓનો પ્રદેશ. તો ચાલો પૂછીએ ઔરોરા ટૂર્સના મૅનેજિંગ ડિરેક્ટર ધવલ જાંગલાને કે કુદરતના ખોળા જેવા આ સુંદર પ્રદેશમાં રખડપટ્ટી કરવા માટે ક્યાં સ્થળોએ જવું.

**ધજલભાઈ, ખૂબ લાંબા સમય પછી આજે ફરી પાછા આપણે પ્રવાસ વિશે વાત કરવાના છીએ. આ વખતે તમે અમારે માટે કયું નવું સ્થળ લઈને આવ્યા છો?**

મને તાજેતરમાં કઝાખસ્તાનથી પ્રવાસ શરૂ કરવાનો મોકો મળ્યો. આ દેશ લાંબા સમયથી એના વિશાળ લૅન્ડસ્કેપ્સ અને સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાને લીધે મારા બકેટ-લિસ્ટમાં હતું. હું અલમાટી પહોંચ્યો ત્યારથી હું જાણતો હતો કે હું એક અનોખા અને અવિસ્મરણીય અનુભવ માટે આવ્યો છું.

**★ અલમાટીઃ સિટી ઑફ કૉન્ટ્રાસ્ટ્સ**

અલમાટી કઝાખસ્તાનનું સૌથી મોટું શહેર છે જેમાં પ્રાચીન દુનિયાનાં આકર્ષક અને આધુનિક અભિજાત્યપણાનો અદ્‌ભુત સમન્વય જોવા મળે છે. જ્યારે હું એની આજુબાજુ લાઈનથી વૃક્ષોથી સજેલી શેરીઓમાં લટાર મારતો હતો ત્યારે હું શહેરના જીવંત વાતાવરણમાં જાણે ખોવાઈ ગયો હતો. ગ્રીન બજારના ખળભળાટ મચાવતા સ્ટૉલ, એના પર મળતાં તાજાં ઉત્પાદનો, મસાલા અને સ્થાનિક વાનગીઓ જોવામાં અનેરી મજા છે. કેટલાંક સ્થાનિક ફૂડની લહેજત લેવાથી તો હું પોતાને રોકી જ ન શક્યો.

અલમાટીની મુલાકાતની એક વિશેષતા એટલે પેનફિલોવ પાર્ક હતી. આ ઉદ્યાનની શાંત સુંદરતા, એના ઊંચાં પાંદડાંવાળાં વૃક્ષો અને સુવ્યવસ્થિત રસ્તાઓ સાથે શહેરની ધમાલમાંથી સંપૂર્ણ છુટકારો પૂરો પાડે છે. ઝેનકોવ કૅથીડ્રલ એક અદ્‌ભુત લાકડાનું માળખું પાર્કની અંદર ભવ્ય રીતે ઊભું હતું. આ સ્ટ્રક્ચરની જટિલ ડિઝાઈન અને રંગબેરંગી એક્સટીરિયરે મને ખરેખર આશ્ચર્યચકિત કરી દીધો અને આ સુંદરતાને માણવા માટે મેં અહીં કલાકો વિતાવ્યા.

**ધવલભાઈ અલમાટી સિવાય કયાં સ્થળો કઝાખમાં જોવા જેવાં છે?**

આ વિશે ધવલભાઈ કહે છે, 'કઝાખમાં બધું જ જોવા જેવું છે. અહીંના મૉન્યુમેન્ટ્સ, ગાર્ડન્સ અને બરફીલા પર્વતો બધું જ નયનરમ્ય છે.

**★ મૅજેસ્ટિક તિયાન શાન માઉન્ટેન્સ**

અલમાટીની કોઈ સફર અહીં નજીક આવેલા ટિયાન શાન પર્વતોમાં રખડપટ્ટી કર્યા વિના પૂર્ણ થતી નથી. આ 'સ્વર્ગ સમી' લાગતી પર્વતમાળા પ્રકૃતિની સાચી અજાયબી છે. અહીં પર્વતોમાં ઊંચે આવેલા શિમ્બુલાક સ્કી રિસૉર્ટની એક દિવસની સફર કરવા જેવી છે. ટોચ પર કેબલ કારની સવારી એ પોતાનામાં એક અનોખો અને થ્રિલિંગ અનુભવ છે, જે બરફથી ઢંકાયેલાં શિખરો અને લીલીછમ ખીણોનાં વિહંગમ દૃશ્યો પ્રદાન કરે છે. તમે સ્કીઈંગના શોખીન ન હો તો પણ માત્ર આવી નૈસર્ગિક સુંદરતાથી ઘેરાયેલું રહેવું જ



આનંદદાયક છે.

**★ શાંત કોલસાઈ તળાવો**

નિરાંત અને શાંત જગ્યાની શોધમાં મેં કોલસાઈ તળાવો સુધી પ્રવાસ કર્યો, જેને ઘણી વાર 'પર્લ ઑફ નૉર્થ ટિએન શાન' કહેવામાં આવે છે. નીચલું તળાવ સરળતાથી પહોંચી શકાય એવું હતું અને અહીં એક અવિશ્વસનીય શાંત વાતાવરણનો અનુભવ થાય છે. અહીંના ક્રિસ્ટલ ક્લિયર પાણીની આસપાસ હાઈકિંગમાં દિવસ પસાર કરવાની મજા જ અલગ છે. આસપાસના જંગલમાં સંપૂર્ણ રીતે શાંતતા પ્રતિબિંબત થાય છે. વધુ ઍડ્વેન્ચર માટે મધ્યમ અને ઉપરનાં સરોવરો સુધીનો ટ્રેક આવશ્યક છે. સરોવર સાથે તારાઓથી ભરેલા આકાશની નીચે રહેવાનો મોકો મળે તો ચૂકતા નહીં એ એક એવો અવિસ્મરણીય અનુભવ છે જે ક્યારેય નહીં ભુલાય.

**★ ચેરિન કેન્યોનઃ કુદરતની કરામત**

ચેરિન કેન્યોન જોયા વિના કઝાખસ્તાનની મુલાકાત પૂર્ણ થતી નથી. અલમાટીથી થોડા કલાકોના અંતરે આવેલી આ કુદરતી અજાયબીએ જાણે મને અચંબામાં પાડી દીધો. ગ્રૅન્ડ કેન્યોનની સરખામણીમાં ચેરિન કેન્યોનનું પોતાનું એક આગવું આકર્ષણ છે. કિલ્લાઓની ખીણમાંથી હાઈકિંગ અને નાટ્યાત્મક લાલ ખડકની રચનાઓ જોતાં કોઈ બીજી જ દુનિયામાં પગ મૂકી દીધો હોય એવી અનુભૂતિ થશે.

**★ ભારત સાથે શૅર કરેલો ઈતિહાસ**

કઝાખસ્તાન અને ભારત વચ્ચેનાં ઐતિહાસિક જોડાણોની શોધે મારી સફરને વધુ રસપ્રદ બનાવી. બન્ને દેશો પ્રાચીન સિલ્ક રોડનાં અભિન્ન અંગો હતાં, જે પૂર્વ અને પશ્ચિમને જોડતા વેપારમાર્ગોનું વિશાળ નેટવર્ક હતું.

સ્થાનિક બજારો અને ઐતિહાસિક સ્થળોની સફર કરો ત્યારે-ત્યારે નહીં ભારતીય સંસ્કૃતિના ગૂઢ પ્રભાવોને નોટિસ કરજો. કૉમ્પ્લેક્સ ટેક્સટાઈલ પૅટર્નથી લઈને અહીં વેચાતા મસાલા અને તેજાનાઓ સુધી બધે જ તમને ઈન્ડિયન ટચ ફીલ થશે.

**★ અ જર્ની ટુ રિમેમ્બર**

કઝાખસ્તાન વિરોધાભાસ અને અજાયબીઓની ભૂમિ છે, જ્યાં દરેક ખૂણામાં તમારે માટે નવો અને નયનરમ્ય અનુભવ છુપાયેલો છે. અલમાટી, તિયાન શાન માઉન્ટેન, કોલસાઈ લેક અને ચેરિન કેન્યોન જેવી કુદરતી અજાયબીની સફરે મને મારા જીવનની કેટલીક બેસ્ટ યાદો આપી છે જે આજીવન મારી સાથે રહેશે. ■

Aurora Travel Tours Pvt Ltd :- 22, Paradise Compound, Bhulabhai Desai Road, Nr. Mahalaxmi Chamber, Breach Candy, Mumbai- 400026
Contact Nos.:- +91 222 3519710 / 11 / 12 / 14, 98219 21920. E-mail :- info@auroratravels.com

મિજાજ મસ્તી

સંજય છેલ
feedback@bombaysamachar.com

# કેમ છો ના પૂછિયો કોઇ... મજામાં છો ? ના, નથી!



**ટાઈટલ્સ:**

**અમુક સવાલના જવાબ સવાલ ના ચાલે. (છેલવાણી)**

ઘણાં લોકો તો હાલતા-ચાલતા પરીક્ષાપત્રો જેવા હોય છે. જેવા સામે મળે કે તરત પૂછે, કેમ છે? શું ચાલે છે? ઘરમાં બધાં મજામાંને? ધંધા-પાણી બરોબર ચાલે છે ને? કેમ સુકાઇ ગયા છો? કોઇ ટેંશન છે?'

આપણને થાય કે આ ૬ સવાલમાંથી કોઈપણ ૪નાં જ જવાબ આપવાના કે બધાં જ કંપલસરી છે? આ 'આઈ.આઈ.ટી'. કે નીટ'ની એન્ટ્રેંસ એક્ઝામ જેટલી જ આ યે અઘરી પરીક્ષા છે.

(જો કે 'નીટ' પરીક્ષાની જેમ આમાં ય પ્રશ્નપત્રો પહેલેથી ફૂટેલાં જ હોય છે!)

તુલસીદાસજી સદીઓ પહેલાં કહી ગયા છે: તુલસી ઈસ સંસાર મેં ભાંતિ ભાંતિ કે લોગ, સબસે હંસ મિલ બોલીયે, નદી નાંવ સંજોગ' પણ સહજ સવાલોનાં સંજોગોને કઇ રીતે હેન્ડલ કરવા એના કોઇ કોચિંગ ક્લાસ નથી હોતા. એમાં યે મિત્રો કે પરિચિતો જ્યારે અચાનક ભટકાઈ જાય, ત્યારે ફોર્મલ વાતો કઈ રીતે કરવી એ મહા-કસોટી છે.

ગુજરાતીમાં સરસ શબ્દ છે: 'ખબર-અંતર' એમાં ખબર પણ છે ને અંતર પણ. ખબર પૂછવાની વાત તો છે પણ જરા અંતર રાખીને કે પછી બે જણ વચ્ચેનું અંતર દૂર કરીને?

ઘણીવાર 'મજામાં છો?' સવાલ સાંભળીને આપણે વિચારમાં પડી જઇએ કે 'હાયલા! શું હું ખરેખર મજામાં છું? ખરેખર જીવનમાં બધું બરોબર છે?' જો કે પૂછનારને આપણા જવાબની જરા યે પડી નથી હોતી. એ માત્ર એટલુ જ કન્ફર્મ કરવા માગ છે કે તું જીવે છે?' અર્થાત્ આપણે ઉક્લી તો નથી ગયાને? કદાચ આવનારા સમયમાં એવો ય સમય આવશે કે કોઇ ખબર-અંતર પૂછે ત્યારે મોબાઇલ-ફોન પર રેકોર્ડ કરેલો જવાબ સંભળાવી દેવાશે: હું મજામાં, ઘરે સૌ મજા પાડોશીઓ મજામાં, આખી ગલી મજામાં, બીજું કાંઇ?'

પછી બની શકે કે સામેવાળો પણ એના ફોન પર સંભળાવશે: સરસ! તો આવજો!'

***ઇંટરવલ:***

***સવાલ યહ હૈ હવા આઇ કિસ ઇશારે પર?***
***ચિરાગ કિસકે બુઝે યે સવાલ થોડી હૈ? (નાદિમ નદીમ)***

આપણને ફોર્મલ સવાલોના ફોર્મલ જવાબોનો કંટાળો આવે પણ ધારો કે આપણે કોઈકને અમસ્તું પૂછીએ: 'મજામાં છો?' ને ધારો કે એ દુ:ખભરી કથા વિસ્તારથી સંભળાવે કે-'એક્ચ્યુઅલી, હું મજામાં નથી. એક્ચ્યુઅલી એવું છે ને મને પેટમાં બળતરાં થવાથી આંખે અંધારાં આવે છે તો..'

તો ત્યારે આપણને કહેવાનું મન થઇ શકે: મજામાં તો હું ય નથી પણ મોડું થાય છે, નહીં તો હું ય કહેત કે- 'મને ફલૂ થયેલો ત્યારે ત્રણ દિવસ તાવને કારણે આંચકી આવતી ને હાથમાં દહીં હોય તો ધ્રુજી-ધ્રુજીને લસ્સી બની જતી!'

એવું નથી કે આપણને 'હાઉ આર યુ?'કહેનારની પડી નથી, પણ સૂઝ નથી પડતી કે એને સાચું કહેવું કે ખોટું? અણધાર્યા સવાલોના એટેક, એકે-૪૭ મશીનગન જેવા હોય છે. વળી તમે જો કોઇને પૂછો તો ઊલટા પણ ફસાઇ શકો છો. જેમ કે 'શું ચાલે છે?'

'કાલે જ નોકરી છૂટી ગઈ છે.' ઓહ!' કહીને તમે ચૂપ. એની ગયેલી નોકરી પર બે મિનિટનું મૌન પરાણે પાળવું પડે, કારણ કે આપણી પાસે જવાબ નથી. પછી હિમ્મત કરીને નવેસરથી શરૂ કરો કે 'બાકી બધું ઠીક? ફેમિલી મજામાં?' 'ના રે, ઘરનાં બધાં હૉસ્પિટલમાં છે. હવે તો અમારી ફેમિલી માટે ત્યાં એક સ્પેશિયલ વોર્ડ જ ખોલી આપવાનું નક્કી કર્યું છે! અમને તો હૉસ્પિટલમાં 'ફેમિલી-મેમ્બરશિપ' પણ ઓફર થઇ છે!'

'અરેરે..તમારી તબિયત તો સારી છેને?' 'મારે ય હવે ૪ અઠવાડિયાં જ બચ્યાં છે!' 'ઓહ! અચાનક શું થયું? કોઇ ગંભીર બીમારી?' તમે ચોંકી ઉઠો.

ના-ના, ૪ અઠવાડિયાં કમ્પ્લીટ હેલ્થ ટેસ્ટ કરાવવાના બચ્યાં છે. જોઇએ, હવે શું રિપોર્ટ આવે છે, કારણ કે આજકાલ વાળ ખરવાં માંડ્યાં છે ને નખ વધવા માંડ્યા છે!' એમ એ કહે ત્યારે તમે સમજી જાવ છો કે આ માણસ કમસેકમ અડધો કલાક પોતાના અંગે-અંગના એક્સ-રે નહીં દેખાડે ત્યાં સુધી નહીં છોડે. કારણ? કારણ એટલું જ કે તમે એને કેમ છો?' પૂછ્યું છેને એટલે!

ઘણા લોકો આવતાં-જતાં, હાલચાલ એમ પૂછે કે જેમ ટ્રેનમાં ફેરિયાઓ 'સીંગ-ચણા.. સીંગ-ચણા' બોલીને પસાર થઇ જાય. એમનાં 'હાઉ આર યુ?'માં માત્ર સાઉન્ડ હોય, સંવેદના નહીં. બીજી બાજુ, કોઇક આંખોમાં આંખો પરોવીને પૂછે, 'એય., તું કેમ છે? મજામાં છોને?'

ફરક એ કે દિલથી પૂછનાર 'તું કેમ છે?'માં 'તું' પર વિશેષ ભાર આપે છે. એને મન આ અખિલ બ્રહ્માંડમાં (બીજા બધાં તેલ લેવા જાય પણ!) એને માત્ર 'તું'માં, 'તમારા'માં રસ છે.. અને એ 'મજામાં છે-ને?'માં એ જે રીતે 'ને' ઉમેરે છે, એ 'ને'માં એને ખરેખર ચિંતા છે. એમના સવાલમાં વહાલ હોય છે. એમાં રેસ્ટોરંટનાં વોશ- બેસિનમાં લટકાવેલ નેપકિનને લૂછી નાખવા જેમ પૂછી નાખવાની રૂટિન વાત નથી. જ્યારે ફોર્મલ લોકો- 'તું કેમ છે?'માં 'કેમ' પર ભાર આપતા હોય છે..એમને નવાઇ એની કે હજી તું 'મજામાં કેમ'?'!

એટલે 'કઇ રીતે?' રહી શકે છે! જાણે હજી 'કેમ જીવી રહ્યાં છે?' એવું પૂછતા ના હોય. આવા લોકોના સવાલમાં જ જવાબ છૂપાયેલ હોય કે-'તું મજામાં હોય કે ના હોય, મને શું? જેમ મંગળ પર માણસ હોય કે ના હોય, મને શું? કોરિયામાં કોથમીર મળે કે ના મળે, મને શું?'

ખરેખર તો કોઇ અકારણ, કુશળ-મંગલ પૂછે એ આનંદની વાત છે...બાકી જ્યારે કોઇ પૂછવાનું જ બંધ કરશે ત્યારે દુનિયા એકલી-અટૂલી લાગશે.

***એંડ-ટાઇટલ્સ:***

***આદમ: તું કેમ છે?***
***ઇવ: થાય છે- કેમ છું?*** ■

સ્પોટ લાઈટ

મહેશ્વરી
feedback@bombaysamachar.com

# પતિ હાથ જોડી ઘરમાં બેઠા ને પત્નીને હાથ ફેલાવી કામ શોધવા આદેશ આપ્યો

બનેવી સાથે મતભેદ અને ફળસ્વરૂપે ઝઘડો થતા મને નાટક કંપનીમાંથી છૂટી કરવામાં આવી હતી. બનેવીનો સ્વભાવ અને ભૂતકાળમાં મારા પતિ માસ્તર સાથે જે અણબનાવ થયો હતો એ કારણે જ જયંત ભટ્ટની ભાગીદારીની ઓફર મેં સ્વીકારી નહોતી. અલબત્ત આમ અચાનક છેડો ફાટી જશે એવું તો મારી કલ્પનામાં પણ નહોતું. જોકે, કલ્પના અને વાસ્તવિકતામાં ઘણી વાર આસમાન - જમીન જેટલું અંતર હોય છે. હજાર રૂપિયા હાથમાં લઈ હું કંપનીમાંથી છૂટી થઈ અને બારદાનવાલા શેઠ અચાનક આવી પડેલી મુસીબત સામે સહાયની છત્રી લઈને ઊભા રહ્યા જેમની સહાયથી હું, માસ્તર અને બાળકો મુંબઈ તો પહોંચી ગયા.



ફરી પાછો એ જ સવાલ આજીવિકા માટે કરવાનું શું? આંખો ફાડી સામે આવીને ઊભો રહ્યો. એ સમયમાં એક હજાર રૂપિયા ઘણી મોટી રકમ હતી, પણ બાળકોનું ભણતર અને ઘર ખર્ચને પહોંચી વળવા નિયમિત કામ કરવું જરૂરી હતું. અને માસ્તર પાસે પણ કામ નહોતું. સંગીતના કાર્યક્રમ વગેરે નાનું મોટું કામ શરૂ કરી દીધું, પણ એક તો આ પ્રકારના કામ નિયમિત ન હોય અને બીજું આવક બહુ જ પાતળી હોય. એટલે કમ સે કમ બે ટંક રોટલા ભેગા થવા માટે પણ બીજું કશુંક કામ કરવું જરૂરી હતું. એ સમયે જોગેશ્વરી અને આસપાસના વિસ્તારમાં વધારાની આવક ઊભી કરવા મહિલાઓ વાયરની થેલી બનાવવાનું કામ કરતી હતી. નાયલોન વાયરની ગૂંથણી કરી વિવિધ આકારની થેલીઓ તૈયાર કરવાની અને એની મજૂરી મળે. એક થેલી કરો ત્યારે સવા રૂપિયો મળે. મને કામની બહુ ફાવટ નહોતી એટલે દિવસમાં માંડ બે થેલી તૈયાર કરી શકતી. અન્ય કેટલીક મહિલા ગૂંથણીમાં હોશિયાર હતી અને દિવસમાં ૪ - ૫ થેલી કરી નાખતી. નાટકમાં પાત્ર અને ઘટનાઓની ગૂંથણીથી હું ખાસ્સી ટેવાયેલી અને મને એમાં ફાવટ સુધ્ધાં હતી, પણ થેલીનું ગૂંથણકાર્ય મને બહુ ફાવ્યું નહીં. સંગીતના કાર્યક્રમ, વાયરની થેલી, ક્યારેક એકાદું નાટક... બે છેડા કેમે કરી ભેગા નહોતા થઈ રહ્યા. બચતની રકમ પણ ખર્ચાઈ રહી હતી. 'શું કરવું?' બે શબ્દનો સવાલ વીસ મણનો લાગવા લાગ્યો. એવામાં એક દિવસ મારા પતિ માસ્તર મને કહેવા લાગ્યા કે 'શું હાથ જોડીને બેસી રહી છે? જા, જઈને કોઈ કામ શોધી કાઢ.' જરા વિચાર કરો. આર્થિક મુશ્કેલીમાં જેણે સૌથી પહેલા કામ શોધવા નીકળવાનું હોય એ મારા પતિ પોતે હાથ જોડી ઘરમાં બેસી રહ્યા હતા અને મને બહાર નીકળી હાથ ફેલાવી કામ શોધવા કહી રહ્યા હતા. બે ઘડી માટે મારાથી બે હાથ ઈશ્વરને જોડાઈ ગયા કે 'પ્રભુ આ ક્યાંનો ન્યાય?' ઈશ્વરના દરવાજે ટકોરો તો મારી દીધો, પણ એનો જવાબ ક્યારે મળશે એની ખબર નહોતી, પણ મારે જ હાથ પગ ચલાવવાના છે એની મને ખાતરી થઈ ગઈ. જોકે, કામ શોધવા જવું ક્યાં એની ગતાગમ નહોતી.

અચાનક મને રંગલાલ નાયક (પ્રભાકર કીર્તિ) યાદ આવ્યા. મુંબઈમાં સૌપ્રથમ મેં એમની સાથે 'પૃથ્વીરાજ ચૌહાણ' નાટકનો ખેલ કર્યો ત્યારનો જૂનો સંબંધ. એ વખતે રંગલાલ નાયક સાંતાક્રુઝ રહેતા હતા. એમના ઘરે પહોંચી ત્યારે મને મીઠો આવકાર આપ્યો અને પહેલો જ સવાલ એ કર્યો કે 'તું ક્યાં હતી? હું અને વિનુભાઈ (વિનયકાંત દ્વિવેદી) તને શોધતા શોધતા તારા ઘરે ગયા હતા, પણ ત્યાં તો મોટું તાળું લટકતું હતું. અમે ટીવી માટે 'બોરસલ્લી' નામનો કાર્યક્રમ કર્યો હતો એમાં તને સામેલ કરવાની અમારી ઈચ્છા હતી.' વિનયકાંત દ્વિવેદીએ દૂરદર્શનના 'બોરસલ્લી' કાર્યક્રમમાં નાટકનાં જૂના ગીતો ફરી જીવંત કરી જૂની રંગભૂમિની મધુર સંગીતમય સ્મૃતિઓ તાજી કરી નાટ્ય રસિકોને રસપાન કરાવ્યું હતું. આવા સુંદર કાર્યક્રમમાં સહભાગી નહીં થઈ શકવાનો ક્ષણિક અફસોસ થયો, પણ ત્યારે તો નવું કામ મેળવવાની પ્રાથમિકતા હતી. મેં દેશી નાટક સમાજ કંપની બંધ થયા પછી હું જામનગર, લંડન, દ્વારકા જઈ નાટકો કરી આવી એની વિગતવાર વાત કરી. અને છેવટે કહી દીધું કે 'રંગલાલ ભાઈ, મારે કામ જોઈએ છે.' રંગલાલ ભાઈએ કહ્યું કે 'હમણાં વિનુભાઈ દૂરદર્શન માટે એક પ્રહસન કરી રહ્યા છે 'સંપત્તિ માટે.' એના રિહર્સલ ચાલી રહ્યા છે ત્યાં જઈ આપણે વિનુભાઈને મળીએ અને વાત કરી જોઈએ.' અગાઉ એ નાટકમાં મેં પ્રહસનમાં હિરોઈનનો રોલ કર્યો હતો એટલે એ નાટકની રગેરગથી વાકેફ હતી. હું તરત તૈયાર થઈ ગઈ. રંગલાલ ભાઈના ઘરે લગભગ ઢસડાતા પગે આવી હતી પણ નાટકમાં કામ મળશે એ આશાએ મારા પગમાં જાણે કે અચાનક એકદમ જોર આવી ગયું હોય એમ હું દોડીને રિહર્સલના સ્થળે જવા તૈયાર થઈ ગઈ. ■

## પાગલ રાજાએ 'પાગલ' બનાવ્યા

૪૫ વર્ષમાં આશરે ૧૨૫ નાટક લખનારા વ્યવસાયી રંગભૂમિના નાટ્યકાર મણિલાલ 'પાગલ'નું આખું નામ હતું મણિલાલ ત્રિભોવનદાસ ત્રિવેદી. ફક્ત ગુજરાતી પાંચ ધોરણ સુધીનો અભ્યાસ. પિતાને વ્યવસાયમાં ખોટ આવતાં જીવનનિર્વાહ માટે મુંબઈમાં એક વીશીમાં પિરસણિયાનું કામ સ્વીકારવું પડ્યું. આઠ રૂપિયાના પગારથી નાટ્ય મંડળીમાં રસોઈયાની નોકરી મળવાથી નાટ્ય પ્રવૃત્તિ નજીકથી જોવાની તક મળી. મોરબી નાટક મંડળીનાં નાટકો જોઈ યુવાન મણિલાલને નાટકનો રંગ લાગ્યો. વાંચન વધાર્યું અને સરસ્વતી નાટક સમાજમાં માસિક ૬૫ રૂપિયાના પગારે નાટક લખવાનું કામ મળ્યું. 'ભક્ત બોડાણો' નાટકમાં પ્રહસન વિભાગ લખ્યો હતો અને એ વાંચી હાસ્યરસની ભૂમિકા માટે ખ્યાતનામ મૂળચંદ 'મામા' પેટ પકડીને હસ્યા હતા. ત્યારબાદ મણિલાલ ત્રિવેદીને નાટ્યલેખક તરીકે સ્વીકૃતિ મળી હતી. કવિ મણિલાલે પ્રસંગોપાત નાટકમાં અભિનય પણ કર્યો હતો. એવું કહેવાય છે કે નાટ્યકાર મુનશી 'મહેશર'ના ઉર્દૂ નાટક 'ઝેરી છુરી'માં પાગલ રાજાની ભૂમિકામાં મણિલાલજીએ જીવંત અભિનય આપ્યો ત્યારથી પ્રેક્ષક જગતમાં 'પાગલ' તરીકે ઓળખાવા લાગ્યા હતા. એમનામાં લખવાની અને બોલવાની ખુમારી હતી. શ્રી પ્રભાત ચિત્રપટ સંસ્થાએ એમના નાટક 'સિદ્ધ સંસાર'ને આધારે 'માયા મચ્છીન્દ્ર' નામે બોલપટ તૈયાર કર્યું હતું. (સંકલિત)

સર્જકના સથવારે

રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com

# ગુજરાતી ગઝલના જનક બાલાશંકર કંથારિયા

*ગુજારે જે શિરે તારે જગતનો નાથ તે સ્હેજે*
*ગણ્યું જે પ્યારું પ્યારા એ અતિ પ્યારું*
*ગણી લેજે..*

ગુજરાતીઓના હૈયે અને હોઠ વસી ગયેલો આ શેર હવે તો કહેવત બની ગયો છે. જોકે, એના કવિ કોણ છે એની ભાગ્યે જ કોઈને ખબર છે.. આ જે ગઝલનો શેર છે એ આજથી ૧૪૦ વર્ષ પહેલાં લખાઈ હતી અને ગઝલના આદ્યકવિ બાલાશંકર કંથારિયાએ લખી હતી.

કવિની ૧૬૬મી વર્ષગાંઠ હમણાં જ ગઈ. ગુજરાતી ગઝલના જનક બાલાશંકર ઉલ્લાસરામ કંથારિયાનો જન્મ ગોવર્ધનરામ ત્રિપાઠીની સાક્ષરભૂમિ નડિયાદમાં ૧૭ મે ૧૮૫૮માં થયો હતો. આપણને ગુજરાતની ધરતી પર ઉર્દૂભાષાના પ્રથમ કવિ વલી ગુજરાતી હતા તેની જાણ નથી, પણ એ હકીકત છે. આમ ગુજરાતમાં પ્રથમ ઉર્દૂ ગઝલ અને પછી ગુજરાતી ગઝલ આવી. શરૂઆતમાં ઉર્દૂનું આધિપત્ય રહ્યું, પણ ગુજરાતી ભાષામાં સાંગોપાંગ ગઝલ કહેવાનું કામ પહેલી વખત 'બાલ' ઉપનામે લખતા બાલાશંકરે કર્યું.

બાલાશંકરને નાનપણથી કવિતામાં રસ હતો. એમણે સૌ પ્રથમ 'ભારતી ભૂષણ' સામયિક શરૂ કર્યું અને તેમાં પ્રથમ ગઝલ છાપી. આ ગઝલ ૧૯૮૫માં પ્રગટ થઈ હતી તેથી ગુજરાતી ભાષામાં ગઝલ યુગનો પ્રારંભ કહી શકાય. આ પ્રથમ ગઝલની ભાષા તે વખતના ઉર્દૂ મંડિત ભાવજગતમાંથી આવે છે, છતાં સરળતાથી સમજાય એવી છે. થોડાક શેર જોઈએ: શીર્ષક છે 'દીઠી નહીં'.

*બલિહારી તારા અંગની, ચંબેલિમાં દીઠી નહીં*
*સખ્તાઈ તારા દિલની, મેં વ્રજમાં દીઠી નહીં*
*એક દિન તે અલકાવલીમાં દીઠી'તી મુખની છબી*
*પણ ગુમ થઈ ગૈ તે ગુમાની, ત્યાર થી દીઠી નહીં*
*બાગમાં અનુરાગમાં કે પુષ્પના મેદાનમાં*
*ખોળી તને આતુર આંખે તોય મેં દીઠી નહીં*



બાલાશંકર કંથારિયા

કવિ દલપતરામ પાસેથી બાલાશંકર કાવ્યશાસ્ત્ર શીખ્યા હતા અને તેથી જ પોતાને દલપતરામના પદ-રજ-સેવક ગણાવતા હતા.

આપણાં આ પ્રથમ ગઝલકાર કવિએ ગુજરાતને ઘણું આપ્યું છે. એમણે 'કલાન્ત કવિ' નામનો કાવ્યસંગ્રહ ૧૮૮૫માં આપ્યો. વર્ષો પછી સમર્થ કવિ ઉમાશંકર જોશીએ બાલાશંકરની બધી રચનાઓનું સંપાદન કરી આ ગ્રંથને નવો જન્મ આપ્યો.એને 'ગુજરાત સાહિત્ય સભા'એ પ્રગટ કર્યો.

એ વખતના કવિઓ સંસ્કૃતના જાણકાર હતા. એમણે રાજશેખર રચિત સંસ્કૃત કાવ્ય 'કર્પૂર મંજરી', શુદ્રક રચિત 'મૃચ્છકટિક' નાટક, હરિશ્ચંદ્ર ભારતેન્દુ રચિત હિન્દી નાટક 'ચંદ્રાવળી' અને ફારસી ગ્રંથ 'દીવાન-એ-હાફિઝ' વગેરેમાંથી અનુવાદ કર્યા હતા.

બાલાશંકરની આપણે જે ગઝલ ટાંકી છે તે ગઝલ આ પ્રમાણે છે:

*ગુજારે જે શિરે તારે જગતનો નાથ તે સ્હેજે*
*ગણ્યું જે પ્યારું પ્યારાએ અતિ પ્યારું ગણી લેજે.*
*દુનિયાની જૂઠી વાણી વિશે જો દુ:ખ વાસે છે*
*જરાયે અંતર આનંદ ના ઓછો થવા દે જે.*
*કચેરી માંહી કાજીનો નથી હિસાબ કોડીનો*
*જગત કાજી બનીને તું વહોરીના પીડા લેજે.*
*કવિ રાજા થયો શી છે પછી પીડા તને કાંઈ?*
*નિજાનંદે હંમેશાં બાલ મસ્તીમાં મઝા લેજે.*

બાલાશંકરે જીવન દરમિયાન કુલ ત્રણ સામયિક શરૂ કર્યાં હતાં. 'ભારતી ભૂષણ'-'કૃષ્ણ મહોદય' અને 'ઈતિહાસ માલા'. આ ઉપરાંત એમણે 'બુદ્ધિ પ્રકાશ'નું સંપાદન કર્યું હતું. 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી'માં મંત્રી તરીકે પ્રશસ્ય કામગીરી બજાવી હતી.

*એમની બીજી જાણીતી રચના માણીએ:*

*જિગરનો ચાર જુદો તો બધો સંસાર જુદો છે.*
*બધા સંસારથી એ યાર, બેદરકાર જુદો છે*
*અરે શું જાણશે લજ્જત, પવિત્રીમાં પડી રહેતાં*
*પ્રિયાની પ્યાલીની મસ્તી તણો, કંઈ બહાર જુદો છે*
*ગણુંના રાવ રાયાને, ગણું ના આખી દુનિયાને,*
*પરંતુ જાન આ પર પ્યારીનો, અખત્યાર જુદો છે*
*ગુરુ આદેશ છે અમને અવળ પંથે પળ્યા જઈએ*
*દુનિયાથી પછી આ બાલ બેદરકાર જુદો છે*

હરીન્દ્ર દવેએ 'મધુવન'ની પ્રસ્તાવનામાં બાલાશંકર અને કલાપી પછી પાંચ મુખ્ય ગઝલકારને પાયાનું કામ કરનારા ગણ્યા છે, તે છે શયદા, સગીર, નસીમ, સાબિર અને મજનૂ. આપણે આવા પાયાના સર્જકો પાસે જઈશું. ઘાયલ સાહેબે સાચ્ચે જ કહ્યું છે:

*ભૂલી ગયા દટાયો છું*
*હુંય આ ઈમારતનો પાયો છું.* ■

સુખનો પાસવર્ડ

આશુ પટેલ
feedback@bombaysamachar.com

# આપણે બીજા જેવા શા માટે બનવું જોઈએ?

થોડા સમય અગાઉ શૂટિંગ ચેમ્પિયન માનસી સંતોષ દુબેને મળવાનું થયું. માનસી નાની ઉંમરે નેશનલ અને ઈન્ટરનેશનલ સ્તરે કેટલીય શૂટિંગ સ્પર્ધાઓમાં ભાગ લઈ ચૂકી છે. અનેક દેશોમાં શૂટિંગ સ્પર્ધાઓમાં ભાગ લેનારી માનસીએ ગયા વર્ષે ગુજરાતમાં ૫૦ મીટર રાઈફલ શૂટિંગ સ્પર્ધામાં ગોલ્ડ મેડલ મેળવ્યો હતો.

૨૧ વર્ષીય માનસીની સાથેની મુલાકાત થઈ ત્યારે મેં સહજ રીતે એને કહ્યું કે 'અભિનવ બિન્દ્રા અને મનુ ભાકરની જેમ તું પણ ઈન્ટરનેશનલ લેવલ પર ટોચ પર પહોંચજે અને શૂટિંગના ક્ષેત્રે વર્લ્ડ ચેમ્પિયન બનજે.'

એણે હસતાં-હસતાં કહ્યું: 'અંકલ, મારે બીજા કોઈ જેવા નથી બનવું, મારે માનસી દુબે જ રહેવું છે!'

મને એની એ વાત સ્પર્શી ગઈ. સામાન્ય રીતે કોઈ પણ ક્ષેત્રમાં તેજસ્વી વ્યક્તિઓ આગળ વધતી હોય છે ત્યારે વિચારતી હોય છે કે બોલતી હોય છે કે મારે આ ક્ષેત્રની ટોચની વ્યક્તિ જેવા બનવું છે (અથવા તો એ લેવલ પર પહોંચવું છે), પણ આ માનસીએ ગૌરવભેર કહ્યું કે 'હું જે છું એ જ બરાબર છું અને મારે તો હજુ મારા જ ઉચ્ચતર કક્ષાએ પહોંચવું છે!'

માનસી સાથે પછી તો બીજી ઘણી વાતો થઈ, પણ એના જવાબ પરથી મને આ લેખ લખવાનો વિષય સૂઝ્યો.

આપણે ઘણી વખત કોઈ તેજસ્વી વ્યક્તિ માટે કહેતા હોઈએ છીએ કે આ વ્યક્તિ આગળ જતાં ધીરૂભાઈ અંબાણી બનશે કે અમિતાભ બચ્ચન બનશે (અથવા તો ઇન્દિરા ગાંધી, રેખા કે દીપિકા પાદુકોણ જેવી સાબિત થશે), પણ દરેક વ્યક્તિએ પોતે જે છે એ જ બની રહેવું જોઈએ. એણે બીજા જેવા બનવાની કોશિશ ન કરવી જોઈએ. દરેક માણસે પોતાનું વ્યક્તિત્વ એવું વિકસાવવું જોઈએ કે લોકો એના પ્રત્યે આકર્ષાય.




થોડા સમય અગાઉ વિશ્વના સૌથી શ્રીમંત માણસો પૈકીના એક એવા બિલ ગેટ્સ ભારત આવ્યા હતા ત્યારે નાગપુરની મુલાકાતે ગયા હતા. એ વખતે એ 'ડોલી ચાયવાલા' પાસે ગયા હતા. અને એના હાથની ચા પીધી હતી. નાગપુરમાં સેંકડો ચાવાળાઓ હોય જ, પણ બિલ ગેટ્સે પોતાની આગવી રીતે ચા પીરસનારા ડોલી ચાયવાલા પાસે સાંભળ્યું હતું એટલે એમને એની પાસે જવાની ઇચ્છા થઈ.

કોઇ ચા વેચવાવાળો હોય, કુલી હોય, કંડકટર હોય કે પછી મજૂર, અલગ રીતે વિચારનારાઓ આગળ વધી શકતા હોય છે અથવા તો પોતે જે હોય એનાથી ખુશ રહી શકતા હોય છે.

રજનીકાંત અત્યારે દેશના અત્યંત સફળતમ અભિનેતાઓમાં પણ હકપૂર્વક ટોચનું સ્થાન ભોગવે છે. એ કર્ણાટકમાં એક પોલીસ કોન્સ્ટેબલના ઘરે જન્મ્યા હતા અને શિવાજી ગાયકવાડ નામ સાથે મોટા થયા હતા. એમને કિશોરાવસ્થાથી જ અભિનય પ્રત્યે લગાવ હતો, પણ કુટુંબની આર્થિક સ્થિતિને કારણે કુલી તરીકે કામ કરવું પડ્યું હતું અને પછી બેંગલોરમાં સિટી બસના કંડકટર તરીકે પણ નોકરી કરવી પડી, પરંતુ એ કામ પણ એમણે ખુશીથી કર્યું. બસ કંડકટર તરીકે ફરજ બજાવતી વખતે એ કામનો આનંદ માણતા હતા અને લોકોનું મનોરંજન પણ કરતા હતા. એ પોતાની અલગ સ્ટાઈલથી લોકોને ટિકિટ આપતા હતા કે પૈસા પાછા આપતા હતા. એને કારણે આગળ જતા એ અભિનેતા બન્યા અને પછી એમણે અભિનેતા તરીકે અકલ્પ્ય ઊંચાઈ હાંસલ કરી.

રજનીકાંતની જેમ બદરુદ્દીન જમાલુદ્દીન કાઝી પણ બસ કંડકટર તરીકે નોકરી કરતા હતા. એ બદરુદ્દીન જમાલુદ્દીન કાઝી તરીકે સામાન્ય વ્યક્તિની જેમ જીવન વિતાવી ગયા હોત, પરંતુ એમણે પોતાની આગવી શૈલીને કારણે લોકોનું ધ્યાન ખેંચ્યું. ઈંદોરનાં એક ગરીબ કુટુંબમાં બાર સંતાનો પૈકી એક સંતાન તરીકે જન્મેલા બદરુદ્દીનના પિતા વિવિંગ ટીચર હતા, પરંતુ તેમની નોકરી ગઈ એટલે કુટુંબે મુંબઈ રહેવા આવવું પડયું. એ વખતે બદરુદ્દીનએ મુંબઈમાં બોમ્બે ઈલેક્ટ્રીક સપ્લાય એન્ડ ટ્રાન્સપોર્ટ (બેસ્ટ)ની સિટી બસના કંડકટર તરીકે નોકરી મેળવી. જોબ દરમિયાન એ પોતાની આગવી શૈલીથી ઉતારુઓનું મનોરંજન કરતા હતા. આગળનું સ્ટોપ આવવાનું હોય એના વિશે રમૂજભરી રીતે એનાઉન્સમેન્ટ કરતા. એક વખત વિખ્યાત અભિનેતા બલરાજ સહાનીનું ધ્યાન બદરુદ્દીન જમાલુદ્દીન કાઝી પર પડ્યું. બદરુદ્દીનની પ્રતિભાને પારખીને એમણે અભિનેતા-દિગ્દર્શક ગુરુદત્તને ભલામણ કરી કે 'આ યુવાનને અભિનેતા તરીકે તક આપો.'

એ બદરુદ્દીન કાઝી એટલે પછી જોની વોકર નામથી વિખ્યાત બનેલા અભિનેતા! બદરુદ્દીને શરાબમાં ધૂત થયેલા માણસનો એવો અભિનય કરી બતાવ્યો કે ગુરુ દત્તને હસવું આવી ગયું. ગુરુદત્તે એમને કહ્યું કે આજથી તમારું નામ 'જોની વોકર.' સ્કોચ વ્હીસ્કીની બ્રાન્ડ પરથી એમણે જોની વોકરનું નામ પાડયું હતું.

સાર એ છે કે દરેક વ્યક્તિએ પોતાની આગવી ઓળખ બનાવવી જોઈએ. બીજા જેવા બનવાની કોશિશ કરવાને બદલે પોતાની જ જાતને વધુ ઉત્તમ બનાવવાની કોશિશ ચાલુ રાખવી જોઈએ. ■

આજે આટલું જ

શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com

# ઉત્તમ ભાષા દ્વિશતાબ્દી મહોત્સવ

*રણની હાલતમાં ખચિત કૈંક તો કસ લાગે છે*
*જયાં હું મૃગજળને નિહાળું છું, તરસ લાગે છે*

*મોતનો ગા નહિ મહિમા કે ક્ષણિક છે એ તો*
*જિંદગી માટે તો વરસોના વરસ લાગે છે*
*– ભિખુભાઇ ચાવડા 'નાદાન'*

આજથી ૨૦૩ વર્ષ પહેલાં એ વખતના ઉપલબ્ધ ઉપકરણો સાથે સમગ્ર એશિયા ખંડમાં પહેલવહેલા અખબારનો જન્મ થયો અને એ અખબારે ગુજરાતી નામે માતાની કુખેથી જન્મ લીધો એનો અનુગ્રહ હજી આજે પણ ગુજરાતી પ્રજાના અંતરમાંથી અવિરત વહી રહ્યો છે. મુંબઇ સમાચાર... જી હા, મુંબઇ સમાચાર એક એવું નામ જેની તવારીખની તપાસની લટાર મારતાં ધ્યાનસ્થ મનઃસ્થિતિમાં જતા રહેવાય, અત્યારના સમય અને ટેકનોલોજીની સરખામણીમાં. એ વખતે અત્યંત ટાંચા સાધનો, અવિકસિત વિચારશૈલી અને ગુલામ પ્રજાની ગિરવે મુકાઇ ગયેલી માનસિકતા સાથે અખબાર પ્રકાશિત કરવું એ વાવાઝોડાની આરતી (અનિલ જોશી) ઉતારવાથી ઓછું નહોતું. પણ સંજાણ બંદરે ઊતરેલી અને પછી ગુજરાતી પ્રજા સાથે દૂધમાં સાકરની જેમ ભળી ગયેલી એક અત્યંત ભાતીગળ, દૂરંદેશી સભર અને કરુણાથી છલોછલ પ્રજાતિનાં થોડાક ઉત્કૃષ્ટ પરિવારોમાંના એકે આ આરતી ઉતારી અને બાકીનો ઇતિહાસ મારા પરમપ્રિય વાચક! તમારી નજર સામે છે. ઇતિહાસ પણ અને વર્તમાન પણ.... 'મુંબઇ સમાચાર'ના. ક્યાંક પણ કોઇ પણ ઠેકાણે કશાય ચિતરામણા કે જાહેરાતોના ઝુલતા મિનારાઓની બોલકી ગોઠવણીઓમાં રચ્યાપચ્યા રહ્યાં વગર ૨૦૨૨માં 'મુંબઇ સમાચાર' દ્વિશતાબ્દી મહોત્સવને પોતાની હાજરીથી પરિપ્લાવિત કર્યો ભારતના વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ, અને એ દિવસે એમણે 'મુંબઇ સમાચાર ૨૦૦ નોટ આઉટ'ના ટ્રેલરનું ઉદ્ઘાટન કર્યું. અને એ ટ્રેલરની પૂરી ફિલ્મનું ઉદ્ઘાટન થયું ભારતના ગૃહ પ્રધાન શ્રી અમિત શાહ દ્વારા તા.૮ સપ્ટેમ્બર રવિવાર દોઢ દિવસના વિસર્જન અને સંવત્સરીના અતિ પવિત્ર દિવસે સાંજે ... અને આ બન્ને મહાસમયની વચ્ચેથી પોતાની જાતને અકબંધ રાખીને કેટલાક અખબારધારકો, ફિલ્મ અને નાટય સાથે સંલગ્ન મહાવિભૂતિઓ, રાજકારણ અને રાજનીતિની અતિવિશિષ્ટ પ્રતિભાઓ, સંગીત અને અન્ય કલાજગતના વિરાટ અસ્તિત્વો અને વિપુલ કર્મકાંડ કપાળ ઉપર




સજાવનાર વેપારીઓ અત્યંત ઉત્સાહપૂર્વક આ ઉજવણીમાં સામેલ થયા એના કારણમાં શું છે એ તમે જાણો જ છો છતાં કહી દેવાનું 'ડહાપણ' કરી જ નાખું-ગુજરાતી ભાષા તરફનો પ્રેમ-આદર અને વાત્સલ્ય.

અંગ્રેજી અને હિન્દી સામે પ્રાદેશિક ભાષાઓના વળતાં પાણીનો અત્યારનો કાળ એ Business Cycle નો Boom પછી Falling down પછી Depression પછી recovery નો કાળ છે એ પુરવાર કરવાનું આપણા દિલ અને દિમાગ અને હાથમાં છે. મુંબઇ શહેરના પ્રત્યેક ગુજરાતી પરિવારે ઘરમાં ઓછામાં ઓછું એક અને શકય હોય તો એક વધુ ગુજરાતી છાપું મંગાવવું જ રહ્યું, મંગાવવું જ રહ્યું, મંગાવવું જ રહ્યું. વધુમાં વધુ વીસ રૂપિયા રોજમાં આપણે આપણી મા ગુજરાતીના કેવડા રખોપા કરી શકીએ એનો તમને ખ્યાલ ખરો, મારા વહાલા વાચક!?

લગભગ પોણા કલાકના પોતાના પ્રવચન દરમિયાન અમિતભાઇએ ઘણી સુંદર ફટકાબાજી કરી અને ચાર પાંચ વખત તો બોલ સ્ટેડિયમની બહાર મોકલી આપ્યો. પણ એમના ત્રણ નિરીક્ષણને તો મારા અંગત પાયલાગણ... ૧) ભારતની લઘુમતી કોમોમાં પારસીઓની સંખ્યા ઓછામાં ઓછી છે, છતાં કયારેય કોઇ પણ આરક્ષણની માગણી પારસીઓ તરફથી ભારત સરકારને કયારેય થઇ નથી. પોતાના ઉદ્યોગો અને અન્ય વેપારી પ્રતિષ્ઠાન દ્વારા પારસીઓએ ભારતના લાખો પરિવાર માટે નોકરીઓનું સર્જન કર્યું છે. ૨) ઝાંસીની રાણીની શહીદી અને ૨૦૧૪નું સત્તાપરિવર્તન લોકો સમક્ષ મૂકનાર એકમાત્ર અખબાર છે 'મુંબઇ સમાચાર' ૩) 'બોમ્બે'માંથી નામ બદલાઇને મુંબઇ થયું એનું આંશિક શ્રેય કામાસાહેબ! તમારા 'મુંબઇ સમાચાર'ને જાય છે.

અને ગુજરાતી ભાષાનો કેવો ભવ્ય યોગાનુયોગ! ગુજરાતી ભાષાના ભવ્યાતિભવ્ય અખબાર 'મુંબઇ સમાચાર'ની ૨૦૦ વર્ષની ઉજવણી થાય ભારતના ગુજરાતી વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા અને 'મુંબઇ સમાચાર'ની યશગાથા વર્ણવતી ફિલ્મનું ઉદ્ઘાટન થાય ભારતના ગુજરાતી ગૃહ પ્રધાન શ્રી અમિત શાહ દ્વારા.... જય ગુજરાત, ભવ્ય ગુજરાતી...

આજે આટલું જ.... ■

ટ્રાવેલ + પ્લસ


કૌશિક ઘેલાણી
feedback@bombaysamachar.com

# મધ્ય પ્રદેશનું અદ્ભુત જંગલ કાન્હા રાષ્ટ્રીય ઉદ્યાન

## ચાલો કરીએ ડોકિયું ભારતના સહુથી ખૂબસૂરત જંગલમાં!










કુદરતને સમર્પિત થઈને કુદરત જે આપે એ જ લઈએ એવી ભાવના કેળવીને વગડો ખૂંદવા નીકળી પડીએ તો મનને સ્પર્શે એવો અખૂટ આનંદ પામી જ શકીએ. કોઈ મોટી આશા, કલ્પના કે ગૂગલમાં દરિયામાં ખોજ કર્યા વિના માત્ર જે જોઈશું એ નવું અને આનંદદાયક જ હશે એવું ધારીને નીકળીએ તો નિસર્ગ કલ્પના બહારનો આનંદ દરેક જનોનાં ખોળામાં ધરી જ દે છે. દુનિયાભરનાં કુલ વાઘોની સંખ્યામાંના ૮૦% ઉપરની સંખ્યા જેટલા વાઘ ભારત દેશ ધરાવે છે એમાં પણ મધ્ય પ્રદેશને તો વાઘની રાજધાની તરીકે જ ઓળખવામાં આવે છે. મધ્ય પ્રદેશનાં જંગલો જીવનનાં અવનવા પાઠ શીખવે તેટલા સમૃદ્ધ અને જીવંત છે. જંગલ એ એવી બુક છે જે વાંચો તો ગમતા વિષયો મળે જ.

જંગલથી સારો મિત્ર,માર્ગદર્શક કે પછી જીવનની રાહ ચીંધનાર ગુરુ બીજો કોઈ હોઈ જ ન શકે. રખડી જુઓ અલગારી માફક જંગલના રસ્તે, નિહાળી જુઓ ગેલ કરતા વાંદરાઓને, તાકી જુઓ પક્ષીઓના સામાજિક જીવનને, અનુભવી જુઓ હરણાંઓની નિર્દોષ મસ્તી અને સાવચેતીને અને પછી તમે જાતે જ અનુભવી શકશો કોઈ જ શાળા ન શીખવે એ બધું જ જંગલ શીખવે છે. હું જંગલમાં જતા પહેલા સાવ અધીરો અને અજ્ઞાની હતો પણ ધીરે ધીરે મને જંગલે અને અહીંના જીવોએ ઘડ્યો અને ગંભીર બનીને પાછો આવ્યો.

મધ્યપ્રદેશમાં જબલપુરથી આશરે ચારેક કલાકનાં અંતરે આવેલ કાન્હા રાષ્ટ્રીય ઉદ્યાનને હું ભારતનાં બધા જ જંગલ કરતા સુંદર જંગલ તરીકે ઓળખું છું. કાન્હા નેશનલ પાર્કનો ઉલ્લેખ અમૃતલાલ વેગડની નવલકથા ''તીરે તીરે નર્મદા'', ધ્રુવ ભટ્ટની નવલકથા ''તત્વમસિ'' અને એ સિવાય ઘણી બધી ચોપડીઓમાં વાંચ્યો ત્યારથી ઈચ્છા પ્રબળ હતી કે કાન્હા વનને જોવું અને માણવું. એમના શબ્દોમાં આ જંગલ વિષે લખાયું એ કરતા પણ વધુ સમૃદ્ધ જંગલને પામ્યો. કાન્હા વન સાથે પ્રાચીન કથા વાર્તાઓ અને પ્રસંગો પણ જોડાયેલા છે. શ્રવણ અને દશરથ રાજાની વાર્તા પણ આ સ્થળ સાથે જ જોડાયેલી છે.

સાતપુડા રેન્જમાં આવેલ આ જંગલ એક અલગ જ ખૂબસૂરતી ધરાવે છે, અહીં આવનાર દરેક મુલાકાતી પોતાની આંખો અને મનને પ્રકૃતિથી તરોતાજા કરીને જાય છે. કાન્હા ઝોનથી શરૂઆત કરીને હું સીધો શ્રવણ તાલ ગયો. શ્રવણ તાલ રામાયણનાં રાજા દશરથ સતાહે જોડાયેલું તળાવ છે. અહીં એક નર વાઘ પોતાનો ઇલાકો સંભાળીને રહે છે. કાન્હાની વિવિધ સફરમાં મારી મુલાકાત છોટા મુન્ના, સંગમ, નૈના, બજરંગ અને જુનિયર બજરંગ સાથે થઇ. આ દરેક વાઘો અહીંના જાણીતા અને મુલાકાતીઓના માનીતા વાઘો છે. ગગનચુંબી સાલના વિશાળ જંગલમાં વાઘ સિવાય હું એક સાથે ત્રણ અલગ અલગ રીંછને મળ્યો ત્યારે મને એના મોજીલા સ્વભાવનો ખરો પરિચય થયો.

રીંછ એકલું ફરવા ચાલ્યું હાથમાં લીધી સોટી એ કવિતાના



શબ્દો માનસપટ પર તાજા થઇ ગયા. પાણીનાં નાના પોઇન્ટ પાસે ભગવા રંગનાં હવામાં કરતબ કરતા દૂધરાજને ખૂબ જ નજીકથી મન ભરીને નિહાળ્યા. વાંદરાઓની તો વાત જ ન પૂછો. આખા જંગલનો ઠેકો જાણે એમણે જ લઇ રાખ્યો હોય એમ જ્યા જુઓ ત્યાં મળી જ જાય એ પણ અલગ અલગ મુદ્રાઓમાં. અહીંયા જોવા મળતા વાંદરાઓને હનુમાન લંગુર તરીકે ઓળખવામાં આવે છે. મસ્તીખોર સ્વભાવ પણ સાવ સચેત રહીને વાઘ અને દીપડાઓ પર નજર રાખે જેથી હરણને જીવના ખતરા વિષે માહિતગાર કરી શકે. જંગલ એકમેકનાં સહકારથી જ જીવંત છે એવું આ પ્રાણીઓનાં રોજિંદા વર્તનને નિહાળીને સ્પષ્ટપણે સમજી શકાય. જંગલ દરેક મોડ પર અચંબામાં મૂકી દે એવી ઘટનાઓથી ભરેલું હોય છે. અહીં ઝાડ પાર બેઠલ કપિરાજ વાઘ કે દીપડા પર નજર રાખી રહ્યા છે જેથી એ જમીન પર રહેતા તેમના મિત્રો સાંભર અને ચિત્તલને ચેતવણી આપતી કોલ આપી શકે. તેઓ એકબીજાંને પરસ્પર આ રીતે મદદ કરીને કુદરતમાં જીવન ટકાવી રાખવા માટે સતત સંઘર્ષ કરતા જ રહે છે છતાં તેઓ કિલ્લોલ કરતા રહે છે. સામાન્ય રીતે વાંદરાઓ ઊંચાઈ પરથી દૂરનું જોઈ શકે છે અને સાંભર તથા ચિત્તલ પોતાની ઘ્રાણેન્દ્રિય થકી સૂંઘીને અંદાજ લગાવી શકે છે. તેઓ એકબીજાને ચેતવણી આપીને મિત્રતા નિભાવે છે... છે ને જંગલની વાર્તાઓ રસપ્રદ?

આ જંગલ કાન્હા, કિસલી, સરહી અને મુક્કી એમ ચાર ઝોનમાં વહેંચાયેલ છે. આ જંગલ શિયાળામાં તો એક અલગ જ અનુભૂતિ આપે છે. બધા જંગલમાં વાઘની આશા લઈને લોકો જતા હોય છે પણ અહીં આવ્યા પછી વાઘ ના મળે તો પણ કોઈ નિરાશ થઈને જતું નથી. આ જંગલ જ એક અલગ પ્રકારના તરંગો મનમાં છોડી જાય છે. કાન્હાનું મુખ્ય આકર્ષણ સહુથી મોટી ઉંમરનો વાઘ મુન્ના હતો પણ હવે કમનસીબે ઉંમરનાં કારણે મુન્નાને પ્રાણી સંગ્રહાલયમાં રાખવામાં આવ્યો હતો અને ત્યાં જ તેણે અંતિમ શ્વાસ લીધા.

મુન્નાને કાન્હાના બફર ઝોનમાં એક વખતે નદીના પટમાં જોયો હતો ત્યારે તે ઉંમરના લીધે જંગલ છોડી ચુક્યો હતો અને ગામના પાલતુ પ્રાણીઓ પર નભતો હતો. એ પછી ઉંમરના કારણે શિકાર નહિ કરી શકવાના કારણે સુરક્ષા ખાતર એને ભોપાલ વનવિહાર પ્રાણી સંગ્રહાલયમાં મુકવામાં આવ્યો હતો. કિસલી ઝોનમાં સંદૂકખોલ નામની વાઘણે મુન્નાનાં બચ્ચાઓને ઉછેરીને જંગલને ઠેર ઠેર ત્રાડથી ગજવી મૂકે એટલા સક્ષમ બનાવ્યા.

હું એટલું ચોક્કસ કહીશ કે જે લોકો જંગલ નથી જતા એ લોકો ડિઝનીલેન્ડ જઈને પણ જીવનમાં ઘણું ગુમાવે છે. હું જંગલ જાઉં એટલે મને વાઘ તો મળે જ છે એ સિવાય એવી વિરલ ઘટનાઓનો હું સાક્ષી બન્યો છું જે ભાગ્યે જ હું ભવિષ્યમાં પણ જોઈ શકીશ. જંગલથી મોટી કોઈ જ શાળા નથી, પ્રકૃતિથી મોટો કોઈ જ ગુરુ નથી.

જંગલના દરેક સજીવ તત્ત્વોને પ્રથમ વાર જોયા અને જાણ્યા પછી જાણે મને એવું જ લાગ્યું કે કોઈ વૃક્ષ પણ મારી સાથે બેસીને બે ઘડી વાતો કરે છે તો ક્યારેક કોઇક પક્ષી પોતાની કળા મને બતાવે છે. એ અલગ જ વિશ્વના નિઃસ્વાર્થ જીવોની દુનિયામાં ગયા પછી હું હંમેશાં કોલાહલમાં આવીને તેઓનો સાથ ઝંખું. તેઓ ખરેખર અચરજ પમાડે તેવા જ હોય છે. જંગલ આખું જ એક રહસ્ય છે. આવી ચર્ચાઓમાં મને ખૂબ જ રસ પડે અને મને કોઈ કહે કે જંગલની વાર્તા માંડ તો તો હું ઝાલ્યો ન રહું. મને છેલ્લાં ઘણાં વર્ષોથી જંગલમાં અચરજ પમાડે તેવા અનુભવો થયા છે. આપનાં બાળકોને પ્રકૃતિ સાથે વાતો કરવાની પ્રેરણા આપો. ચોક્કસ એના પર કુદરતનો રહેમ આપોઆપ ઊતરી આવશે અને જીવનનાં શ્રેષ્ઠ પાઠ એ ખૂબ સરળતાથી શીખી શકશે. માત્ર બાળકો જ નહિ પણ ખરા આનંદને ઝંખતા દરેક જનોએ જંગલ છાશવારે જવું જ જોઈએ. કુદરતથી વિશેષ આ સૃષ્ટિમાં કશું જ નથી અને હોઈ જ ન શકે. ■

ટેક વ્યૂહ

વિરલ રાઠોડ
feedback@bombaysamachar.com

# સાદી સમજ ને સરળ વિચારનું પરિણામ એટલે આઈકોનની ક્રાંતિ

**માઈલસ્ટોન કહી શકાય એવો ચેન્જ વર્ષ ૨૦૦૧માં આવ્યો. વિન્ડોઝ એક્સપી એટલું સફળ ગયું કે હજુ પણ એની ચર્ચા કરવા બેસીએ તો ગ્રંથ બની જાય. જે રીતે આસ્થાના અજવાળાની આવરદા લાંબી હોય છે એમ એક્સપીએ જોરદાર કામ આપ્યું.**

વીજગતિથી પસાર થતા ડિજિટલ યુગમાં લેપટોપ કે કમ્પ્યુટરને સામાન્ય ગણવામાં આવે છે. દુનિયાના કોઈ ક્ષેત્રનું ભાગ્યે જ કોઈ એવું કામ હશે, જે કમ્પ્યુટર કે લોપટોપ વગર થતું હશે. ગણતરીથી લઈને ગેમ્સ રમવા સુધી અને ઈ-મેલ કરવાથી લઈને ઓનલાઈન ઓર્ડર સુધીની તમામ વસ્તુમાં જે માધ્યમ છે એ કમ્પ્યુટર અથવા લેપટોપ રહ્યું છે. સિસ્ટમથી ઓળખાતા આ ડિવાઈસમાં જેના હેઠળ તમામ કામ થાય છે એનું નામ છે 'ઑપરેટિંગ સિસ્ટમ' (OS). આ ઑપરેટિંગ સિસ્ટમમાં સમયાંતરે જે ફેરફારો આવ્યા એ નવા નવા ડિવાઈસમાં કે સિસ્ટમમાં સર્વસ્વીકૃત બન્યા. જેમ કોઈ પણ પુરાણમાં શિવને સર્વસમાવેશ માનવામાં આવ્યા છે એમ ઑપરેટિંગ સિસ્ટમ દરેક એપ્લિકેશન કે પ્રોગ્રામને રન કરવા માટે જરૂરી માધ્યમ બની રહ્યું છે. સર્વોત્તમ હોય એને જ સ્વીકૃતિ મળે એ રીતે વિન્ડોઝની આખી સિરીઝ દુનિયાભરના કમ્પ્યુટર કે લેપટોપમાં દૈનિક ધોરણે મોટા મોટા પ્રોજેક્ટને સાચવી રહી છે.

કમ્પ્યુટરની દુનિયાનો એક વિરાટ ઈતિહાસ છે એ જ રીતે એમાં સૌથી પહેલા નજર ચડતા આઈકોનની એક આખી રંગીન અને રોમાંચક દુનિયા છે.

વર્ષ ૧૯૮૫થી ૧૯૮૭ સુધીના સમયગાળામાં ડિસ્ક ઑપરેટિંગ સિસ્ટમ (DOS)નો આખો દૌર હતો. આ એ સમયની વાત છે, જ્યારે 'માય કમ્પ્યુટર' જેવા આઈકોન સિમ્બોલિક ધોરણે હતાં. હા, એ જ સિમ્બોલ જેને અત્યારે વર્લ્ડ કે નોટપેડ જેવી એપ્લિકેશનમાં એક બોક્સમાંથી લેવામાં આવે છે. પેઈન્ટ એપ્લિકેશનમાં અત્યારે પી કેપિટલ અને બ્રશ જોવા મળે છે એ સમયે બ્રશ ટ્રે દેખાતી હતી.



આ પછી જે વૈવિધ્ય આવ્યું એમાંથી ક્રાંતિના બીજ રોપાયા. કલરમાં જે પરિવર્તન આવ્યું એની નોંધ વિશ્વએ લીધી. કમ્પ્યુટરનો ઈતિહાસ એવું કહે છે કે, દુનિયાના પહેલા કમ્પ્યુટરમાં કોઈ આઈકોન જ ન હતા. આ શોધ પછી થઈ અને પરિણામ આપણા સૌની નજર સમક્ષ છે. વિન્ડોઝના ઘણા એવા કોન્સેપ્ટ પરથી મોબાઈલ એપ્લિકેશનના ગ્રોથમાં મોટી મદદ મળી.

ટાઈમલાઈન પર થોડા આગળ વધીએ. વર્ષ ૧૯૯૦માં સિમ્બોલ જેવા દેખાતા અને આઈકોન મનાતા આ નાનકડા ચિત્રમાં રંગ પુરાયા. નોટપેડના સિમ્બોલમાં ઓરિજિનલ જાણે નોટપેડ પડી હોય એવું ડિજિટલી ફીલ થયું. વર્ચ્યુઅલ અને ડિજિટલની દુનિયાની મર્યાદા એ છે કે, જે તે વસ્તુને સ્ક્રિન પર જોઈ શકાય, માણી શકાય પણ એને અડીને સ્પર્શ ન કરી શકાય.

વિન્ડોઝ ૩.૦ ૧૬ કલર ડિસપ્લે આઈકોન સાથે અપડેટ આવી હતી. 32x32ની સાઈઝમાં આવતા ડિફોલ્ટ આઈકોનમાં એક અલગ મજા પણ હતી. અમુક નિષ્ણાતો આ લૂકને ૩ડી લૂક માની બેઠા હતા. દુવા આપો સુશાન કરે નામના ગ્રાફિક ડિઝાઈનરને જેણે આઈકોનના બેઝિક સ્ટ્રક્ચરનો પાયો નાખ્યો. અત્યારના સમયે મોબાઈલ તથા કમ્પ્યુટર સિસ્ટમમાં જે આઈકોન દેખાઈ રહ્યા છે એના પાયામાં આ વ્યક્તિનું યોગદાન છે. એ પણ કલર કોમ્બિનેશનના લૂકઆઉટ સાથે. આ ગ્રાફિક્સ ડિઝાઈનર સુશાન કરેએ એ જ વાત દિમાગમાં રાખી અને તેને અમલમાં મૂકી. સરળ સમજ અને સર્વસ્વીકૃતિ. બિઝનેસ ઓફિસ એપ્લિકેશનની અહીંથી શરૂઆત થઈ. એક જ વર્ષના સમયગાળામાં આ જ આઈકોન વધારે ટૂંકાક્ષરી માહિતી સાથે આવ્યા. ૧૬ કલર રેશિયોની મર્યાદા પાર થતા એમાં રિયાલિસ્ટિક લાગે એવા રંગોએ સ્થાન લીધું. માઈલસ્ટોન કહી શકાય એવો ચેન્જ વર્ષ ૨૦૦૧માં આવ્યો. વિન્ડોઝ એક્સપી એટલું સફળ ગયું કે હજુ પણ એની ચર્ચા કરવા બેસીએ તો ગ્રંથ બની જાય. જે રીતે આસ્થાના અજવાળાની આવરદા લાંબી હોય છે એમ એક્સપીએ જોરદાર કામ આપ્યું. સંપૂર્ણપણે નવા ગ્રાફિક્સ, આઈકોન્સ અને સાવ સામાન્ય જ્ઞાન ધરાવતો વ્યક્તિ પણ કમ્પ્યુટરને સરળતાથી સમજી શકે એવા સરળ અને સ્પષ્ટ આઈકોનથી આખી દુનિયા બદલાઈ ગઈ. આ તમામ ગ્રાફિક્સ ૩ડી હતા.

આઈકોનના અપગ્રેડેશન પાછળ જેટલી જરૂરિયાત હતી એની સાથે ક્રિએટિવિટીએ જાણે મોરપંખ ખોલ્યા હોય એવી સુંદરતા માણવા મળી. સિદ્ધિના શિખર સુધી પહોંચેલી ઑપરેટિંગ સિસ્ટમમાં ૧૬.૭ મિલિયન આઈકોનિક કલર્સ આપવામાં આવ્યા હતા. આ તમામ કલર્સ આઈકોન માટે અને એની નીચે આવતા નામ માટે કસ્ટમાઈઝ કરી શકાય એમ હતા. અગાઉની સિસ્ટમમાં એ મર્યાદા હતી. મેજિક થયું હોય એવું લાગે પણ એની પાછળ જરૂરિયાતના લોજિકની લંબાઈ વધારે હતી, મજબૂત હતી. વર્ષ ૨૦૦૭માં વિસ્ટા વર્ઝન આવ્યું. આ ઑપરેટિંગ સિસ્ટમને ભલે કેટલાક નિષ્ણાતો નિષ્ફળતાનું ઉત્પાદન માનતા હોય પણ એના ગ્રાફિક્સ અને આઈકોન હજુ પણ એક રિસર્ચનો વિષય બને એટલા ઊંડા અને દિમાગને નહીં આંખને યાદ આવે એવા છે. એરો ઈન્ટરફેસ અને રિયાલિસ્ટિક ટચ એ આ અપડેશનની મુખ્ય ખાસિયત હતી. એક્ઝેટ મેચ, કલર્સ અને ટ્રાંસપેરન્સીનો એવો ટચ હતો કે, દુનિયાએ એના પરથી આઈકોન બનાવવાનું તો આવું જ બનાવવું એવું વગર કોઈ પાઠશાળાએ શીખી લીધું. જ્યારે વિન્ડોઝ-૮ માં બધું પેનલિંગ થઈ ગયું એટલે આઈકોનની દુનિયા નાની થઈ ગઈ અને ટેક્સ્ટ-ડેટાએ વાવટા ફરકાવી દીધા. કલર ગ્રાફિક્સની દુનિયા મસ્ત રંગીન છે અને હતી પણ મેમરીની મર્યાદાને કારણે એક નવી ચીપસેટ બનાવવાની જરૂર પડી. એ સેટ એટલે આજનું ગ્રાફિકકાર્ડ. ■

## આઉટ ઓફ ધ બોક્સ

***વર્ષ ૧૯૯૮માં પહેલી સ્માર્ટવોચ ડિઝાઈન થઈ હતી. સ્ટીવ મેન નામના કેનેડિયનને એનો જનક માનવામાં આવે છે. આ જ શોધને પાયો માની હર્મનવાન ડેનબર્ગે દુનિયાની પહેલી સિમકાર્ડવાળી સ્માર્ટવોચ બનાવી.***

ઈકો-સ્પેશિયલ

જયેશ ચિતલિયા
feedback@bombaysamachar.com

# ભારત મેન્યુફેક્ચરિંગ હબ ક્યારે બની શકશે?

**દેશને મેન્યુફેકચરિંગ હબ બનાવવાનું લક્ષ્ય તો સરકારે બનાવી લીધું છે, પરંતુ આ માર્ગનાં ચઢાણ કપરાં છે- પડકારો અનેક છે. આ અવરોધો પાર કરવા નીતિવિષયક સુધારાની નક્કર શ્રેણી પણ ઘડવી પડશે.**



ભારતને મેન્યુફેકચરિંગ હબ બનાવવાનું સપનું સાકાર કરવા મોદી સરકાર મચી પડી છે, પણ આ મંઝિલ બહુ દૂર છે એ પણ નક્કી.

ચીન ઉત્પાદનમાં હાથી છે અને બીજા કેટલાંક વાઘ-સિંહ પણ છે તેમ છતાં ભારતની ઉપેક્ષા થઈ શકશે નહીં, કારણ કે ભારત પાસે સંભાવના વિશાળ છે.

પહેલા તો ચીન સાથે ભારતે હરીફાઈમાં ઊતરવું પડશે. એ પછી ચીનથી આગળ વધવાની વાત આવશે. હજી તો ભારતે હરીફાઈમાં ઊતરવાની શરૂઆત કરી છે. ઈન્ફ્રાસ્ટ્રકચરની દષ્ટિએ પણ ભારત હજી ઘણું પાછળ છે. આમ છતાં ભારત માટે આ મિશન ઈમ્પોસિબલ તો નથી. નારાયણ મૂર્તિની મતમાં દમ છે...

થોડો વખત પહેલાં જ વિખ્યાત સાહસિક અને આઈટી મેન નારાયણ મૂર્તિએ (ઈન્ફોસિસ) એ ઉત્પાદનના વિષયમાં કહ્યું હતું કે 'મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રમાં ભારત ગ્લોબલ લીડર બનશે, એ ચીનને પણ પાછળ રાખી દેશે આમ કહેવું વધુ પડતું છે. કમનસીબી નહીં, બલકે કમ્બખ્તીની વાત એ છે કે ભારતમાં જાહેર વહીવટમાં રિસ્પોન્સ સમય, પારદર્શકતા, જવાબદારી, ગતિ અને ઉત્કૃષ્ટતા-ગુણવત્તા જેવી અનેક બાબતમાં હજી ઘણો સુધારો લાવવાનો બાકી છે...'

સરકાર ભલે એવો દાવો કરે છે કે દુનિયામાં ભારત દેશ ઝડપથી ગ્લોબલ મેન્યુફેક્ચરિંગ હબ તરીકે ઊભરી રહ્યો છે, પરંતુ મૂર્તિનું આ નિવેદન વિચારવા મજબૂર કરે છે. એમણે મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રમાં ચીન સાથે હરીફાઈ કરવાની ભારતની ક્ષમતા વિશે પણ સવાલ ઉઠાવ્યો છે. ભારત માટે 'મેન્યુફેક્ચરિંગ હબ' જેવા શબ્દોનો ઉપયોગ કરવો એ પણ એક પ્રકારનું દુઃસાહસ છે. દેશમાં મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રમાં વિકાસ માટે સરકારની ભાગીદારી અને જાહેર વહીવટમાં સુધારો લાવવો અનિવાર્ય છે. ચીન તો પહેલેથી જ મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રમાં દુનિયાની ફેક્ટરી બની ચૂક્યું છે.

દુનિયાની સુપરમાર્કેટ્સમાં અને ઘરોમાં ઉપયોગમાં લેવાતો લગભગ ૯૦ ટકા માલ ચીનમાં બનેલો હોય છે. 'ચીનમાં લોકો કામ કરે છે, આપણી જેમ ચર્ચાઓ નથી કરતાં' એવું મહેણું મારતા નારાયણ મૂર્તિએ વધુમાં ઉમેર્યું હતું કે ભારત માટે ગ્લોબલ મેન્યુફેક્ચરિંગ હબ બનવાનું સપનું સાકાર કરવું હજી બહુ જ દૂરની વાત છે, જેમ આઈટી ઉદ્યોગ વધારે નિકાસથી સમૃદ્ધ થાય છે તેમ મેન્યુફેક્ચરિંગ ક્ષેત્ર ઘરેલુ યોગદાન અને સરકારી સમર્થન પર બહુ નિર્ભર રહે છે.

મૂર્તિના કહેવાનુસાર ઉદ્યોગસાહસિકોએ બજારનું મૂલ્યાંકન કરતાં શીખવાની જરૂર છે.

ભારતે જબરદસ્ત પ્રયાસ ચાલુ રાખવા જોઈશે.

ખેર, મૂર્તિસાહેબના વિચારોને ધ્યાનમાં લેવાય તો પણ એ સત્ય છે કે ભારત આ દિશામાં મક્કમ પ્રયત્નોમાં લાગી ગયું છે. એણે સપનું જોયું છે તો સાકાર પણ કરશે. ભારતે ૨૦૪૭ સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનવાનું લક્ષ્ય પણ બનાવ્યું છે. આ માટે ભારતે દોડ તો લગાવવી જ પડશે. હા, એ ખરું કે ભારત સામે પડકારો અનેક છે, જ્યારે તકો સીમિત છે. ચીન અને પાકિસ્તાન કરતાં ભારતના દુશ્મનો ભારતમાં જ વધુ છે. આવામાં ભારતે આવો પડકાર હાથમાં લીધો, લક્ષ્ય બનાવ્યું એ પણ ઓછી હિંમતની વાત નથી. આમાં પ્રજા સહિત વેપાર-ઉદ્યોગનો સાથ-સહયોગ પણ એટલો જ જરૂરી બને છે.

અલબત્ત, ભારતની વેપાર-ઉદ્યોગ માટેની તેમ જ લેબર પૉલિસી પણ એટલી જ મહત્ત્વની ભૂમિકા ભજવશે. સરકારના લેટેસ્ટ નિર્ણયો તાજેતરમાં કેન્દ્ર સરકારની કેબિનેટે કેટલાંક ઉદ્યોગલક્ષી નિર્ણયો લીધા છે, જે ભારતને ઉદ્યોગ ક્ષેત્રે આગળ ધપાવવાની દિશામાં લઈ જનારા છે. આમ તો કેન્દ્ર સરકારે 'મેક ઈન ઈન્ડિયા'ની ઝુંબેશ કયારની શરૂ કરી દીધી છે, પરંતુ તેનું મેકિંગ હજી અધૂરું લાગે છે. સરકારે ઉત્પાદન ક્ષેત્રને વેગ આપવા કેટલાંક ક્ષેત્રોમાં ઉત્પાદન લિન્કડ પ્રોત્સાહન (પીએલઆઈ) પણ અમલમાં મૂકી છે.

જોકે હજી તેનું અપેક્ષિત ફળ મળી રહ્યું નથી. અહીં મહિનાઓમાં પરિણામની અપેક્ષા રખાય નહીં. સરકારે ૧૦ રાજયમાં ૧૨ ઈન્ડસ્ટ્રિયલ સિટી વિકસાવવાની જાહેરાત સાથે રૂ.૨૮ હજાર કરોડની ફાળવણી પણ નક્કી કરી છે.

આ ઉપરાંત ઈન્ડસ્ટ્રિયલ ટાઉન્સ સાથે રેલવે લાઈનને જોડવા રૂ.૧૮ હજાર કરોડ પણ ફાળવ્યા છે. આ સાથે સરકારે ડિજિટલ કૃષિ મિશન, ફૂડ સિક્યુરિટી, કૃષિ શિક્ષણ, હોર્ટિકલ્ચર ડેવલપમેન્ટ, નેચરલ રિસોર્સિસ મેનેજમેન્ટ વગેરે પ્રોજેકટસનો સમાવેશ કર્યો છે. જોકે, આ પ્રયાસ હજી બહુ સીમિત ગણાય. વધુમાં ડિફેન્સ ક્ષેત્રે પણ સરકારે તાજેતરમાં જ દોઢ લાખ કરોડ જેટલી કિંમતના સંરક્ષણ સાધનો ભારતીય કંપનીઓ પાસેથી જ ખરીદવાની જાહેરાત કરી છે.

ડિફેન્સ ક્ષેત્રે જે રીતે ભારત સ્વનિર્ભરતા તરફ આગળ વધી રહ્યું છે તે ભારતના મક્કમ ઈરાદાની પ્રતીતિ કરાવે છે. હજી ઘણાં નક્કર પ્રયત્નો આવશ્યક અહીં એક વાત એ પણ ધ્યાનમાં લેવી જોઈએ કે ચીનની ચોક્કસ નીતિઓને કારણે ઘણી વિદેશી કંપનીઓ ચીનને બદલે ભારતની પસંદગી કરી રહી છે. 'એપલ' સહિત કેટલાંક નામાંકિત ઉદાહરણો હાજર છે.

જોકે ભારતે પોતે આ મામલે સતત સુસજ્જ કરતા રહેવાની જરૂર છે. ખાસ કરીને રાજકીય સ્થિરતા, કામદાર ધારાના સુધારા, વિશ્વાસનું વાતાવરણ, બિઝનેસ કરવાનું સાચા અર્થમાં સરળ બને એવા નીતિ-નિયમો, સ્કિલ્ડ વર્કર્સ ફોર્સ, વગેરે જેવાં પરિબળ નકકર સ્વરૂપે જોઈશે. માત્ર પ્રોજેકટસ મંજૂર કરવાથી અપેક્ષિત પરિણામ મળવા મુશ્કેલ છે.

અલબત્ત, સરકારના ઈરાદા- ઉદ્દેશ સાથે મહેનત બુલંદ રહેશે તો લાંબે ગાળે આ સપનું ૨૫-૫૦ ટકા પણ સાકાર થવાની આશા જરૂર રાખી શકાશે. ■

સન્ડે ધારાવાહિક

અનિલ રાવલ
feedback@bombaysamachar.com




'અને તું...તું ભોપાલમાં તારી ગર્લફ્રેન્ડનું મર્ડર કરીને આવ્યો છોને..તારી સાથે નાટકોમાં કામ કરતી હતી....લગ્નની ના પાડી...બ્લેકમેઇલ કરવા લાગી.' ચંદને મનમાં ધૂંધવાઇ રહેલી વાત મુકી. વહેલી સવારે રેલવે સ્ટેશને મૂકવા જતી વખતે બબલુએ બંને વચ્ચે થયેલી વાત ચંદનને કરી દીધી હતી.

******************

'ચંદન, તુને બતાયા નહીં...મેં ઔર વો તુમ્હારા એક્ટર એક હી ટેક્સી કે મુસાફિર થે.'

'ક્યા મતલબ?' ચંદને પૂછ્યું.

'વો ભોપાલ મેં ઉસકી ગર્લફ્રેન્ડ કા મર્ડર કર કે આયા હૈ.'

'નહીં નહીં વો ભોપાલ સે યહાં એક્ટર બનને આયા હૈ...મેરી રૂમમેં રેન્ટ પે રહેતા હૈ.'

'જુઠ બોલા તુમસે....બડા એક્ટર હૈ...મૈં ભી બડા કલાકાર હું...સોને કી એક્ટિંગ કર કે રાતભર જાગતા રહા...ભરોસા નહીં સાલ્લા પુલીસવાલા નિકલે.' બબલુની વાત સાંભળીને ચંદન સમસમી ઉઠ્યો. બબલુને ટ્રેનમાં ચડાવ્યા પછી સીધો ઘરે જઇને અભિને કાંઠલેથી ઝાલીને સચ્ચાઇ ઓકાવવાની ઇચ્છા થઇ. બીજી સેકન્ડે બસ્તા શેઠને સોંપી દેવાનો વિચાર આવ્યો. ત્રીજી સેકન્ડે એણે બસ્તા શેઠને કિસ્સાથી વાકેફ કરવાનું વિચાર્યું. એ જ ઇરાદે એ બસ્તા શેઠના ઘરે ગયો, પણ કોઇ કારણસર એ કાંઇ કહી શક્યો નહીં....એણે અભિને રાતે દારૂ પીવડાવીને વાત કરવાનું નક્કી કર્યું.

************************

'હા, મેં મર્ડર કર્યું છે' અભિ છાતી પર હાથ ઠોકતો બોલ્યો....પછી ખડખડાટ હસીને આગળ બોલ્યોઃ પણ સ્ટેજ પર. નાટકોમાં અભિનય કરતી વખતે મેં ઘણા ખૂન કર્યા છે....ને એક સાથી કલાકારે મારું પણ મર્ડર કર્યું છે. રંગમંચ પર અભિનય કરવાની આ જ તો મજા છે. ચંદન, સાચું કહું...હું બબલુની અસલિયત જાણવા ખોટું બોલ્યો હતો.' અભિએ મંચ પર અભિનય કરતી વખતે લે એવો પોઝ લીધો.....પછી સંવાદ બોલતો હોય એવી છટાથી બોલ્યો' પણ સારું થયું એની અસલિયત ઉઘાડી...સાથે તારું અસલી સ્વરૂપ પણ બહાર આવી ગયું. દોસ્ત, રાતે બબલુ સાથે વાત કરનારો એ હું નહતો, મારો અભિનય હતો....હું એક્ટિંગ કરતો હતો.' ચંદન હબક ખાઇ ગયો...એને ખયાલ ન રહ્યો કે અભિના ચહેરા પરથી મુખવટો ખેંચી કાઢવા જતા પોતાની સાચી ઓળખ છતી થઇ ગઇ. એ ખુદ ઉઘાડો પડી ગયો. 'ચંદન, તું ભલે ટેક્સી ચલાવે, પણ તારો અસલી ધંધો બીજો જ છે. શેનો ધંધો છે.?' અભિએ ચંદનના ખભા પર હાથ મુક્યો. અભિનો આ સવાલ ચંદનની ઉલટતપાસ નહતી...એની દુનિયામાં ડોકિયું કરવાનો પ્રયાસ હતો. એક અદાકાર તરીકે ચંદનમાં જીવતા અન્ય એક પાત્રને જાણવા-સમજવાની કોશિશ હતી. એથી જ તો એ મંચ પર નિતનવાં પાત્રોને જીવી બતાવતો. આમ તો ચંદનનું મૌન ઘણુબધું કહી આપતું હતું, પણ અભિને શબ્દોનો સાથ જોઇતો હતો. એ ચંદન સાથે સંવાદ ઇચ્છતો હતો.....ચંદનના મોંએથી આખીય દાસ્તાન સાંભળવાના ઇરાદે એણે બે પેગ બનાવ્યા...ચીઅર્સ કહીને ગ્લાસ ચંદનને આપ્યો ને ચંદનમાં ધબકતું અન્ય એક પાત્ર બહાર આવ્યું. એણે પેગ પૂરો કર્યો ત્યાં સુધીમાં પોતાના ધંધાની અચકાતા...ડચકાતા....ખચકાતા આખી વાત કહી દીધી. અભિની આંખોમાં વિસ્મય હતું ને ચંદનની આંખોમાં નશો. અભિ વિચારવા લાગ્યો કે રંગભૂમિ સાથે ચંદનનો કોઇ નાતો ન હોવા છતાં ચંદન એક અનોખું કિરદાર છે ને અદાકારી અદ્ભુત છે. સાચો કલાકાર તો ચંદન છે.

'પણ તું સીમાને આ વાત નહીં કહેતો પ્લીઝ. સીમા નિર્દોષ છે...એ આમાં ક્યાંય સંડોવાયેલી નથી.' ચંદને અભિના બે હાથ પકડીને વિનંતી કરી. અભિ મનોમન ખુશ થયો. એણે જાતે જ અભિની શંકા દૂર કરી આપી હતી. જોકે અભિને ઊંડે ઊંડે થયા કરતું હતું કે સીમાની આમાં કોઇ ભૂમિકા નહીં હોય.

'સાલ્લા એક્ટર, તેં મને વધુ પીવડાવીને બધું ઓકાવી નાખ્યું. સાંભળ, સીમાને ખબર પડવી નહીં જોઇએ...નહીંતર તારી ખેર નથી.' ચંદને ઊભા થતા કહ્યું. જોકે અભિને આવી તાકીદની કે ધમકીની જરૂર નહતી....એ સીમા જેવી સરળ ને સૌમ્ય છોકરીના લગ્નજીવનમાં ભંગાણ પડે એવું ઇચ્છતો નહતો. જોકે ચંદન આ રહસ્ય સીમાથી ક્યાં સુધી છુપાવી શકશે...આ વિચાર એને વ્યથિત કરી ગયો.

***************

ચંદન સીમાએ અટકાવી રાખેલા દરવાજાને સહેજ હડસેલીને રૂમમાં પ્રવેશ્યો. ચંદનની સુવાસ ઝંખતી સીમાએ છાતી પરથી સાડીનો પલ્લુ હટાવ્યો. દારૂની દુર્ગંધ સીમાની નિકટ પહોંચી...પણ સીમાને એની પરવા નહતી...એની છાતી ધમણ બની. સ્પર્શની પ્રતીક્ષા કરતા શરીરની તડપ તેજ બની. ચંદન એની બાજુમાં સરક્યો.

'કાલે સવારે વહેલા ઊઠીને જવાનું નથીને?' સીમા પાછલી રાતનું સાટું વાળી દેવા બેતાબ હતી.

જવાબમાં નસ્કોરાંનો અવાજ આવ્યો. સીમાએ પલ્લુને છંછેડ્યો નહીં. એની હિમઅંગારા ભરી આંખો ક્યાંય સુધી છતને તાકતી રહી.

******************

**'સંઘર્ષ ઔર શિસ્ત...હમ કલાકારોં કી સફલતા તય કરતા હૈ.' રાખ ઓઢીને પોઢેલા અંગારાને એક ફૂંકની જરૂર હતી. શીલા ફૂંક મારીને જતી રહી.**

સવારે સોનેરી સૂર્યનાં કિરણો અભિના બારણા પર ટકોરા દેતાં બેઠા હતા. અભિને જગાડવાની કોશિશમાં બારીની તિરાડમાંથી ચળાઇને છેક એની પથારી સુધી લાંબા થયા, પણ એની આંખ કેમેય ખુલતી નહતી...એણે ચૂંચી આંખે રિસ્ટ વોચમાં જોયું અને ચૌબેજીનો સ્ટિરિયોફોનિક અવાજ પડઘાયો. 'રિહર્સલ મેં રોઝ આના પડેગા...ચાહે રોલ હો યા ના હો.' એ ચાદર ફગાવીને ઊભો થઇ ગયો. દરેક સવાર એક નવી તક લઇને ઊગે છે. માત્ર એ તકને પારખીને ઝડપી લેવાની હોય છે. એણે બારી ખોલી....ને.... કિરણોનું એક આખું ઝુંડ કોકરવર્ણો તડકો બનીને રૂમમાં પ્રવેશ્યું. એણે બારીમાંથી બહાર નજર કરી. સીમા હાથમાં ચાનો કપ લઇને આવી રહી હતી. બારણે બે ટકોરા પડ્યા. અભિએ દરવાજો ખોલ્યો.

'ચા.' સીમા હસતે મોંએ બોલી.

'અરે... તમે આવી તકલીફ ન લો પ્લીઝ.'

'એમાં તકલીફ શાની? અમારા માટે ચા મૂકવાની જ હતીને'

'કોઇ મારા માટે આટલું બધું કરે એ મને નહીં ગમે પ્લીઝ.'

'કાલથી નહીં આપું બસ.'

અભિએ ચાનો કપ લઇને થેન્ક યુ કહ્યું. સીમા ઉતાવળે નીકળી ગઇ.

********************

અભિ એક્ટર્સ અડ્ડાની પ્રિમાઇસમાં જ આવેલા નાનકડા એક્સપેરિમેન્ટલ થિયેટરમાં મોડો પહોંચ્યો. દરવાજો ખોલતા જ અંદર ધસી ગયેલા પ્રકાશથી ચીડાયેલા ચૌબેજીએ અભિને જોઇને બૂમ મારી.

'ગેટ આઉટ...દેર સે આનેવાલોં કે લિયે મેરે પાસ કોઇ જગહ નહીં હૈ.' અભિને ચૌબેજીના અતરંગી મિજાજનો ફરી પરચો મળી ગયો. એણે ઝડપથી દરવાજો બંધ કર્યો. હકીકતમાં અભિએ પોતાને મળેલી તકનો દરવાજો જાતે જ બંધ કર્યો હતો...ચૌબેજીની નાટ્ય સંસ્થામાં પ્રવેશવાની તકનો દરવાજો....ફિલ્મલાઇનમાં કારકિર્દી બનાવવાનો દરવાજો બંધ કર્યો હતો. મોડા ઉઠવાના પસ્તાવા સાથે બહાર જઇને ગૂમસૂમ બેસી રહ્યો. ચૌબેજીના ગુસ્સાનો પડઘો એના કાનમાં સતત પડઘાતો રહ્યો.

લગભગ એકાદ કલાક બાદ શીલા બહાર નીકળી..એણે અભિની સામે જોયું. આછું સ્મિત કર્યું ને કેન્ટિનમાંથી ચા લઇને અંદર જતી રહી. કદાચ ચૌબેજી માટે હશે....ચૌબેજી બહાર આવ્યા હોત તો મળીને સોરી કહી દેત. અભિ લમણે હાથ દઇને બેસી રહ્યો. અંદાજે એકાદ કલાક પછી બહાર આવેલી શીલા સીધી અભિ પાસે ગઇ.

'ચાય પીઓગે?' અભિ કાંઇ જવાબ આપે તે પહેલા જઇને બે કપ ચા લાવી. એક કપ અભિ માટે ટેબલ પર કપ મૂકતા બોલીઃ સંઘર્ષ ઔર શિસ્ત. યે દો સ્ટેપ્સ હમ કલાકારોં કી સફલતા તય કરતા હૈ.' શીલાના આ શબ્દો અભિની અંદર સોંસરવા ઊતરી ગયા. રાખ ઓઢીને પોઢેલા અંગારાને એક ફૂંકની જરૂર હતી....શીલા ફૂંક મારીને જતી રહી.

સાંજે પાંચેક વાગ્યે થિયેટરમાંથી ચૌબેજીના કલાકારોનો ખિલખિલાટ કરતો કાફલો રિહર્સલ પતાવીને બહાર આવ્યો. સૌથી છેલ્લે નીકળેલા ચૌબેજીની સાથે શીલા અને રિયાઝ હતાં. ત્રણેય બેઠાં કે તરત જ અભિએ જઇને સોરી કહ્યું. 'સર, આગે સે કભી ઐસા નહીં હોગા.'

'જહાં શિસ્ત નહીં હૈ....તરક્કી નહીં હૈ. પહેલા દિન થા ઇસલિયે માફ કરતા હું.' ચૌબેજીનું વાક્ય પૂરું થયું ને અભિ એમની પગે પડી ગયો.

********************

'એક્ટર્સ અડ્ડામાંથી નીકળીને અભિ નાઝ કમ્પાઉન્ડમાં પહોંચ્યો. નીચે જ એને અકબર પીઆર મળી ગયો.

'થેન્ક યુ...મને ચૌબેજીના ગ્રુપમાં એન્ટ્રી મળી ગઇ.' અભિએ ખુશી વ્યક્ત કરી.

'બસ, ત્યાં ટકી રહેજે....તારો નંબર લાગી જશે...પહેલા નાટક ને પછી સિનેમા.'

'હા, મારું ડ્રીમ સિનેમા જ છે...ડ્રીમ સિનેમાસ્કોપ.' અભિએ સિનેમાના વિશાળ પડદાને બતાવતો હોય એમ બે હાથ પહોળા કર્યા.

'ઇન્શા અલ્લાહ.' અકબર બોલ્યો.

'તમે ટંડન સરને મળવા જાઓ છો.?' અભિએ પૂછ્યું.

'ના, મારી પોતાની ઓફિસ છે. ચાલ, તને બતાવું.' અભિને આટલું જ જોઇતું હતું. બંને બીજે માળે આવેલી અકબરની ઓફિસમાં ગયા. અકબર એને ખૂણાના એક ટેબલ પાસે લઇ જઇ બોલ્યોઃ 'આ મારી ઓફિસ'.

'ઓહ...તો બાકીની આ બધી જગ્યા.?' અભિએ પૂછ્યું.

'મહિન્દર મોહન કરીને એક નિર્માતા-દિગ્દર્શક છે...એમની છેલ્લી બે ફિલ્મો બોક્સ ઓફિસ પર પીટાઇ ગઇ. મારો એમની સાથેનો વરસોનો સંબંધ. હું એમની પબ્લિસિટી મફત કરું ને એ મને એના બદલામાં ટેબલસ્પેસ વાપરવા આપે.....બાકી મુંબઇમાં આટલી જગ્યા કોણ આપે.?'

અભિને સીમા યાદ આવી ગઇ. કદાચ એણે મદદ ન કરી હોત તો ફૂટપાથ રહેવું પડત.

'શું વિચારે ચડી ગયો?' અકબરે પૂછ્યું.

'તમે પ્લીઝ મહિન્દર મોહનને મારી ભલામણ કરજોને.' અભિએ વાત ઉપજાવી કાઢી.

'અરે હજી પીટાઇ ગયેલી ફિલ્મોની કળ તો વળવા દે...એમાંથી ઊભા થાય પછી બીજી ફિલ્મ બનાવશેને.' અકબરે કહ્યું.

'તમારી દુઆથી જરૂર ઊભા થઇ જશે....હું ટંડન સરને મળી લઉં' કહીને અભિ ઊભો થયો.

'એ નથી ઓફિસમાં....કાલે મળશે.' અકબરે કહ્યું.

'ચલો, આજ નહીં કલ સહી.' અભિ બોલીને રવાનો થયો.

********************

અભિ રૂમ પર પહોંચ્યો એની થોડીવારમાં જ ચંદન એને મળવા ગયો. ચંદનના ચહેરા પરથી એ થોડો ગંભીર લાગ્યો.

'મારે એક વાત કહેવી છે' એ બોલ્યો.

પાછલી રાતની કોઇ અધૂરી વાત હશે એવું ધારીને એણે માત્ર એટલું કહ્યુંઃ 'બોલ.'

'મારો એક દોસ્ત આવે છે.....એક રાત રૂમમાં રહેશે' ચંદન બોલ્યો. (ક્રમશઃ)■

આકાશ મારી પાંખમાં

કલ્પના દવે
feedback@bombaysamachar.com

# ભલે પધાર્યા પ્રભુ

(ભાગ-૨)

હોસ્પિટલના ડોક્ટર અગ્રવાલની ટ્રીટમેન્ટ હેઠળ જન્મેલા નંદિતા અને પ્રકાશના પુત્રની પ્રીમેચ્યોર ડિલીવરી થઈ હતી અટલે ડોક્ટર અગ્રવાલે એ બાળકને તુરંત ઈન્ટેન્સિવ કેરમાં મુકી દીધો હતો. અત્યંત નાજુક તબિયતના એ બાળકની સાર સંભાળ લેવાની સંપૂર્ણ જવાબદારી એની મમ્મી નંદિતાએ સ્વીકારી હતી.

નંદિતાએ પુત્રનું નામ પાડ્યું, કિસન.

કિસનના માથે હાથ ફેરવતા,મનને મક્કમ કરતાં નંદિતાએ કહ્યુ હતુંઃ-મારા લાલ, મારા કિસન, જે સ્વરૂપે આપ પધાર્યા છો, પ્રભુ, આપનું સ્વાગત છે. હું તારી જનેતા છું, તને શ્રેષ્ઠ રીતે ઉછેરીશ. ગમે તે સંઘર્ષ વેઠવા પડે પણ હું કયારેય હિંમત નહીં હારું.

તો, બીજી તરફ નંદિતાને મૂંઝવણ હતી કે, નાજુક બાળકને કેવી રીતે પકડું ? એને કેવી રીતે સ્તનપાન કરાવું ?

પ્રસૂતિના ત્રીજા દિવસ પછી પગના ઢીંચણ નીચે ઓશિકું ગોઠવીને મારા શિશુને શ્રમ ન પડે તેમ હું દૂધ પીવડાવતી. તેના બરોડના મણકા ખૂબ નાજુક હતા, એનું ખાસ ધ્યાન રાખવાનું નર્સે સમજાવ્યું હતું.

તેર દિવસ સુધી લોઅર પરેલમાં આવેલી વેલવર્થ હોસ્પિટલમાં કિસનને ઈન્ટેન્સિવ કેર યુનિટમાં રાખવામાં આવ્યો. ઘરે આવ્યા પછી નંદિતાએ શાળામાં એક વર્ષની કપાત પગારે રજા મૂકી દીધી. આ કોમલાંગ દિવ્યાંગ બાળક જ એના જીવનનો આધાર છે. એનો શ્રેષ્ઠ ઉછેર કરવાનો છે.

આમ જોઈએ તો નંદિતા ઘરના કોશેટામાં પુરાઈ ગઈ. પણ, દૃઢ મનોબળ ધરાવતી નંદિતા એ પણ જાણતી જ હતી કે આ બાળક એક વર્ષનો થશે તો પણ પોતાના પગ પર ઊભો રહી શકશે નહીં, ચાલી શકશે નહીં. આ વિકલાંગતાને કારણે મારો ખોળો પણ નહીં ખૂંદી શકે. નંદિતાએ મનોમન નિર્ધાર કર્યો કે બેટા, હું તારી મા છું, કયારેય હિંમત નહીં હારું.

એનો કિસન સાત મહિનાનો થયો ત્યારે તેને સખત તાવ આવ્યો, એના બંને પગ જકડાઈ ગયા. પ્રકાશ અને નંદિતાએ તરત જ ચાઈલ્ડ સ્પેશિયાલીસ્ટ ડો. વિજય માથુરની એપોઈંટમેન્ટ લીધી. નંદિતાનું હૈયું ફફડી રહ્યું હતું.એણે મનોમન પ્રાર્થના કરી- હે, પ્રભુ મારા કિસનની રક્ષા કરજે.

ડોકટરે કહ્યુઃ તમારા બાળકનો માનસિક વિકાસ ધીમો છે, શારીરિક રીતે પણ અશક્ત છે. સ્પેશીયલી ચેલેન્જડની સંસ્થામાં તમારે ટ્રીટમેન્ટ કરાવવી જોઈએ.



મેન્ટલી ચેલેન્જડ હોસ્પિટલમાં ડો. ફિરોઝ ભગતે કિસનને તપાસતાં કહ્યું- તમારું બાળક સિરેબ્રલ પાલ્સીના રોગથી પીડાય છે. આનો શ્રેષ્ઠ ઉપચાર મહાલક્ષ્મીની ઓર્થોપેડીક હોસ્પિટલમાં થાય છે. તમને કેસહીસ્ટ્રીની માહિતી આપતો પત્ર આપું છું.

નંદિતા વિચારમાં પડી, હે ભગવાન, કેટ કેટલા ડોકટર પાસે જવું પડશે ?

નંદિતાએ પ્રકાશ સામે ચિંતાતુર થઈને જોયું. પ્રકાશે કહ્યુઃ નંદિ, યુ આર એ બ્રેવ મોમ. આ પણ કસોટી છે. આપણા કિસનને કંઈ નહીં થાય. ગોડ ઈઝ વીથ અસ.

નંદિતાએ વિચાર્યું કે આ તો સંઘર્ષની શરૂઆત છે. હજુ તો અનેક સંઘર્ષ ઝીલવાના છે. હું જનેતા, મારા કિસનની, શ્રેષ્ઠ જનેતા થઈશ. હિંમત નહીં હારું. હું એની બેસ્ટ ટ્રીટમેન્ટ કરાવીશ. મારા જીવની જેમ સાચવીશ. એને ભણાવીશ, એને પગભર બનાવીશ, જેથી એને કોઈની દયા પર જીવવું ન પડે.

પછી તો કિસનની ટ્રીટમેન્ટ ચાલુ થઈ. નંદિતા અને પ્રકાશે કિસનના શ્રેષ્ઠ ઉપચાર-ઉછેર માટે બીજું સંતાન નથી કરવું એવો સહિયારો નિર્ણય લીધો.

ત્રણ વર્ષનો કિસન હવે ઘૂંટણિયા તાણી શકતો, ઊભા રહેવાનો પ્રયત્ન કરતો પણ થોડી વારમાં થાકી જતો.તેના હાથની પકડ મજબૂત ન હતી. રમકડું પકડે પણ એક મિનિટમાં જ પડી જાય. હવે તે આપેલી સૂચના સમજતો હતો.

કિસનને સંગીત સાંભળવું ગમતું, એ મમા સાથે ગાવાનો પ્રયત્ન કરતો. ટી.વી પર આવતાં બાળકોના પ્રોગ્રામ જોતો. એને કૌન બનેગા કરોડપતિ જોવું ખૂબ ગમતું. પછી કહેતો ડેડી, મારે કરોડપતિ થવું છે. આવી મીઠી વાણી સાંભળીને નંદિતા અને પ્રકાશ ખુશ થઈ કિસનને ભેટી પડતા.

નંદિતાએ પોતાના ઘરમાં જ પ્લેગ્રુપ શરૂ કર્યું. સ્પેશિયલી ચેલેન્જડ બાળકોના શિક્ષણ વિષે અભ્યાસ કર્યો જેથી કિસનને પણ ઘરે ભણાવી શકે.

મુંબઈના પશ્ચિમ પરામાં આવેલી વી.ડી.ઈંડિયન સોસાયટી ફોર મેન્ટલી ચેલેન્જ સ્કૂલમાં કિસન ગયો. નંદિતાને પ્રથમ મુલાકાતમાં જ સ્કૂલના ડાયરેકટરે કહ્યું- આ તો પ્રભુની પ્રસાદી છે કે તમે ઈશ્વરદત્ત બાળકની પૂજા કરો છો. તમારો કિસન ખૂબ પ્રતિભાશાળી છે. હું અહીં આવતા દરેક વાલીઓને કહું છું- તમારું બાળક જેવું છે, એનો સ્વીકાર કરો.એના વિકાસ માટે સતત પ્રયત્ન કરો. એ પણ સમાજનું એક અંગ છે.એમ સમજી એને સમાજમાં ભળવા દો.

નંદિતાએ એક વાર મોટો નિર્ણય લીધો. બેંગલોરની હોસ્પિટલમાં જઈને કિસનનું ઓપરેશન કરાવ્યું. તે કાખઘોડીની મદદથી ચાલતો થયો. એક વાર ચૌદ વર્ષના કિસને કહ્યું- મમા મારે ટ્રેનમાં બેસી કાકાને ઘરે અંધેરી જવું છે.

તારે જવું હોય તો એકલો જા. કયાં સુધી મારા આશ્રયે કામ કરીશ. તારે જાતે જ પ્રવાસ કરતાં શીખવાનું છે. મમાએ કહ્યુ.

કિસન તો જવા તૈયાર થઈ ગયો. મમા હું કાકાના ઘરે પહોંચીને ફોન કરીશ. નંદિતાના મનમાં છૂપો ડર તો હતો. ટ્રેનમાં ચઢવું, ઊતરવું એને નહીં ફાવે પડી જશે તો ? છતાં કિસનમાં આત્મવિશ્વાસ કેળવવો જરૂરી હતો. ધડકતે હૈયે કહ્યું- સારું હું તને લોકલ ટ્રેનમાં બેસાડી દઈશ. પછી તારી જાતે ટ્રેનમાંથી ઊતરીને કાકાના ઘરે પહોંચીને મને ફોન કરજે.

કિસનને ટ્રેનમાં બેસાડીને નંદિતાએ અંધેરીમાં રહેતા મનિષભાઈને ફોન કરી દીધો કે તમે કિસનને સ્ટેશન પર લેવા જાઓ. પણ, એ દિવસે કિસનને ખાતરી થઈ કે હું મારી જાતે પ્રવાસ કરી શકું છું.

કિસન એસ.એસ.સી.માં ૭૮ટકા મેળવીને પાસ થયો. નેશનલ કોલેજમાં સ્પેશિયલ કેટેગરીમાં સાયંસમાં એડમિશન લીધું. હોમિયોપથીની કોલેજમાંથી ડોકટર થયેલો ડો.કિસન એક સેવાભાવી અને બાહોશ ડોકટર છે.

માતૃહૃદયની તપસ્યા અને સંઘર્ષ સામે ઝઝૂમનાર નંદિતાના આ શબ્દો સાર્થક થયા- ભલે, પધાર્યા પ્રભુ. ■

કેન્વાસ
અભિમન્યુ મોદી
feedback@
bombaysamachar.com

# સ્ત્રી સંપૂર્ણ સુરક્ષિત હોય એવો જગતમાં કોઈ ખૂણો ખરો?



જાહેર માન્યતા પ્રમાણે જો સૌથી જૂનો વ્યવસાય વેશ્યાવૃત્તિનો હોય તો સૌથી પહેલો ગુનો પણ બળાત્કારનો હોવો જોઈએ. મનુષ્યની અંદર રહેલી આ સહજ જન્મજાત વિકૃતિ છે. જેના દામ લાગે એને મફતમાં ઝડપી લેવાની વૃત્તિ. એ વૃત્તિને દુર્બુદ્ધિનું બળ મળે એટલે ગુનો બને. માણસ વાંદરામાંથી મનુષ્ય બન્યો પણ બળાત્કારનો ગુનો ન બદલાયો. બળાત્કારની ઘટના વાંદરા પ્રજાતિમાં પણ જોવા મળે છે. બળાત્કારની વૃત્તિ માણસના લોહીમાં પરાપૂર્વથી વહે છે. પેઢી દર પેઢી આનુવંશિક દુર્ગુણરૂપે બળાત્કાર પ્રસરતો રહ્યો છે.

મનુષ્યસમાજ એવી કોઈ સિસ્ટમ શોધી શક્યો નથી, જેના લીધે સરેરાશ મનુષ્યના મનના ઊઠતા વિકારોને શમાવી શકાય. બળાત્કાર કરવાની ઊઠતી ઈચ્છાને દાબી શકાય એવા સંસ્કાર પુરુષમાં રોપી શકાતા નથી. માટે જ દર કલાકે દેશમાં અને દરેક મિનિટે દુનિયામાં ક્યાંક ને ક્યાંક બળાત્કાર થતા રહે છે, જેમાંથી ૯૦ પ્રતિશતથી વધુ અત્યાચારો પુરુષો દ્વારા સ્ત્રીઓ ઉપર થાય છે.

કોલકાતામાં થયું. બેંગલૂરુમાં થયું. મહારાષ્ટ્રમાં થયું. જઘન્ય કિસ્સાઓ બનતા રહે છે આ આપણા દુર્ભાગ્ય છે. થોડા વર્ષો પહેલા હૈદરાબાદમાં એક વેટરનરી ડોક્ટર ઉપર અમાનુષી અત્યાચાર થયો હતો. જાનવર કરતાં પણ બદતર એવા હલકા ચાર આરોપીએ સામૂહિક બળાત્કાર કરીને એ મહિલાને બાળી મૂકી હતી. અપરાધીઓ ઝડપાયા અને કેસ હજુ કોર્ટ સુધી પહોંચે-ન્યાય તોળાય એ પહેલાં જ તેલંગણા પોલીસે અપરાધીઓનું એન્કાઉન્ટર કરી નાખ્યું. આવા રાક્ષસો જે સજાને લાયક હતા એવી જ સજા એમને ઈન્સ્ટંટ-તાબડતોબ મળી. કોર્ટના ધક્કા, પોલીસ કસ્ટડીમાં જલસા, આરોપો ને પ્રતિઆરોપો, રાષ્ટ્રપતિ પાસે યાચિકા અરજી વગેરેમાં જે વર્ષો જાય એના કરતાં પોલીસે બંદૂકની ગોળીથી ફેંસલો લાવી દીધો, પણ દરેક કેસમાં આવું થતું નથી.

વિશ્વ આખામાં સૌથી વધુ છૂટછાટ ધરાવતો અને એબ્સોલ્યુટ ફ્રીડમમાં માનતો હોય તેવી છાપ બધાના મનમાં સફળતાપૂર્વક ફેલાવનાર દેશ એટલે અમેરિકા. આ જગત જમાદાર દેશે મિડલ-ઈસ્ટના દેશોથી લઇને અફઘાનિસ્તાન લગી દાયકાઓ સુધી લશ્કરી દખલગીરી કરી છે અને પોતાના કાયમી મિલિટરી બેઝ સ્થાપ્યા છે. જગતની ટોપ-૩માં આવતી સૌથી શક્તિશાળી આર્મી ધરાવતા અમેરિકાના લશ્કરની ક્રૂર હકીકત એ છે કે ઈરાક અને અફઘાનિસ્તાનની જમીન ઉપર અમેરિકન સ્ત્રી સૈનિકને પહેલો ખતરો દુશ્મનની ગોળીનો નહિ, પણ પોતાના જ સહસૈનિક પુરુષ અમેરિકન સૈનિક તરફથી રહેતો. જેટલી અમેરિકન સૈનિક સ્ત્રીઓને ગોળી નથી વાગી તેનાથી વધુ વખત અમેરિકન સોલ્જરો દ્વારા એમના પર બળાત્કારો થયા છે.

સૌથી વધુ મોર્ડન-લિબરલ ગણાતા દેશના નાગરિકોની જો આ હાલત હોય તો આફ્રિકા કે નાઉરુની વાત શું કરવી? આપણા દેશમાં વર્ષો પહેલા ઉન્નાવમાં એક સ્ત્રી ઉપર બળાત્કાર થાય છે અને તેમાં સંડોવાયેલા આરોપી બળાત્કારો સમાજમાં એક ચોક્કસ માન મરતબો ધરાવે છે. કહેવાતા ધર્મસ્થાનોમાં દિવસો સુધી ગેંગરેપ થયા કરે છે અને વિકૃતિની આપણને પરાકાષ્ઠા જેવા-જાણવા મળે છે.

એ ખાસ યાદ રાખજો કે આ બધા એ સમાચાર છે જે બહાર આવે છે અને આપણા સુધી પહોંચે છે. બાકી દર કલાકના કેટલા બળાત્કારો થાય છે તેના આંકડા આપણને સૌને ખબર છે. હવે નિરક્ષરતા ઘટતી જાય છે. મહદ અંશે બધા પ્રાથમિક શિક્ષણ મેળવીને બેઠા છે. સમાજના કહેવાતા મોભીઓ, નેતાઓ કે પ્રતિષ્ઠિત વ્યક્તિઓ પણ બળાત્કારી બની શકે છે ત્યારે વિચારવાનું એ રહ્યું કે માનવસમુદાય તરીકે આપણે સદંતર નિષ્ફળ નીવડ્યા છીએ. આવા નરાધમો માટે તો રાક્ષસ કે દાનવ શબ્દ પણ ટૂંકો પડે. (વાંચો આપણા શાસ્ત્રો, દાનવો આટલા બધા ખરાબ હતા ખરા?)

આપણા દેશમાં આટઆટલા મંદિરો-સ્થાનકો-દેરાસરો-મસ્જિદો-ગુરુદ્વારાઓ-ચર્ચ જેવા અનેક ધર્મસ્થાનકો મોટી સંખ્યામાં હોવા ઉપરાંત સાધુ-સંતો-ઓલિયા-ફકીરોની મોટી ફોજ હોવા છતાં કેમ સમાજની વધતી જતી આ બીમારીમાં કેમ બ્રેક નથી લાગતી? સોશિયલ મીડિયા, ગ્લોબલ પ્લેટફોર્મ માણસને કોઈને કોઈ રીતે જ્ઞાન આપે છે. દુનિયા નાની બનતી જાય છે શરમના માર્યા પણ વ્યક્તિને ખરાબ કામ કરતાં અટકાવે છે-તો ય કેમ ઇન્ટરનેટની સ્પિડ કરતાં વધુ ઝડપે વિકૃતિ પ્રસરી રહી છે?

આવા બનાવ સતત બનતા રહે પછી એ સ્વીકારવું રહ્યું કે આપણે શોધેલી બધી વ્યવસ્થા અને સંસ્થાઓ નિષ્ફળ નીવડી છે. એજ્યુકેશન સિસ્ટમ સરિયામ ફેઈલ ગઈ છે. બાળઉછેર હોય કે સંસ્કાર સિંચન-કશું સફળ નથી.

જાહેરમાં ફાંસી આપવાના પ્રયોગો અમુક આરબ દેશોમાં થયા. શું ત્યાં ક્રાઈમ રેટ અટકી ગયો? ચાઈના-અમેરિકા જેવા દેશોમાં કાયદાઓ ખૂબ કડક થયા, ત્યાં શું સ્ત્રીઓને સમાન હકો આદર સાથે મળવા મંડ્યા? નિર્ભયા જેવા રેપ-મર્ડરના અત્યંત ઘૃણાસ્પદ કિસ્સાઓ બંધ થવાનું નામ નથી લેતા. કેમ? કારણ કે પ્રજામાં ખૌફ નથી કે બળાત્કાર કરશું તો આ સિસ્ટમ જિંદગી દોજખ કરી નાખશે.

વીસેક લાખ જેટલી જર્મન સ્ત્રીઓ પર બળાત્કાર સીતેર વર્ષ પહેલા જ પાંચેક વર્ષના ગાળામાં આપણા એશિયનો દ્વારા થયા હતા. દર ત્રીજો સાઉથ આફ્રિકન પુરુષ રેપિસ્ટ છે એવું સત્તાવાર આંકડા કહે છે.

આટલું જાણ્યા પછી આપણે કહી શકશું જગતનો કયો ખૂણો એવો છે જ્યાં સ્ત્રીને સંપૂર્ણ સુરક્ષા, પૂર્ણતયા હકો અને પૂરતા માન-સમ્માન-આદર મળે છે?! ■

વલો કચ્છ
પૂર્વી ગોસ્વામી
feedback@
bombaysamachar.com

# કચ્છના ભવ્ય અને કલાત્મક વારસો ધરાવતા જૈન પંચતીર્થ



અબડાસાના સુથરી ગામનો એક કિસ્સો છે, કિવંદતી અનુસાર મેઘજી શાહે સમગ્ર જ્ઞાતિને માટે યોજેલ જમણવાર પ્રસંગે ધાર્યા કરતાં વધારે લોકોનું આગમન થતાં શ્રાવકશૈલી અનુસાર ઘીના પાત્રમાં પાર્શ્વનાથજી ભગવાનની પ્રતિમા મૂકીને પોતાની લાજ રાખવા વિનંતી કરી અને કોઈ અલૌકિક ચમત્કારથી એ રસોઈ અણખૂટ બની ગઈ. ધૃત એટલે કે ઘીના કલ્લોલો (તરંગો)થી જૂથને આનંદ એટલે કે કલ્લોલ કરાવ્યો હોવાથી એ મૂર્તિ 'ધૃત કલ્લોલ' પાર્શ્વનાથ તરીકે ઓળખાઈ. એ પછી મેઘજી શેઠે આ પ્રતિમા જ્ઞાતિને સોંપી દેતાં સંવત ૧૮૮૩માં નૂતન જિનાલયની શિલારોપણ વિધિ સંપન્ન થઈ. આજથી ૧૮૦ વર્ષ અગાઉ સંવત ૧૮૯૬માં વૈશાખ સુદ સાતમના તેની સ્થાપના કરવામાં આવી હતી જે પંચતીર્થીનું મુખ્ય અને અબડાસા પંચતીર્થીનું પૈકીનું એક એટલે સુથરીનું કલાત્મક અને ભવ્ય જૈન દેરાસર તરીકે પ્રસિદ્ધ છે. જૈનો માટે કચ્છ એ અતિ પવિત્ર તેમજ યાત્રાના સ્થળ તરીકે અનન્ય મહત્ત્વ ધરાવે છે. સંવત્સરી પ્રસંગે કચ્છના પંચતીર્થીઓ વિષે વાત કરવાનું જરૂરથી મન થઇ જાય! એનું કારણ છે કે કચ્છ અને કચ્છ બહાર વસતા લોકોમાં જૈનોની પંચતીર્થીનું મહત્ત્વ ખૂબ છે.

જખૌ બંદરની ભૂમિ પરનું જૈન દેરાસર મોટી પંચતીર્થી પૈકીનું એક શોભનીય યાત્રાધામ સમાન છે. ઊંચું અને વિશાળ દેરાસર સંવત ૧૯૦૫ના માગસર સુદ પાંચમના બંધાયું હતું. ૧૭૧ વર્ષ જૂનું મહાવીર સ્વામીનું આ ભવ્ય અને શોભાયમાન જિનાલય નવ શિખરબદ્ધ દેરાસરોની ટૂંકોથી સુશોભિત જખૌ મંદિરનો ઝુમખો 'રત્ન ટૂંક' તરીકે ઓળખાય છે. સંવત ૧૯૬૭માં અહીં ચોમુખીજી જિનાલય પણ બંધાયું હતું. કચ્છના કુશળ કારીગરોની કલાકારીગરીના ઉત્તમ નમૂના રૂપ આ ભવ્ય જિનાલયમાં સૌથી વધુ પાષાણની પ્રાચીન પ્રતિમાઓ બિરાજમાન છે.

અબડાસાના તેરાનું જૈન દેરાસર સંવત ૧૯૧૫માં શ્રી સંપ્રતિ રાજા દ્વારા જિરાવલ્લો પાર્શ્વનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા સાથે બંધાયું હતું. ૧૬૧ વર્ષ જૂનું આ જિનાલય એની ભવ્યતા અને સુંદરતાથી સુથરી પંચતીર્થી'માં સ્થાન પામ્યું છે. ઉપરાંત ૧૯૭૮માં શામળા પાર્શ્વનાથ જિનાલય પણ બંધાયું છે.

મોટી પંચતીર્થીનું અન્ય એક પવિત્ર દેરાસર જે અબડાસાના મુખ્ય મથક નલિયા ખાતે આવેલું છે. તે અતિ ભવ્ય સુશોભિત અને કલાત્મક છે. ચંદ્રપ્રભુજીનું આ ભવ્ય જિનાલય સંવત ૧૯૯૭ના મહા સુદ પાંચમના બંધાયું છે. ૧૬ વિશાળ શિખરો તથા ૧૪ રંગમંડપોવાળું મંદિર કલા માટે સુપ્રસિદ્ધ છે અને પથ્થર પરની સુવર્ણકલા માટે વિશિષ્ટતા ધરાવે છે.

અન્ય એક કોઠારા ખાતે છે. આ દેરાસરને બાંધવાનો પ્રારંભ સંવત ૧૯૧૪માં થયો હતો. કોઠારા દેરાસરના ઝુમખાને એ આઠ ટૂંક ધરાવતું હોવાથી 'કલ્યાણ ટૂંક' કહેવાય છે. આ જિનાલય 'અબડાસા પંચતીર્થી'માં સૌથી ઊંચું શિખર ધરાવતું અને કચ્છમાં પણ સૌ જિનાલયોમાં ઊંચાં શિખરો સુધી શિલ્પકામ કરેલું સૌથી ઊંચું જૈન દેરાસર છે. એ વખતે ૧૬ લાખ કોરીના ખર્ચે તૈયાર થયેલું આ દેરાસર એની કલાકારીગરી તથા શિલ્પકામ માટે સુપ્રસિદ્ધ છે. વિખ્યાત દેલવાડાના દહેરાના દેરાણી-જેઠાણીના ગોખલાની પ્રતિકૃતિ પણ અહીં જોવા મળે છે. કચ્છમાં ક્યાંય જોવા ન મળે એવો ૨૦૦ કિલો વજનનો ઘંટ ધરાવતું નિજમંદિર આખાય કચ્છમાં વિશાળતા અને ભવ્યતામાં અજોડ છે.

ભાવાનુવાદઃ અભડાસેજે સુથરી ગામજો હિકડો કિસો સોંયલ આય ક ગામજા હિકડા સેઠ મેઘજી શાહ સજી ન્યાત જો જમણવાર રખલ હો પ હિન પ્રિસંગતે ધારે કનાં વધુ માડૂ અચી વ્યા તેર હિકડે ઘીજે ઠાં મેં સેઠ પૂરી સર્ધા સે પાર્શ્વનાથજી ભગવાનજી મુરતિ રખેને પિંઢજી લાજ રખેલા અરધાસ ક્યો ને કોક ચમત્કારસેં હી રસોઈ ભરકતમેં ભધલી વિઇ. ધૃત ઇતરે ક ઘી જા કલ્લોલ (તઙ્ગે) સે મિણીંકે આનંધ ઇતરે ક કલ્લોલ કરાયો વો ઇતરે ઇ મુરતિ ધૃત કલ્લોલ' પાર્શ્વનાથ તરીકેં ઓરખાણી. હિન પૂંઠીયા મેઘજી શેઠ હિન પ્રતિમાકે ન્યાતમેં સોંપેં ડિનોં જે પૂંઠીયા સંવત ૧૮૮૩મેં નયે દેરાસરજી શિલારોપણ વિધિ સંપન્ન થિઈ. અજનું ૧૮૦ વરે પેલા સંવત ૧૮૯૬મેં વૈશાખ સુધ સાતમજે ડીં તેંજી થાપના કરેમેં આવઇ હૂઇ જુકો પંચતીર્થીજો મૈન ને અભડાસા પંચતીર્થી મિંજાનું હિકડો ઇતરે સુથરીજો કલાત્મક ને ભવ્ય જૈન દેરાસર તરીકે પ્રસિદ્ધ થ્યો. જૈને જે માટે કચ્છ ઇ મિણીયા પવિતર તીં જાતરા જે થલ તરીકે ખાસ મિહત્વ ધરાયતો. સંવતસરી પ્રિસંગતે કચ્છજે પંચતીર્થી તે ગાલ કરેજો મન જરુ થિઇ વિએ! તેંજો કારણ આય ક કચ્છ ને કચ્છ બારા વસંધે માડૂએંમેં જૈનેજી પંચતીર્થીજો મત્વ ગચ આય.


જખૌ બંધરજો જૈન દેરાસર વડી પંચતીર્થી મિંજાનું હિકડો શોભાયમાન થાનક આય. ઉંચો નેં વિસાડ દેરાસર સંવત ૧૯૦૫જે માગ જે અજવારી પાંચમજો બંધેમેં આયો હો. આસરે બસો વરે જૂનો મહાવીર સ્વામીજો હી ભવ્ય ને શોભાયમાન જિનાલય નો શિખરબદ્ધ દેરાસરેજે ટૂંકસેં સુશોભિત આય જુકો 'રત્ન ટૂંક' તરીકેં ઓરંખાજેતો. સંવત ૧૯૬૭મેં હિત ચોમુખીજી જિનાલય પ બંધેમેં આયો હો. કચ્છજે કુશલ કારીગરેંજી કારીગરીજે ઉત્તમ નમૂને રુપ હી ભવ્ય જિનાલયમેં મિણીયા કનાં વધુ પાષાણજી પ્રાચીન પ્રતિમાઉં બિરાજમાન ઐં. અભડાસેજે તેરાજો દેરાસર સંવત ૧૯૧૫મેં શ્રી સંપ્રતિ રાજા ભરાં જિરાવલ્લો પાર્શ્વનાથજી મુર્તિ વેરાઇને બંધેમેં આયો હો. લગભગ બો સધિ જુનો હી જિનાલય ઇનજી ભવ્યતા ને સુંદરતાસેં 'સુથરી પંચતીર્થી' મેં ખાસ થાન ધરાયતો. હિન સિવા ૧૯૭૮મેં શામડ પાર્શ્વનાથ જિનાલય પ બંધેમેં આયો આય.

વડી પંચતીર્થી મિંજાનુ હિકડો પવિતર દેરાસર જુકો અભડાસેજે મેન મથક નરિયેમેં આવલ આય. ગચ વડો નેં સજેલો, કલાવારો હી મિંધર આય. ચંદ્રપ્રભુજીજો હી ભવ્ય થાનક સંવત ૧૯૯૭જે મા મેણેજી અજવારી પાંચમજો બંધાણો આય. સોરો વડા સિખર તીં ચોડો રઙમંડપેવારો હી મિંધર કલા જે માટે સુપ્રસિદ્ધ આય નેં પાયણેતે સોનેરી કલા ઇનજી વિસેસતા આય.

બ્યો હિકડો કોઠારા ખાતે આય. હી દેરાસરકે સંવત ૧૯૧૪મેં બંધેજો ચાલુ કરેમેં આયો હો. કોઠારા દેરાસરજો જુમખો અઠ ટૂંક ધરાયજે કારણે 'કલ્યાણ ટૂંક' તરીકે ઓરંખાજેતો. 'અબડાસા પંચતીર્થી'મેં મિણીંયા ઉંચો સિખરવારો નેં કચ્છમેં પ મિડે જિનાલયેં મિંજા ઉંચે સિખરવારો શિલ્પકમ કરલ સૂઠો દેરાસર આય. ઉન સમોમેં હી સોરો લખ કોરીજે ખર્ચતે તૈયાર થેલ હી દેરાસર ઇનીજી કલાકારીગરી તીં શિલ્પકમલા પ્રખ્યાત આય. દેલવાડેજા ડેરેજી ડેરાણી-જેઠાણીજે ગોખલે જેડી પ્રતિકૃતિ હિત પ ન્યારેલા જુડેતિ. કચ્છમેં કિતે ન વે એડો ૨૦૦ કિલેજે વજનવારો ઘંટવારો નિજમિંધર પ હિત જ આય. ■

વિવાદ
નિધિ શુકલા
feedback@
bombaysamachar.com

# નરભક્ષી પ્રાણીઓના વધતા આતંક માટે આપણે તો જવાબદાર નથી ને?



આજે નરભક્ષી પ્રાણીઓ માનવને પોતાનો કોળિયો બનાવવા માંડ્યા છે. પશુઓ લોકોના ઘર સુધી પહોંચી ગયા છે અને નાનાં બાળકો કે પછી મોટાઓને પોતાનો શિકાર બનાવે છે. એને જોતા એવું લાગે છે કે એના માટે ક્યાંક ને ક્યાંક આપણે તો જવાબદાર નથી ને? આજે તેઓ ખોરાકની શોધમાં આપણાં ઘરો પર હુમલો કરે છે. જંગલી પશુઓની દહેશત વધી રહી છે. અંતરિયાળ વિસ્તારમાં કે પછી જંગલની આસપાસનાં ગામડાઓમાં રહેતા લોકો ડરમાં રહે છે, કે ક્યાંક અચાનકથી જંગલી પશુ આવીને તેમનાં પર હુમલો કરી દેશે. જેમ સિક્કાની બે બાજુ હોય છે એમ માત્ર જંગલી પ્રાણીઓને જ દોષ આપવો યોગ્ય નથી. જોકે વાસ્તવિકતા તો એ છે કે આપણે વિકાસ તરફ આંધળી દોટ લગાવી છે અને જંગલોનું આડેધડ નિકંદન કરી રહ્યા છીએ. આપણે પશુઓના વિસ્તારમાં અતિક્રમણ કર્યું છે. આ જ કારણ છે કે પ્રાણીઓ શહેરોમાં પણ ધસી આવે છે અને લોકોને પોતાનો શિકાર બનાવે છે.

મુંબઈ જેવાં શહેરોમાં હાઇરાઇઝ ટાવર, મેટ્રો અને હાઇ-વે બનાવવા માટે આડેધડ અતિક્રમણ કરવામાં આવે છે. ગોરેગાંવની આરે કોલોનીમાં પણ દીપડાનો આતંક છાશવારે જોવા મળે છે. એની નજીક જ ગોરેગાંવ ફિલ્મસિટી આવેલી છે, જ્યાં અનેક ફિલ્મો અને સિરિયલ્સનું પણ શૂટિંગ કરવામાં આવે છે. એથી ઍક્ટર્સને પણ ભયના ઓથાર હેઠળ કામ કરવું પડે છે. દીપડો કે વરુ ધોળે દિવસે લોકો પર હુમલો કરે છે. તો બીજી તરફ ગીરનાં જંગલોમાં પણ ગર્જના કરતા સિંહો પણ વિકરાળ રૂપ ધારણ કરે છે. હાલમાં આપણે જોઈએ છીએ કે ઉત્તર પ્રદેશના બહરાઇચમાં નરભક્ષી વરુએ આતંક ફેલાવ્યો છે. અત્યાર સુધી તેણે નાનાં બાળકો અને યુવાનોનો પણ ભોગ લીધો છે. વરુઓ શેરડીનાં ખેતરોમાં પોતાનું નિવાસ બનાવે છે અને ત્યાં જ તેઓ ફૂલેફાલે છે. વરસાદમાં વરુઓ ખૂબ સક્રિય બની જાય છે. જુલાઈથી માંડીને અત્યાર સુધી તેણે આઠ લોકોને મોતના ઘાટ ઉતાર્યાં છે. એ આદમખોર વરુઓને પકડવા માટે વન્ય અધિકારીઓએ જાળ બિછાવી છે. ઉત્તર પ્રદેશની સરકારે એને 'વાઇલ્ડ લાઇફ ડિઝાસ્ટર' વિસ્તાર તરીકે જાહેર કર્યો છે. પાંચમાંથી કુલ છ વરુઓને તેમણે પકડી પાડ્યા છે.

અગાઉ ૨૦૦૪માં પણ બલરામ જિલ્લામાં વરુનો હુમલો પ્રકાશમાં આવ્યો હતો, જેમાં ૧૨ બાળકોનાં મોત થયાં હતાં. એ પહેલા ૧૯૯૭માં જૌનપુર જિલ્લાના પ્રતાપગઢમાં ૪૫ બાળકોનો ભોગ જંગલી પશુએ લીધો હતો.

## જંગલી પશુઓના વધતા હુમલાનું શું છે કારણ

**ખોરાકનો અભાવઃ** પશુઓને જ્યારે તેનો ખોરાક ન મળે તો તે ખૂબ આક્રમક બની જાય છે. વરસાદને કારણે તેમને આશ્રય મળતો નથી અને એથી તેઓ માનવજાતિના વિસ્તારમાં ઘૂસી આવે છે કે જ્યાં ખોરાક તેમને સરળતાથી મળી જાય છે.

**કુદરતી વાતાવરણમાં બાધાઃ** પર્યાવરણમાં પરિવર્તન આવવું, ઉદાહરણ તરીકે જંગલોનું નિકંદન અને શહેરીકરણને કારણે તેમને અનુકૂળ વાતાવરણ નથી મળતું. એને કારણે તેઓ માનવો પર હુમલો કરે છે.

**બચવાના ઉપાયઃ** જો કદીપણ તમારો સામનો વરુથી થાય તો ભાગવું નહીં. તેને પીઠ પણ ન દેખાડવી, તેની સામે આક્રમક બનવું. જો કોઈ વરુ તમારી સામે હુમલાની તૈયારી સાથે નજીક આવતો દેખાય તો તેના પર કોઈ ભારે વસ્તુઓ ફેંકવી. લાકડી, સ્પ્રે, પથ્થરો મારવા અને અવાજ કરતા સામાનનો ઉપયોગ કરવો જોઈએ. સાથે જ જોરથી અવાજ કરવો જોઈએ. ■

વ્યંગ
ભરત વૈષ્ણવ
feedback@
bombaysamachar.com

# દસ કરોડ રોપા ને બકરીનું બચ્ચું !



'બેંએંબેંએં બેંએં....'

બકરીનું બચ્ચું પર્ણાનંદથી બોલી ઊઠ્યું. આપણા માટે પરમાનંદ અલગ છે. બકરીના બચ્ચા માટે પરમાનંદ એટલે પર્ણાનંદ. ચ્યુગમની જેમ પાન ચાવતાં ચાવતાં જે આનંદની પ્રાપ્તિ થાય એ દિવ્યાનંદથી પણ ઉત્તમોત્તમ હોય છે.

'મૂંઆં પિટ્યાંવ જપવા કે જંપવા દેતા નથી.' બકરીબાઇએ આંખ ખોલ્યા વગર જ અજોદગાર (અજ એટલે બકરી. બકરીએ કાઢેલો ઉદગાર એટલે અજોદગાર.) બકરીબાઇના છાંસિયાથી બચ્ચું હેબતાઈ ગયું. 'તેરી બી ચૂપ અને મેરી બી ચૂપ'ની જેમ ખામોશ થયું. બચ્ચું ક્યાં સુધી ચૂપ રહે? બિલાડીના પેટમાં ખીર ન ટકે એવું કહેવાય છે. બકરીના બચ્ચાના પેટમાં પર્ણાનંદ ક્યાં સુધી મૌન રહી શકે?

'બેંએંબેંએંબેંએ.' બકરીનું બચ્ચું આનંદના અતિરેકમાં પુનઃઉવાચ. ગાયક નાભિમાંથી સૂર કાઢી ખરજ રાગનું ગાયન કરે તેમ બચ્ચાએ નાભિમાંથી આનંદોસૂર છેડ્યો. બચ્ચાંને પણ મનની વાત કહેવી હતી. તેને જ્ઞાની સહદેવ જેવો આનંદનો આફરો ચડ્યો હતો.

'મૂંઆ પિટ્યા કેમ બેંએં બેં બેં કરે છે?' બકરીબાઇએ એક અડબોથ મારીને બચ્ચાંને કંટાળાથી પૂછ્યું. ઊંઘ બગડે એટલે બકરી પણ બગડે કે નહીં?

'મોમ, આ ખબર સાંભળીશ તો તું પણ પેલા સુપર ડાન્સર હિતિકની જેમ ઝૂમી ઊઠીશ.' બકરીના બચ્ચાએ આનંદમાં નાચતાં નાચતાં કહ્યું.

'એમ? એવું તે શું થયું કે તું ભરબપોરે પણ જપતું નથી અને બીજાને જપવા દેતું નથી?' બકરીબાઇએ કડકાઈ દાખવી.

'લે, આ છાપું. તું ખીંચ ઉસકી ફોટું.' બચ્ચાએ કંઇ કહેવાના બદલે આજનું અખબાર ધર્યું.

'મારા રોયા, તું સ્કૂલે જાય છે. નોટબુક, પુસ્તક, ગાઇડ, સ્યોર સજેશન, નકશાપોથી ઝાપટે છે. મેં તો નિશાળનાં પગથિયાં તો ઠીક, પણ નિશાળનું કમ્પાઉન્ડ સુધ્ધા જોયું નથી. મને ક્યાં વાંચતા આવડે છે? મારા માટે કાળા અક્ષર શિંગડા બરાબર છે.' બકરીબાઇએ તેની કમજોરી જાહેર કરી.

'મોમ, છાપામાં વરસાદના લીધે દ્વારકામાં વૃક્ષારોપણ મહોત્સવ રદ થયાના સમાચાર હતા તેમ સસલા મામા કહેતા હતા. 'તેના સમાચાર છાપામાં આવ્યા છે?' બકરીબાઇએ પૂછ્યું.

'ના મોમ, આ તો આનંદના સમાચાર છે.' બકરીના બચ્ચાએ રહસ્ય ઘેરું કર્યું. બચ્ચું શેરલોક હોમ્સના અંગ્રેજી ચોપડા આરોગતું હશે કે શું?

કોર્પોરેશન નામના કઠિયારાએ બસો વરસ જૂનાં વૃક્ષો કાપી નાખ્યાં. વિકાસના નામે દર વરસે ચાર-પાંચ લાખ વૃક્ષો રણલોકમાં નિવાસ કરે છે એ સમાચારની વાત કરે છે?' બકરીબાઇની આંખમાં આતુરતા હતી.

'ના, મમ્મી, તું કંઇ દુનિયામાં વસે છે?' બચ્ચાએ બકરીબાઇના અજ્ઞાનનો ઉપાલંભ કર્યો.

'ભઇ, તું હવે કોન્વેન્ટ સ્કૂલમાં જઇ ગોટપીટ શીખી ગયો છું. હવે તું જ કહે કે છાપામાં શું આવ્યું છે?' બાપડી બિચારી બકરીબાઇએ હથિયાર હેઠાં મુકયાં.

'મા, સરકારે ગ્રીન કવર વધારવા દસ કરોડ રોપાનું વાવેતર કર્યું છે.' બકરીબાઇના બચ્ચાએ સમાચાર જણાવ્યા.

'અલ્યા, ડફોળ સરકાર તો દર વરસે વનમહોત્સવ ઉજવે છે. લાખો રોપા એકની એક જ જગ્યાએ વાવે છે. ક્યાંક છોડવા માટે પાંજરા ખરીદવાનું કૌભાંડ થાય છે. ક્યાંક ખાડા ખોદવાનું કૌભાંડ થાય છે. રોપાની ખરીદીમાં ઘાલમેલનો તાલમેલ થાય છે. બાકીની કસર આપણે અને ગાય, ભેંસ પૂરી કરીએ છીએ. કુમળા પાન ખાવાની લિજ્જત બત્રીસ જાતના ભોજન અને તેત્રીસ જાતના પકવાન કરતાં પણ સ્વાદિષ્ટ હોય છે. આપણે દર વરસે વૃક્ષોભક્ષણ પર્વની પ્રતીક્ષા કરતા હોઇએ છીએ.' બકરીબાઇએ વનમહોત્સવની ઐસી કી તૈંસી કરી નાખી.

'મા મેં, ધીમે ધીમે ઢાળ ઊતરતી ટેકરીઓની શાખે વડ, પીપળા, સરગવા, કણજી, ગુલમહોર, લીમડા, ગોરસ આમલી, આંબા, આંબળાના કુમળા પાન અને લીલી ડાંખળીઓ ખાધાનું યાદ છે.' બચ્ચું તો આધુનિક રમેશ પારેખ બનતાં બનતા રહી ગયું!

બેટા, વૃક્ષારોપણના આંકડા અને વાઇબ્રન્ટમાં કરેલા મૂડીરોકાણના આંકડાનો હકીકત સાથે મેળ ખાતો જ નથી. માત્ર વીસ ટકા મૂડીરોકાણ થાય છે. બાકી, પેલા ગીત જેવું છે. 'બિજલી ગિરાને મેં હૂં આઇ, કહેતે હે મુજકો હવાહવાઇ!' 'આપણે ત્યાં રોપેલ રોપાનો સરવાળો કરો તો નાખી દેતાં બસો કરોડ વૃક્ષો હોવા જોઇએ. વાસ્તવમાં છે માત્ર ચાલીસ કરોડ વૃક્ષ'. બકરીબાઇ તો આંકડાશાસ્ત્રી બની ગયા.

'હે, મા, આપણે વાઇબ્રન્ટમાં ચારસો લાખ રોપા ખાવાનો એમઓયુ ન કરી શકાય?' બચ્ચાએ નવો આયામ પેશ કર્યો.

'અલ્યા, સરકાર ગાંડી થઇ છે? સામે ચાલીને કુહાડા પર પગ મારે? સરકાર પ્રસિદ્ધિ માટે એમઓયુ કરે. ટીકા માટે થોડા એમઓયુ કરે?' બકરીબાઇએ બચ્ચાંની દરખાસ્ત ધરમૂળથી ખારીજ કરી.

'મા, દસ કરોડ રોપા એટલે કેટલા રોપા? આપણને ચરતાં કેટલા દિવસો લાગે?' બચ્ચાના મગજમાં કુતૂહલનો કીડો સળવળી રહ્યો હતો.

'પાગલ, આટલા રોપા ખાતા દિવસો, મહિના, વરસો નહીં પણ ભવોના ભવ ઓછા પડે. આપણને તો રેશનકાર્ડ પર પાંચ સૂકા અને એક લીલા રોપા રોજના મળે છે. છતાં ભૂખ્યાંના ભૂખ્યા રહીએ છીએ. આટલા રોપા ખાઇએ એટલે હિપોપોટેમસ ન થઇ જઇએ? આપણી તો કિસ્મત ખુલી ગઇ કહેવાય!' બકરીબાઇએ છાપાના ઓવારણા લેતા મન કી બાત કહી.

મા, આપણે સરકારને રોપાની 'સ્વીગી' કે 'ઝોમેટો' ની જેમ હોમ ડિલિવરી કરવા રજૂઆત ન કરી શકાય?' બચ્ચાના મગજમાં શેતાનનો કીડો કેમ કરીને શાંત થતો ન હતો!

'બેટા, તું ગવંડર છે કે હાથપગ હલાવ્યા સિવાય બધું ઝાડ પરથી ટપકતાં ફળની માફક મળી જાય? બેટા, સિંહ જંગલનો રાજા છે. છતાં, તેને પણ શિકાર માટે દોડાદોડી ભાગાભાગી, છીનાઝપટી કરવી પડે છે. સૂતેલા સિંહના મોઢાના હરણ આપમેળે લંચ કે ડિનર તરીકે ટપકતું નથી. ભગવાન દાંત આપે. ચાવણુ મેળવવા આપણે મથવું પડે. સરકાર આપણા માટે રોપાનું વાવેતર કરે અને રોપાની હોમ ડિલિવરી પણ કરે એવું ન બને.' બકરીબાઇએ કઠોર પરિશ્રમનો કોઇ વિકલ્પ નથી એ બચ્ચાને સાનમાં સમજાવી દીધું ને બચ્ચાંને ચુપચાપ સૂઇ જવા અલ્ટિમેટમ આપ્યું.

'ઘરરરર ઘરર્રરર, ઘરરરરરરરર,' બકરીબાઇ નસ્કોરા બોલાવવા માંડ્યા.બકરીનું બચ્ચું પણ ઘોરવા માંડ્યું ને સપનામાં દસ કરોડ રોપા ચબડ ચબડ ચાવવા માંડ્યું! ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# મારીને માંચડે ચડાવે તો ગોફણ ગામ ભણી જ ફેંકાય



અનેક વર્ષો પહેલા વિદ્યાભ્યાસ અંગે એક કહેવત પ્રચલિત હતીઃ **સોટી વાગે ચમચમ વિદ્યા આવે રમઝમ.** મતલબ કે વિદ્યાર્થી માર ખાય ત્યારે જ સાન આવે અને પછી જ ભણે. અલબત્ત આજના સમયમાં આ કહેવત કાળબાહ્ય થઈ ગઈ છે. આજે વિદ્યાર્થીને માર મારવો શિષ્ટ નથી ગણાતું અને મહત્ત્વની વાત એ છે કે આજનો વિદ્યાર્થી માર ખાઈ લે એવો પણ નથી રહ્યો. એક સમયે શિક્ષક મહેતાજી તરીકે સુધ્ધાં ઓળખાતા. **મહેતાજી મારેય નહીં** અને ભણાવેય પણ નહીં એવી કહેવત પણ પ્રચલિત હતી. એનો ભાવાર્થ કોઈને લાભે ય ન થાય અને હાનિ પણ ન થાય તેવી રીતે રહેવું એવો થાય છે. પોતાના કામમાં ઉદાસીન, નિષ્ક્રિય કે બેફિકર રહેતી વ્યક્તિ માટે પણ આ કહેવત વપરાય છે. માર અંગે બીજી પણ એક કહેવત જાણીતી બની હતી કે **મારું માથું, ને તમારું ખાસડું.** મારી જો કોઈ ભૂલ થાય તો ખાસડું (જૂતું) મારા માથા પર મારજો. પોતાના કામમાં પૂર્ણ શ્રદ્ધા અને સફળતાનો વિશ્વાસ હોય ત્યારે સામી વ્યક્તિને નચિંત બનાવવાના ઉદ્દેશથી આ પ્રમાણે કહેવામાં આવતું.

આ સંદર્ભે એક જૂની પણ રસપ્રદ અને વિશેષ તો ગામડામાં વપરાતી કહેવત જાણવા - સમજવા જેવી છે. ખેતરમાં પાક આવી જાય છે ત્યારે સલામતી માટે વચ્ચે એક માંચડો બાંધવામાં આવે છે. આ માંચડા પર અડિંગો જમાવી ચોકી કરનાર માણસ ખેતરના પાકની રક્ષા કરે છે. પક્ષીઓ મોલાત (ખેતરનો ઊભો પાક) ખાવા આવતા દેખાય એટલે તરત એ ચોકીદાર પથરાનું ગોફણ બનાવીને તે દિશામાં ઘા કરે જેથી પક્ષીઓ પાકને નુકસાન કર્યા પહેલા ઊડી જાય. પણ જો એ ચોકી કરનાર માણસને કોઈએ એની ઈચ્છા વિરુદ્ધ ત્યાં ઊભો કર્યો હોય તો શું થાય? પોતાની રીસ - ખીજ ઉતારવા એ ચોકીદાર બધા પથરા પક્ષીઓ તરફ ફેંકવાને બદલે ગામ ભણી ફેંકીને પોતાની રીસ ઉતારે! એના પરથી મજેદાર કહેવત બની છે કે **મારીને માંચડે ચડાવો તો ગોફણ ગામ ભણી જ ફેંકાય ને!** ઘણીવાર એવું થતું હોય છે કે વ્યક્તિને કોઈ કામની સૂઝ ન હોય અથવા પરાણે એની પાસે એ કામ કરાવવામાં આવતું હોય છે. આવી પરિસ્થિતિમાં ચીંધેલા કામ વ્યક્તિ કમને કરે ખરી પણ એના પરિણામ સાવ ઉલ્ટા જ આવતા હોય છે. ક્યારેક તો રીસ રાખીને ઈરાદાપૂર્વક કામ બગાડવામાં આવતું હોય છે. એટલે યાદ રાખવું કે મન હોય તો જ માળવે જવાય.

## સગ્ગી बहिण — म्हणींच्या कथा

દરેક ભાષાની કહેવતો પાછળની કથા ઘણી મજેદાર હોય છે. ઘણી કથા જ્ઞાન પીરસવાની સાથે ગમ્મત પણ કરાવે છે. કથા જાણી કહેવતનો અર્થ અને મર્મ એ બંને સમજાય છે. એક વાક્યના કેટલાક શબ્દોમાં આખી કથા કેવી સમેટાઈ જાય છે એના આનંદ અને આશ્ચર્ય સાથે થાય છે. મરાઠી કહેવત **तेलही गेले, तुपही गेले, हाती राहिले धुपाटणे** કેવી રીતે અસ્તિત્વમાં આવી એની કથા જાણીએ. તેલ એટલે તેલ, તૂપ એટલે ઘી અને ધૂપાટણે એટલે ધૂપદાની. તીર્થયાત્રાએ જવા નીકળેલા બાપ - દીકરો રસ્તામાં એક મંદિર પાસે રોકાય છે. દીકરાને થોડું તેલ લાવવા કહી પિતાશ્રી નદીએ સ્નાન કરવા જાય છે. તેલ શેમાં લાવવું એની વિમાસણ થતા દીકરો મંદિરમાં પ્રભુ સમક્ષ રાખવામાં આવેલી ધૂપદાની લઈને જાય છે. બજારમાં કરિયાણાની દુકાનમાંથી તેલ ખરીદી ધૂપદાનીના ઉપરના હિસ્સામાં રેડવા કહે છે. ઘી શેમાં લઈશ એવું વેપારી પૂછે છે ત્યારે દીકરો ધૂપદાની ઊંધી કરી નીચલા હિસ્સામાં નાખવા કહે છે. જોકે, આમ કરવાથી ઉપરના હિસ્સામાં રહેલું તેલ ઢોળાઈ જાય છે. મંદિરમાં ઘી લઈને આવેલા દીકરાને બાપ પૂછે છે કે 'તેલ ક્યાં છે?' તો અક્કલનો ઓથમીર એવો દીકરો ધૂપદાની ઊંધી કરી તેલ દેખાડવાની કોશિશ કરે છે ત્યાં ઘી પણ ઢોળાઈ જાય છે. આ જોઈ તેલ ગયું, ઘી ગયું ને હાથમાં રહી ધૂપદાની - **तेलही गेले, तुपही गेले, हाती राहिले धुपाटणे** એમ બોલી બેટાની મૂર્ખાઈ પર બાપ કપાળ કૂટે છે.

## રાષ્ટ્ર भाषा — टाट उलटना

હિન્દી કહેવતો અને રૂઢિપ્રયોગના ગુજરાતી અવતારની રસિક અને જ્ઞાનવર્ધક કથા આગળ વધારીએ. **मिट्टी पलीद करना** રૂઢિપ્રયોગમાં પલીદ કરના એટલે વધુ ખરાબ - ગંદું કરવું. માટી લાગવાથી આમ પણ વસ્તુ ખરાબ - ગંદી થઈ ગઈ હોય અને માટીવાળી વસ્તુ વધારે ખરાબ કરવી એટલે દુર્દશા કે દુર્ગતિ કરવી,અપમાન કરવું એવો અર્થ છે. **भ्रष्टाचार में पकडे जाने पर अधिकारी ने अपने सहकर्मियो की मिट्टी पलीद कर दी।** ભ્રષ્ટાચાર કરતા પકડાઈ ગયેલા સાથીઓને અધિકારીએ અપમાનિત કરી નાખ્યા. કોઈ ધંધાદારી - બિઝનેસમેન ઊઠી જાય એને માટે દેવાળિયું કાઢ્યું પ્રયોગ જાણીતો છે. હિન્દીમાં **टाट उलटना** પ્રયોગ વપરાય છે. **साहुकारों का कायदा है जब दीवाला निकल जाता है वह अपने बैठने के टाट या गदी को उलट देते और दीया जला देते हैं।** ટાટ એટલે સાહુકારની ગાદી. અસલના વખતમાં સાહુકારોમાં એવો રિવાજ હતો કે દેવાળું નીકળે ત્યારે તેમની બેસવાની ટાટ એટલે કે ગાદી ઊંધી કરી દેતા અને દીવો પ્રગટાવતા. ઊંધી ગાદી ઊંધા વળી ગયાનું, ટૂંકમાં નાદારીનું પ્રતીક માનવામાં આવતું હતું. વ્યવહાર અને ભાષાનું કેવું ઐક્ય જોવા મળે છે. ઘણા લોકોને બીજી વ્યક્તિમાં ખોડ કાઢવાની - દોષ જોવાની આદત હોય છે. એના માટે **नुक्ताचीनी करना** રૂઢિપ્રયોગ જાણીતો છે. **समाज में ऐसे लोग होत हैं जिन्हें हर जगह नुक्ताचीनी करने की आदत होती है.** સમાજમાં આપણી આસપાસ એવા લોકોની હાજરી હોય જ છે જેમને દરેક બાબતે એબ દેખાય, દોષ દેખાય અને ખોડ કાઢ્યા કરે.

## ENગ્લિશ વિંGLISH — WORLD IDIOMS - PROVERBS

અંગ્રેજી શબ્દ DRY છે તો ત્રણ અક્ષરી ટૂંકો, પણ કદ કરતાં ત્રણ ગણાથી વધુ અર્થ ધરાવે છે. શબ્દકોશ અનુસાર ડ્રાય શબ્દના પ્રચલિત અર્થ છે કોરું, શુષ્ક, ભીનાશ વિનાનું, વરસાદ વગરનું, પ્રવાહી ન વાપરનાર, તરસ્યું, અક્કડ, ઠંડું, લાગણી વિનાનું વગેરે. ભાષાની મજા એ છે કે આ શબ્દ અન્ય શબ્દની આગળ લાગતા વિવિધ અર્થ ધારણ કરે છે. મદ્યપાન કરવાના શોખીનોમાં જાણીતો પણ તેમનો અણગમતો પ્રયોગ છે Dry Day. It means the day on which sale of Liquor is prohibited in the whole state, however consumption of Liquor is not prohibited. જે દિવસે સમગ્ર દેશમાં શરાબના વેચાણ પર પ્રતિબંધ હોય એ દિવસ ડ્રાય ડે તરીકે ઓળખાય છે. અલબત્ત એ દિવસે શરાબ પીવાની મનાઈ નથી. એક ઓછો જાણીતો અને આંચકો આપનારો પ્રયોગ છે Dry Promotion. It is a promotion that comes with a new job title and possibly additional responsibilities but without a pay increase. નોકરિયાત માણસની પદોન્નતિ કરી વધુ



જવાબદારી સોંપવામાં આવે, પણ પગાર વધારાના નામે મીંડું બોલે એ ડ્રાય પ્રમોશન કહેવાય. ભારત કૃષિપ્રધાન દેશ છે અને ખેતીવાડી સાથે સંકળાયેલા બે પ્રયોગ છે Dry Farming or Dry Cultivation. બંનેનો અર્થ સમાન છે સૂકી ખેતી. અલબત્ત શબ્દાર્થ પરથી વાત નથી સમજાતી. Dry farming or Dry Cultivation is often described as crop production without irrigation during a dry season, usually in a region that receives at least 20 inches (50 cm) of annual rainfall, and utilizes the moisture stored in the soil from the rainy season. જે વિસ્તારમાં વાર્ષિક વરસાદ ૨૦ ઇંચ જેટલો જ થતો હોય એવા સૂકા વિસ્તારમાં સિંચાઈની મદદ વિના થતી ખેતી સૂકી ખેતી તરીકે ઓળખાય છે. અગાઉના વરસાદને કારણે જમીનમાં સચવાઈ રહેલા ભેજની મદદ ખેતીમાં લેવામાં આવે છે. Dry Goods means grocery items (such as tobacco, sugar, flour, and coffee) that do not contain liquid. Also, textiles, ready-to-wear clothing. ડ્રાય ગુડ્સ એટલે સાકર, લોટ, કોફી વગેરે પાણી ન હોય એવો કરિયાણાનો સામાન તેમજ સુતરાઉ કાપડનાં વસ્ત્રો એવો પણ અર્થ છે. એટલે સ્રોતમાંથી પ્રવાહી કે અન્ય વસ્તુનો પ્રવાહ બંધ થવો. ■

હેં... ખરેખર?!

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# આ ગામમાં માનવી-પશુ-પંખી સહિત બધા અંધ છે!

### ટિલટેપક નામના આ ગામમાં બધાએ આંખની રોશની કેમ કરીને ગુમાવી દીધી એનું રહસ્ય હજુ અકબંધ છે.

આપણી આસપાસથી લઇને સમગ્ર બ્રહ્માંડમાં અનેક એવી વાત છે કે જે આપણા જ્ઞાન, સમજ, તર્ક અને પરંપરાથી પર હોય એટલે જલદી માનવામાં ન આવે. આશ્ચર્યથી આંખ પહોળી થઇ જાય, ક્યારેક મગજ બહેર મારી જાય. રોમેરોમ ચીસાચીસ કરી મૂકેઃ ઐસા ભી હોતા હૈ ક્યાં?

વિજ્ઞાન અને વિજ્ઞાનીઓને ય મૂંઝવીને દાઢી ખંજવાળતા કરી મૂકે એવું મેક્સિકોમાં આવેલું એક ગામ છે ટિલટેપક.આ જગ્યા 'ભેદી ગામ' તરીકે ઓળખાય છે. એનું કારણ ભલે બધા જોઇ શકે, પણ આ ગામમાં કોઇ જોઇ-દેખી શકતું નથી. હા, ટિલટેપકમાં એક-એક પુરુષ- સ્ત્રી અને બાળકો દ્રષ્ટિહિન છે. એટલું જ નહીં, અહીં વસતાં પ્રાણી ને પંખી સુધ્ધાં જોઇ શકતા નથી...!

'વિલેજ ઓફ બ્લાઇન્ડ પિપલ' ગણાતા ટિલટેપકમાં અંદાજે ૭૦ ઝૂંપડામાં ૩૦૦ જેટલાં લોકો રહે છે. ઝાપોટેક સંસ્કૃતિના ઝેપોટિક લોકો દુનિયાના આ સૌથી ભેદી અને રહસ્યમય ગામમાં રહે છે. નવાઇની બાબત એ છે કે આ ગામમાં દરેક બાળક નોર્મલ એટલે કે દેખતું જન્મ છે, પરંતુ ગણતરીના દિવસોમાં જ અંધ થઇ જાય છે. અહીં કોઇ કંઈ જોઇ શકતું નથી એટલે એમના લાકડાના ઘર અર્થાત ઝૂંપડામાં માત્ર અવરજવર માટે દરવાજા હોય છે, પણ કયાંય બારીનું નામોનિશાન રહેતું નથી.


અહીંનો દરેક સૂરદાસ ઘરમાં લાકડાનાં હથિયાર ખાસ રાખે છે. પથ્થર પર ઊંઘવાનું પસંદ કરે છે. ખોરાકમાં મુખ્યત્વે બાજરો, મરચું અને વટાણા-પાપડી હોય છે. રાત્રિ ભોજન બાદ બધા નાચવાનું પસંદ કરે છે.

અહીં જન્મતાવેંત પંખી પણ નોર્મલ હોય છે, પણ ઝડપભેર આંખની રોશની ગુમાવી બેસે છે. હવામાં થોડું ઉડયા પછી તરત જમીન પર પટકાઇ પડે છે.

આખા ગામમાં સાગમટે દ્રષ્ટિહીનતાનું કાળું ડિબાંગ અંધારું ઊતરી આવે અને કાયમ માટે કેટલું ભયાવહ અને વિચિત્ર ગણાય?

અહીં બધા અંધ થઈ જાય છે એની પાછળ કારણ શું હશે?

આના કારણરૂપ ગામમાં પ્રવર્તતી લોકવાયકા જાણવા જેવી છે. ટિલટેપકમાં એક વૃક્ષ છે. લાવજુએલા નામનું આ ઝાડ શ્રાપિત છે. એને લીધે બધા જોવાની ક્ષમતા ગુમાવી બેસે છે એવી માન્યતા સૌના મનમાં ઘર કરી ગઇ છે. આ વૃક્ષ જોનારાના આંખની રોશની ગાયબ થઇ જાય છે. તો પછી આ 'શ્રાપિત વૃક્ષ'ને કાપી કેમ નાખવામાં આવતું નથી? આમ કરવાથી વધુ મોટી આફત ગામ પર ત્રાટકશે એવો ભય સૌને સતાવે છે.



ટિલટેપક ગામમાં લાવજુએલાનું શ્રાપિત વૃક્ષ



ગામના અંધ લોકો

મંગળ અને ચંદ્ર પર ઉતરાણ અને સૂર્યની નજીક પહોંચવાના જમાનામાં કોઇ વૃક્ષને લીધે દ્રષ્ટિ છીનવાઇ જાય ખરી ? એવો પ્રશ્ન સહેજે થાય. અહીં રસપ્રદ વાત એ છે કે આ ગામની મુલાકાતે આવનારા પર્યટકો જો કથિત શ્રાપિત વૃક્ષને જુએ છે ત્યારે એમની આંખ ને નજરને લેશમાત્ર નુકસાન થતું નથી...!

કોઇ વૃક્ષ શ્રાપિત હોઇ શકે કે એનાથી ગામલોકો સૂરદાસ થઇ જાય એવી કોઈ વાત કે માન્યતા વિજ્ઞાનીઓ પણ સ્વીકારતા નથી તો પછી એમનું જ્ઞાન - વિજ્ઞાન શું કહે છે?

વિજ્ઞાનીઓ માને છે કે ગામમાં અમુક ઝેરી માખી અને જીવ-જંતુ છે. એમના ડંખથી માનવીના આખા શરીર પર માઠી અસર થાય છે, પણ સૌથી વધુ હાનિ આંખને થાય છે અને એનાથી દ્રષ્ટિહીનતા આવી જાય છે.

ટિલટેપક ગામ હકીકત છે. ત્યાંના સૂરદાસ પ્રજાજનો, પ્રાણી અને પંખીઓ પણ નક્કર વાસ્તવિકતા છે. વિજ્ઞાનીઓ કોરોના વાઈરસથી લઇને અનેક ભયંકર રોગને નાથી શકે છે. ચાંચડ-ઉંદર-મધમાખી-મચ્છરને નાથી-મારી શકે છે તો પછી ટિલટેપકની આંખનો કોળિયો કરી જતી ઝેરીલી માખી કે જીવ-જંતુનો ઇલાજ કેમ કરાતો નથી ? અને આ ઝેરીલા જીવડાં ટિલટેપકની આસપાસનાં ગામોમાં નહીં હોય?

કોયડો મોટો ને મૂંઝવનારો છે, કલ્પના-સમજ બહારની છે, પણ એ જ માનવીની બુદ્ધિમતા સામેનો પડકાર પણ છે. આ નિર્દોષ ૩૦૦ માનવી અને અનેક પશુ-પંખીના જીવનમાં ઘર કરી જતું અંધારું માનવીય શિક્ષણ- શોધ-સંશોધન- કૌવત અને કસબ સામે બહુ મોટો પડકાર નથી.

બાળક ઊગતો - આથમતો સૂર્ય, ચંદ્રમાની કળા, કળીનું ખીલવું, પંતગિયાનું ઊડવું, નદીનું વહેવું, વાદળોનું ઘેરાવું, વરસાદનું વરસવું, માતાનું સ્મિત અને પિતાનો હેત ન જોઇ શકે એ કંઈ થોડું ચાલે? એક યૌવના અરીસામાં ન જોઇ શકે. એક વૃદ્ધા મોઢા પરની કરચલી ન જોઇ શકે એવું થોડું ચાલે?

ટિલટેપકના લોકોની દ્રષ્ટિ- રોશની પાછી ફરવી જ જોઇએ.આ માત્ર મેક્સિકોની, સમગ્ર વિશ્વની જવાબદારી છે- ફરજ છે. ■

બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે

સમીર જોશી
feedback@bombaysamachar.com

# બ્રાન્ડ પ્રમોશનના શ્રી ગણેશ

### તહેવારોમાં બ્રાન્ડનો એક જ હેતુ હોય છે- બને તેટલું વધારે વેચાણ કરો, આથી આ સમયમાં ફક્ત અને ફક્ત સેલ્સ પ્રમોશન વ્યૂહરચના પર જોર આપવામાં આવે છે.



આપણે ત્યાં બ્રાન્ડ પ્રમોશનના શ્રી ગણેશ, ગણેશ ચતુર્થીથી શરૂ થઇ ઓણમ, નવરાત્રી, દુર્ગા પૂજા, દિવાળી સુધીમાં નોર્થ, સાઉથ, ઈસ્ટ અને વેસ્ટના મહત્ત્વના તહેવારોને આવરી લે છે. દરેક કેટેગરી માટે એક સિઝન હોય છે, જેમકે ઠંડાં પીણાં, AC, રેફ્રિજરેટર માટે ઉનાળો, ફાઇનાન્શિયલ ઈન્વેસ્ટમેન્ટ પ્રોડક્ટ માટે જાન્યુઆરી થી માર્ચ, ટૂર ઓપરેટર માટે વેકેશન ગાળો, સ્ટેશનરી પ્રોડક્ટ માટે સ્કૂલ ખૂલવાનો સમય, વગેરે. આજ રીતે કોઈ પણ બ્રાન્ડ માટે પોતાનો માલ વેચવાની બીજી એક સિઝન છે, જેને આપણે તહેવારોની સિઝન કહીએ છીએ. આ સિઝનમાં બધી જ બ્રાન્ડ તહેવારલક્ષી કેમ્પેઇન બનાવે છે, કારણ આ સિઝનમાં ઉત્પાદક વર્ષનો ૩૦- ૪૦% માલ સેલ કરી જાણે છે. આમ આ તહેવારો બધા વેપારીઓ માટે એવરગ્રીન સિઝન છે.

આપણે જાણીયે છીએ કે એડવર્ટાઇઝિંગ કેમ્પેઇનના પ્રકાર હોય છે,જેમકે, અવેરનેસ કેમ્પેઇન, એજ્યુકેશનલ કેમ્પેઇન, ઈન્ફોરમેટિવ કેમ્પેઇન, સસ્ટેનન્સ કેમ્પેઇન તેવી રીતે સેલ્સ પ્રમોશન કેમ્પેઇન. તહેવારોમાં બ્રાન્ડનો એક જ હેતુ હોય છે- બને તેટલું વધારે વેચાણ કરો આથી આ સમયમાં ફક્ત અને ફક્ત સેલ્સ પ્રમોશન વ્યૂહરચના પર જોર આપવામાં આવે છે.

કંપનીઓ જ્યારે વર્ષની શરૂઆતમાં પોતાની બ્રાન્ડ માટે માર્કેટિંગ કેલેન્ડર બનાવે છે ત્યારે દિવાળી અને બીજા તહેવારોને પૂરતું મહત્વ આપી સ્પેશિયલ બજેટ તેના માટે ફાળવે છે. ફક્ત આપણે ત્યાંજ નહીં, દુનિયાના કોઈ પણ દેશમાં તહેવારો માટે અલગથી વ્યૂહરચના બને છે, જેથી વેપારને તે દરમિયાન ગતિ મળે. જો તહેવારોમાં ડિસ્કાઉન્ટ આપવાના હોવ તો ત્રણ વાતનું ખાસ ધ્યાન રાખવું જરૂરી છે : મોમેંટમ, તમારો સેલ પ્લાન કરો તેના ૮-૧૦ દિવસ પહેલા કેમ્પેઇન શરુ કરી લોકોને માહિતગાર કરો.

બીજું, સ્કેરસીટી ઊભી કરો અર્થાત્ સેલની અવધિ નક્કી કરો કે અમુક તારીખથી અમુક તારીખ સુધી ડિસકાઉંટ આપવામાં આવશે. સૌથી છલ્લું અને મહત્ત્વનું પાસુ એટલે ક્રેડિબિલિટી અર્થાત્ વિશ્વસનીયતા તમે જે દિવસે સેલ બંધ કરવાનું નક્કી કર્યુ હોય તે દિવસે જ તેને બંધ કરો. જેમ દિવાળી એક મોટો તહેવાર છે આખા દેશ માટે તેમ આજે બીજાં ઘણા તહેવારો છે જે રાજકીય સ્તરે ઉજવાતા હતા તે આજે બીજા રાજ્યોમાં પણ ઉજવાય છે. આનું મુખ્ય કારણ છે : કોસ્મોપોલિટન સોસાયટી અને ટેકનોલોજી. ઉદાહરણઃ ગણપતિ આજે ફક્ત મહારાષ્ટ્રમાં નહી, પણ ગુજરાત અને બીજાં રાજ્યોમાં પણ તેટલા જ ઉમંગથી ઉજવાય છે.

દુર્ગા પૂજાના પંડાલો બધેજ શોભે છે. રાસ-ગરબાની રમઝટ ગુજરાતની સરહદ પાર કરી નોર્થ અને સાઉથ સુધી પહોંચી ગઈ છે. કર્વા ચૌથમાં આપણી ગુજરાતી યુવતી એની પંજાબી ફ્રેંડને કંપની આપવા ઉપવાસ રાખે છે અને પતિ પાસે ગિફ્ટની અપેક્ષા પણ. ! કહેવાનું તાત્પર્ય એ છે કે જ્યારે તહેવારો ક્રોસ બોર્ડર ઉજવવાના શરૂ થઈ ગયા ત્યારે તેનો ફાયદો બ્રાન્ડને વધારે થાય છે.

ઉત્પાદક -કંપની માટે નવી માર્કેટ, નવા ઘરાકો, નવા સેગમેંટ અને સૌથી મહત્ત્વનું નવી નવી તક બ્રાન્ડને પ્રમોટ કરવાની અને વેચવાની મળવા લાગી છે. જેવી રીતે કોસ્મોપોલિટન સોસાઇટી, ક્રોસ બોર્ડર કલ્ચરે તહેવારોથી લોકોને પરિચિત કર્યા તેમ આવા તહેવારોને નવી સ્કિમ, કલેકશન, ડિસકાઉંટ્સ અને પ્રમોશન્સ દ્વારા વધારવા માટે બ્રાન્ડે મોટો ભાગ ભજવ્યો છે. જેવી રીતે બ્રાન્ડ નવા નવા તહેવારોને આપણી સમક્ષ લાવ્યા તેજ રીતે બ્રાન્ડે આપણી આદત, રૂઢિને પણ ધીરે ધીરે બદલી છે, જેને બિહેવિયર ચેંજ કહે છે.

અમુક વર્ષો પહેલા નવા કપડા, બૂટ-ચપ્પલ, મીઠાઈઓ કે કશૂક નવુ ઘરમાં વસાવવું એ દિવાળીની રુઢિ કે પરંપરા હતી. આજે બ્રાન્ડ પાવરે નવી ઘણી કેટેગરી આપણા જીવનમાં આણી, જેવી કે ગ્રૂમિંગ અને બ્યૂટિ સલોન્સ ફેસ્ટિવ સિઝનમાં સારા લાગવુજ જોઈયે, મીઠાઈઓનું સ્થાન ચોકોલેટે, ચા- કોફીનું સ્થાન ઠંડા પીણાએ લીધું, ટૂર ઓપરેટરો જે ફક્ત વેકેશનમાં સક્રિય થતા એ આજે ફેસ્ટિવ હોલિ-ડેમાંય એકટિવ થઈ રહ્યા છે.

પરિવાર સાથે એક બીજાની ઘરે જઈ મળવા જવું તેનું સ્થાન કોમન ગેધરિંગ રેસ્ટોરેંટ્સ કે બેંક્વેટ હોલ્સમાં થઈ ગયું છે, મોબાઇલ ફોન શુભેચ્છા પાઠવવાનું સાધન બની ગયા છે, સહ કુટુંબ સાથે જઈ ખરીદી કરતા અને આજે પોતપોતાની મનગમતી ચીજો ઓનલાઇન પોતાના સમયે પોતાની રીતે શોપિંગ થઈ રહ્યું છે. ઘરમાં દિવાળીના નાસ્તા બનતા તેનું સ્થાન રેડી ટૂ ઈટ પેકેજ્ડ ફૂડ્સ અને રેડી નાસ્તાએ લીધું છે.

એક સમયે તહેવારોમાં બ્રાન્ડ પ્રમોટ થતી જ્યારે આજે બ્રાન્ડસ તહેવારોને પ્રમોટ કરે છે. આ તહેવારોમાં બ્રાન્ડ આપણા જીવનમાં પ્રવેશી આપણા જીવનનો અવિભાજ્ય અંગ બની જાય છે. દિવાળી ઉપરાંત બીજા ઘણા નવા તહેવારો બ્રાન્ડ માટે એક મોટી વ્યૂહરચના અને તક ઊભી કરે છે.

આમ સમય સાથે તાલ મેળવવાનું, સમય સાથે બદલાવ લાવવાનો અને નવા ટ્રેંડ્સ લાવવાનું ઘણું મોટું શ્રેય બ્રાન્ડ કેમ્પેઇન અને બ્રાન્ડ વ્યૂહરચનાને જાય છે.

આ વર્ષે પણ આ એવરગ્રીન સિઝન બધાને ફળે અને આપનો વ્યાપાર તથા બ્રાન્ડ આવનારાં વર્ષોમાં સમૃદ્ધિ પામે ને આસમાનને આંબે તેવી પ્રભુ પાસે પ્રાર્થના. ■

વિશેષ
સંજય શ્રીવાસ્તવ
feedback@bombaysamachar.com

# યુદ્ધનું આધુનિક હથિયાર ડ્રોન



આપણે ટેક્નોલોજીમાં હરણફાળ ભરી રહ્યા છીએ. દરેક ક્ષેત્રે અત્યાધુનિક વિકાસ થયો છે. એમાં હવે લડાઈના મેદાન પણ બાકાત નથી રહ્યાં. યુદ્ધમાં હવે ડ્રોનથી હુમલાઓ કરવામાં આવી રહ્યાં છે. એથી ડ્રોન હવે આધુનિક હથિયાર બની ગયું છે. આ ડ્રોન દરેક કામો જેવા કે જાસૂસી, શોધખોળ અને હુમલામાં કારગત નિવડે છે. એનું તાજું ઉદાહરણ રશિયા અને યુક્રેન, ઇઝરાયલ અને હમાસનો સંઘર્ષ છે.

હવે રણભૂમિમાં ભારે ભરખમ ફાઇટર જેટ અથવા લાંબા અંતર સુધી હુમલા કરતાં એવાં શસ્ત્રોનું વર્ચસ્વ નથી રહ્યું. હવે ચુપ રહીને પારાવાર નુકસાન પહોંચાડવાનો ડ્રોનનો યુગ છે. એની ચર્ચા ચોમેર થઈ રહી છે. ભવિષ્યમાં કૃત્રિમ બુદ્ધિમતાથી સજ્જ ડ્રોન કેર વરસાવવા માંડશે ત્યારે વિવિધ પ્રકારના ડ્રોન અને એની વિશેષતાઓ સામાન્ય લોકો પણ કરવા લાગશે. થોડા મહિનાઓ પહેલાં ચીનને અનુસરતા માલદીવે ભારત પર દબાણ નાખવાના પ્રયાસમાં 'ઇન્ડિયા આઉટ' અભિયાન હેઠળ ડ્રોનને માધ્યમ બનાવ્યું હતું. આજે ડ્રોન એવું હથિયાર બની ગયું છે જેના દમ પર નાનકડો દેશ પણ કોઈ તાકતવર દેશની સામે બાંયો ચડાવવાનું સપનું જોઈ શકે છે.

તાજેતરમાં ડ્રોનનાં કારનામા જોઈને જ કોઇપણ દેશ આવું સાહસ ખેડવાની હિમ્મત દેખાડી શકે છે. માનવ રહિત આ હથિયાર તેમના આવા મનોરથ પૂર્ણ કરી શકે છે. ૨૦૨૦માં અઝરબૈજાને ડ્રોન વડે આર્મેનિયાને હંફાવી દીધું હતું. એજ વર્ષે ત્રીજી જાન્યુઆરીએ ગ્લોબલ મિલીટ્રી ઑપરેશનના અતિશય જીનિયસ એવા સર્વોચ્ચ કમાન્ડર જનરલ કાસિમ સુલેમાની જે બે વખત જીવલેણ હુમલામાં બચી ગયા હતા. તેમની બગદાદના ઍરપોર્ટ પર એક ઈઝરાયલના ડ્રોને જીવ લીધો હતો. એક સક્ષમ સૈન્ય કમાન્ડરને યુદ્ધ વગર મોતને ઘાટ ઉતારવાની તાકત ડ્રોને દેખાડી દીધી. ડ્રોન વગર તો આ શક્ય જ નહોતું. ઈરાનને આ ડ્રોનના હુમલાનું વેર વાળવાની તક ૩૦૦થી વધુ ડ્રોને આપી હતી. ત્યારબાદ ૫૦ લેબનન ડ્રોન ઇઝરાયલની સીમામાં ઘૂસી આવ્યા હતાં અને ઇઝરાયલના સુરક્ષા તંત્રને આ વાતની શંકા પણ નહોતી ગઈ. હવાઇ હુમલાથી રક્ષા કરનાર ઇઝરાયલની જે જગવિખ્યાત આયરન ડૉમ ટૅક્નિક પર તેને ઘમંડ હતો એ ટૅક્નિક ડ્રોન સામે ફેઇલ ગઈ. હિજબુલ્લાહે ગજા યુદ્ધની શરૂઆતમાં અત્યાર સુધી ૧૫૦૦ ડ્રોન ઑપરેશન્સ, હુમલાઓને ઇઝરાયલનો ઍર ડિફેન્સ પકડી નથી શક્યો.

ડ્રોનને કારણે જ ઇઝરાયલને મોટા પાયે નુકસાન થયું છે. અમેરિકામાં થયેલા ૯-૧૧ના હુમલાને ભૂલી ન શકાય. એથી એનો બદલો લેવા અમેરિકાએ સૌ પ્રથમ ડ્રોન દ્વારા અફઘાનિસ્તાન પર હુમલો કર્યો હતો. ઓસામા-બિન-લાદેન અને અલ-કાયદાના અન્ય આતંકવાદીઓની શોધમાં સર્જિકલ સ્ટ્રાઇક માટે ડ્રોનનો વધુ પ્રમાણમાં સફળ પ્રયોગ કરવામાં આવ્યો હતો. યુદ્ધ નિષ્ણાતો જે માનતા હતા કે લડાઈ માત્ર સાત દિવસમાં પૂરી થશે, પરંતુ ત્રીજા વર્ષ સુધી જો એ કાયમ છે તો એની પાછળ મોટું કારણ ડ્રોન છે. ડ્રોન દુશ્મનોની તમામ પ્રવૃત્તિઓ પર ચાંપતી નજર રાખે છે અને બાદમાં હુમલો કરે છે. એક જમાનામાં પોતાના અને અન્ય દેશોના પ્રસિદ્ધ ફાઇટર જેટ વિમાનોના નામ લોકોના દિમાગમાં છવાયેલા રહેતા હતા, પછી એનું સ્થાન મિસાઇલ્સે લઈ લીધું હતું. હવે ડ્રોનનો યુગ આવ્યો છે. તમામ દેશો પોતાનાં સુરક્ષા તંત્રોને સશક્ત, ચાંપતો બંદોબસ્ત રાખવા અને હુમલાને અચુક બનાવવા માટે વિવિધ પ્રકારના ડ્રોનનો ઉપયોગ કરે છે. ચિલી, કૅનેડા, અઝરબૈજાન, મૅક્સિકો, કોલંબિયા, ફિલીપીન્સ અને સ્વિટ્ઝર્લેન્ડ પાસે ઉત્તમ દરજ્જાના લડાકુ યાન અને મારક મિસાઇલ્સ હોય કે ના હોય, પરંતુ અનેક ઘાતક ફાઇટર ડ્રોન જરૂર છે.

તાકતવર દેશો અતિશય લડાકુ વિમાનો અને લાંબા અંતરની મિસાઇલ રાખવા છતાં પણ ડ્રોનનો ઉપયોગ વધારે કરે છે તો એની પાછળ ખાસ કારણ છે. યુદ્ધ ખૂબ મોંઘું પડે છે. એક લડાકુ વિમાન ૬૦૦ કરોડ રૂપિયાથી પણ વધુની કિંમતનું છે. એના પાઇલોટની ટ્રેઇનિંગ અને આવકનો ખર્ચ તો અલગ જ હોય છે. તો સામે એક મિસાઇલની કિંમત પણ કરોડોમાં છે. તેની પણ જાળવણી, પરિવહન અને ઑપરેશન્સનો ખર્ચ વધુ છે. લડાઈ દરમ્યાન જો ભારે માત્રામાં એનો ઉપયોગ કરવામાં આવ્યો અને એમાં પાઇલોટનો જીવ ગયો તથા વિમાનને નુકસાન થયું તો એ દેશની અર્થવ્યવસ્થા ડગમગી જશે. એવામાં યુદ્ધનું વહેલી તકે સમાધાન આવે એ જરૂરી બની જાય છે. લડાકુ ડ્રોનની કિંમત ૧૦ લાખથી ૬ કરોડ સુધીની છે, જે ફાઇટર પ્લેનની સરખામણીએ નહીંવત છે. હવે યુદ્ધો ઘણાં વખત સુધી ચાલે છે. નબળી અર્થવ્યવસ્થા ધરાવતા દેશો પણ એમાં ટકી રહે છે, કેમ કે માનવ રહિત ડ્રોન મોંઘાં લડાકુ વિમાનોની સરખામણીએ થોડા પોસાય એવા છે.

નીચે ઊડતા ડ્રોનને પકડવા ઘણી વખત મુશ્કેલ બની જાય છે. એવું ઘણી વખત જોવા મળ્યું છે કે ૧૦ લાખના ડ્રોનનો નાશ કરવા માટે બે કરોડની મિસાઇલ છોડવી પડી છે. એનો અર્થ એ કે દુશ્મનની સફળતામાં વીસ ગણા નુકસાન પોતાનું જ છે. ભવિષ્યમાં એઆઈ નિર્મિત ડ્રોન આવશે તો એ વધુ કેર વર્તાવશે. મહત્ત્વની બાબત એ છે કે આપણો દેશ પણ ડ્રોનના નિર્માણ, ઉપયોગ અને એમાં શોધનમાં ખાસ્સો આગળ નીકળી ગયો છે.

## ભારત બનશે વિશ્વ માટે ડ્રોનનું હબ

ભારતે ૧૯૯૦માં પોતાનો ડ્રોન પ્રોજેક્ટ શરૂ કર્યો હતો. અનેક ડ્રોન પણ વિકસિત કરવામાં આવ્યાં છે. નાગાસ્ત્ર-૧ ભારતનો પહેલો સ્વદેશી ડ્રોન છે, જે રડારની પકડમાં આવ્યા વગર દુશ્મનો પર હુમલો કરે છે. નિશાંત ડ્રોન કૅટાપુલ્ટ ટૅક્નિકથી લૉન્ચ કરવામાં આવે છે અને સ્વ-ચાલિત ન હોવાને કારણે એ પૅરાશૂટથી નીચે ઊતરે છે. દેશનું લક્ષ્ય છે કે ૨૦૩૦ સુધીમાં ડ્રોનના ઉત્પાદન માટે ગ્લોબલ હબ બનવાનું છે. એના માટે સરકારી અને ખાનગી કંપનીઓ તનતોડ મહેનત કરી રહી છે.

થ્રોટલ ઍરોસ્પેસ, અલ્ફા ડિઝાઇન ટૅક્નોલોજીઝ, આઇડિયાફોર્જ, પારસ ઍરોસ્પેસ જેવી ડઝનભર કંપનીઓ ડ્રોનના નિર્માણમાં લાગી ગઈ છે. હર્મીસ-૯૦૦ ડ્રોનને અદાણી ડિફેન્સે ઇઝરાયલની ફર્મ એલ્બિટ સાથે થયેલા કરાર મુજબ મેક ઇન ઇન્ડિયા હેઠળ બનાવે છે. ફિક્કી પ્રમાણે ભારતમાં ડ્રોનના ઉત્પાદનની ક્ષમતા ૨૦૨૫ સુધી સવા ચાર અરબ ડૉલર અને ૨૦૩૦ સુધી ૨૩ અરબ ડૉલર સુધી પહોંચી શકે છે. ૨૦૪૭ સુધી ભારતને વિકસિત બનાવવાનું સપનું ડ્રોન દ્વારા પૂરું થશે.

ચીન અને પાકિસ્તાનની પ્રવૃત્તિઓ પર ચાંપતી નજર રાખવા માટે અને જરૂર પડ્યે નિશાન તાકવા માટે ભારતે ઉચ્ચ શ્રેણીના વિદેશી ડ્રોનને પોતાનાં શસ્ત્રોના ખજાનામાં સામેલ કર્યા છે. ટૂંક સમયમાં સૌથી ઘાતક એવા અમેરિકન એમક્યુ૯બી પ્રિડેટર અને ઇઝરાયલનો હર્મીસ-૯૦૦ સ્ટારલાઇનર પણ આપણાં શસ્ત્રોમાં સામેલ થઈ જશે. હાલમાં તો ઇઝરાયલના ડ્રોન ઇરાન માર્ક-૧ અને ૨ને આપણે પાકિસ્તાન અને ચીન પર નજર રાખવા માટે તહેનાત કર્યાં છે. સ્ટેલ્થ ડ્રોન જે સ્વદેશી કાવેરી એન્જિનની મદદથી ૪૫૦ કિલો લોડ લઈને ૩૦ હજાર ફીટની ઊંચાઈ સુધી સતત ૩૬ કલાક ઊડી શકે છે. સાથે જ બસો કિલોમીટરની રેન્જ સુધી જમીન પરથી કમાન્ડ લઈ શકે છે. એનો પણ ઉપયોગ થઈ રહ્યો છે.

ડ્રોન હુમલાનો મુકાબલો કરવા માટે કાઉન્ટર-ડ્રોન ટૅક્નોલોજી અને રણનીતિ ખૂબ જરૂરી છે. ડીઆરડીઓએ લેઝર-ટૅક્નિકના આધારે કાઉન્ટર-ડ્રોન હથિયારનું નિર્માણ કર્યુ છે. પ્રાઇવેટ કંપનીઓ પણ ડ્રોનને જામ કરવામાં અને નીચે પાડવાની ટૅક્નિકમાં કાર્યરત છે. રક્ષા-મંત્રાલય એન્ટી-ડ્રોન ટૅક્નિકને તૈયાર કરવા માટે ખૂબ પ્રોત્સાહન આપે છે.

## વિશ્વના સૌથી ઘાતક પાંચ ડ્રોન

લડાકુ ડ્રોન નિર્માણમાં તુર્કીની બોલબાલા છે. અમેરિકાની કંપની અંડુરિલે રૉકેટ અને મિસાઇલની બમણી વિશેષતાવાળા જેટ એન્જિન ચાલિત એકમાત્ર રીયુઝેબલ વીટોલ ડ્રોન, રોડરનર બનાવ્યો છે. ઓછા ખર્ચવાળો આ ડ્રોન સીધો ટેક-ઑફ કરીને ઠીક એ રીતે જ લેન્ડ થાય છે. એ કોઈપણ ઓછી ઊંચાઇએ ઊડતા પોતાના લક્ષ્યનો પીછો કરીને એને હવામાં ખતમ કરીને જ પાછો ફરે છે. નવી કૅટેગરીનો આ ડ્રોન દુશ્મનના ક્રૂઝ મિસાઇલ, ડ્રોન તથા ફાઇટર જેટનો વિનાશ કરી શકે છે. સાથે જ દુનિયામાં જે ડ્રોનની પ્રશંસા થઈ રહી છે એવા પાંચ પ્રમુખ ડ્રોન પર એક નજર નાખીએ.

**૧. એમક્યુ-૯ બી પ્રિડેટર**

આ સી-ગાર્જિયન અને સ્કાઇ ગાર્જિયન બે વર્ઝનમાં આવે છે. નજર રાખવા માટે ૪૦,૦૦૦ ફીટથી વધુ ઊંચાઈ પર ૪૦ કલાક સુધી ઉડાન ભરવા માટે ડિઝાઇન રોડરનર હુમલા માટે હેલફાયર ઍર-ટૂ-ગ્રાઉન્ડ મિસાઇલ અને સ્માર્ટ બોમ્બથી સજ્જ હોય છે. ભારત એમક્યુ-૯ બી ડ્રોન અમેરિકા પાસેથી ખરીદી રહ્યો છે.

**૨. બાયરેક્ટર, ટીબીર**

રશિયા-યુક્રેન યુદ્ધમાં ઉપયોગમાં લેવાતા તુર્કીના બાયરેક્ટર, ટીબીર ડ્રોન ૨૭,૦૦૦ ફીટની ઊંચાઈએ ઊડી શકે છે. એની રેન્જ ૧૫૦ કિલોમીટરની છે. એમક્યુ-૯ રીયર અને તુર્કીના બાયરેક્ટર ડ્રોનનો ખાતમો બોલાવવા માટે પારંપરિક એર-ડિફેન્સ મિસાઇલનો જ ઉપયોગ કરવો પડે છે. પાડોશી દેશ પાકિસ્તાને પણ આ ડ્રોનને ખરીદ્યું છે.

**૩. હેરોન માર્ક-૨ ડ્રોન**

આની ઊડવાની ક્ષમતા ૩૦ કલાકથી વધુની છે અને એ ૯,૧૦૦ મીટરની અધિકતમ ઊંચાઈએ ઊડી શકે છે. નજર રાખવાની સાથે એની અંદર શસ્ત્રો પણ રાખી શકાય છે. ભારતે હાલમાં જ આ ડ્રોન ઇઝરાયલ પાસેથી લીધું છે.

**૪. વિંગ-લૉંગ**

ચીનનું આ ડ્રોન ડબ્લ્યુએલ-૨ના નામથી ઓળખાય છે. આ બસો કિલોગ્રામ સુધી લેઝર નિર્દેશિત બોમ્બ લઈ જવા અને ઉપગ્રહ સંપર્કની મદદથી લાંબા અંતર સુધી હુમલો કરવામાં સક્ષમ છે. નાઇજીરિયાના બોકોહરામના વિસ્તાર પર આ ચીનના ડ્રોનથી હવાઇ હુમલો કરીને ૧૦૦ થી વધુ આતંકવાદીઓને ઠાર કરી દીધા હતા.

**૫. તાઈ અક્સુંગુર**

તુર્કીમાં વિકસિત આ મીડિયમ એલ્ટિટ્યુડ લૉન્ગ એન્ડયોરેન્સ શ્રેણીનું ડ્રોન છે. ઇન્ટેલિજન્સની નજર અને દિવસ રાત યોગ્ય હુમલાઓ કરવામાં એ સક્ષમ છે. ટ્વિન ટર્બોચાર્જ્ડ ડીઝલ એન્જિનની મદદથી એ ૪૦,૦૦૦ ફીટ ઊંચે સુધી ઊડી શક્નાર આ ડ્રોન ૫૦૦, ૩૦૦ અને ૧૫૦ કિલોવાળા હથિયારનો ભાર ખમી શકે છે. ■

શરદ જોશી સ્પીકિંગ
સંજય છેલ
feedback@bombaysamachar.com

# દેશભરમાં ટ્રાફિક જેમ

## ૨૧મી સદીની એક વિરાટ સમસ્યા



આપણા દેશમાં આઝાદી પછીના એકાદ બે દાયકા સુધી મોટા શહેરના રસ્તાઓ ખાલી જોવા મળતા. રસ્તા પર ચાલવાવાળાઓને લાગતું કે આ આખો રસ્તો તો એમના બાપનો જ છે. સાઇકલવાળાઓ એકબીજાના ખભા પર હાથ રાખીને સાઇકલ ચલાવતા, જાણે બગીચામાં પ્રેમીઓ. ત્યારે રસ્તાઓ ખાલી લાગતા જ નહોતા, એ હકીકતમાં ખાલી જ હતા!

એકલ દોકલ ઘોડાગાડી, રિક્ષા, સાઈકલ કે બળદગાડા આપણા રસ્તા પરથી પસાર થતાં. બાકી તો છેક એકાદ કિલોમીટર સુધી ચાલીએ પછી એકાદ કાર માંડ દેવતાઓની જેમ દર્શન દેતી. ત્યારે શહેરોમાં માંડ ગણીગાંઠી ગાડીઓ હતી એટલે મોટા ભાગે શહેરમાં બધાંને જ ખબર હોય કે કઈ કાર, કોની કે ક્યા શેઠની છે!

એ સમયમાં માલદાર લોકો પાસે ઓસ્ટિન, ફોર્ડ, બેડફોર્ડ, મોરિસ ગાડીઓ હતી, જ્યારે મર્સિડીઝ જેવી શાનદાર ગાડીઓ તો કોઈ રાજા, રજવાડા પાસે જ જોવા મળતી. ખૂલી ગાડીમાં શર્ટનાં બટન ખોલીને ફિલ્મી હીરો નીકળતા. એ દિવસોમાં, આખા શહેરમાં ૫-૬થી વધારે સ્કૂટરો કે બાઇકો નહોતી. ત્યારે મોટરસાઇકલોને ચલાવવાળાઓને બહુ બહાદુર કે જાંબાઝ ગણવામાં આવતા. વળી જેની પાસે સાઇકલ હતી એને તો કાયમ એવું લાગતું કે એ શહેરના બધાં જ એ વિસ્તારોમાં જલદી પહોંચી શકે છે. ખાલી સાઇકલ હોવાના કારણે ને સાઇકલના ટાયરમાં હવા હોવાને એનામાં-આખી દુનિયા પોતાની મુઠ્ઠીમાં છે! એવી હવા ભરાઇ જતી!

આઝાદીનાં થોડા વર્ષ બાદ ધીમે ધીમે એ રસ્તાઓ પર ચાલવાળાઓ અને સાઈકલવાળાઓ એક બાજુ ખસવા લાગ્યા. હવે રસ્તાની વચ્ચે ફિયાટ, જીપ, એમ્બેસેડર જેવી નવી નવી ગાડીઓ, બસો, ટ્રકો, ટેમ્પાઓ, ઓટોરિક્ષા વગેરે દોડવા લાગ્યા. સાઇકલો તો હતી, પણ લેમ્બ્રેટા જેવા સ્કૂટરો એનાથી આગળ નીકળી જવા માંડ્યા. ધીમે ધીમે એ રસ્તા પર જુદાં જુદાં નામોવાળાં ઘણાં વાહનો દોડવા લાગ્યાં. રાજદૂત, વિકી, લુના, એનફિલ્ડ, બુલેટ, બી.એસ.એ., બજાજ, હીરો, મેજેસ્ટિક, હોન્ડા, જેવી બ્રાન્ડના નવા નવા ટૂ-વ્હિલર રસ્તા પર દોડતા થયા. કેટલીક વિદેશી કાર અને કેટલીક નવી ભારતીય ગાડીઓ પણ એ રસ્તાઓ પર દોડવા લાગી. બ્લુબર્ડ, કોન્ટેસા, મારુતિ, ઇમ્પાલા, ફોક્સવેગન, ટોયોટા ગાડીઓ વ્યક્તિગત વપરાશ માટે તો એમ્બેસેડર, ફિયાટ જેવી ગાડીઓ ટેક્સી માટે અને મેટાડોર પ્રવાસી ગાડીઓ તરીકે રસ્તા પર દોડવા માંડી. રસ્તાઓ એ જ છે, પણ હવે એ સૂમસામ કે ખાલી નથી રહ્યા. બદલાતા સમય સાથે રસ્તાઓ તો પહોળા થયા પણ આટલા બધાં વાહનોની વધતી સંખ્યાને સંભાળી શકતા નથી. આજે એ રસ્તો માત્ર આટલાં બધાં વાહનોના અવરજવર કરવા પૂરતો જ નથી રહ્યો. વાહનોને પાર્ક કરવા માટેનો લાંબો ગેરેજ પણ બની ગયો છે. વિકસિત સભ્યતાનો બધો ભાર એણે જ ઉઠાવવાનો છે.

આજે વાહનો જાણે રસ્તાઓ પર ધીમે ધીમે ઘસડાઇને ચાલે છે. વાહનોની સંખ્યા વધી રહી છે. પણ રસ્તો એ જ છે. જેમ મોંઘવારી વધી છે પણ આપણી આવક એમની એમ જ છે. હવે ના તો એના પર ચાલવા જગ્યા છે કે ના તો વાહન ચલાવવાની! આખા દેશમાં ભારે ટ્રાફિક જૅમ છે. જ્યાં પણ રસ્તો ખાલી છે, એને નવી કાર અથવા નવા મોપેડથી જલદી ભરવાની છે. ટૂંક સમયમાં આ દેશ એક વિશાળ ગેરેજ બની જશે. ભવિષ્યમાં મોટાં શહેરોમાં તો વાહનો ગેરેજમાં કે કંપાઉંડમાં જ સદાયે મૂર્તિઓની જેમ પાર્ક થયેલા જ રહેશે, કારણ કે એ વાહનોને ચાલવા માટે જગ્યા જ નહીં બચશે.

રસ્તાઓ એ જ છે, માત્ર એમાં નવી નવી ગાડીઓ બદલાતી રહે છે.

આખરે છે તો એ જૂના જ રસ્તાઓ, જેના પરથી દરેકને પસાર થવું પડશે. એ જ જૂનાં ને ખાલી રસ્તાઓએ બધો ભાર ઉઠાવવો પડે છે. એ જ રસ્તાઓ બધાં વાહનોને બાવીસમી સદીમાં લઈ જશે. અત્યારે તો દેશમાં બધે જ ટ્રાફિક જૅમ થઈ ગયો છે. બધાંએ ૨૨મી સદી આવે ત્યાં લગી ધીરજ રાખીને એ ટ્રાફિકમાં અટકીને બેઠાં રહેવાનું છે.

ડરો નહીં, ૨૨મી સદી આવતાં સુધી અમુક દાયકાઓ તો ટ્રાફિકમાં બેઠાં બેઠાં આમ વિતી જશે. ■

ફોકસ
પ્રથમેશ મહેતા
feedback@bombaysamachar.com

# રાઈટ ટુ ડિસ્કનેક્ટ... પરંતુ કામ પણ મહત્ત્વનું

## રજાના દિવસે પણ આવતા મેઈલ, વ્હોટ્સેપ અને ફોનના કારણે અંગત જીવનમાં સતત ઑફિસની દખલથી લોકોને જોઈએ છે છુટકારો



ઘટના છે ૨૦૧૬ની. બેંગલૂરુ ખાતેની આઇટી કંપનીમાં કામ કરતી એક યુવતીએ ગળાફાંસો ખાઇને આત્મહત્યા કરી. તેના કુટુંબે કંપનીના મેનેજમેન્ટ વિરુદ્ધ કોર્ટ કેસ કર્યો. કુટુંબીજનોનો દાવો હતો કે ઓફિસના કામનો તણાવ-બોજો સહન ન થતા તેણે જીવન ટૂંકાવવાનો પ્રયત્ન કર્યો. યુવતીના હાલમાં જ લગ્ન થયાં હતાં.

નવો સંસાર અને ઑફિસમાં કામનો બોજો બંને વચ્ચે સંતુલન ન સાધી શકાતા તે હતાશામાં સરી પડી. રાતે મોડે સુધી ઑફિસમાં રોકાવું પડતું અને છુટ્ટીના દિવસે પણ બોસના ઇ-મેઇલ અને મેસેજ આવતા જેનો ફરજિયાત જવાબ આપવો પડતો. જોકે કુટુંબીજનો આ આરોપો પુરવાર ન કરી શક્યા અને મેસેજ કે ઇ-મેઇલ મોકલાવવાથી ગુનો સાબિત થતો નથી એવો ચુકાદો અદાલતે આપ્યો.

ઑસ્ટ્રેલિયામાં લાગુ થયેલા આ 'રાઇટ ટુ ડિસ્કનેક્ટ' ચુકાદાની ભારતમાં ખૂબ જ ચર્ચા થઇ રહી છે અને તે પણ ખાસ કરીને આઇટી સેક્ટરમાં. છુટ્ટીના દિવસે આવતા ઇ-મેઇલ, વ્હોટ્સેપ મેસેજ અને ફોનના કારણે કર્મચારીઓના અંગત જીવનમાં ઑફિસના હસ્તક્ષેપથી છુટકારો મેળવવા માટે આવો કાયદો આપણા દેશમાં પણ લાગુ થવો જોઇએ.

સંપર્કના આધુનિક સાધનો, ઝૂમ ક્લાઉડ જેવી સુવિધાઓના કારણે પહેલાથી જ કામનો બોજો વધી ગયો હતો તેવામાં ઑફિસ અવર્સ બાદ અથવા તો રજાના દિવસે કરવા પડતા કામ કે વધારાના કામનો બોજ વધતો જતો હોવાના કારણે અંગત જીવન નહીંવત્ સરખું થઇ ગયું હોવાની ફરિયાદ કર્મચારીઓની છે. લાઇફ-વર્ક બેલેન્સ બગડતું જતું હોવાની ફરિયાદ કર્મચારીઓની છે.

આખા અઠવાડિયું કામનું તાણ, ઓવરટાઇમ, વીકલી-ઑફ વગેરે બાબતે નિયમો અને કાયદાઓ બાબતે ચોક્કસ નિયમ અને કાયદાઓ હોવા છતાં ઑફિસ અવર્સ એટલે કે કામના કલાકો બાદ કરાતા કામ કે વર્ચુઅલ કામની નોંધ ક્યાંય પણ ન હોવાની ફરિયાદ આખી દુનિયાના કર્મચારીઓ કરી રહ્યા છે.

ઑસ્ટ્રેલિયામાં સ્થિતિ એવી હતી કે કામના કલાકો બાદ જો સિનિયર તમને ઇ-મેઇલ કે વ્હોટ્સેપ કરે અને તમે તેનો જવાબ ન આપો તો તમારી પાસેથી દંડ વસૂલવામાં આવતો. જોકે 'રાઇટ ટુ ડિસ્કનેક્ટ'ના કારણે હવે આવો દંડ વસૂલી નહીં શકાય. ઊલટાનું નિયમનું ઉલ્લંઘન કરનારી કંપની-મેનેજમેન્ટને ૫૩ લાખ રૂપિયાનો દંડ ફટકારવાની જોગવાઇ નવા કાયદામાં કરવામાં આવી છે. આ કાયદાના કારણે ઑસ્ટ્રેલિયાના હજારો કર્મચારીઓને રાહત મળી છે.

લેટિન અમેરિકા, યુરોપના ૨૦થી વધુ દેશોમાં આ પ્રકારના કાયદા પહેલાથી જ છે. જોકે આ કાયદાઓ અમલમાં આવ્યા તે પાછળ કારણભૂત હતી એક ચળવળ જેનું નામ હતું 'રાઇટ ટુ ડિસ્કનેક્ટ'. રજાના દિવસે કર્મચારીઓને કામે ન બોલાવવા, ઇ-મેઇલ ન મોકલવા, એવી માગણી કર્મચારી સંગઠનોએ કરી હતી અને ફ્રાન્સની સરકારે તેમની આ માગણીઓ માન્ય પણ કરી હતી.

ફ્રાન્સની પાછળ પાછળ ઇટલી, સ્પેન, ફિલિપિન્સ વગેરે દેશોએ પણ નોકરદાર વર્ગના અંગત જીવનમાં થતા ઑફિસના હસ્તક્ષેપને રોકતો આ કાયદો લાગુ કર્યો. કર્મચારીઓના સ્વાતંત્ર્યને હણનારાઓ પર નિયંત્રણ મૂકતા આ કાયદાને લાગુ કરનારો કેન્યા એ પહેલો આફ્રિકન દેશ બન્યો હતો.

૨૦૨૨માં બેલ્જિયમે આવો જ કાયદો લાગુ કરી ફક્ત ખાનગી જ નહીં, પરંતુ ઇમરજન્સી સેવાઓને બાદ કરતી સરકારી ઑફિસોને પણ તેમાં આવરી લીધી. એટલે કે સરકારી કર્મચારીઓને પણ રજાના દિવસે ઑફિસનાં કામો ન સોંપવાનો આદેશ આપવામાં આવ્યો. ફક્ત ઇમરજન્સી સર્વિસિસમાં કામ કરતા કર્મચારીઓ માટે આ કાયદો લાગુ થતો નથી, જે સ્વાભાવિક છે.

યુરોપિયન યુનિયને પણ 'રાઇટ ટુ ડિસ્કનેક્ટ'ને મૂળભૂત અધિકાર તરીકે જાહેર કર્યો છે. પશ્ચિમ યુરોપના પોર્ટુગલ દેશે કર્મચારીઓના હિતની રક્ષા માટે તેના કરતા પણ આગળ પડતું પગલું ઉપાડ્યું. ઑફિસનાં કામો અને વ્યક્તિગત જીવન બંને એકબીજામાં ન ભળે એ માટે 'રાઇટ ટુ રેસ્ટ' એટલે કે 'આરામ કરવાનો અધિકાર' એવો કાયદો લાગુ કરીને ત્યાંના નોકરિયાતોને મોટી રાહત આપી. આ કાયદાની અમલબજાવણી બાદ કરાયેલા સર્વેક્ષણમાં આશ્ચર્યજનક પરિણામો સામે આવ્યાં. સર્વેક્ષણમાં કર્મચારીઓની કાર્યક્ષમતામાં અનેકગણો વધારો જોવા મળ્યો. આ ઉપરાંત માનસિક રોગોની સંખ્યામાં પણ પ્રચંડ ઘટાડો થયો હોવાનું જણાયું.

હેલ્થ સેક્ટર, ડિફેન્સ સેક્ટર જેવા અનેક અતિ આવશ્યક અને કટોકટીના સમયે સેવા આપનારા ક્ષેત્રને બાદ કરતા સામાન્ય ક્ષેત્રમાં કામ કરનારા કર્મચારીઓના દિવસના કામ કરવાના કલાકો કેટલા હોવા જોઇએ, આ વિશે આખી દુનિયામાં જુદા જુદા મત છે. યુરોપ, અમેરિકામાં કર્મચારી દર અઠવાડિયામાં ૩૫ કલાક કામ કરે છે જ્યારે ભારતમાં ૧૯૪૮ના ફેક્ટરી ઍક્ટ કાયદા અનુસાર કર્મચારી વધુમાં વધુ ૪૮ કલાક અને દિવસના નવ કલાક કામ કરી શકે. આ ઉપરાંત રજાના દિવસે કામ કરવાની સામે રજા મળે એવી જોગવાઇ પણ છે. જો કામના કલાકો કરતાં વધુ કલાક કામ કર્મચારી કરે, તો તેને ઓવરટાઇમનું મહેનતાણું ચૂકવવાની જોગવાઇ પણ આ કાયદામાં છે.

હાલમાં જ 'ઇન્ફોસિસ'ના સંસ્થાપક નારાયણ મૂર્તિએ ભારતીયોએ અઠવાડિયામાં ૭૦ કલાક કામ કરવું જોઇએ, એવી સલાહ દીધા બાદ વિવાદનો વંટોળ જાગ્યો હતો. સરકાર પાસે પ્રસ્તાવિત કામગાર ખરડામાં અઠવાડિયામાં ૪૮ કલાકના કામની મર્યાદા અકબંધ રાખી દરરોજ ૧૨ કલાક કામ કરનારા કર્મચારીને અઠવાડિયામાં ત્રણ દિવસ રજા આપવાની જોગવાઇ ઉમેરવામાં આવી છે. જોકે આ ખરડાનો અનેક લોકો વિરોધ કરી રહ્યા હોવાથી તેનું કાયદામાં રૂપાંતર કરીને તેને અમલમાં લાવી શકાયો નથી.

જોકે 'રાઇટ ટુ ડિસ્કનેક્ટ' એ કામના કલાકો સંબંધિત ન હોઇ કામના કલાકો બાદ અપાતા વધુના કામ અને રજાના દિવસે કામ આપવા સંબંધિત છે. આ બાબતે જો સર્વસંમતિ મળે તો ભારતમાં પણ આ કાયદો લાગુ થઇ શકે. ■



# ઈકો-ફ્રેન્ડલી વિસર્જન સાથે ગણેશોત્સવ રખોપું પર્યાવરણનું....


ગણેશોત્સવ આવે એટલે મહારાષ્ટ્ર અને મુંબઈ શહેરમાં મોટી મૂર્તિઓના દર્શન કરવા મળે છે. એમાં પણ માટીની મૂર્તિઓ ન હોય તો વિસર્જન બાદ પ્રદૂષણ ફેલાય છે. જળચર જીવોનો ભોગ લેવાય છે. જોકે આ બધાની વચ્ચે એક વાત આંખે ઊડીને વળગી છે કે મુંબઈ જેવાં શહેરોમાં કે જ્યાં પ્રદૂષણનું સ્તર અન્ય શહેરોની સરખામણીએ ઓછું છે ત્યાં પણ પર્યાવરણનું ખાસ ધ્યાન રખાયું હતું. આ વખતે કેટલીક મૂર્તિઓનું વિસર્જન મોટાં તળાવો કે સમુદ્રમાં નહીં પરંતુ કૃત્રિમ તળાવોમાં કરવામાં આવ્યું હતું.

કુદરતી વાતાવરણને કે પછી પર્યાવરણને કોઈ પ્રકારની હાનિ ન થાય એનું ધ્યાન રાખતાં મુંબઈ મહાનગર પાલિકા દ્વારા ૨૦૧૨થી વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. જેથી કરીને લોકોમાં પર્યાવરણ પ્રત્યે સજાગતા આવે. દર વર્ષે ઠેરઠેર કૃત્રિમ તળાવો બનાવવામાં આવે છે. જોકે કોરોના વાઇરસના ફેલાવા બાદ આ પહેલમાં નોંધનીય વધારો જોવા મળ્યો છે. ૨૦૧૨માં માત્ર ૨૭ કૃત્રિમ તળાવો હતાં, પરંતુ ૨૦૨૨માં ૧૫૪ કૃત્રિમ તળાવો બનાવવામાં આવ્યાં હતાં. ૨૦૨૩માં આ સંખ્યા ૧૯૧ થઈ ગઈ હતી. જોકે આ વર્ષે ૨૦૪ કૃત્રિમ તળાવો બનાવવામાં આવ્યાં છે. આ તળાવોમાં ઘરમાં બેસાડેલા બાપ્પાની સાથે જ સાર્વજનિક મંડળના બાપ્પાનું પણ વિસર્જન કરવામાં આવી રહ્યું છે. દોઢ દિવસમાં સાર્વજનિક અને ઘરનાં ગણપતિ બાપ્પાની કુલ ૬૬ હજાર ૩૩૯ મુર્તીઓનું વિસર્જન રવિવારે કરવામાં આવ્યુ હતું. એમાંથી કુલ ૩૦ હજાર ૫૧૨ મૂર્તિઓનું વિસર્જન કૃત્રિમ તળાવોમાં કરવામાં આવ્યું હતું. એને જોતા લાગે છે કે મુંબઈના લોકો હવે પર્યાવરણનું વિશેષ ધ્યાન રાખવા માંડ્યા છે.

સાથે જ બૉલીવુડની સેલિબ્રિટીઝ પણ ઇકો-ફ્રેન્ડલી બાપ્પાનો આગ્રહ રાખે છે. તેઓ પણ કૃત્રિમ તળાવોમાં બાપ્પાનું વિસર્જન કરે છે. સોનુ સૂદે પોતાના ઘરમાં જ બાપ્પાની મૂર્તિનું વિસર્જન કર્યું હતું થોડા સમય પહેલાં સલમાન ખાને પણ લોકોને વિનંતી કરી હતી કે પીઓપીની મુર્તી ને બદલે પર્યાવરણને નુકસાન ન થાય એવી મુર્તીની સ્થાપના ઘરમાં કરવી જોઈએ. ■

# ગણેશ દર્શન

**ગણેશોત્સવમાં વિવિધ થીમ સાથેની સજાવટ સાથે ગણપતિ બાપ્પાની પધરામણી કરાઈ છે. 'મુંબઈ સમાચાર' દર વર્ષની જેમ આ વર્ષે પણ આવા સરસ-સરસ મૂર્તિઓના દર્શનનો લાભ આપશે તેના વાચકોને.**



ડૉ. વીરાલી શાહ (મુંબઈ)



બિપીન એન. રાઠોડ (કાંદિવલી)



હિતેન્દ્ર ભીખુભાઈ રાઠોડ (જુહુ)



આ છે ગોરેગાંવ પૂર્વના ન્યુ ફાઇવ સ્ટાર સેવા મંડળના વિઘ્નહર્તા, જ્યાં બદ્રીનાથ મંદિરની પ્રતિકૃતિમાં બાપ્પા વિરાજમાન થઈને લોકો પર આશિષ વરસાવી રહ્યા છે.



અમેરિકાના ઈન્ડિયાનામાં રહેતા આઈટી-એન્જિનિયર નીરવ નવીન શાહે આપણી પરંપરા અને સંસ્કૃતિને જીવંત રાખવાનો પ્રયાસ કર્યો છે. ૧૪ વર્ષથી તેઓ અલગ-અલગ થીમ પર બાપ્પાનું આગમન કરે છે. આ વખતે તેમણે ક્રિકેટની થીમ બનાવી છે.



ભૂમિ ગોરી (મુંબઈ)



હસમુખ બારોટ (મીરા રોડ)



પુષ્પા વેંકટ ઐયર (મુલુંડ ઈસ્ટ)



હર્ષ ચોથાણી અને શિવાંશ ચોથાણી (મુલુંડ)



શ્રી રિદ્ધિ વિનાયક ગણેશ મંદિર (મલાડ વેસ્ટ)



રાજેશ ડી. ભાનુશાલી (મુંબઈ)



કિંજલ ચોથાણી (મુલુંડ)



બક્ષી પરિવાર રહેજા કોમ્પ્લેક્સ (મલાડ ઈસ્ટ)



શ્રી અખિલ ગુલાલવાડી સાર્વજનિક ગણેશોત્સવ મંડળ



લેખા સોસાયટી (અંધેરી વેસ્ટ)



અનિકેત નીલેશ રૂપારેલ (ચીરા બજાર)



કેવલ મોદી (બોરીવલી ઈસ્ટ)



ધિરેન સંઘવી (માટુંગા ઈસ્ટ)

# કેન્યામાં મહિલા ઍથ્લીટની પાર્ટનરના હાથે હત્યાના ચોથા બનાવથી લોકોમાં આક્રોશ

બુકવો (યુગાન્ડા)ઃ આફ્રિકા ખંડના યુગાન્ડા દેશની રેબેકા શેપ્ટેગી નામની મહિલા ઑલિમ્પિયનની તેના પાર્ટનર ડિક્સન ઍન્ડિએમાએ તાજેતરમાં પાડોશી દેશ કેન્યામાં હત્યા કરી એ ઘટનાએ કેન્યા તેમ જ યુગાન્ડામાં સનસનાટી મચાવી દીધી છે. શનિવારે રેબેકાના મૃતદેહને ચાહકોએ અંતિમ વિદાય આપી હતી. રેબેકાને કેન્યા સાથેની સરહદ નજીક તેના વતનમાં દફનાવવામાં આવી હતી. કેન્યામાં મહિલા ઍથ્લીટને તેના પાર્ટનરે મારી નાખી હોય એવી આ ચોથી ઘટના છે.




રેબેકાએ પૅરિસ ઑલિમ્પિક્સની મૅરેથોનમાં ભાગ લીધો હતો જેમાં તે ૪૪મા સ્થાને રહી હતી. ત્રીજી સપ્ટેમ્બરે ડિક્સને રેબેકાના ઘરમાં રેબેકા પર ગૅસોલીન છાંટીને તેને બાળી મૂકી હતી. રેબેકા ૮૦ ટકા દાઝી ગઈ હતી અને થોડા દિવસ બાદ તેનું મૃત્યુ થયું હતું.

વિશ્વના અનેક દેશોની મૅરેથોનમાં ભાગ લઈ ચૂકેલી રેબેકા યુગાન્ડાની છે, પરંતુ તેણે કેન્યામાં જે જમીનનો પ્લૉટ ખરીદ્યો હતો એ મુદ્દે ડિક્સન સાથે તેનો ઝઘડો થયો હતો અને મગજ પરથી કાબૂ ગુમાવી બેઠેલા ડિક્સને તેને બાળી મૂકી હતી.

રેબેકા ૩૩ વર્ષની હતી. કેન્યામાં કોઈ મહિલા ઍથ્લીટની તેના પાર્ટનર (બૉયફ્રેન્ડ કે એક્સ-બૉયફ્રેન્ડ)એ હત્યા કરી હોય એવી આ ચોથી ઘટના છે. થોડાં વર્ષોથી કેન્યામાં મહિલાઓ સામે પુરુષોની હિંસાનું પ્રમાણ ખૂબ વધી ગયું છે, પરિણામે મહિલા સંગઠનો કેન્યામાં વારંવાર રૅલી કાઢે છે.

કેન્યામાં સરેરાશ ૧૦માંથી ૪ મહિલા પર વર્તમાન અથવા ભૂતપૂર્વ પુરુષ પાર્ટનર દ્વારા શારીરિક અત્યાચાર કરવામાં આવે છે, એવું એક સર્વેક્ષણમાં જણાવાયું છે. ■

# અમેરિકાના પુરુષ ફૂટબોલર્સને કોચની સલાહ, ‘મહિલા ખેલાડીઓ પરથી પ્રેરણા લો’

ન્યૂ યૉર્કઃ મહિલાઓ આજે દરેક ક્ષેત્રે પુરુષ સમોવડી છે અને એમાં ખેલકૂદ ક્ષેત્ર પણ બાકાત નથી. જુઓને, તાજેતરની પૅરિસ ઑલિમ્પિક્સમાં ભારત વતી શૂટર મનુ ભાકરે બ્રૉન્ઝ જીતીને ધમાકેદાર આરંભ કર્યો હતો અને દિવ્યાંગ સ્પર્ધકો માટેની પૅરિસ પૅરાલિમ્પિક્સમાં શૂટર અવનિ લેખરાએ ગોલ્ડ મેડલ જીતીને શાનદાર શરૂઆત કરી હતી. લગભગ દરેક દેશમાં ખેલકૂદમાં મહિલાઓની ટીમ પુરુષોની ટીમની જેમ સફળતાઓ અને સિદ્ધિઓ મેળવતી જોવા મળી છે. અમેરિકામાં તો મેન્સ ફૂટબૉલ ટીમના કોચ મૉરિસિયો પૉશેટિનોએ ખેલાડીઓને ત્યાં સુધી કહ્યું છે કે ‘તમારે અમેરિકાની મહિલા ફૂટબૉલ ટીમની સફળતાઓ પરથી પ્રેરણા લેવી જોઈએ. તેમના જેવી સફળતા મેળવવાની મહત્ત્વકાંક્ષા તમારે રાખવી જોઈએ.’



અમેરિકાની મહિલા ફૂટબૉલ ટીમ ગયા મહિને પૅરિસ ઑલિમ્પિક્સમાં ગોલ્ડ મેડલ જીતી હતી. ફાઇનલમાં બ્રાઝિલ સામે યુએસએની ટીમનો ૧-૦થી વિજય થયો હતો.

મેન્સ ફૂટબૉલની વાત કરીએ તો અમેરિકા ૧૯૩૦માં સૌપ્રથમ ફિફા વર્લ્ડ કપમાં સેમિ ફાઇનલમાં પહોંચ્યું ત્યાર બાદ ૯૪ વર્ષમાં ક્યારેય સેમિ સુધી નથી પહોંચી શક્યું. ૨૦૦૨ પછી અમેરિકાની મેન્સ ટીમ ક્વૉર્ટર ફાઇનલમાં પણ નથી પહોંચી. એની તુલનામાં અમેરિકાની મહિલા ફૂટબૉલર્સ ચાર વખત વર્લ્ડ કપ જીતી છે અને ઑલિમ્પિક્સના પાંચ ગોલ્ડ મેડલ પણ તેમની પાસે છે.

બાવન વર્ષના મૉરિસિયો આર્જેન્ટિનાના છે. તેમને ગ્રેગ બેહૉલ્ટરના સ્થાને નીમવામાં આવ્યા છે. અમેરિકા તાજેતરની કૉપા અમેરિકા સ્પર્ધામાં પ્રથમ રાઉન્ડમાં જ આઉટ થઈ જવાને પગલે ગ્રેગને કોચના હોદ્દા પરથી દૂર કરવામાં આવ્યા હતા.

મૉરિસિયોના મતે યુએસએના પુરુષ ફૂટબોલર્સ માટે દેશની મહિલાઓની ફૂટબૉલ ટીમ એક દૃષ્ટાંત બની શકે એમ છે.

અમેરિકાએ મૉરિસિયોને ૨૦૨૬ના ફિફા વર્લ્ડ કપ સુધી મેન્સ ટીમના કોચ તરીકે નીમ્યા છે. મૉરિસિયોએ પુરુષ ખેલાડીઓને કહ્યું, ‘મારું માનવું છે કે અમેરિકાની મહિલા સૉકર ટીમ મેન્સ ટીમ માટે પ્રેરણા બની શકે.’ મૉરિસિયો સ્પેન, ઇંગ્લૅન્ડ અને ફ્રાન્સમાં પ્રોફેશનલ ફૂટબૉલ લીગ ક્લબોની ટીમને કોચિંગ આપી ચૂક્યા છે. ■

# હૉકીમાં ભારતે પાકિસ્તાનને ૨-૧થી પરાસ્ત કર્યું

## બન્ને ગોલ કૅપ્ટન હરમનપ્રીત સિંહે કર્યા

બીજિંગઃ ચીનના હુલનબુર શહેરમાં આયોજિત હૉકીની એશિયન ચૅમ્પિયન્સ ટ્રોફીમાં ભારતે સેમિ ફાઇનલ પહેલાં શનિવારે છેલ્લા લીગ મુકાબલામાં કટ્ટર હરીફ પાકિસ્તાન પર ૨-૧થી શાનદાર વિજય મેળવ્યો હતો. આ રસાકસીભર્યા મુકાબલામાં ભારતના બન્ને ગોલ કૅપ્ટન હરમનપ્રીત સિંહે કર્યા હતા.



હુલનબુરના મૉકી હૉકી ટ્રેઇનિંગ બેઝ ખાતે આ સતત પાંચમો વિજય મેળવીને ભારતીય ટીમે આ ટૂર્નામેન્ટમાં વિજયીકૂચ જાળવી રાખી હતી.

પ્રથમ ક્વૉર્ટરમાં અહમાદ નદીમે ગોલ કરીને પાકિસ્તાનને ૧-૦થી સરસાઈ અપાવી હતી, પરંતુ બીજા ક્વૉર્ટરમાં હરમનપ્રીતે પેનલ્ટી કૉર્નરને ગોલમાં પરિવર્તિત કરીને સ્કોર ૧-૧થી લેવલ કરી નાખ્યો હતો. થોડી વાર બાદ હરમનપ્રીતે વધુ એક ગોલ કરીને ભારતને ૨-૧થી લીડ અપાવી હતી અને છેક સુધી ભારે રસાકસી વચ્ચે ભારતીય ડિફેન્સ મજબૂત રહેવાને લીધે પાકિસ્તાનને બીજો ગોલ કરીને મૅચ ડ્રૉમાં લઈ જવામાં સફળતા નહોતી મળી.

બંને ટીમ સેમિ ફાઇનલમાં પહોંચી ગઈ છે, પરંતુ એ પહેલાં તેમની વચ્ચે શનિવારનો આ રોમાંચક લીગ મુકાબલો પહેલેથી જ નિર્ધારિત હતો. શનિવારની બીજી મૅચ મલેશિયા-કોરિયા વચ્ચે રમાઈ હતી જે ૩-૩થી ડ્રૉમાં ગઈ હતી.

આ મૅચ પહેલાં ભારતે પાકિસ્તાનને ગયા વર્ષે ચીનની એશિયન ગેમ્સમાં ૧૦-૨થી કચડી નાખ્યું હતું.

એશિયન ચૅમ્પિયન્સ ટ્રોફીના સૌથી વધુ ચાર ટાઇટલ ભારત પાસે છે.

સેમિ ફાઇનલ સોમવારે અને ફાઇનલ મંગળવારે રમાવાની છે.

બંને દેશ વચ્ચેના તમામ હૉકી મુકાબલાઓમાં પાકિસ્તાન ૮૨-૬૭થી સરસાઈમાં છે, પરંતુ છેલ્લા ૧૭ મુકાબલામાં ભારતનું પ્રભુત્વ રહ્યું છે. ૧૭માંથી ૧૫ મુકાબલા ભારત જીત્યું છે અને બે મૅચ ડ્રૉમાં ગઈ છે. પાકિસ્તાન છેલ્લે ૨૦૧૬માં ભારત સામે હૉકીમાં જીત્યું હતું. ભારતની એ હાર ગુવાહાટીની સાઉથ એશિયન ગેમ્સની ફાઇનલમાં થઈ હતી.■

# લિવિંગસ્ટન અને બેથેલે ઇંગ્લૅન્ડને ટી-૨૦ સિરીઝ લેવલ કરી આપી

## ઑસ્ટ્રેલિયાના ૧૯૩/૬ સામે ઇંગ્લૅન્ડના ૧૯૪/૭

કાર્ડિફઃ ઇંગ્લૅન્ડે શુક્રવારે અહીં ઑસ્ટ્રેલિયા સામેની ટી-૨૦ સિરીઝની બીજી મૅચ જીતીને શ્રેણી ૧-૧થી લેવલ કરી દીધી હતી. બ્રિટિશ ટીમે ૧૯૪ રનનો લક્ષ્યાંક છ બૉલ અને ત્રણ વિકેટ બાકી રાખીને મેળવી લીધો હતો. ઑસ્ટ્રેલિયાએ છ વિકેટે ૧૯૩ રન બનાવ્યા બાદ ઇંગ્લૅન્ડે ૧૯ ઓવરમાં સાત વિકેટના ભોગે ૧૯૪ રન બનાવ્યા હતા. ઑલરાઉન્ડર લિઆમ લિવિંગસ્ટન અને જેકબ બેથેલ આ જીતના બે હીરો હતા.

લિવિંગસ્ટને પહેલાં તો ૧૬ રનમાં ઑસ્ટ્રેલિયાના જેક ફ્રેઝર-મૅકગર્ક (૫૦ રન) અને માર્કસ સ્ટોઇનિસ (બે રન)ની મહત્ત્વની વિકેટ લીધી હતી અને ત્યાર બાદ ચોથા નંબરે બૅટિંગમાં મોકલવામાં આવ્યા બાદ ૪૭ બૉલમાં પાંચ સિક્સર અને છ ફોરની મદદથી ૮૭ રન બનાવ્યા હતા. તેની અને ૨૦ વર્ષની ઉંમરના નવા ઑલરાઉન્ડર જૅકબ બેથેલ (૪૪ રન, ૨૪ બૉલ, ત્રણ સિક્સર, ચાર ફોર) વચ્ચે ચોથી વિકેટ માટે ૯૦ રનની ભાગીદારી થઈ હતી. કૅપ્ટન અને વિકેટકીપર ફિલ સૉલ્ટે ૨૩ બૉલમાં ત્રણ સિક્સર, બે ફોરની મદદથી ૩૯ રન બનાવીને ઇંગ્લૅન્ડને સારી શરૂઆત કરી આપી હતી.

ઑસ્ટ્રેલિયાના ઑફ-સ્પિનર મૅથ્યૂ શૉર્ટે ફક્ત બાવીસ રનમાં પાંચ વિકેટ લીધી હતી. લિવિંગસ્ટન અને બેથેલ, બન્નેને તેણે આઉટ કર્યા હતા, પરંતુ કુલ સાત બોલર સહિત શૉર્ટનો એ પર્ફોર્મન્સ પણ ઑસ્ટ્રેલિયાને જિતાડવા માટે પૂરતો નહોતો. બે વિકેટ શૉન અબૉટે લીધી હતી.

એ પહેલાં, ઑસ્ટ્રેલિયાએ છ વિકેટે જે ૧૯૩ રન બનાવ્યા હતા એમાં જેક ફ્રેઝરની હાફ સેન્ચુરી (૩૧ બૉલમાં ૫૦) ઉપરાંત વિકેટકીપર જૉશ ઇંગ્લિસ (૨૬ બૉલમાં ૪૨)નું પણ યોગદાન હતું.

લિવિંગસ્ટનને મૅન ઑફ ધ મૅચનો અવૉર્ડ અપાયો હતો. બુધવારે પ્રથમ ટી-૨૦માં ઑસ્ટ્રેલિયાનો ૨૮ રનથી વિજય થયો હતો.

નિર્ણાયક ટી-૨૦ મૅચ રવિવાર, ૧૫મી સપ્ટેમ્બરે (ભારતીય સમય અનુસાર સાંજે ૭.૦૦ વાગ્યાથી) મૅન્ચેસ્ટરમાં રમાશે. ત્યાર બાદ બન્ને દેશ વચ્ચે ૧૯મી સપ્ટેમ્બરે પાંચ મૅચની વન-ડે સિરીઝ શરૂ થશે. ■

# સૂર્યકુમારના બર્થ-ડે પર પત્ની દેવિશાની ભાવુક પોસ્ટ, ટી-૨૦ના કૅપ્ટન પર અભિનંદનની વર્ષા

## સૂર્યાએ ઐતિહાસિક સિક્સર સાથે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં બૅટિંગની શરૂઆત કરી હતીઃ વર્લ્ડ કપનો કૅચ ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાયો

મુંબઈઃ ભારતની ટી-૨૦ ટીમના કૅપ્ટન સૂર્યકુમાર યાદવને શનિવાર, ૧૪મી સપ્ટેમ્બરે ૩૪મા જન્મદિન નિમિત્તે સોશિયલ મીડિયામાં સાથી ખેલાડીઓના તેમ જ બીસીસીઆઇના સેક્રેટરી જય શાહના તેમ જ અનેક મિત્રોના અભિનંદન અને શુભેચ્છા મળ્યા હતા. જોકે એ બધામાં પત્ની દેવિશાએ ઇન્સ્ટાગ્રામ પર પ્રેમભર્યા શબ્દોથી લખેલી પોસ્ટ સૂર્યકુમાર માટે સ્પેશિયલ હતી. દેવિશાએ પોસ્ટમાં લખ્યું, ‘મારા સૌથી સારા દોસ્ત, પતિ, લવર, મારી દુનિયા અને મારા જીવનના સર્વશ્રેષ્ઠ નિર્ણય...તમને જન્મદિન બદલ ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છા. હું પ્રતિદિન તમારી આભારી છું. તમે જ મારી દુનિયા છો. તમે મારી દુનિયાને ખૂબસૂરત બનાવી છે. હું તમને ખૂબ પ્રેમ કરું છું અને હંમેશાં કરતી રહીશ.’



૨૦૨૧માં પોતાના પહેલા બૉલમાં સિક્સર ફટકારતો સૂર્યકુમાર (ઉપર, ડાબે). ૨૯મી જૂને બ્રિજટાઉનમાં ટી-૨૦ વર્લ્ડ કપની સાઉથ આફ્રિકા સામેની ફાઇનલમાં હાર્દિક પંડ્યાના બૉલમાં બાઉન્ડરી લાઇનની આરપાર જઈને ડેવિડ મિલર (૨૧ રન)નો અફલાતૂન કૅચ પકડીને સૂર્યકુમારે વર્લ્ડ કપની ટ્રોફી અપાવી હતી (જમણે, નીચે).

સૂર્યકુમાર પહેલી વાર દેવિશા શેટ્ટીને ૨૦૧૦માં પોદાર કૉલેજમાં મળ્યો હતો. તેઓ બન્ને એ જ કૉલેજમાં ભણતાં હતાં. સૂર્યાએ ત્યારે ક્રિકેટમાં કરીઅર શરૂ કરી દીધી હતી. દેવિશા કૉલેજના કાર્યક્રમોમાં ડાન્સ બદલ જાણીતી હતી. સૂર્યા ત્યારે જ દેવિશાને દિલ દઈ બેઠો હતો. બન્ને વચ્ચેની દોસ્તી ધીમે-ધીમે મજબૂત થતી ગઈ અને પાંચ વર્ષ સુધી એકબીજાને ડેટ કર્યા બાદ ૨૦૧૬માં તેમણે લગ્ન કર્યાં હતાં. દેવિશા ડાન્સ-ટ્રેઇનર અને ડાન્સ-કોચ છે.

સૂર્યકુમારનો જન્મ ૧૯૯૦ની ૧૪મી સપ્ટેમ્બરે મુંબઈમાં થયો હતો. મૂળ ઉત્તર પ્રદેશના મધ્યમ વર્ગના પરિવારમાં જન્મેલા સૂર્યાને નાનપણથી ક્રિકેટ ઉપરાંત બૅડમિન્ટન રમવાનો પણ શોખ હતો. જોકે તેના પિતા અશોક યાદવે તેને કરીઅર બનાવવા બેમાંથી એક રમત પસંદ કરવા કહ્યું ત્યારે સૂર્યાએ ક્રિકેટ પસંદ કરી હતી. સૂર્યા ૧૦ વર્ષનો હતો ત્યારે તેનો પરિવાર વારાણસીથી મુંબઈમાં સ્થાયી થયો હતો. તેના કાકા વિનોદ યાદવ ક્રિકેટ-કોચ હતા અને પિતા સરકારી વિભાગમાં એન્જિનિયર હતા.

બીસીસીઆઇના સેક્રેટરી જય શાહે ‘આપણા ટી-૨૦ કૅપ્ટન અને મિસ્ટર ૩૬૦ને જન્મદિનની હાર્દિક શુભેચ્છા’ એવું લખીને સોશિયલ મીડિયામાં અભિનંદન આપ્યાં હતાં.

સૂર્યકુમાર ૩૬૦ ડિગ્રી શૉટ માટે જગવિખ્યાત છે. શૉટ ફટકારવાની તેની સ્ટાઇલ સૌથી અલગ અને રોમાંચિત કરી મૂકનારી છે.

સૂર્યકુમારને શનિવારે સચિન તેન્ડુલકર, એમએસ ધોની, રોહિત શર્મા, વિરાટ કોહલી તેમ જ ચેતેશ્વર પુજારા અને સુરેશ રૈના સહિત અનેકના અભિનંદન અને શુભેચ્છાના સંદેશ મળ્યા હતા. મુંબઈ ક્રિકેટ અસોસિયેશન (એમસીએ) તેમ જ મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ)એ પણ સોશિયલ મીડિયામાં સૂર્યાને અભિનંદન આપતી એક્સાઇટિંગ પોસ્ટ મૂકી હતી.

સૂર્યકુમારે ૭૧ ટી-૨૦ ઇન્ટરનૅશનલમાં ચાર સેન્ચુરી સહિત કુલ ૨,૪૩૨ રન બનાવ્યા છે. ૩૭ વન-ડેમાં તેના ૭૭૩ રન છે. તેને હજી સુધી ફક્ત એક ટેસ્ટ રમવા મળી છે. ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં સૂર્યાના નામે ૧૪ સદી સહિત કુલ ૫,૬૨૮ રન છે. આઇપીએલ સહિતની ટી-૨૦ મૅચોમાં તેણે છ સેન્ચુરી સહિત ૭,૬૦૫ રન બનાવ્યા છે. ■

### સૂર્યાએ કરીઅરના પહેલા જ બૉલમાં ફટકારી હતી ઐતિહાસિક સિક્સર!

મુંબઈ ક્રિકેટ અસોસિયેશન (એમસીએ) સાથે સંકળાયેલા પીઢ સ્કોરર દીપક જોશીએ ‘મુંબઈ સમાચાર’ને આપેલી જાણકારી મુજબ સૂર્યકુમારે માર્ચ, ૨૦૨૧માં અમદાવાદમાં સિક્સર ફટકારીને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં બૅટિંગની શરૂઆત કરી હતી. ટી-૨૦ ઇન્ટરનૅશનલમાં છગ્ગાથી બૅટિંગની ધમાકેદાર શરૂઆત કરનાર સૂર્યકુમાર પ્રથમ ભારતીય ક્રિકેટર છે. ટી-૨૦ ઇન્ટરનૅશનલ ક્રિકેટમાં રમેલા પહેલા બૉલમાં સિક્સર ફટકારનાર તે વિશ્વનો સાતમો બૅટર છે. સૂર્યાએ ટીમ ઇન્ડિયા વતી રમેલી (ઇંગ્લૅન્ડ સામેની) પોતાની એ પહેલી મૅચમાં ૩૧ બૉલમાં કુલ ત્રણ સિક્સર, છ ફોરની મદદથી ૫૭ રન બનાવ્યા હતા અને ઇંગ્લૅન્ડના ટૉપ-સ્કોરર બેન સ્ટોક્સ (૪૬ રન)નો કૅચ પણ પકડ્યો હતો. સૂર્યાને એમાં ભારતની જીત બદલ મૅન ઑફ ધ મૅચનો અવૉર્ડ અપાયો હતો. ■




# તિલક અને પ્રથમની સેન્ચુરીથી મયંકની ટીમનો મૅચ પર સંપૂર્ણ અંકુશ

## ઈશ્વરન ૨૪મી સદી સાથે અડીખમ, પણ ઇન્ડિયા-સીના કંબોજનો પાંચ વિકેટનો તરખાટ

અનંતપુરઃ દુલીપ ટ્રોફીના ચાર દિવસના મુકાબલામાં શનિવારે ત્રીજા દિવસે ઓપનર પ્રથમ સિંહ (૧૨૨ રન) અને તિલક વર્મા (૧૧૧ નૉટઆઉટ)ની જોડીએ બીજી વિકેટ માટે ૧૦૪ રનની ભાગીદારીથી ઇન્ડિયા-એ ટીમને ઇન્ડિયા-ડી સામે મજબૂત સ્થિતિમાં લાવી દીધી હતી.

ઇન્ડિયા-એના પ્રથમ દાવના ૨૯૦ રનના જવાબમાં ઇન્ડિયા-ડીએ દેવદત્ત પડિક્કલના ૯૨ રનની મદદથી ૧૮૩ રન બનાવ્યા હતા. ઇન્ડિયા-એને ૧૦૭ રનની લીડ મળી હતી અને ત્રીજા દિવસે એણે ત્રણ વિકેટે ૩૮૦ રનના સ્કોર પર દાવ ડિક્લેર કરી દીધો હતો. એ સાથે, ઇન્ડિયા-એ ટીમ કુલ ૪૮૭ રન સાથે વિજય મેળવવા માટે ફેવરિટ હતી. રમતને અંતે ૪૮૮ રનના લક્ષ્યાંક સામે ઇન્ડિયા-ડીનો સ્કોર એક વિકેટે ૬૨ રન હતો અને જીતવા બીજા ૪૨૬ રનની જરૂર હતી. જોકે ઇન્ડિયા-એ ટીમે જીતવા માટે નવ વિકેટ લેવાની બાકી હતી.

બીજી તરફ, ઇન્ડિયા-બીના કૅપ્ટન અભિમન્યુ ઈશ્વરને (૧૪૩ નૉટઆઉટ) ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટની ૨૪મી સદી ફટકારી હતી અને નારાયણ જગદીશન (૭૦ રન) સાથે ૧૨૯ રનની ઓપનિંગ ભાગીદારી કરી હતી, પરંતુ ઇન્ડિયા-સીના ઑલરાઉન્ડર અંશુલ કંબોજની પાંચ વિકેટને લીધે ઇન્ડિયા-બીનો સ્કોર (૩૦૯/૭) થોડો અંકુશમાં રહ્યો હતો. ઋતુરાજ ગાયકવાડના નેતૃત્વમાં ઇન્ડિયા-સી ટીમે જે ૫૨૫ રન બનાવ્યા એના જવાબમાં ઇન્ડિયા-બીના સાત વિકેટે ૩૦૯ રન બન્યા હોવાથી ઇન્ડિયા-સી ટીમ ૨૧૬ રનથી આગળ હતી. ■

# બ્યૉન બોર્ગના પુત્ર સામે રામકુમાર પરાજિત

સ્ટૉકહોમઃ ટેનિસના ડેવિસ કપ વર્લ્ડ ગ્રૂપ-૧ મુકાબલામાં અહીં શનિવારે સ્વિડન સામે ભારતીય ટીમ ૦-૨થી પાછળ હતી. ડબલ્સ સ્પેશિયાલિસ્ટ એન. શ્રીરામ બાલાજીનો પ્રારંભિક સિંગલ્સમાં એલિયાસ યમેર સામે ૪-૬, ૨-૬થી પરાજય થયો હતો. રામકુમાર રામનાથનને તેનાથી નીચી રૅન્કવાળા મહાન સ્વિડિશ ખેલાડી બ્યૉન બોર્ગના પુત્ર લીઓ બોર્ગે ૬-૩, ૬-૩થી હરાવ્યો હતો. ભારતે હવે બાકીની ત્રણેય મૅચ જીતવી પડશે. ■

# શ્રેયસ ‘બોલર’ બનીને ચમક્યો, પણ હવે આજે દુલીપ ટ્રોફીમાં બૅટિંગની કસોટી

અનંતપુરઃ દુલીપ ટ્રોફીની ચાર દિવસીય મૅચમાં શુક્રવારે બીજા દિવસે ઇન્ડિયા-એના કૅપ્ટન મયંક અગરવાલ (૫૬ રન)ને કૉટ ઍન્ડ બોલ્ડમાં પૅવિલિયન ભેગો કરનાર ઇન્ડિયા-ડીનો સુકાની શ્રેયસ ઐયર બોલિંગમાં તરખાટ મચાવીને છવાઈ ગયો છે, પરંતુ હવે રવિવારે બૅટિંગમાં તેની આકરી કસોટી થશે, કારણકે તેની ટીમે જીતવા બીજા ૪૨૬ રન બનાવવાના બાકી હતા. શ્રેયસ પોતાની ટીમને પરાજયથી બચાવી શકશે કે કેમ એ જોવું રહ્યું.

શ્રેયસે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં જવલ્લે જ બોલિંગ કરી છે. ઑફબ્રેક અને લેગબ્રેક ગૂગલી તેની બોલિંગની ખાસિયતો છે. ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટમાં તે ચાર વિકેટ લઈ ચૂક્યો છે. તેણે શુક્રવારે મયંકને બૉલ ફેંક્યો એમાં મયંક તેને વળતો કૅચ આપી બેઠો હતો. જોકે શ્રેયસે એ નીચો કૅચ પકડીને બધાને આશ્ચર્યમાં મૂકી દીધા હતા. શ્રેયસે મયંક-પ્રથમ સિંહ વચ્ચેની ૧૧૫ રનની ભાગીદારી તોડી હતી.

મયંકને તેણે તેના ૫૬ રનના સ્કોર પર પૅવિલિયનમાં પાછો મોકલ્યો હતો, પણ પછી ઓપનર પ્રથમ સિંહ (૧૨૨ રન) તથા તિલક વર્મા (૧૧૧ નૉટઆઉટ) વચ્ચેની ૧૦૪ રનની ભાગીદારી શ્રેયસની ટીમને ભારે પડી હતી.

શુક્રવારે સનગ્લાસ પહેરીને બૅટિંગ કરવા આવેલા શ્રેયસે સાતમા બૉલે ઝીરો પર વિકેટ ગુમાવી દીધી હતી. જોકે એ જ સનગ્લાસ પહેરીને તેણે મયંકનો પોતાના જ બૉલમાં અફલાતૂન ડાઇવિંગ કૅચ પકડ્યો હતો. તેની ૪-૦-૨૨-૧ની બોલિંગ ઍનેલિસિસ હતી.



સોશિયલ મીડિયામાં શ્રેયસના અમુક ચાહકો એવું માને છે કે ટીમ ઇન્ડિયામાં કમબૅક કરવામાં સંઘર્ષ કરી રહેલો શ્રેયસ હવે બોલિંગના તરખાટથી ટીમ ઇન્ડિયામાં ફરી સ્થાન મેળવવા માગે છે કે શું? ■

# બ્રૉન્ઝ મેડલ વિજેતા પહેલી વાર ગોલ્ડન ટેમ્પલમાં



અમૃતસરઃ પૅરિસ ઑલિમ્પિક્સમાં બે બ્રૉન્ઝ મેડલ જીતનાર શૂટર મનુ ભાકર શનિવારે અમૃતસરના જગવિખ્યાત ગોલ્ડન ટેમ્પલમાં આવી હતી. તેણે રમતગમતની સર્વોચ્ચ સ્પર્ધામાં મેડલ જીતવાની ઇચ્છા પૂરી થઈ હોવા બદલ ઈશ્વરનો આભાર માન્યો હતો અને ભવિષ્યની સ્પર્ધાઓ માટે આશીર્વાદ માગ્યા હતા.

મનુએ પહેલી જ વાર ગોલ્ડન ટેમ્પલની મુલાકાત લીધી હતી. તેણે પત્રકારો સાથેની વાતચીત દરમ્યાન યુવા વર્ગ માટે સંદેશ આપ્યો હતો કે ‘તમે જો કોઈ લક્ષ્યાંક નક્કી કરો તો પૂરી ક્ષમતાથી એ હાંસલ કરવા તનતોડ મહેનત કરો. હંમેશાં યાદ રાખજો કે ઈશ્વર સદા તમારી સાથે જ હશે અને તમે જે મેળવવાની ઇચ્છા રાખશો એ મેળવીને જ રહેશો.’■

# ફેડરલ દ્વારા રેટ કટના મજબૂત આશાવાદે તળિયું શોધતો ડૉલર અને નળિયું શોધતું સોનું

## વિશ્વ બજાર પાછળ સોનામાં ઝડપી તેજી, રિટેલ સ્તરની ઓસરી રહેલી માગ

આગામી ૧૭-૧૮ સપ્ટેમ્બરની અમેરિકી ફેડરલ રિઝર્વની ઓપન માર્કેટ કમિટીની નીતિવિષયક બેઠક પૂર્વે ગત સપ્તાહે જાહેર થયેલા અમેરિકાના કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ અને પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સના ડેટા ફેડરલ રિઝર્વ બેઠકના અંતે નિશ્ચિતપણે વ્યાજદરમાં કાપ મૂકે તેવો આશાવાદ મજબૂત થતાં ડૉલર ઈન્ડેક્સ તળિયું શોધી રહ્યો હતો, જ્યારે સોનાના ભાવ નળિયું શોધી રહ્યા હતા. અર્થાત્ ડૉલર ઈન્ડેક્સની નરમાઈ, રેટ કટનો આશાવાદ, આર્થિક વૃદ્ધિ તથા રાજકીય-ભૌગોલિક તણાવની ચિંતા તેમ જ અમેરિકાની ચૂંટણીનાં પરિણામોની અવઢવ વચ્ચે વૈશ્વિક સોનામાં મુખ્યત્વે સલામતી માટેની માગને ટેકે ભાવમાં ઝડપી તેજી જોવા મળી હતી અને સપ્તાહના અંતે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર હાજરમાં સોનાના ભાવ વધીને ઔંસદીઠ ૨૫૭૬.૫૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે ડિસેમ્બર વાયદામાં ભાવ એક ટકાના ઉછાળા સાથે ઔંસદીઠ ૨૬૦૦ ડૉલરની સપાટી પાર કરીને ૨૬૦૬.૨૦ ડૉલર આસપાસના મથાળે રહ્યા હતા. આમ વિશ્વ બજાર પાછળ સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનામાં તેજીનો અન્ડરટોન જોવા મળ્યો હતો.

ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ગત સપ્તાહના આરંભે સ્થાનિકમાં ૯૯.૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના જીએસટી રહિતના ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત સાતમી સપ્ટેમ્બરનાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૧,૯૩૧ના બંધ સામે સપ્તાહની નીચી રૂ. ૭૧,૧૯૨ની સપાટીએ ખૂલ્યા હતા, જ્યારે સપ્તાહના અંતે રૂ. ૭૩,૦૪૪ની ઊંચી સપાટીએ બંધ રહ્યા હતા. આમ સ્થાનિકમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૧૧૩નો અથવા તો ૧.૫૫ ટકાનો ઉછાળો આવ્યો હતો. જોકે, ગત સપ્તાહે સ્થાનિકમાં ફૂંકાયેલી ઝડપી તેજીને પગલે ખાસ કરીને રિટેલ સ્તરની તેમ જ જ્વેલરી ઉત્પાદકોની લેવાલી ખપપૂરતી રહી હતી, પરંતુ રોકાણલક્ષી માગ જોવા મળી હતી. વધુમાં આગામી દિવસોમાં સોનામાં મજબૂત અન્ડરટોન જળવાઈ રહેવાની શક્યતાને ધ્યાનમાં લેતાં હવે આગામી તહેવારોની મોસમમાં સોનાના ઊંચા ભાવની માગ પર માઠી અસર પડે તેવી ભીતિ જ્વેલરો વ્યક્ત કરી રહ્યા છે.

અમેરિકા ખાતે ગત જુલાઈ મહિનામાં રોજગાર સર્જનની સંખ્યા આગલા જૂન મહિનાના ૭૯ લાખ સામે ઘટીને તેમ જ અપેક્ષિત ૮૧ લાખ સામે પણ ઘટીને ૭૭ લાખના સ્તરે રહી હોવાનું જોલ્ટ્સનાં સર્વેક્ષણના અહેવાલમાં જણાવવામાં આવ્યું હોવાથી ગત સપ્તાહ દરમિયાન ખાસ કરીને અમેરિકામાં રોજગાર સર્જન ક્ષેત્રે સુધારો મંદ પડી રહ્યો હોવાનું જણાતા ફેડરલ રિઝર્વ આગામી ૧૭-૧૮ સપ્ટેમ્બરની બે દિવસીય નીતિવિષયક બેઠકના અંતે વ્યાજદરમાં તીવ્ર કાપ મૂકે તેવી શક્યતા પ્રબળ થવાથી ડૉલર ઈન્ડેક્સમાં તથા અમેરિકી ટ્રેઝરીની યિલ્ડમાં ઘટાડો થવાને કારણે સોનામાં તેજીનું વલણ જોવા મળ્યું હોવાનું એસએમસી ઈન્વેસ્ટમેન્ટ્સ ઍન્ડ ઍડ્વાઈઝર્સના વિશ્લેષકે જણાવતાં ઉમેર્યું હતું કે ગત સપ્તાહના અંતે સીએમઈ ફેડ વૉચ ટૂલ પર ફેડરલ રિઝર્વ આગામી બેઠકના અંતે વ્યાજદરમાં ૫૦ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી ૪૭ ટકા શક્યતા ટ્રેડરો વ્યક્ત કરી રહ્યા હતા, જ્યારે અગાઉ ૫૦ બેસિસ પૉઈન્ટના ઘટાડાની માત્ર ૨૮ ટકા શક્યતા વ્યક્ત થઈ રહી હતી.

વધુમાં તેમણે ઉમેર્યું હતું કે સોનામાં રોકાણલક્ષી માગમાં પણ સતત વધારો થઈ રહ્યો હોવાથી ગત ઑગસ્ટ મહિનામાં સતત ચોથા મહિનામાં સોનાના એક્સ્ચેન્જ ટ્રેડેડ ફંડોમાં આંતરપ્રવાહ જળવાઈ રહ્યો હતો. અમારા મતાનુસાર આગામી સપ્તાહ દરમિયાન વૈશ્વિક સોનામાં ઔંસદીઠ ૨૫૦૦ ડૉલરની સપાટી મહત્ત્વની ટેકાની અને ઔંસદીઠ ૨૫૮૦ ડૉલરની સપાટી મહત્ત્વની પ્રતિકારક સપાટી પુરવાર થશે અને જો સપાટી પાર થાય તો ભાવ વધીને ૨૬૪૦ ડૉલર સુધી પહોંચી શકે છે. જોકે, સ્થાનિકમાં સોનાના ઓનલાઈન વાયદામાં સપ્તાહ દરમિયાન ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૦,૦૦૦થી ૭૩,૦૦૦ની રેન્જમાં જોવા મળે તેવી શક્યતા તેમણે વ્યક્ત કરી હતી. એકંદરે ફેડરલ રિઝર્વ આગામી બેઠકના અંતે વ્યાજદરમાં કાપ મૂકશે તેવું નિશ્ચિત જણાઈ રહ્યું છે, પરંતુ કેટલી માત્રામાં અર્થાત્ ૨૫ બેસિસ પૉઈન્ટ અથવા ૫૦ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકશે તે અંગે અવઢવ પ્રવર્તી રહ્યો છે.

તેમ છતાં સપ્તાહના અંતે ૫૦ બેસિસ પૉઈન્ટના કાપની શક્યતા પ્રબળ બની હતી. તેમ જ વર્ષ ૨૦૨૪ના અંત સુધીમાં ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કુલ ૧૦૦ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવા અંદાજો મુકાઈ રહ્યા હતા.

જોકે ઉત્તર અમેરિકાસ્થિત સિટી રિસર્ચના કૉમૉડિટી વિભાગના હેડ આકાશ દોશીએ જણાવ્યું હતું કે અમેરિકી ફેડરલ રિઝર્વ દ્વારા થનારી વ્યાજદરમાં કપાતને ધ્યાનમાં લેતા વર્ષ ૨૦૨૪ના અંત સુધીમાં સોનાના ભાવ ઔંસદીઠ ૨૬૦૦ ડૉલર અને વર્ષ ૨૦૨૫ના મધ્ય સુધીમાં ભાવ ૩૦૦૦ ડૉલર સુધી પહોંચે તેવી શક્યતા નકારી ન શકાય. વધુમાં રોકાણકારોની નજર અમેરિકાની આગામી પાંચમી નવેમ્બરની ચૂંટણી પૂર્વેની સ્થિતિ પર પણ હોવાથી પરિણામોની અનિશ્ચિતતાની સોનાના ભાવ પર અસર પડી રહી છે.

તેમ જ પરિણામો પશ્ચાત્ પણ રાજકીય સમીકરણો બદલાતાં સોનાના ભાવ ઔંસદીઠ ૩૦૦૦ ડૉલર સુધી પહોંચી શકે તેમ છે, એમ આરજેઓ ફ્યુચર્સના માર્કેટ સ્ટ્રેટેજિસ્ટ ડેનિયલ પેવિલોનિસે જણાવ્યું હતું. ■

# બાસમતી ચોખાના લઘુતમ નિકાસ ભાવ દૂરઃ બજાર વર્તુળોનો આવકાર

નવી દિલ્હીઃ ગત શુક્રવારે મોડી સાંજે સરકારે બાસમતી ચોખાના લઘુતમ નિકાસ ભાવ જે ટનદીઠ ૯૫૦ ડૉલર હતા તે દૂર કર્યા હતા. સરકારના આ નિર્ણયથી બાસમતી ચોખાની નિકાસને પ્રોત્સાહન મળશે તેમ જ ખેડૂતોની આવકમાં વધારો થશે, એમ વાણિજ્ય અને ઉદ્યોગ ખાતાના પ્રધાન પીયૂષ ગોયલે જણાવ્યું હતું. અગાઉ ગત સાલ ઑક્ટોબર મહિનામાં સરકારે બાસમતી ચોખાના લઘુતમ નિકાસ ભાવ જે ટનદીઠ ૧૨૦૦ ડૉલર હતા તે ઘટાડીને ૯૫૦ ડૉલર નિર્ધારિત કર્યા હતા.

ઘણા સમયથી ખેડૂતો અને નિકાસકારોના સંગઠનોની સતત માગને ધ્યાનમાં લેતા સરકારે બાસમતી ચોખાના લઘુતમ નિકાસભાવની મર્યાદા દૂર કરી છે. આ વર્ષે વિક્રમ પાકની સ્થિતિ હોવાથી ખેડૂતોને પોસાણક્ષમ ભાવ મળે તેમ જ નાના-મોટા તમમ વર્ગને ઉત્પાદનનો લાભ મળશે. વધુમાં ૫૪ આફ્રિકન દેશો, યુરોપિયન યુનિયનના ૪૮ દેશો તેમજ ખાડી પાર બધા દેશોમાં નિકાસની બહુ મોટી તક ઊભી થઇ હોવાનું સ્થાનિક બજાર વર્તુળોનું માનવું છે. હવે બાસમતીની વિવિધ જાતોની મોટા પાયે નિકાસ થવાની શક્યતા જોતા કેન્દ્ર સરકારનું સમયસરનું પગલું પ્રશંસનીય છે, એમ સ્થાનિક બજારના ટ્રેડ એનાલિસ્ટ અને બ્રોકર દેવેન્દ્ર અમૃતલાલ વોરાએ જણાવતાં ઉમેર્યું હતું કે આ મહિને ધાન(ડાંગર)ની આવકોની ધીમી અને મક્કમ ગતિએ આવકોની શરૂઆત થઈ છે. ઉત્તર પ્રદેશ, હરિયાણા, દિલ્હી રાજસ્થાન બોર્ડરના જિલ્લાઓ, હિમાચલ, ઉત્તરાખંડ, મધ્ય પ્રદેશના ગણતરીના જિલ્લાઓ મળી લગભગ ૧૧ રાજ્યોમાં ઓછું વધુ બાસમતીના વિવિધ લાંબા ચોખાના ધાનનું ઉત્પાદન થાય તેથી આ વિસ્તારના ખેડૂતોને લાભ મળશે. આ ઉપરાંત મફતિયા અનાજ લઈને ડચકા ખાતી રાઇસ મિલોને પણ પ્રોત્સાહન મળતા કામકાજમાં વધારો થશે. ખાસ કરીને ૧૧૨૧,૧૪૦૧,૧૫૦૯,શરબતી,૧૭૧૮, ૧૮૪૭, સુગંધા, પૂસા, આરએચ ૧૦ વિગેરે જે છ એમએમથી વધુ લંબાઈના ચોખાની એક મોટી આંતરરાષ્ટ્રીય બજાર આ વર્ષે ઊભી થશે.

તેમણે ઉમેર્યું હતું કે આ ઉપરાંત સરકારને મોટી માત્રામાં વિદેશી હૂંડિયામણની આવક વધવાની સાથે અન્ય ઘણી કૃષિ ઊપજનું એક આંતરરાષ્ટ્રીય બજાર ભારતીય સાહસિકો અને ખેડૂતોને મળશે. ટૂંકમાં સરકારના આ નિર્ણયથી બધા ઘટકોમાં ખુશી વ્યાપી છે. તેમ જ સરકાર આ ઓજીએલની નીતિ લાંબો સમય જાળવી રાખશે, એવો આશાવાદ બજાર વર્તુળો સેવી રહ્યા હોવાનું તેમણે ઉમેર્યું હતું. ■


## મુંબઈ સમાચાર ક્લાસિફાઇડ ધમાકા

આપના ઉત્તમ પ્રતિસાદને ધ્યાનમાં લઈ હવે 30મી સપ્ટેમ્બર ૨૦૨૪ સુધી વિશેષ સ્કીમમાં ક્લાસિફાઇડ જાહેરાત નોંધાવો અને

**વધારાની એક જાહેરાત મફત મેળવો**

તેમજ ઉપરોક્ત મુદત દરમ્યાન બધી જ ક્લાસિફાઇડ ડિસ્પ્લે જાહેરાતો (કલર અથવા B/W) સ્કીમનાં સ્પેશિયલ ભાવ

**રૂ. ૧૦૦/- પ્રતિ સ્કે. સે.મી.** માં મેળવો

* ક્લાસિફાઇડ અને ક્લાસિફાઇડ ડિસ્પ્લે પર વધારાની મફત જાહેરાતની આ ઓફર લાગુ કરાશે.
* વધારાની મફત જાહેરાત કોઇપણ દિવસે છપાવી શકાશે.
* અન્ય બધા જ ભાવ અને નિયમો યથાવત રહેશે.

૧લી મે, ૨૦૧૩થી અમલમાં

**ક્લાસિફાઈડ રેટ કાર્ડ**

ડેઈલી અને વીકલી

**ખાસ નોંધઃ** તમામ જાહેરખબરો નીચે દર્શાવેલ ભાવ અને શરતો પર સ્વીકારાશે

| | | |
|---|---|---|
| ગુજરાતી અને અંગ્રેજીમાં | રૂા. ૧૫૦ મિનિમમ (મિનિમમ ૧૦ શબ્દ) (મેક્સીમમ ૧૦૦ શબ્દ) | રૂા. ૧૫.૦૦ શબ્દ દીઠ |
| સંપૂર્ણ બોલ્ડ | રૂા. ૨૦૦ મિનિમમ | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| સબ હેડિંગ (બોલ્ડ) | (મેક્સીમમ ૪ શબ્દ) | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે B/W | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૨૦૦.૦૦ દર સ્કે. સે. મી. |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે Colour | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૩૦૦.૦૦ દર સ્કે. સે.મી. |

ક્લાસિક બોનાન્ઝા સ્કીમ ક્લાસિફાઈડ અને ક્લાસિફાઈડ ડિસ્પ્લે માટે ૧લી મે, ૨૦૨૪ થી ૩૦મી એપ્રિલ, ૨૦૨૫ સુધી

**સ્કીમ***

| ચુકવણી થયેલ જા.ખ. | સમય મર્યાદા |
|---|---|
| ૪ | ૩૦ દિવસ |
| ૭ | ૪૫ દિવસ |
| ૧૫ | ૭૫ દિવસ |
| ૨૩ | ૯૦ દિવસ |
| ૩૯ | ૧૬૫ દિવસ |
| ૫૭ | ૨૦૦ દિવસ |
| ૮૩ | ૨૩૦ દિવસ |
| ૧૨૨ | ૨૮૦ દિવસ |
| ૧૮૦ | ૩૮૫ દિવસ |
| ૩૭૦ | ૪૭૫ દિવસ |

* શરતો લાગુ


# ક્રૂડ અને રિફાઈન્ડ તેલ પરના ડ્યૂટી વધારાથી ખેડૂતોને લાભ થશે

નવી દિલ્હીઃ ગત શુક્રવારે સરકારે ક્રૂડ પામતેલ અને રિફાઈન્ડ સન ફ્લાવર તેલ પરની આયાત જકાતમાં અનુક્રમે ૨૦ ટકા અને ૩૨.૫ ટકા જેટલો વધારો કર્યો હોવાથી ખેડૂતોને મોટો લાભ થશે અને તેની આવકમાં વધારો થશે, એમ એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું.

નોંધનીય બાબત એ છે કે ગઈકાલે મોડી સાંજે નાણાં મંત્રાલયે નોટિફિકેશન જારી કરીને આજથી (શનિવારથી) અમલી બને તેમ ક્રૂડ પામતેલ, સોયાબીન અને સનફ્લાવર તેલની આયાત જકાતમાં ૧૨.૫૦ ટકાથી ૩૨.૫ ટકા જેટલો વધારો કર્યો હતો. આ વધારા સાથે ક્રૂડ તેલ અને રિફાઈન્ડ તેલની આયાત જકાત વચ્ચેનો તફાવત અનુક્રમે વધીને ૨૭.૫ ટકા (૫.૫ ટકા) અને ૩૫.૭૫ ટકા (૧૩.૭૫) ટકા થયો છે.

આયાતી તેલના ડ્યૂટી વધારા તેમ જ કાંદાના લઘુતમ નિકાસ ભાવની મર્યાદા દૂર થવાથી દેશનાં ખેડૂતોને લાભ થશે. તેલપરના ડ્યૂટી વધારાથી મહારાષ્ટ્ર અને મધ્ય પ્રદેશના ખેડૂતોને મોટો લાભ થશે કેમ કે દેશમાં તેલીબિયાનાં ઉત્પાદનમાં આ બે રાજ્યોનો બહોળો હિસ્સો છે, એમ અધિકારીએ જણાવતાં ઉમેર્યું હતું કે સ્થાનિકમાં ખાદ્યતેલના ભાવ સતત ઘટીને બે વર્ષની નીચી સપાટીએ પહોંચ્યા હતા અને સરકારી અસરકારક વહીવટી યંત્રણાને કારણે આ પગલાં શક્ય બન્યા છે. ■

# મુંબઈ પોર્ટ ઓથોરિટી

મુંબઈ બંદર લાંબા સમયથી ભારતનું મુખ્ય પ્રવેશદ્વાર રહ્યું છે અને ભારતીય વાણિજ્યિક ભૂગોળમાં તેણે પોતાનું સ્થાન બનાવ્યું છે. અમો મુંબઈ બંદરમાં OCT બર્થ ખાતે એક નોંધપાત્ર માઈલસ્ટોનનું અનાવરણ કરવા માટે રોમાંચિત છીએ, જ્યાં ત્રણ ભવ્ય જહાજો **MV GRAMPUS EVER, MV CHARIOTEER** અને **MV KURUSHIMA** - ઈતિહાસમાં પ્રથમ વખત આકર્ષક રીતે એકસાથે ડૉક કરવામાં આવ્યા છે. આ સફળતા જહાજો માટે ફક્ત વેઈટિંગનો સમય જ ઘટાડશે નહીં, પરંતુ ટર્નઅરાઉન્ડ ટાઈમ (TRT)માં પણ સુધારો કરશે. આ પહેલ કાર્યક્ષમતા વધારવા અને ગ્રીનહાઉસ ગેસ (GHG) ઉત્સર્જન ઘટાડવા માટે તૈયાર છે, જે ભવિષ્યમાં વધુ હરિયાળીનો માર્ગ મોકળો કરશે.

ઉપરોક્ત સિદ્ધિ શ્રી રાજીવ જાલોટા, IAS, અધ્યક્ષ અને શ્રી આદેશ તિતરમારે, IAS, ડે. ચેરપર્સન, મુંબઈ પોર્ટ ઓથોરિટીના દુરંદેશી નેતૃત્વ અને સક્ષમ માર્ગદર્શન હેઠળ શક્ય બની છે.

ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ, પૉલિસી રીફોર્મ, ટેકનોલોજીકલ એકીકરણ અને બજાર વિસ્તરણ પર ધ્યાન કેન્દ્રિત કરીને અમે વધુ કાર્યક્ષમ અને સ્પર્ધાત્મક EXIM પર્યાવરણ બનાવવાનું લક્ષ્ય રાખીએ છીએ.

# સરકારે ઘઉંની સ્ટોક મર્યાદા વધુ કડક બનાવી

નવી દિલ્હીઃ સ્થાનિકમાં સંગ્રહખોરી અટકે અને ભાવ નિયંત્રણ હેઠળ રહે તે માટે કેન્દ્ર સરકારે ગત શુક્રવારે ટ્રેડરો, હોલસેલરો, ચેઈન રિટેલરો અને પ્રોસેસરો માટેની સ્ટોક મર્યાદા વધુ કડક બનાવી છે. સરકારે ગત જૂન, ૨૦૨૪માં સ્ટોક મર્યાદા લાદી હતી અને માત્ર બે જ મહિનામાં તેમાં સુધારો કરવામાં આવ્યો છે. તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં આ નિયંત્રણો આગામી માર્ચ, ૨૦૨૫ સુધી અમલી રહેશે.

સુધારિત સ્ટોક મર્યાદા અનુસાર અગાઉ ટ્રેડરો અને હોલસેલરો માટેની સ્ટોક મર્યાદા જે ૩૦૦૦ ટન હતી તે ઘટાડીને ૨૦૦૦ ટન કરવામાં આવી છે, જ્યારે મોટા ચેઈન રિટેલરો માટે પ્રત્યેક આઉટલેટ દીઠ ૧૦ મેટ્રિક ટન નિર્ધારિત કરવામાં આવી છે. અગાઉ આઉટલેટ દીઠ મર્યાદા નહોતી.

વધુમાં પ્રોસેસરો માટેની મર્યાદા જે અગાઉ માસિક ઉત્પાદન ક્ષમતાના વર્તમાન નાણાકીય વર્ષનાં શેષ મહિનાના ૭૦ ટકાના ગુણાંકમાં હતી તે ઘટાડીને ૬૦ ટકાના ગુણાંકમાં નિર્ધારિત કરવામાં આવી છે.

જોકે, વ્યાક્તિગત રિટેલરો માટેની સ્ટોક મર્યાદા ૧૦ ટનની સપાટીએ યથાવત્ રાખવામાં આવી છે.

સરકારે ઉપરોક્ત તમામ એન્ટીટીને ડિપાર્ટમેન્ટ ઑફ ફૂડ ઍન્ડ પબ્લિક ડિસ્ટ્રિબ્યૂશનના પોર્ટલ એચટીટીપીએસ//ઈવીઈક્યુઓઆઈએલએસ.એનઆઈસી.ઈન/ડબ્લ્યુએસપી/એલઓજીઆઈએન) પર નિયમિતપણે સ્ટોકની સ્થિતિ જાહેર કરવાની રહેશે. જેની પાસે નિર્ધારિત મર્યાદા કરતાં વધુ સ્ટોક હશે તેઓએ ૧૫ દિવસના સમયગાળામાં સ્ટોક સરભર કરવાનો રહેશે.

નોંધનીય બાબત એ છે કે કેન્દ્ર અને રાજ્ય સરકારના અધિકારીઓને બારીકાઈથી સ્ટોક મર્યાદા પર નજર રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે જેથી દેશમાં કૃત્રિમ અછતની સ્થિતિ ન સર્જાય. ■


**PUBLIC NOTICE** પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે-રાજકોટ ડિવિઝન**

**સમારકામ અને જાળવણી કાર્ય**

**ઈ-ટેન્ડર નોટિસ નં. 21 વર્ષ 2024-25 તા. 09/09/2024;** ઓફિસનું સરનામું: ડિવિઝનલ રેલવે મેનેજર (એન્જી.), પશ્ચિમ રેલવે, કોઠી કંપાઉન્ડ, રાજકોટ, ગુજરાત - 360001; **વેબસાઈટ: www.ireps.gov.in (01) ઈ-ટેન્ડર નં. DRM-RJT-2024-25-E-49; કામનુ નામ:** રાજકોટ ડિવિઝન : મોરબી (60 ક્વાર્ટર્સ) અને નઝરબાગ (06 ક્વાર્ટર્સ) સ્ટેશન ખાતે સ્ટાફ ક્વાર્ટર્સ માટે સુધારણા અને સમારકામ; **અંદાજીત એનઆઈટી ખર્ચ:** ₹ 1,49,99,995.92; **અર્નેસ્ટ મની:** ₹ 2,25,000.00; **(02) ઈ-ટેન્ડર નં. DRM-RJT-2024-25-E-50; કામનુ નામ:** રાજકોટ ડિવિઝન: સિની. સેક્શન એન્જિનિયર (પી. વે) ખંભાળિયા હેઠળ 24 મહિનાના સમયગાળા માટે ટ્રેક જાળવણી પ્રવૃત્તિઓનું ઓઉટસોર્સીંગ; **અંદાજીત એનઆઈટી ખર્ચ:** ₹ 4,25,47,726.74; **અર્નેસ્ટ મની:** ₹ 3,62,700.00; **બંને ટેન્ડર માટે: ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** 01/10/2024 ના 15:00 કલાકે. 91

અમને લાઈક કરો: facebook.com/WesternRly


# હાજર ખાંડમાં નરમાઈ, નાકા ડિલિવરીમાં મિશ્ર વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સપ્તાહના અંતે ખાસ કરીને રિટેલ સ્તરની છૂટીછવાઈ માગ રહેવાની સાથે અમુક માલની ગુણવત્તા પણ નબળી આવી હોવાથી હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ચારથી આઠનો ઘટાડો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના ભાવમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો.

જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગ અનુસાર સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૫નો વધારો અને ઉપલા મથાળેથી રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ક્વિન્ટલે રૂ. પાંચ ઘટી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની લેવાલી ખપપૂરતી રહેતા ઉપાડ લગભગ ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો.

જોકે, આજે ખપપૂરતા કામકાજો અને માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ચારથી આઠ ઘટીને રૂ. ૩૭૨૨થી ૩૭૪૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૮૦૨થી ૩૯૫૦માં થયા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ તેમ જ માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા સ્મોલ ગ્રેડની ખાંડના ભાવ નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૫ વધીને અને ઉપલા મથાળેથી રૂ. પાંચ ઘટીને રૂ. ૩૬૫૫થી ૩૬૭૫ના મથાળે અને મિડિયમ ગ્રેડની ખાંડના ભાવ ક્વિન્ટલે રૂ. પાંચ ઘટીને રૂ. ૩૭૩૫થી ૩૭૭૫ના મથાળે રહ્યા હતા.

# ચોક્કસ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની લેવાલીએ સુધારો, નિકલમાં ₹ ૧૨ તૂટ્યાં

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ તાજેતરમાં આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ ઉપરાંત ધાતુના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીન સ્ટિમ્યુલસ પૅકેજની જાહેરાત કરે તેવા આશાવાદ સાથે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળી રહ્યું હોવાના નિર્દેશો સાથે વિવિધ ધાતુઓના ભાવમાં સુધારો જોવા મળી રહ્યો હોવાથી આજે વૈશ્વિક અહેવાલોની ગેરહાજરી વચ્ચે પણ કોપર, બ્રાસ અને એલ્યુમિનિયમની અમુક વેરાઈટીઓ, ઝિન્ક સ્લેબ, લીડ ઈન્ગોટ્સ અને ટીનમાં કિલોદીઠ રૂ. એકથી ૨૧નો સુધારો આગળ ધપ્યો હતો. જોકે, આજે એકમાત્ર નિકલમાં સતત બીજા સત્રમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ જળવાઈ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. ૧૨નો ઘટાડો આવ્યો હતો અને અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સપ્તાહના અંતે સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે જે ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં મુખ્યત્વે ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૨૧ વધીને રૂ. ૨૭૩૯, ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને રૂ. ૨૭૩, કોપર વાયરબાર અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને અનુક્રમે રૂ. ૮૩૨ અને રૂ. ૨૩૩, બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૫૬૦ અને કોપર કેબલ સ્ક્રેપ, કોપર આર્મિચર અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૭૯૪, રૂ. ૭૭૪ અને રૂ. ૧૯૧ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે એકમાત્ર નિકલમાં સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણ ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારોની માગ નિરસ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૧૨ ઘટીને રૂ. ૧૩૬૫ના મથાળે રહ્યા હતા, જ્યારે કોપર સ્ક્રેપ હેવી, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૭૯૪, રૂ. ૭૭૪ અને રૂ. ૧૯૧ના મથાળે ટકેલા રહ્યા હતા. ■


**પશ્ચિમ રેલવે-દાહોદ**

**જૂના વિદ્યુત ઉપકરણોને બદલવાનું કામ**

ટે.નો.નં.: W722-38-24-25-09RT3 તા. ૯/૯/૨૪, **કામનું નામઃ** રેલવે કોલોનીના જૂના વિદ્યુત ઉપકરણોને બદલવાનું કામ. **સ્થળઃ** સહાયક પરિયોજના પ્રબંધક (વીજળી) સી સાઈટ, ફીલેન્ડગંજ, પ.રે., દાહોદ-૩૮૯૧૬૦ (ગુજરાત). **કામની અનુમાનિત લાગત :** ₹ ૧,૪૧,૦૨,૦૩૬/- **બાના રકમઃ** ₹ ૨,૨૦,૫૦૦/- **ઈ-ટેન્ડર જમા કરવાની તથા ખુલવાની તા. અને સમયઃ** જમા ૩/૧૦/૨૪ના ૧૫.૦૦ ક. સુધી તથા ટેન્ડર એજ દિવસે ૧૫.૩૦ વાગે ખોલાશે. આ કાર્યાલય દ્વારા ટેન્ડર સૂચના અને દસ્તાવેજ વેબસાઈટઃ **www.ireps.gov.in / E-Tenders/Works/IR Electrical** ઉપર અપલોડ કરાયેલ છે.

એપીએમ (ઈલેક.) પશ્ચિમ રેલવે, દાહોદ

SNP-226

અમને લાઈક કરો: twitter.com/WesternRly

**પશ્ચિમ રેલવે-વડોદરા ડિવિઝન**

**એન્જિનિયરિંગ વિભાગ**

**ઈ-ટેન્ડર નોટિસ નબંર DRM-BRC 083 of 2024-25;** ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે ડિવિઝનલ રેલવે મેનેજર (WA/C), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા - 390 004 દ્વારા નીચે જણાવેલ કામ માટે મહોરબંધ ટેન્ડર આમંત્રિત છેઃ **અ.નં. (1) ટેન્ડર નં.: DRM BRC 083 of 2024-25. કામનું નામ:** સમગ્ર વડોદરા ડિવિઝનમાં વિવિધ સ્થળોએ ગ્લુડ જૉઇન્ટ્સનું ઈન સિટુ ફેબ્રિકેશન. **કામનો અંદાજીત ખર્ચ:** ₹ 1,77,87,423.15/- **જમા કરાવવાની બિડ સિક્યોરિટી:** ₹ 2,38,900.00/- **ટેન્ડર જમા કરાવવાની અને ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** ટેન્ડર તા. **03.10.2024** ના રોજ **15.00 કલાક** પહેલાં જમા કરાવવા અને તે એ જ દિવસે **15.30 કલાકે** ખોલાશે. **વેબસાઈટની વિગત અને નોટિસ બોર્ડનું સ્થળ જ્યાં ટેન્ડરની સંપૂર્ણ વિગત જોઈ શકાશે: વેબસાઈટ @ www.ireps.gov.in. ડિવિઝનલ રેલવે મેનેજર (ડબ્લ્યુએ/સી) પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390 004.**

W/623/NIT of 2024-25 dated 09.09.2024 171

અમને લાઈક કરો: facebook.com/WesternRly


# સોયાબીનના ભાવ ટેકાના કરતાં નીચી સપાટીએ છતાં ઑગસ્ટમાં સોયાતેલની આયાત મોસમની ટોચ પર

નવી દિલ્હીઃ સ્થાનિકમાં સોયાબીનના ભાવ લઘુતમ ટેકાના ભાવ કરતાં નીચી સપાટીએ પ્રવર્તી રહ્યા હોવા છતાં ગત ઑગસ્ટ મહિનામાં દેશમાં ક્રૂડ સોયાબીન તેલની આયાત વર્તમાન તેલ મોસમની સર્વોચ્ચ ૪,૫૪,૬૩૯ ટનની સપાટીએ રહ્યા હોવાનું સ્થાનિક ઔદ્યોગિક સંગઠન સોલ્વન્ટ એક્સ્ટ્રેક્ટર્સ એસોસિયેશને તાજેતરમાં સંકલિત કરેલી આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે.

એસોસિયેશનના જણાવ્યાનુસાર ગત ઑગસ્ટ, ૨૦૨૩માં દેશમાં ક્રૂડ સોયાબીન તેલની આયાત ૩,૫૭,૮૯૦ ટનના સ્તરે રહી હતી. જોકે, ગત ઑગસ્ટમાં ક્રૂડ સોયાબીન તેલની આયાત વધવાને કારણે કુલ વનસ્પતિ તેલની આયાતમાં પામ સિવાયના તેલની આયાતનો હિસ્સો વધીને ૪૮ ટકાની સપાટીએ પહોંચ્યો હતો.

એકંદરે સ્થાનિકમાં સોયાબીનના ભાવ ટેકાના ભાવ કરતાં પણ નીચે પહોંચ્યા છે અને આગામી થોડા સપ્તાહમાં સોયાબીનની નવી આવકો શરૂ થતાં ખેડૂતોની આવકમાં પણ ઘટાડો થવાની ભીતિ સપાટી પર આવતા ક્રૂડ સોયાબીન તેલની આયાતમાં વધારો જોવા મળ્યો છે. આથી એસોસિયેશને સરકારને મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર અને કર્ણાટક રાજ્યમાં ટેકાના ભાવથી સોયાબીનની ખરીદી માટે અનુરોધ કર્યો છે. તેમ જ આ સમસ્યાનો સચોટ ઉપાય ક્રૂડ અને રિફાઈન્ડ ખાદ્યતેલ પરની આયાત જકાત વધારીને ૨૦થી ૨૫ ટકા કરવાનો છે, એમ ઉમેર્યું છે.

જો આયાત જકાતમાં વધારો કરવામાં આવશે તો ખેડૂતોને તેના ઉત્પાદનોના ભાવ ટેકાના ભાવ કરતાં ઊંચી સપાટીએ પ્રવર્તતા વળતરદાયી ભાવ મળશે અને સરકારને પણ પ્રાપ્તિ કરવાની આવશ્યકતા નહીં રહે એમ એસોસિયેશને યાદીમાં ઉમેર્યું હતું.

વધુમાં ઔદ્યોગિક સંગઠને નોંધ્યું હતું કે છેલ્લા બે મહિનામાં એક્સ મંડી ધોરણે સોયાબીનના ભાવ ટેકાના ક્વિન્ટલદીઠ રૂ. ૪૮૯૨ના ભાવ કરતાં રૂ. ૫૦૦થી ૬૦૦ નીચા પ્રવર્તી રહ્યા હોવાથી ખેડૂતો ચિંતિત છે. જોકે, ગત ઑગસ્ટ મહિનામાં કુલ વનસ્પતિ તેલની આયાત ઑગસ્ટ, ૨૦૨૩ના ૧૮.૬૬ લાખ ટન સામે ઘટીને ૧૫.૬૩ લાખ ટનના સ્તરે રહી છે. જેમાં પામતેલ સિવાયની આયાતમાં ક્રૂડ સનફ્લાવર તેલની આયાત ૨૨.૩૪ ટકા ઘટીને ૨.૮૪ લાખ ટન (૩.૬૫ લાખ ટન)ના સ્તરે રહી હતી. જ્યારે કુલ વનસ્પતિ તેલની આયાત પૈકી બાવન ટકા જેટલો બહોળો હિસ્સો ધરાવતા પામતેલની આયાત ૨૯.૩૨ ટકા ઘટીને ૭.૯૭ લાખ ટન (૧૧.૨૮ લાખ ટન)ના સ્તરે રહી હતી. તેમ જ ગત નવેમ્બર મહિનાથી શરૂ થયેલી વર્તમાન તેલ મોસમના પહેલા ૧૦ મહિનામાં કુલ વનસ્પતિ તેલની આયાત ગત સાલના સમાનગાળાના ૧૯૨.૪૧ લાખ ટન સામે ૧૬ ટકા ઘટીને ૧૬૧.૦૮ લાખ ટનના સ્તરે રહી હોવાનું એસોસિયેશને યાદીમાં જણાવ્યું હતું. ■

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Weekly) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1689/1957. ''મુંબઈ સમાચાર સાપ્તાહિક'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલ્વી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર) ઈ-મેઈલઃ samachar.bombay@gmail.com ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1689/1957.

# પરમધામના પ્રાંગણે રાષ્ટ્રસંત શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબનો 54th 'જન્મોત્સવ-માનવતા મહોત્સવ' રૂપે ઉજવાશે, 29.09.2024 રવિવારે સાંજે 6:00 કલાકે

## આધિ-વ્યાધિ-ઉપાધિ નિવારક, વર્ષમાં માત્ર એક જ વાર કરાવવામાં આવતી પરમ ગુરુદેવના બ્રહ્મનાદથી સર્વ સંકલ્પ સિદ્ધિદાયક મહાપ્રભાવક 'શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રની' જપ સાધના ગૂંજી ઊઠશે પરમધામના કણ - કણમાં



જેમનો જન્મ- લાખો અબોલ, લાચાર અને જરૂરિયાતમંદ જીવો માટે શાતા-સમાધિ અને આનંદનો ઉત્સવ બની જાય એવા માનવતાપ્રેમી કરુણાનિધાન રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના 54th જન્મોત્સવ અવસરે 29.09.2024 રવિવારે માનવતા મહોત્સવનું ભવ્યાતિભવ્ય આયોજન પરમધામના પ્રાંગણે કરવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે, જીવ માત્ર પ્રત્યે પરમ ગુરુદેવના હૃદયમાંથી વહેતી કરુણાભાવના સાથે દર વર્ષે પરમ ગુરુદેવના જન્મોત્સવ અવસરે આયોજિત થતા માનવતા મહોત્સવમાં ઉદારહૃદયા ભાવિકો દ્વારા હજારો-લાખો જીવો માટે જીવદયા અને માનવતાનાં કાર્યોની અનુમોદના કરવામાં આવે છે. એ જ રીતે આ વર્ષે 29.09.2024 રવિવારે સાંજના 6:00 કલાકથી માનવતા મહોત્સવના આયોજન દ્વારા પરમ ગુરુદેવના જન્મોત્સવના વધામણાં લેવાશે.

વિશેષરૂપે, જૈનોના ૨૩મા તીર્થંકર પ્રભુ પાર્શ્વનાથની ઉત્કૃષ્ટ ભક્તિ જેના શબ્દે શબ્દે સમાયેલી છે, જેના સ્મરણ માત્રથી ભક્તોની આધિ - વ્યાધિ - ઉપાધિ - ઉપસર્ગ અને રોગ - શોક દૂર થઈ જાય છે એવો મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર જીવનમાં ન કદી વાંચેલો, ન કદી સાંભળેલો કે ન કદી જાણેલો હોવા છતાં પરમ ગુરુદેવને જીવનની કટોકટીની ક્ષણોમાં અંતરમાંથી સ્વયં સ્ફૂરિત થઈને નવજીવન આપી ગયો હતો.

એવા આ સ્તોત્રને શ્વાસે શ્વાસે અખંડ અજપ સાધના કરીને એને સિદ્ધ કરી લેનારા સિદ્ધપુરુષ પરમ ગુરુદેવના બ્રહ્મનાદે, વિશિષ્ટ પ્રકારના આરોહ-અવરોહ સાથે હંસગતિ, સિંહગતિ, હસ્તિગતિ અને સર્પગતિ દ્વારા તેમજ વિશેષ પ્રકારની મુદ્રાઓ સાથે વર્ષમાં માત્ર એક જ વાર કરાવવામાં આવતી મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રની સંકલ્પ સિદ્ધિ જપ સાધના જ્યારે દર વર્ષે માનવતા મહોત્સવમાં હજારો ભાવિકોને એક અનન્ય ઊર્જાની અનુભૂતિ કરાવીને જાય છે ત્યારે આ વર્ષે પણ આ વિશિષ્ટ જપ સાધનાનું દિવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

આ જપ સાધના સાથે માનવતા મહોત્સવમાં અનેક પાંજરાપોળ, ગૌશાળા આદિમાં અબોલ જીવોને શાતા આપવામાં આવશે, અનેક જરૂરિયાતમંદોને અનાજ, ભોજન, વસ્ત્ર આદિની સહાય મળશે, અનેક જરૂરિયાતમંદ દર્દીઓ તેમજ વિદ્યાર્થીઓને વૈદ્યકીય સહાય તેમજ શૈક્ષણિક સહાય મળશે.

આવા માનવતાના અને જીવદયાના સત્કાર્યોની અનુમોદના કરવા, પાર્શ્વનાથ પરમાત્માની ભક્તિમાં લીન -તલ્લીન બનીને ધન્ય બનવા, દિવ્ય મંત્રોની સાધના સાથે અલૌકિક અનુભૂતિ કરવા તેમજ પરમ ગુરુદેવના જન્મોત્સવની વંદના -અભિવંદના અર્પણ કરવા આયોજિત કરવામાં આવેલા દરેક કાર્યક્રમમાં જોડાવવા દરેક ધર્મપ્રેમી ભાવિકોને પધારવા ભાવભીનું આમંત્રણ આપવામાં આવ્યું છે.

માનવતા મહોત્સવના દરેક કાર્યક્રમમાં પધારનારા ભાવિકો માટે આવાસ તથા ભોજનની વ્યવસ્થા માતુશ્રી કંચનબેન રમણીકલાલ શેઠ પરિવાર દ્વારા કરવામાં આવશે.

એ સાથે જ, 29th સપ્ટેમ્બરના સાંજના આયોજિત કરવામાં આવેલા કાર્યક્રમમાં વહેલા પધારનારા દરેક ભાવિકોને પરમધામના પ્રાંગણે આયોજિત ભવ્ય એવા 'લુક એન્ડ લર્ન- કર્મ એક્ઝિબિશન'ની મુલાકાત લેવાનો અમૂલ્ય લાભ પણ મળી શકશે.

પરમધામ સ્થિત 50,000 સ્ક્વેર ફીટના વિશાળ વિસ્તારમાં, બંગાલ પ્રદેશના 150થી વધુ કુશળ કારીગરોની કલા કારીગીરી અને મોર્ડન ટેક્નોલોજીના સમન્વય સાથે ભગવાન મહાવીરના કર્મ સિદ્ધાંતને લોજીકલી પુરવાર કરીને જગતની દરેક સમસ્યા અને પ્રશ્નોનું સમાધાન આપી રહેલું આ ગ્રાંડ લેવલનું એક્ઝિબિશન હજારો મુલાકાતી ભાવિકોને અદ્ભુતતાની અનુભૂતિ કરાવી રહ્યું છે.

સ્થાનઃ પરમધામ સાધના સંકુલ વાલકસ ગામ, મુંબઈ નાશિક હાઈવે, તાલુકો કલ્યાણ, જિલ્લો થાણે મહારાષ્ટ્ર.



આ અવસરમાં જોડાઈ લાભ લેવા અગાઉથી રજિસ્ટ્રેશન કરાવવું.

For registration visit - www.parasdham.org

વધુ વિગત માટે સંપર્કઃ +૯૧ ૭૩૦૩૦૦૦૬૬૬

રહેવાની વ્યવસ્થા માટે +૯૧ ૭૩૦૩૦૦૦૪૪૪

# ભિવંડીમાં ગણપતિ બાપ્પાની મૂર્તિને નુકસાન પહોંચાડાયું

થાણેઃ થાણે જિલ્લાના ભિવંડીમાં અજાણ્યા શખસ દ્વારા ગણેશ મૂર્તિઓને કથિત રીતે નુકસાન પહોંચાડી વર્કશૉપમાંથી સાધનો ચોરવામાં આવ્યાં હોવાની ઘટના બની હતી.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના ભિવંડીના પદ્મા નગર વિસ્તારમાં ગુરુવારની મોડી રાતે બની હતી. અજાણ્યા શખસે ગણેશ મૂર્તિના કારખાનામાં કથિત રીતે તોડફોડ કરી ગણપતિ બાપ્પાની મૂર્તિઓને નુકસાન પહોંચાડ્યું હતું. કારખાનામાંથી પેઈન્ટિંગ કરવાનાં સાધનો પણ ચોરાયાં હોવાનું કહેવાય છે. તોડફોડની ઘટના શુક્રવારે પ્રકાશમાં આવી હતી.

ભગવાનની મૂર્તિઓને નુકસાન પહોંચાડ્યાની (જુઓ પાનું ૪) ▶▶


પંચમ પુણ્યતિથિની પાવન સ્મૃતિ



જન્મ : ૨૯-૦૭-૧૯૨૮

અરિહંત શરણ ૧૫-૦૯-૨૦૧૯

સ્વ. જયવંતભાઈ જગન્નાથ જસાણી (ઘાટકોપર)

અનશન વ્રતધારી, તપસ્વીરત્ન સ્વ. જયવંતભાઈ આજીવન દ્રવ્ય મર્યાદાધારી, આજીવન તપસ્વી, આજીવન વૈયાવચ્ચપ્રેમી, આજીવન ગુરુચરણનું શરણ અંગીકાર કરી ગુરુના કૃપા પ્રાપ્ત, આદર્શ શ્રમણોપાશક, ઉત્તમ શ્રાવક, બાર વ્રતધારી, પંચમહાવ્રતધારીના ઉત્કૃષ્ટ ઉપાસક એવા અમારા પિતાશ્રીનો ધાર્મિક સંસ્કારોનો વારસો તથા આશિષ સદા વરસાવતા રહેશો.

શુભાશિષ

પુત્ર-પુત્રવધૂ : ભરત-મીનાક્ષી, શૈલેશ-સ્વ. હીના, હિતેશ-અસ્મિતા
પૌત્ર-પૌત્રવધુ : કૃતિકા રીકીન ભરત જસાણી
પૌત્ર : રાહિલ શૈલેશ જસાણી, પાર્થ હિતેશ જસાણી
પૌત્રવધૂ : યશ્વી રોહિલ શૈલેશ જસાણી
પૌત્રી : હેમલ સરજુ વોરા, હીરલ દેવાંશ શેઠ, દર્શિતા હિતેશ જસાણી
પરપૌત્રી : કાયરા રીકીન જસાણી, જોચી દેવાંશ શેઠ
પરદોહિત્ર : આરીવ સરજુ વોરા


# દક્ષિણ મુંબઈમાં રસ્તાની મરામત સાથે જૂની પાઈપલાઈનો પણ બદલાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દક્ષિણ મુંબઈમાં લાંબા સમયથી અટવાઈ પડેલું સિમેન્ટ-કૉંક્રીટાઈઝેનનું કામ આખરે પાટે ચઢવાનું છે. રસ્તાના કામ થયા બાદ ફરીથી રસ્તાઓ પર ખોદકામ થાય નહીં તે માટે મુંબઈ મહાનગરપાલિકાએ એકસાથે જ જરૂર પડે ત્યાં જૂની જર્જરિત થઈ ગયેલી પાણીની પાઈપલાઈન બદલવાનું તથા આવશ્યકતા હોય ત્યાં સમારકામ પણ હાથ ધરવાનો નિર્ણય લીધો છે. પાઈપલાઈન બદલવા માટે લગભગ ૧૧૭ કરોડ રૂપિયાના ટેન્ડર બહાર પાડવામાં આવ્યા છે.

મુખ્ય પ્રધાન એકનાથ શિંદે દ્વારા જાહેર કરવામાં આવેલા મુંબઈ બ્યુટિફિકેશન પ્રોજેક્ટના ભાગરૂપે શહેરના ખાડામુક્ત બનાવવમાં આવી રહ્યા છે, જે અંતર્ગત ત્રણ તબક્કામાં મુંબઈના રસ્તાઓનું સિમેન્ટ-કૉંક્રીટાઈઝેશનનું કામ કરવામાં આવી રહ્યું છે. મુંબઈમાં ચોમાસાની વિદાય સાથે જ એટલે કે ઑક્ટોબરથી મુંબઈ શહેરની સાથે જ ઉપનગરમાં રસ્તાઓના સિમેન્ટ -કૉંક્રીટાઈઝેનના કામ ચાલુ કરવામાં આવવાના છે, જેની જાહેરાત થોડા દિવસ અગાઉ જ પાલિકા પ્રશાસને કરી હતી, જેમાં દક્ષિણ મુંબઈમાં કોલાબાથી માહિમ સુધી રસ્તાઓના સિમેન્ટ-કૉંક્રીટાઈઝેનના કામ કરવામાં આવવાના છે.

ઉપનગરની સાથે જ દક્ષિણ મુંબઈમાં જમીનની નીચે રહેલા પાણીની પાઈપલાઈન બહુ જૂની છે. તેમાં પણ દક્ષિણ મુંબઈના અમુક વિસ્તારોમાં તો પાણીની પાઈપલાઈન લગભગ સો વર્ષ જૂની છે. પાણીની આ પાઈપલાઈન અમુક જગ્યાએ જર્જરિત (જુઓ પાનું ૪) ▶▶

# અમને મોટો જનાદેશ આપો, અમે 'લાડકી બહેન યોજના'ની રકમ બમણી કરશુંઃ એકનાથ શિંદે

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ શનિવારે કહ્યું હતું કે જો રાજ્યના લોકો આગામી વિધાનસભાની ચૂંટણીમાં સત્તાધારી મહાયુતિને 'મોટો જનાદેશ' આપશે તો સરકાર 'લાડકી બહેન' યોજનાની માસિક આર્થિક સહાયની રકમ બમણી કરીને રૂ. ૩,૦૦૦ કરી દેવામાં આવશે.

હાલમાં સરકાર રાજ્યની મહિલાઓને 'મુખ્યમંત્રી મારી લાડકી બહેન યોજના'ના લાભાર્થીઓને દર મહિને રૂ. ૧,૫૦૦ ચૂકવે છે. મહાયુતિ સરકાર માટે આ રાજ્યની મહિલાઓને માટેની સીધી આર્થિક સહાયની યોજના અગ્રણી છે.

શિંદે સરકારે આ વર્ષના બજેટમાં આ યોજના રજૂ કરી હતી અને ગયા મહિને તેનો અમલ શરૂ કર્યો હતો.

ધારાશિવ જિલ્લાના પારંડા તાલુકામાં એક (જુઓ પાનું ૪) ▶▶


PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"



